# સ્વાધ્યાય

દીપોત્સવી
વિ. સં. ૨૦૨૬

પુસ્તક ૮
અંક ૧

પાડણમાંથી મળેલી, વિનાયકની એક અપ્રતિમ મૂર્તિ

સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી. આર. ટી. પરીખનો લેખ

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, સપ્ટેમ્બર, ૧૯૭૦.

# સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૨૬ પુસ્તક ૮

ઑક્ટોબર, ૧૯૭૦ અંક ૧


# આધુનિક[૧] સાહિત્યમાં માનવ


ધીરુભાઈ ઠાકર


માણસની શબ્દ સાથેની સગાઈ સંસ્કૃતિ જેટલી જૂની છે. તેને શબ્દોચ્ચારની પ્રેરણા થઈ એને સંસ્કૃતિનું પહેલું સોપાન કહીએ તો ખોટું નથી. શબ્દને માણસની ચેતના સાથે અતિ ગાઢ સંબંધ છે. અભિવ્યક્તિની પહેલી મોકળાશ માણસને શબ્દે આપી. જીવનનો અર્થ તેને કદાચ સૌ પ્રથમ શબ્દે જ પ્રતીત કરાવ્યો હશે. પોતાને થતાં અનેક ઊર્ધ્વ, ભવ્ય, કરુણ અને સુખદ સંવેદનોને શબ્દબદ્ધ કરીને માણસે જીવનની સાર્થકતાનો અને તેના ખરા આનંદનો અનુભવ કર્યો. વહી જતા જીવનની અનેક ક્ષણોને શબ્દમાં કંડારીને માણસે નશ્વરતાની ઍબને ભૂંસવાનો પ્રયત્ન કર્યો. અમર થવાની ઝંખનાએ પ્રેમ, પરાક્રમ, દેશભક્તિ અને પ્રભુભક્તિ તરફ તેને પ્રેર્યો, તેમ આત્માભિવ્યક્તિ તરફ પણ પ્રેર્યો એમ કહી શકાય. મૃત્યુના ભાને જીવનને સલૂણું ને આનંદપૂર્ણ બનાવવા તરફ તેને ગતિ કરતો રાખ્યો, તેમ તેની સર્જનપ્રવૃત્તિની પાછળ પણ જીવનનું નહીં તેટલું મૃત્યુનું ભાન કારણભૂત છે એમ કોઈ કહે તો ના કહી શકાશે? આમ માણસને જીવનમાંથી શબ્દ જડ્યો, શબ્દમાં તેણે જીવનને બાંધ્યું અને શબ્દની પાર રહેલા " કશાક "નો ખ્યાલ પણ તેણે શબ્દ દ્વારા જ લીધો, તે મનુષ્યની ઉત્ક્રાન્તિનો એક અવિરમણીય ચમત્કાર નથી શું?

સાહિત્યનો પ્રવાહ નદીના પ્રવાહ જેવો છે. જીવનના પહાડમાંથી નીકળીને એ ચૈતન્યના મહાસાગર ભણી દોડી રહ્યો છે. નદીના પ્રવાહમાં પહાડનાં વનોમાં લાગેલા દવનું, કિનારા ઉપરની સમૃદ્ધિનું અને ઉપરના વિરાટ ગગનનું પ્રતિબિંબ ઝિલાય છે. તેવું જ સાહિત્યનું છે. તેના પ્રવાહમાં સર્જક કલાકારનાં તીવ્ર સંવેદનો અને રંગબેરંગી સ્વપ્નોની સાથે સમકાલીન સમાજની

---

૧ એક જ સમય પર સાહિત્યનાં એકસાથે અનેક વહેણ વહેતાં હોય છે. તેમાં કેટલાંક જૂનાંના સાતત્યરૂપ હોય છે, તો કેટલાંક તદ્દન નવો અભિગમ, નવી દૃષ્ટિ અને નવાં વિચારવલણ લઈને આવતાં હોય છે. બધાં એક જ સમયના પ્રવાહમાં હોવાથી સમકાલીન પ્રવાહ કહેવાય છે, પણ સમકાલીન હોય તે બધાંને આધુનિક કહી શકાય નહીં. દૃષ્ટિ કે શૈલીનો નવો વળાંક દર્શાવતા સાહિત્યને જ આધુનિક કહી શકાય. પ્રસ્તુત વિષયનો વિચાર કરતી વખતે આ પ્રકારની આધુનિકતાને જ લક્ષમાં રાખી છે એ સ્પષ્ટ કરવું જોઈએ.

સ્થિતિનું ચિત્ર ઝિલાય છે. સમયના વિવિધ તબક્કા અનુસાર એક ચિત્ર આછું તો બીજું ઘેરું એ રીતે તેમાં ફેરફાર જોવા મળે છે. જમાને જમાને પ્રગટ થતા શબ્દની શિલામાં મનુષ્ય અને તેની સંસ્કૃતિની વિભિન્ન છબીઓ (Images) આકૃત થઈને ઊપસી આવે છે.

ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો તેમાંથી પ્રત્યેક યુગના સંદર્ભમાં વિશિષ્ટ ગણાય તેવી માણસની છબી ઊપસી આવતી દેખાશે. મધ્યકાલીન સાહિત્યમાંથી ધર્મ ને ઈશ્વરના સ્મરણમાં જીવનનું સાર્થક્ય જોતો પાપભીરુ વૈષ્ણવજન ઊભો થતો દેખાશે, તો નર્મદયુગમાંથી સમાજાભિમુખ સુધારાપ્રેમી યોદ્ધો ઊપસી આવતો જણાશે. પંડિતયુગમાંથી સરસ્વતીચંદ્ર જેવા વિદ્યાવ્યાસંગી સ્વદેશવત્સલ ચિંતકની છબી ઊભી થતી દેખાશે, તો ગાંધીયુગના સાહિત્યમાંથી "ભારેલો અગ્નિ"ના રુદ્રદત્ત જેવો, સત્ય, અહિંસા ને શાંતિનો સંદેશ આપતો સંત એકંદર આકાર લેતો જણાશે. એ રીતે આધુનિક સાહિત્યમાંથી માણસની કેવી છબી ઊપસે છે? એનો ચહેરોમહોરો કેવો છે? કયા સંસ્કારથી એનું વ્યક્તિત્વ બંધાયેલું છે? એની દૃષ્ટિ કયાં મંડાયેલી છે? છેલ્લા બે દાયકામાં મુખ્યત્વે ગુજરાતી કવિતાના થયેલ ખેડાણને અનુલક્ષીને આ પ્રશ્નોનો વિચાર કરીએ.

જીવનથી થાકેલા, હારેલા, નિરાશાની ખીણમાં ઊતરી પડેલા માણસનો નિસ્તેજ ચહેરો આધુનિક કવિના શબ્દમાંથી ઊપસી આવતો દેખાય છે. આધુનિકોના અગ્રણી સુરેશ જોશી[૨] તેનો પરિચય આપતાં કહે છે:

> પેલે ખૂણે દેખાય છે અંધારામાં તમને કશું ?  
> અંધારના કો પિંડ શું ?  
> હા, એ જ છું હું—  
> (હું ? અરે શાને કહું કે એ જ છું હું ?  
> કાતીલ ઠંડીમાં પડયું [ઢગલો થઈ કો' કૂતરું,  
> માલિક જેનું કોઈ ના એવું પડયું કો' પોટલું.)  
> ('અમારું ઘર', પ્રત્યંચા)

તેની આંખોમાં ઊંડો વિશાદ દેખાય છે.

તેના મુખમાંથી નિઃશ્વાસ ઉપર નિશ્વાસ નીકળ્યે જાય છે.

હસમુખ પટેલ (શૂન્યમ્) તો એ નિઃશ્વાસના પર્વતનો મહેલ ચણે છે.

એ શું કહે છે?

---

૨ હિન્દી સાહિત્યમાં પણ આધુનિક અસ્તિત્વવાદી કવિતાની સેર ચાલે છે. તેમાં પણ આપણા કવિઓની સાથે મૂકી શકાય તેવા ઉદ્‌ગારો જોઈ શકાય છે. જુઓ લક્ષ્મીકાન્ત વર્માના ઉદ્‌ગાર:

ઔર મૈં કેવલ અસ્તિત્વહીન નિર્જીવ મમી સા પિરામીડ કી પતોમેં દફનાયા હુઆ–સા લગતા હું.

(અહીં ઉદ્ધૃત હિન્દી પંક્તિઓ "આલોચના", ત્રૈમાસિકના એપ્રિલ-જૂન ૧૯૬૯ના અંકમાંના શ્રી રામવિલાસ શર્માના "અસ્તિત્વવાદ ઔર નઈ કવિતા" એ લેખમાંથી સાભાર લીધેલ છે.)

હું નિઃશ્વાસના પર્વતોનો
મહેલ ચણી
એના એ સહુ પટને
મૌનની કાતર વડે ચીરી નાખી
એમનાં શબને
ઘૂવડની આંખમાં બેઠેલ અંધકારને
સોંપી આવું છું.

("મૌન અને શબ્દ" પૃ. ૨)

માણસના મુખ પર લાચારી અને ભયત્રસ્તતા વાંચી શકાય છે. તેના પગ નીચેથી ધરતી ખસી જતી હોય એવી નિરાધારતા તેના ચહેરા પર દેખાય છે. ખરું પૂછો તો તેને ચહેરો જ નથી. આ માનવી વ્યક્તિત્વ જ ગુમાવી બેઠેલો છે. વ્યક્તિત્વહીન વ્યક્તિતા એ જ તેની વિશિષ્ટતા છે. જ્યોતિષ જાની આનો એકરાર કરતાં કહે છે:

ચિક્કાર બસમાં બેઠેલા
સૌના ચહેરા ખૂંચવાઈ
ગયા છે.................
ઘેરી વળ્યા છે બસને
નંબર લગાવેલા પાડા.
ચિક્કાર બસમાં
એ ચહેરા મેળવવાની જ પડાપડી છે.

("ફીણની દીવાલો," કાવ્ય નં. ૨૧)

"હતાશ થવા કરતાં મૂરખ થવાનું" માણસ પસંદ કરે પણ તે એના હાથની વાત નથી એમ લાભશંકર ઠાકર કહે છે. એનાથી આગળ વધીને એ એની લાચારી પ્રગટ કરે છે:

કશું જ મારા હાથમાં નથી.
મારા હાથ પણ મારા હાથમાં નથી

("માણસની વાત", પૃ. ૩૨)

પોતાની કમજોરીના તીવ્ર ભાનથી[3] એ પિડાય છે. મહેશ દવે તેનું સંવેદન વ્યક્ત કરતાં કહે છે.

વિષણ્ણતાની ચાદર ઓઢીને
ક્યાં સુધી બેસાશે, સ્નેહા—
તારા મકબરા પર?
મૌનના પેંતરા હવે સહેવાતા નથી.

---

3 જુઓ જગદીશ ચતુર્વેદીના આ ઉદ્‌ગારો:

ઝુકે બદનોં કી કતાર-સી ટિડ્ડીઓંકી ટોલી
નપુંસકોંકા હુજૂમ.

એક કાળા મેઘે ચંદ્રને ઢાંકી દીધો છે,
ને આ હાથ કાપીને વાવી દીધા બાજુના ક્યારામાં.
પગ હવે ચૂલામાં સંકોરી શકાશે.

("બીજો સૂર્ય," પૃ. ૨)

મૃત્યુનો ભય તેના અસ્તિત્વને ચારે કોરથી ફોલી ખાય છે.[૪] ઉપરના ઉદ્ગારોના અનુસંધાનમાં મહેશ દવે કહે છે:

એ અજ્ઞાત પશુની આંખો મારા પર મંડાઈ છે.
..........તૂટી પડશે
કાળજાને ફોલી ખાશે
.........હૃદય ચાવી જશે.

અનિલ જોશી વિદ્ધ સ્વરે કહે છે:

હું ચીસ પાડી ઊઠું છું
પણ મારી ચીસ એના ભોરીંગ ઉદરમાંથી
પવનના બારીક રજકણો સુધી પહોંચે તેમ નથી.
એટલે લાચાર સ્થિતિમાં
હું મૃત્યુ ભણી ખેંચાઉં છું ધીમે......ધીમે......
હું બદ્ધ છું.
હું અંધ છું.
હું ગંધ છું.
ચાકીમાં ધરબેલા પોટાશની.

("ગૅસ ચેંબર," 'કૃતિ'—ઑગસ્ટ ૧૯૬૯)

મૃત્યુના ફાંસલામાંથી નથી તેને ધર્મ બચાવી શકે તેમ, કે નથી ઈશ્વર ઉપરની શ્રદ્ધા. એ બંને તેને પોકળ લાગે છે. પ્રેમ, દયા, પરોપકાર ને શહાદતનું તેને મન કશું મૂલ્ય રહ્યું નથી. એ બધા અર્થહીન શબ્દો છે એમ તેનું કહેવું છે. નાસ્તિકતાના નિર્ઘૃણ અને વિસ્તીર્ણ પંથ પર આજનો માનવી પ્રવાસ ખેડી રહ્યો છે. મહેન્દ્ર અમીન પોતાના સમકાલીનોની વતી ઈશ્વરનું અવસાન જાહેર કરે છે. સ્વાર્થ, દંભ, અહંતા, દ્વેષ, ઇત્યાદિને કારણે સત્ય પર ચડેલા ભ્રમનું નિરસન કરવા આજનો માણસ નીકળી પડ્યો છે. એ નિર્ભ્રાન્તિની વેદના તેના અંગેઅંગમાંથી ઝરે છે. સિતાંશુ યશશ્ચંદ્ર એને વિશિષ્ટ રીતે રજૂ કરે છે:

---

૪ ગિરજાકુમાર માથુરના આ ઉદ્ગારો જુઓ:
મેરા કટા હુઆ સિર
પાતાલ રાજ-સા
અપને હી કબન્ધ કા વિક્ષિપ્ત નૃત્ય દેખતા હૈ
દેખતા હૈ
ઔર રનિંગ કૌમેણ્ટ્રી કરતા જાતા હૈ.

કદાચ
વરસો પછી આવનારી આપણાં સંતાનોની પેઢી
(એટમ બૉમ્બ નહીં ફાટ્યો હોય તોય)
બહેરી, આંધળી,
નાકકટ્ટી અને વધારામાં ખાસ તો
મૂંગી મૂંગી જનમશે
–જો હું એકલો એકલો કવિતા ન લખું તો.

('યા હોમ,' અંક ૨)

ભ્રમનું નિરસન થતાં તેને સમજાય છે કે જીવનનો કશો અર્થ નથી. તેની યોજના અર્થહીન છે. લાભશંકર ઠાકર બત્રીસ વર્ષના મૌન પછી "માણસ માણસ જ છે અને તેથી તે કશું જ નથી" એ નિર્ણય પર આવે છે. વળી જીવનનું વાહિયાતપણું[૫] વ્યક્ત કરતાં કહે છે:

બબડતું બાર વેચે શહેર આખું
શહેર પાંખું
પાંખ
એકે એકની ફફડ્યાં કરે છે પાંખ.
શી થરકયાં કરે છે આંખ!
મેં પથરોને ઉડતા જોયા હતા
ને પંખીઓને બૂડતાં જોયાં હતાં.

("રમ્યઘોષા", પૃ. ૭૧)

રાવણપુત્ર ઇન્દ્રજિતના દેહમાંથી કપાઈ ગયેલા હાથની માફક આજની કવિતામાં દેખાતો માનવી સમાજથી કપાઈને સહૃદયો સમક્ષ આવી પડ્યો હોય એવું લાગે છે. એનું વ્યક્તિત્વ છિન્નભિન્ન થયેલું છે. સુશીલા ઝવેરી આ છિન્નભિન્નતા દર્શાવતાં કહે છે:

ક્યાંક ટકરાઈને
દર્પણના થઈ ગયેલા
અનેક ટુકડાઓ જેવું
મારું સ્વરૂપ છિન્નભિન્ન છે.[૬]

("ટુકડામાં હું," વૈશાખી વર્ષ ૧, અંક ૪)

જ્યોતિષ જાની આ વિભક્તતાને વાસ્તવિકતાના હિંસક સ્પર્શ સાથે જોડતાં કહે છે:

---

૫ એક હિન્દી કવિ કહે છે:

સડકેં ચાબુક–સી ઉછલતી હૈં
મૈદાન પૈંટ ઝાડ કર
ઉઠ ખડે
હોતે હૈં.

બીજા એક કવિ કહે છે:

ક્ષણ-ભર બાદ ઉઠકર યહ સડક
ઉસ રેત પર બૈઠેગી,
તટ પર ખડી હોગી,
જાને કયા સોચેગી, ફિર ડૂબ જાયગી.

૬ ગિરજાકુમાર માથુરને પણ દર્પણમાં જોતાં એવો જ અનુભવ થાય છે:

સહસા મેરી એક દેહ
તીન દેહ હો ગઈ.

રોમે રોમમાં ક્ષણે ક્ષણે પ્રગટતાં હિંસક પશુઓ
મારી ઉપર ત્રાટકી પડી તીણા નહોરને તીણા દાંતથી
મને જ ભક્ષ્ય બનાવી લોહીલુહાણ કરે છે
કો’ સંજીવનીનો આછેરો.........
આછેરો સ્પર્શ મને સતત સજીવન કર્યા કરે છે.
નથી હું હિંસક પશુઓના જન્મને રોકી શકતો,
નથી હું સંજીવનીના અમૃત-કુંભને પામી શકતો.

શૂન્યતા અને એકલતાથી ઊભી થતી મૂંઝવણ પણ આ વિભક્તતાનું જ પરિણામ છે. આજના કવિઓ આ એકલતાની વેદના ગાતાં થાકયા નથી. રિક્તતા, એકવિધતા અને એકલતાનું સંવેદન[૭] એ આજના યુગના માણસની અસહ્ય વેદના છે. મહેન્દ્ર અમીન આની ફરિયાદ કરતાં કહે છે:

શું શૂન્યાવસ્થા
આજ આ
શ્વાસ જે રૂંધતી
આસપાસ છવાઈ!
શું
આવા જ કો પ્રદેશે
મનુજને
ઠેલતું હશે મૃત્યુ?
ને પહેલી જ વાર
જિંદગીમાં
આજે
કંટાળો મોતનો
આવ્યો મને.

("વિરતિ", પૃ. ૮)

એકનો એક ચહેરો પહેરી પહેરીને પણ તેને થાક ચડે છે. યેસેફ મેકવાન સૂનકારના સર્પનો સાર્વત્રિક અનુભવ વર્ણવતાં કહે છે:

આસપાસમાં લીલું આછું ઘાસ
ઘાસની ટોચ પરે તોળાઈ રહેલી હવા
બધાંમાં—આંખ કરે ત્યાં
સૂનકારનો સર્પ ફરે આ......
કેવળ સૂનકારનો સર્પ.

("સ્વગત", પૃ. ૧૧૧)

---

૭ શ્રીકાન્ત વર્મા એકલતાનું સંવેદન વિશિષ્ટ રીતે વ્યક્ત કરતાં કહે છે:
એક આદમકદ આઇના
ટૂટતા હૈ જિસમેં એક દૃશ્ય
મૈં હી હું ઉસકા એક નપુંસક નાયક.

જીવનપોષક સૂર્ય પણ સર્પ જેવો જ લાગે છે, કેમ કે તેનાથી જ આ બધી વેદના છે એમ અનુભવ બોલે છે. રાધેશ્યામ શર્માના આ ઉદ્‌ગારો જુઓ :

ચંદ્રની કાંચળી કાઢીને
કાળોતરી રાત તારકોને ડસતી ઊતરી છે.
અને પરોઢિયે પાસેની મસ્જિદમાંથી
મૌલવીના મુખેથી ફૂટેલી બાંગની
બંદૂકનો અવાજ સાંભળું ના સાંભળું
ત્યાં તો
7 A. M.
ખટ્ તાળું ખૂલે
અને પ્રકાશિત કાંચળિયાળો
સૂર્યસર્પ ઘૂસે !૮

("આંસુ અને ચાંદરણું,")

આ પૃથ્વી પર પોતે અકસ્માત આવી ચઢ્યો છે તેનું ભાન પણ આજના માનવીને સ્પષ્ટ છે. રાધેશ્યામ શર્મા અસ્તિત્વનું રહસ્ય સમજાવતાં કહે છે :

કો'કથી
બત્તી બંધ હોય તોય બંધ કરવામાં
"સ્વીચ ઑન" થઈ જાય છે-જન્મ !
બત્તી ચાલુ હોય તોયે ચાલુ કરવામાં
'સ્વીચ ઑફ' થઈ જાય છે-મરણ !

("આંસુ અને ચાંદરણું",)

જન્મ ને મરણની વચ્ચે પોતે અનેક વાર મરી ચૂક્યાની (કે આપઘાત કર્યાની) વેદના આજનો માણસ અનુભવી રહ્યો છે. વ્યર્થતા અને વિનાશની રમત એ રમી રહ્યો છે. તેના મૌનમાં શોષણ, પીડન ને ક્રંદનનો કોલાહલ ભરેલો છે. આજના નવીનોમાંથી ભાગ્યે જ કોઈ કવિ એવો હશે જેણે પળે પળે પિલાઈ રહેલા આધુનિક માનવીની આ વેદનાને વાચા આપી ન હોય. જ્યોતિષ જાનીએ રાવણ-રાવણની રમત વર્ણવી છે. તે જ જોઈએ :

મારી કીકીઓના દડા તમારે ઉછાળી લેવા.
તમારી છાતીનું કોડિયું હું હોલવી નાખીશ.
મારા મગજની ભીની-લીસી નસોને તમે ખેંચી કાઢજો
તમારા રૂંવે રૂંવાની હોળી હું કરીશ.
મારી બે જાંઘની લીલીછમ વેલ તમે ઉતરડી નાખજો.
તમારી કમરની કોકડીઓ હું ચાવી જઈશ.

---

૮ કૈલાશ બાજપેયી કહે છે :
સૂર્યાકૃતિ કેંકડા ખિસકતા હૈ
માંસકે બુરાદે પર ?

લંકામાં રામ પધારે એ પહેલાં તો આપણે
'રાવણ રાવણ' રમી ચૂકયા હોઈશું.
("ફીણની દીવાલો", પૃ. ૨૪)

આદિલ મનસુરી ગઝલકારની મસ્તીથી મૃત્યુને સત્કારે છે:

તમામ ઉમ્ર મને જિંદગીએ લૂંટયો છે,
મરણના હાથમાં પહોંચી હવે સુરક્ષિત છું.
("પગરવ", પૃ. ૩૦)

જિંદગીથી વાજ આવેલા આજના મનુષ્યને મોત—પછી તે પોતાનું હોય કે સૂરજનું હોય—ખુશીનો પ્રસંગ લાગે છે. આદિલ કહે છે:

આકાશને સજાવ્યું છે તારાના તોરણે,
સૂરજનું મોત જાણે ખૂશીનો પ્રસંગ છે.
("પગરવ", પૃ. ૨૪)

પણ આનાથી ભાગ્યે જ તેને આસાએશ થાય છે. જિંદગી અને મૃત્યુ બંને તેને અસહ્ય થઈ પડે છે. તેની અકળામણ વ્યક્ત કરતાં મણિલાલ દેસાઈ કહે છે:

જિંદગી
શ્વાસ શ્વાસ શ્વાસ
મારે જીવવાના પ્રયત્નો છોડી દેવા જોઈએ.
("રાનેરી", પૃ. ૨૮)

મૃત્યુનો અતિ તીવ્ર અનુભવ સૂક્ષ્મ કલ્પનામાં ઉતારીને એ કહે છે:

પાંપણની અંદર મરતા સાપની હિલચાલ શરૂ થાય છે
દેડકો ક્યારનો ડ્રાંઉં ડ્રાંઉં કરે છે.
("રાનેરી", પૃ. ૩૬)

મૃત્યુની પ્રક્રિયાનું સંવેદન મણિલાલની કવિતામાં સચોટ ઊતર્યું છે તો રાવજી મૃત્યુના આભાસનું સંવેદન વ્યક્ત કરે છે. એ કહે છે:

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા......
મારી વેલ શંગારો વીરા, રાગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ!
("કૃતિ", ઑક્ટો. ૧૯૬૭)

સંસારના સુખની ભીતરમાંથી નીકળીને મૃત્યુનો નાગ એને ડસતો ભાસે છે:

રણની વચ્ચે લીલોતરી ને
લીલોતરીમાં નાગ
હે મા તને ડસે.
("વિશ્વમાનવ", ઑગસ્ટ, ૧૯૬૮)

પરંપરાના સંસ્કારમંત્રો કે સામાજિક ને રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ વેદનાથી બંધ થઈ ગયેલી આજના મનુષ્યની વાચાને ખોલી શકે તેમ નથી. મણિલાલ દેસાઈ કે રાવજી પટેલ જેવા સાચદિલ કવિઓની સંવેદના જ તેને વાચા આપી શકે.[૯] તમામ પ્રકારના દંભના પડદા ચીરીને નગ્ન વાસ્તવિકતાને અપનાવવા આજનો મનુષ્ય બહાર પડ્યો છે, પછી ભલે તે ગમે તેટલું વિરૂપ કે રુચિઘાતક લાગતું હોય. અલ્પતાનું ભાન અને વેદનાની સંવિત્તિ એ તેને માટે વાસ્તવિકતા છે. જિંદગી એવી શુષ્ક રિક્તતાનો અનુભવ કરાવે છે કે કશુંયે કરવાનો તેને કંટાળો છે. એ કંટાળો રમત કરતાં કરતાં કોઈનું ખૂન કરવા પણ પ્રેરે, તેનું એને દુઃખ નથી. કશુંયે લલચાવે તેવું તેને સંસારમાં દેખાતું નથી.[૧૦] સ્ત્રીનો સ્પર્શ તેને વૃશ્ચિકોના દંશ જેવો લાગે છે. આનંદ કે શાતાને બદલે સ્ત્રીના શરીર પરથી 'ચામડી ઉતરડાઈને લોહી માંસના લોચા રેળાઈ' જતા દેખાય છે. યંત્રની માફક તે જીવી રહ્યો છે.[૧૧] લાભશંકર કહે છે તેમ :

હવે માત્ર યંત્રનો અવાજ,
પ્રેમ નહીં, પુરાયો છે પ્રાણ મારો.
કોઈ નથી ત્રાણ
હવે માત્ર યંત્રનો અવાજ
હવે માત્ર ગતિહીન ગતિ.

(" માણસની વાત ", પૃ. ૨૩)

મૃત્યુથીયે વસમું ને ભયાનક એકવિધ જીવન પશુની માફક આ માણસ એકલો ખેંચી રહ્યો છે. જેના અંગેઅંગમાંથી વેદનાના વ્રણ દૂઝી રહ્યા છે એવો આ માણસ છે. સુરેશ જોશીએ તેને ભીષ્મ અને અશ્વત્થામાની વેદના વેઠતો કહ્યો છે.[૧૨]

---

૯ રામેશ્વર દયાલ કહે છે :
લગાતાર
મૈં મર રહા હું
મર રહા હૈ એક સંસાર.

૧૦ "જિતને ચટકદાર ક્ષણ આયે
બિના બોલે ચલે ગયે
જિતને ચટખારે-ભરે દિન પાયે
સબકો હમ થોડ઼ા-થોડ઼ા જૂઠા કર છોડ઼ ચુકે
કુછ ભી લલચાનેવાલી ચીજ અબ રહી નહીં."
—ગિરિજાપ્રસાદ માથુર

૧૧ વિજયદેવ નારાયણ સાહી કહે છે :
જો હૈ
ધધક ધધક કર જલ રહા હૈ,
ઔર જો નહીં હૈ
વહ ભી ધધક ધધક કર જલ રહા હૈ.

૧૨ રાજા દુબેએ વ્યક્તિ અને રાષ્ટ્રની સ્થિતિ નીચે મુજબ વર્ણવી છે, જે ગુજરાતી કવિઓની એ પ્રકારની ઉક્તિઓની નિકટ જ છે :
સડે હુએ કેલે જૈસા
મેરા અંગ અંગ ગલતા જાતા હૈ...
હો ગયા સારા કા સારા રાષ્ટ્ર
કિસી તવાયફ કે ઘર ઉતરી જૂતી...
ઔર જનતા
બાપાની બબુઆ
સો ભી બીન આભી......

મારાં જ તીણાં અસ્થિની આ બાણશય્યાની ઉપર
હું સૂતો છું ભીષ્મ સાથે રે સદાયે.
દ્રૌણસુતની સાથે હુંયે જુગે જુગે ભમતો ફરું,
દૂઝતા વ્રણની ચિરંજીવતા સદા વેઠ્યા કરું.

(" પ્રત્યંચા ")

આમ આધુનિક કવિતામાં પ્રતિબિંબિત થતી માણસની છબી આપણે જોઈ. સુરેશ જોશી ('છિન્નપત્ર'), રાધેશ્યામ શર્મા ('ફેરો'), લાભશંકર ઠાકર ('અકસ્માત'), ચંદ્રકાન્ત બક્ષી ('આકાર'), મધુ રાય ('ચહેરા'), રાવજી પટેલ ('અશ્રુઘર') વગેરેએ નવલકથામાં તેમ જ તેમાંના કેટલાકે ટૂંકી વાર્તામાં આધુનિક માણસની વાત કહેલી છે. 'એક ઉંદર અને જદુનાથ', 'ડાયલનાં પંખી', 'ઝેરવું' વગેરે નાટ્યકૃતિઓમાં પણ માનવચિત્તની પ્રવર્તમાન સંવિત્તિ (Consciousness)ને ઝીલવાના નોંધપાત્ર પ્રયત્નો થયેલા છે, પરંતુ કવિતામાં આધુનિક માણસનું વ્યક્તિત્વ ઝીણવટ અને વિગતથી ઝિલાયું છે. તેમાંથી ઉપસતી છબી નાટક, ટૂંકી વાર્તા કે નવલકથાથી ભિન્ન નથી. એટલે ગદ્યરૂપોની વિશેષ વિગતોનો ટૂંકો નિર્દેશ કરીને જ પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરીએ.

કદાચ કોઈ જમાનાના સાહિત્યે માણસનું આજના જેટલું કરુણ અને વિરૂપ ચિત્ર ઝીલ્યું નહીં હોય. વીસમી સદીના ત્રીજા દાયકા સુધી પરંપરાપ્રાપ્ત સાચાં-ખોટાં મૂલ્યોના સથવારાએ માણસને એકંદર શાંતિ ને સ્વસ્થતાપૂર્ણ, સંતોષી જીવન જીવવામાં સહાય કરી હતી; પણ બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપની સંવેદનશીલ પ્રજાનો જીવન વિશેનો અભિગમ મૂળમાંથી બદલાઈ ગયો. તેને ઈશ્વરમાં શ્રદ્ધા ન રહી. અતીતનું ગૌરવ ન રહ્યું. ભાવિમાં આશા ન રહી. વર્તમાનમાં એ જીવે છે તે જ વાસ્તવિક ઘટના છે એમ તેને પ્રતીત થયું. અસ્તિત્વવાદી વિચારશ્રેણિ પ્રચલિત થઈ. સાર્ત્ર અને તેના અનુયાયી કહે છે કે માણસ—

આ જડ, એકાકાર ને અર્થહીન જગતમાં આવી ચડયો છે. જગતને જે કંઈ અર્થ કે મૂલ્ય મળે છે તે એના અસ્તિત્વાનુસારી નિર્ણયનું ફળ છે. માણસે માણસે આ નિર્ણય જુદા હોવાથી દરેક જણની દુનિયા પણ જુદી હોય છે. માણસને નિર્ણય-સ્વાતંત્ર્ય મળ્યું છે તે એની મોટામાં મોટી કઠણાઈ છે એમ આ અસ્તિત્વવાદીઓનું કહેવું છે. જે દુનિયા પસંદ કરવાની છે તે ઘોર હિંસાનું તાંડવ કરી રહી હોવાથી માણસને હતાશા ને વ્યર્થતા સિવાય કશાનો અનુભવ કરવાનો રહ્યો નથી. પ્રત્યેક પળે, કતલખાને જતાં ઘેટાંની માફક એ મૃત્યુના મુખમાં નિઃસહાય ધકેલાઈ રહ્યો છે. ઘેટાં કરતાં ય તેની બૂરી દશા છે, કેમ કે તેને તો મૃત્યુનું તીવ્ર ભાન છે.

મોટી કરુણતા તો એ છે કે માણસ ગૌરવ ને મહત્તાના શિખરેથી ગબડી પડ્યો છે. ઓગણીસમી સદીથી આ અવદશા શરૂ થઈ હતી. ડાર્વિનના ઉત્ક્રાન્તિના સિદ્ધાન્તે વિશ્વના કેન્દ્રમાંથી માણસને ખસેડી નાખ્યો. ઈશ્વરની વિભાવના ફુગ્ગાની માફક ફૂટી ગઈ. રોબર્ટ બ્રાઉનિંગે કહ્યું હતું કે:

God is in his Heaven
All's well with the World.

થોમસ હાર્ડીએ આ વિધાનને પડકારતાં કહ્યું કે આ ઈશ્વરની કરુણા તો ભ્રમમાત્ર છે. માણસ ક્રૂર વિધિના હાથમાં પ્યાલા જેવો છે. વિજ્ઞાનની શોધોએ પૃથ્વીને વિશ્વના કેન્દ્રમાંથી ભ્રષ્ટ કરી. સાપેક્ષવાદના પ્રકાશમાં સ્થળ અને સમયના ખ્યાલ બદલાયા. માણસને તેની અલ્પતાનો ઉત્તરોત્તર વધુ ને વધુ અનુભવ થવા લાગ્યો. ઈશ્વર વિશેનો ભ્રમ ભાગી ગયો, તેમ પોતે વિશ્વનું આધિપત્ય ધરાવે છે એવું તેનું અભિમાન પણ ઓગળી ગયું. મનોવિજ્ઞાન ને જીવવિજ્ઞાનની ચમત્કારિક-શોધોએ માણસનું પ્રકૃતિ ઉપરનું આધિપત્ય તોડી નાખ્યું; ઊલટું એ શોધોના નમૂનારૂપે વૈજ્ઞાનિક વ્યતિકરનો પોતે એક નમૂનો હોય તેમ માણસને પ્રતીત થયું તે એની મોટી કરુણતા છે, ટ્રેજેડી છે!

પહેલાં યુરોપીય સાહિત્યમાં ને પછી ભારતીય સાહિત્યમાં માણસને થયેલ અલ્પતાનું ભાન તીવ્ર વ્યથાના રૂપમાં ઝિલાયેલું છે. વેદનાનું નિરૂપણ સાહિત્યમાં નવી વાત નથી. વેદનાના નિરૂપણ દ્વારા મનુષ્ય-હૃદયની ઉદાત્તતા કે ભવ્યતાનું દર્શન કવિ કરાવી શકતો એ મોટો લાભ હતો. એરિસ્ટોટલે ટ્રેજેડીને મનુષ્યનાં મહાન કૃત્યોના નિરૂપણ (Imitation of noble actions) તરીકે ઓળખાવી હતી. સોફોક્લીસે અને શેક્સપીઅરે ટ્રેજેડીઓમાં માનવહૃદયની ઉદાત્તતા દર્શાવતાં દુઃખ ને પરાક્રમ નિરૂપ્યાં છે. હેમલેટ છેવટે મૃત્યુ પામે છે, પણ તેના આત્માનું ઓજસ્ પ્રગટ કરીને. ઓથેલો આત્માઘાત કરે છે, પણ ડેસ્ડીમોનાની નિર્દોષતાની ખાતરી થયા પછી ઉદાત્ત સંતોષના અનુભવ સાથે. માણસની ઇચ્છા પ્રમાણે જગતમાં બનતું નથી. તેમાં ભયંકર દુર્ઘટનાઓ બન્યે જાય છે.

જૂની ટ્રેજેડીમાં આ વિષમતાઓ વિશ્વની વ્યવસ્થાને ન્યાય્ય ને અર્થપૂર્ણ સિદ્ધ કરી આપીને મનનું સમાધાન કરે છે. આધુનિક યુગમાં ભયંકર વિષમતા હોવા છતાં માણસનાં ગૌરવ ને ઉદાત્તતા નષ્ટ થઈ ગયાં હોવાથી આવી ટ્રેજેડીનું સર્જન શક્ય રહ્યું નથી. આધુનિક ટ્રેજેડીનો નાયક રાજકુમાર નથી રહ્યો, પણ કારકૂન, મહેતાજી, મજૂર કે ભિખારી છે. જૂની ટ્રેજેડીના નાયક પર દેવોનો રોષ ઊતરતો, આજની ટ્રેજેડીના નાયક પર ઈબ્સેનના "ઘોસ્ટ"ના નાયકની માફક સીફીલીસ જેવા રોગનું આક્રમણ થાય છે. આજની ટ્રેજેડીમાં મનુષ્યની નિર્બળતા, નિષ્ફળતા ને જીવનની વ્યર્થતા સિવાય બીજું કશું બતાવવાપણું રહેતું નથી. જૂની ટ્રેજેડી ધર્મશ્રદ્ધાના જેટલું મનનું સમાધાન આપી શકતી. આજની ટ્રેજેડીમાં કશું સમાધાન મળતું નથી. કાન્તના ખંડકાવ્યનો પાંડુ કે સહદેવ જેવો નાયક કે મુનશીની નવલકથાનો મુંજ જેવો નાયક, અથવા મંજરી જેવી નાયિકા કરુણ સંજોગોમાં મૃત્યુને ભેટવા છતાં પોતાના વ્યક્તિત્વની ઉદાત્તતાથી વાચકને પ્રભાવિત કરી જાય છે. આજની ટ્રેજડીનો નાયક પોતાની નિર્માલ્યતા ને નિઃસત્ત્વતા પ્રદર્શિત કર્યા સિવાય કશી છાપ પાડતો નથી. પ્રાકૃત જનની તુચ્છ કડણાઈઓ આજની ટ્રેજેડીમાં નિરૂપણ પામે છે. 'આકાર'નો યશ ન. શાહ જુઓ. પોતાના પિતાની રખાતને ત્યાં એ સંકોચ વિના જઈ શકે છે. એકલતા અને નિરાશાનો સ્વામી બનીને એ જીવવાની ક્રિયા કરે છે. એ માને છે કે માણસ ડાહ્યો અને સમજદાર હોય તો આત્મહત્યા જ જિંદગીનો યોગ્ય અંત હોઈ શકે. "ચહેરા"નો નાયક "હું" પણ નિર્લેપભાવે જિંદગીના પ્રવાહને જોવાનો પ્રયાસ કરે છે. "ખૂબ જ તરસ્યો માણસ પાણીના પ્યાલાને ચૂસે, બચીઓ ભરે તેનું નામ પ્રેમ" એવું એ માને છે ને "સ્ટ્રીટ વોકર્સ" સાથે વ્યભિચાર કરે છે. અ-કુદરતી જીવનથી કંટાળીને છેવટે પોતાનાં

પુસ્તકો, ચિત્રો વગેરેને આગ ચાંપીને એ હિમાલય તરફ જવા નીકળી પડે છે. "અમૃતા"નો ઉદયન અશ્રદ્ધા, વિસંવાદ અને વિઘટનમાંથી જન્મતા વિસ્ફોટને જવી બતાવે છે. "છિન્નપત્ર"માં પણ મનુષ્યના વ્યક્તિત્વની વિભક્તતાનું વાતાવરણ છે. "ફેરો"નો નાયક 'હું' પણ તુચ્છ કઠિણાઈઓને ચેતનાના સળંગ પ્રવાહની સાથે ચાલતી ગાડીના વેગમાં દોડતી બતાવે છે. અવિરત વિરતિ (boredum) આજના માણસને રસનો વિષય બનાવતી હોય એવું અદ્યતન નવલકથાઓનાં વિવિધ પાત્રો પરથી સમજાય છે. તેની નિષ્ફળતાઓ તેને રસપ્રદ બનાવે છે એ પણ નોંધવું જોઈએ.

આલ્બર્ટ કામૂએ માણુસની નિષ્ફળતા, નિરાશા અને જીવનની અસ્થિરતા સમજાવવા માટે સીસીફસના ગ્રીક કલ્પન(myth)નો પ્રયોગ કર્યો છે. સીસીફસને શાપ હતો કે પૃથ્વી પરની શિલા તેણે પર્વતની ઊંચામાં ઊંચી ટોચ પર ચડાવવી, પણ તે શિલા ટોચ પર ટકશે નહીં, એટલે ફરીથી તેણે એ શિલા લઈને શિખર પર ચડવું પડશે. ફરીથી એ શિલા નીચે પડશે, સીસીફસ ફરીથી એ શિલા ઊંચકીને ઉપર ચડશે એમ સતત ચાલ્યા જ કરશે. સીસીફસની આ વ્યર્થ પણ વેદનાપૂર્ણ પ્રવૃત્તિના જેવું જ મનુષ્યનું જીવન છે એમ કામૂનું કહેવું છે.[૧૪] આપણા વાર્તાકાર મધુરાયે "પૃથ્વી અને સ્વર્ગ" નામની એક વાર્તા લખી છે.[૧૫] તેમાં અને ભગવાને સજા નંબર નવ ફટકાર્યાનો ઉલ્લેખ છે. આ સજા નંબર નવ એટલે માણુસ પ્રયત્ન કરે, પ્રયત્ન કરે, પ્રયત્ન કરે અને સફળતા આવે આવે અને હાથમાંથી સરી જાય ! આજનો માનવી આ સજાથી વાકેફ થયેલો છે. તેની એ સંપ્રજ્ઞતા આજના સાહિત્યમાં પ્રગટ થયેલી છે. આજના મનુષ્યને સ્વરૂપનું નિર્ભ્રાન્ત દર્શન થયેલું છે, તેટલું અગાઉની કોઈ પણ પેઢીને નહીં થયું હોય અને તેથી જ તેને જિંદગીની વ્યર્થતા ને વેદનાનું તીવ્ર ભાન સતત રહ્યા કર્યું છે.[૧૬] એક ઉંદરડા જેટલી પણ આ માણસની કિંમત રહી નથી. તેનું આગમન કે તેની વિદાય ન તો આ પૃથ્વી પરની કોઈ મહત્ત્વની ઘટના રહી છે, ન તો પરલોકની. ખરું જોતાં પૃથ્વી અને પરલોકનો સંબંધ જ હવે જુદી દષ્ટિએ જોવાય છે. ચંદ્ર ઉપર પગ મૂકનાર માનવી હવે ચંદ્રલોક કે કોઈ પણ બીજા ગ્રહને માટે "અલૌકિક" વિશેષણ વાપરતો બંધ થઈ ગયો છે. દેવલોક અને દિવ્ય ભાવનાઓના

---

૧૪ The Myth of Sisyphus by Albert Camus, translated by Justin o'Brien, 1961.

૧૫ જુઓ "બાંશી નામની એક છોકરી".

૧૬ આ પરિસ્થિતિનું નિદાન કાઢતાં જોસેફ વૂડ ક્રચ "ધી ટ્રેજિક ફેલેસી" નામના લેખમાં કહે છે તે ધ્યાનપાત્ર છે.

If the plays and novels of today deal with little people and less mighty emotions, it is not because we have become interested in commonplace souls and their unglamorous adventures but because we have come, willy nilly, to see the soul of a man as commonplace and its emotions as mean.

જુઓ Five Approaches of Literature, edited by Wilbur Scott, 1962, Pages 131-132.

સ્વપ્નમાંથી એ પૂરેપૂરો જાગ્રત થઈ ગયો છે. તેને મન હવે પવિત્ર-અપવિત્ર, ઊંચુ-નીચું, સદ્-અસદ્, પાપ-પુણ્ય એવાં મૂલ્યોનો અર્થ રહ્યો નથી. નરી આંખે દેખાતા પ્રાકૃતિક વ્યતિકરથી વિશેષ પોતે, પોતાની આસપાસનો સમાજ કે સૃષ્ટિ નથી એમ તેને સ્પષ્ટ પ્રતીત થયેલું છે. આધુનિક વિજ્ઞાને માણસને નિર્ભ્રાન્ત સત્યદર્શન કરાવવા સાથે સ્વદર્શન કરાવ્યું. તેનાથી એ પોતે જ પોતાનો છેદ ઉડાવવા તત્પર થયો છે એમ સાહિત્યમાં પડેલા તેના વિચારોના પ્રતિબિંબ પરથી સમજાય છે.

પરંતુ આશાનું કિરણ એ છે કે વેદનાથી ખદબદતું આધુનિક માનવીનું જીવન સર્જક કળાકારના રસનો વિષય રહ્યું છે. આધુનિક કવિઓની શબ્દ ઉપરની શ્રદ્ધા ઊખડી ગઈ નથી. ઈશ્વરને સ્થાને અભિવ્યક્તિને સ્થાપીને પોતાના પુરોગામીઓ કરતાં વિશેષ અભિનિવેશથી આ આધુનિકો શબ્દબ્રહ્મની ઉપાસના કરવા નીકળ્યા હોય એમ લાગે છે. આકારપરસ્તી તેમની વિશેષતા છે. સંભાર અને સ્વરૂપના એકત્વના એ ચુસ્ત હિમાયતી છે. સ્વરૂપમાં સંભારનું વિગલન થઈ ને છેવટે આકાર જ પ્રતીત થાય એવો તેમનો પ્રયત્ન છે. જેમ વાસ્તવિકતા અને માણસની વચ્ચે રહેલા તમામ પ્રત્યવાયો ને વળગણોને ટાળી દઈને સત્ય પરિસ્થિતિને જ સ્વીકારવા આધુનિક માણસ તત્પર થયો છે, તેમ કળાકૃતિ અને સંવેદનાની વચ્ચે આવતાં તમામ આવરણોને દૂર કરવા આધુનિક સર્જક તૈયાર થયો છે. માણસ સત્યની સામે મોઢામોઢ ઊભો રહ્યો છે, પછી ભલે તેનું પરિણામ નરી વેદના ને પરિતાપ હોય. એ જ રીતે કળાકાર પણ કળાની સમક્ષ ઊભો રહેવા મથી રહ્યો છે. તેનું પરિણામ નિરતિશય આનંદ વિના બીજું શું હોઈ શકે ?

આધુનિક સાહિત્યનો વિષય બનેલ મનુષ્યનું જીવન ભલે દુર્ભગ ને નિઃસત્ત્વ લાગે, તેમાંથી આકાર લેતી કળા જ્યાં સુધી સુભગ ને સત્ત્વવાળી હશે ત્યાં સુધી ચિંતાનું કોઈ કારણ નથી. 'સબાર છે યે માનુષ સત્ય, તાહાર પરે નાઈ' એ ચંડીદાસની પંક્તિ વૈજ્ઞાનિક શોધોના સંદર્ભમાં ભલે અર્થહીન લાગે, પણ સર્જક કળાકારને માટે તો આજે પણ એટલી જ સાચી છે. *

---

* શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સમક્ષ તા. ૪-૧૨-૬૯ના રોજ આપેલું વર્ષનું યુનિવર્સિટી વ્યાખ્યાન, થોડા ફેરફાર સાથે.

# અમદાવાદનો સંસ્કાર-વારસો

કેશવરામ કા. શાસ્ત્રી

આજના અમદાવાદના ભૂમિતળનો વિચાર કરીએ છીએ ત્યારે એમાં આશા ભીલે ઘણા જૂના સમયમાં વસાવેલી આશાપલ્લી, ત્યાંના ભીલ રાજા ઉપર ચડાઈ કરી સિદ્ધરાજ જયસિંહના પિતા કર્ણદેવ સોલંકીએ ઈ. સ. ૧૦૭૪ લગભગમાં આશાપલ્લી હસ્તગત કરી વસાવેલી કર્ણાવતી અને આજના એલિસબ્રિજના પૂર્વ છેડે જમણે હાથે આવેલા માણેક બુરજથી લગભગ સીધી લીટીએ રાયપુર દરવાજાથી ઉત્તર દિશામાં આવેલા ખુલ્લા જૂના બિનવસાહતી ભૂમિભાગનો સમાવેશ થઈ જાય છે. આ રીતે આસ્તોડિયા દરવાજા સુધીનો જમાલપુરનો વિસ્તાર એ આશાપલ્લી, જમાલપુરની દક્ષિણે કેલિકો મિલનો વિસ્તાર લગભગ શાહઆલમ-ગીતામંદિર માર્ગ સુધીનો એ કર્ણાવતી અને ઉત્તરે આજનો અમદાવાદનો વિસ્તાર ઈ. સ. ૧૪૧૧માં ચાર અહમદોએ ચાર છેડે દોરી પકડી માપ લઈ ભદ્રના કિલ્લાનો કિંવા રાજગઢીનો પાયો માણેક બુરજના તળમાં માણેકચોક બાજુથી આવતા નાના માણેક વોકળાને, સાબરમતીસંગમને સ્થાને, જમણે છેડે નાખ્યો. અહમદશાહે અહીં મહેલો બંધાવી–મસ્જિદ બંધાવી રાજગઢી નિશ્ચિત કરી અને એને પૂર્વ અને ઉત્તર બાજુએ શહેર વસાવ્યું, જેમાં એના જ સમયમાં તૈયાર થયેલી જૂમા મસ્જિદ મધ્યબિંદુ જેવું સ્થાન હતી. આમ ભલે અમદાવાદ એ વખતે બિનવસાહતી ભાગ ઉપર વસ્યું પણ એને અડકીને રહેલાં આશાપલ્લી-કર્ણાવતી એનામાં આગળ ઉપર સમાઈ જતાં એને એ આશાપલ્લી-કર્ણાવતીના સંસ્કારવારસાનો પૂરો લાભ મળ્યો હતો.

સમર્થ જૈન વૈયાકરણ બુદ્ધિસાગરજીએ 'નિર્વાણલીલાવતી કથા" ઈ. સ. ૧૦૨૬–૧૦૩૯ વચ્ચે આશાપલ્લીમાં રચી હતી. અહીં સમૃદ્ધ જિનાલયો અને ગ્રંથભંડારો પણ હતા. સિદ્ધરાજના 'રાજમામા' તરીકે જાણીતો ખંભાતનો ઉદયન મહેતો આશાપલ્લીનો અધિકારી હતો અને સુપ્રસિદ્ધ જૈનાચાર્ય હેમચંદ્રનું દીક્ષા પછીનું નિકટનું બચપણ આ ઉદયન મંત્રીની નજર નીચે પસાર થયું હતું. આ જ નગરીમાં—"આશાપલ્લી-કર્ણાવતી" અનન્ય હોય તેવા સ્થળમાં એ જ અરસામાં 'મુદ્રિત કુમુદચંદ્ર' નાટકમાં (ઈ. સ. ૧૧૫૦ આસપાસ)-ની રચના થઈ હતી. આ પછીનો સાહિત્યિક ઇતિહાસ તદ્દન છૂટોછવાયો છે; જેવો કે બૃહદ્ગચ્છના એક હરિભદ્રસૂરિએ ઈ. સ. ૧૧૧૬માં 'આગમિક વિચારસાર–પ્રકરણ'ની વૃત્તિ, ઉપકેશગચ્છના યશોદેવસૂરિએ ઈ. સ. ૧૧૨૨માં પ્રાકૃત 'ચંદ્રપ્રભચરિત્ર'નો આરંભ અને શ્રીમાલ નાગિલના પુત્રોની વસતિમાં આવીને રહેલા મલધારીચંદ્રસૂરિએ ઈ. સ. ૧૧૩૭માં 'મુનિસુવ્રતચરિત્ર' આ ગ્રંથોની રચના કરી હતી. અહીં ઈ. સ. ૧૧૭૭ પૂર્વે વાદિદેવસૂરિના શિષ્ય મહેંદ્રસિંહસૂરિના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિએ 'વાદસ્થલ' નામનો એક ગ્રંથ રચ્યો હતો, જેમાં ઉદયનવિહારમાંનાં જિનબિંબો પૂજનીય નથી' એવા, જિનપતિસૂરિના અનુયાયીઓના મતનું ખંડન કર્યું હતું. ઉપકેશવંશના વીસલનો પુત્ર કર્ણાવતીમાં આવ્યો અને વસ્યો; એનો ચોથો પુત્ર ચાચો કર્ણાવતીનું ભૂષણ હતો જેણે આશાપલ્લીમાં દેવાલય કરાવેલું; એનો ચોથો પુત્ર ગુણરાજ તો પાદશાહનો ઝવેરી હતો અને એણે

ઈ. સ. ૧૪૦૧-૧૪૦૬માં યાત્રાઓ કરેલી. ઈ. સ. ૧૪૦૨ની આસપાસ ખરતરગચ્છના જિનભદ્રસૂરિએ જેસલમેર વગેરે સ્થળોએ ગ્રંથભંડારો સ્થાપ્યા તે પ્રમાણે આશાપલ્લી-કર્ણાવતીમાં પણ ગ્રંથભંડારની સ્થાપના કરેલી. નોંધપાત્ર એ છે કે ઈ. સ. ૧૪૫૨માં આચાર્ય રત્નાકરે 'વસંત વિલાસ' નામનું સં.કાવ્ય જેને વણિક શાહ દેપાલના પુત્ર ચંદ્રપાલના ઉપયોગ માટે અમદાવાદમાં રચ્યું હતું. તપગચ્છના રત્નશેખરસૂરિના શિષ્ય હેમહંસગણિએ ઈ. સ. ૧૪૫૮માં આશાપલ્લીમાં ઉદયપ્રભસૂરિના 'આરંભસિદ્ધિ' ગ્રંથ ઉપર 'વૃત્તિ'ની રચના કરી હતી; આ જ વિદ્વાને સં. ૧૪૬૦માં **અમદાવાદ**માં હેમવ્યાકરણ ઉપર 'ન્યાયાર્થમંજૂષા' ('ન્યાયાર્થબૃહદ્વૃત્તિ')ની રચના કરી હતી. કોઈ લક્ષ્મીસાગરસૂરિએ આશાપલ્લીમાં સોમલબ્ધિ નામની શ્રાવિકાને 'ગણિની'પદ ઈ. સ. ૧૪૬૧ લગભગમાં આપેલું.

આ સમયે 'આશાપલ્લી'માં વ્યવસ્થિત રીતે જિનાલયો અને ગ્રંથભંડારો પણ હતા; ઈ. સ. ૧૪૬૩માં જિનપદ્મસૂરિના 'નેમિનાથ ફાગુની નકલ' 'આશાપલ્લી'માં કોઈ મતિકલા નામની સાધ્વી માટે થયાનો, તો ૧૧૦ વર્ષ પછી—એટલે કે ઈ. સ. ૧૫૭૩માં જ્યારે કોઈ દેવરત્નસૂરિ નામના આચાર્યે 'આશાપલ્લી'માં ચાતુર્માસ કરેલું તે સમયે કોઈ અમીપાલના રચેલા 'મહીપાલનો રાસ' (ઈ. સ. ૧૫૧૬ની રચના)ની નકલ શ્રીકંસલક્ષ્મીને વાંચવા માટે કોઈ સોમજી ઋષિએ કરેલી. આમ ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે અમદાવાદની સ્થાપના કરી એ પછી ૧૬૨ વર્ષે પણ આશાપલ્લીનું અસ્તિત્વ પ્રાપ્ત થાય છે. કર્ણાવતીનું પણ સ્વતંત્ર અસ્તિત્વ હતું જ; જેમ કે પેથડશાહના પુત્ર ઝાંઝણે ઈ. સ. ૧૨૮૪માં મંડપદુર્ગ(માંડવગઢ)થી સંઘ કાઢચો ત્યારે એ વામનસ્થલી અને પ્રભાસ થઈ કર્ણાવતીમાં આવ્યો હતો, તો ઈ. સ. ૧૪૨૩માં અહમદશાહના માનપાત્ર ગુણરાજ સંઘ કાઢી મહુવા, પ્રભાસ, માંગરોલ, જૂનાગઢ વગેરે થઈ સ્વનગર કર્ણાવતીમાં આવી પહોંચ્યો હતો. આ સમયે કર્ણાવતી અને આશાપલ્લી અમદાવાદનાં પરાં બની ચૂકયાં સમઝાય છે, કેમ કે 'સોમસૌભાગ્ય' કાવ્યમાં કર્ણાવતીને સ્થાને ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે 'અમદાવાદ' વસાવ્યાનો નિર્દેશ મળે છે. આમ ત્રણે સ્થાન એકમેકમાં ભેળવાઈ ગયાં હતાં. આ પછી મહમદ બેગડાના સમય સુધીમાં કર્ણાવતીનો ભાગ ઉજ્જડ થઈ ગયો હોવો જોઈએ, જ્યારે રાયપુર દરવાજાથી લઈ સાબરમતીને કાંઠે આવેલા ભદ્રના નૈઋત્ય ખૂણાના માણેકબુરજની સીધી લીટીની દક્ષિણે આવેલો 'આશાપલ્લી'નો ભાગ—'જમાલપુર' બની રહ્યું. કર્ણાવતીના ભાગનો પણ 'આસાવલ'માં સમાવેશ થતો હતો, પણ એ ભાગ 'જમાલપુર'ની બહાર જ રહ્યો અને ઉજ્જડ થઈ ગયો, જ્યાં આજનો કેલિકો મિલનો વિસ્તાર અને બહેરામપુરાનો વિસ્તાર નવો વિકસી આવ્યો. 'મિરાતે એહમદી' બહેરામપુરાને અને સપ્તર્ષિના આરાના મંઝોરીના ભાગને જ 'આસાવલ' કહે છે એ નોંધપાત્ર છે. હકીકતે તો 'આશાપલ્લી' પણ એક કાળે ખૂબ જ વિસ્તૃત હતી, પછી ભાંગતી ચાલી અને 'મિરાતે અહમદી'ના સમયમાં જમાલપુર બહાર દક્ષિણે બહેરામપુર અને મંઝોરીના ભાગ માટે સીમિત થઈ ગઈ અને એનું નામ પણ ભૂંસાઈ ગયું. આ બધું છેક ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે વસાવેલા 'અમદાવાદ'ના આરંભકાળથી જ એકરૂપ થતું ચાલ્યું અને મહમૂદ બેગડાના તેમ જ પછીના સુલતાનોના અને છેક મોગલાઈ યુગમાં પણ અનેક નવાં નવાં નામે પરાંઓ જૂનાં-નવાં સ્થાનોમાં વસ્યાં, આબાદ થયાં અને કેટલાંક પાછાં નષ્ટ પણ થઈ ગયાં.

સાહિત્યિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અમદાવાદને જૈન સંસ્કૃતિ, બ્રાહ્મણ સંસ્કૃતિ અને મુસ્લિમ સંસ્કૃતિએ ગણ્યકોટિની સમૃદ્ધિ આપી છે. પાટણથી કેટલીક વસ્તી અમદાવાદમાં આવ્યે જતી હતી. ઈ. સ. ૧૪૫૦ આસપાસ પાટણના શ્રીમાલી વણિક શેઠ મદનનો નાનો પ્રપૌત્ર દેવો અમદાવાદમાં રહેતો હતો, જ્યારે એનાથી મોટા ત્રણ પ્રપૌત્રો પાટણમાં જ રહેતા હતા. ઈ. સ. ૧૪૫૨માં લોંકાશાહ નામના એક શ્રાવકે લોંકાગચ્છનો વિકાસ અમદાવાદમાંથી જ કર્યો હતો. 'વિમલપ્રબંધ' વગેરે અનેક સાહિત્યિક રચનાઓના કર્તા મુનિ લાવણ્યસમય (મૂળ નામ લહુરાજ)નો જન્મ ઈ. સ.૧૪૬૫માં નદીની પશ્ચિમે આવેલા અજદપુર નામક પરામાં થયો હતો. ઈ. સ. ૧૫૭૫માં સુપ્રસિદ્ધ હીરવિજયસૂરિએ અમદાવાદમાં ૧૮ શિષ્યોને દીક્ષા આપી હતી; હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિએ ઈ. સ. ૧૫૯૧-૯૨માં અમદાવાદમાં ચોમાસું કર્યું હતું અને એમને ઈ. સ. ૧૫૯૩માં અહીંથી અમદાવાદમાં હાકેમ તરીકે આવેલા મુરાદે માન આપ્યું હતું. અહીં જ વિજયસૂરિએ ઈ. સ. ૧૫૮૩–૧૫૯૦ના ગાળામાં સૂબા ખાનખાનાનને ઉપદેશથી પ્રસન્ન કર્યો હતો. હીરવિજયસૂરિએ ઈ. સ. ૧૫૯૦માં અહીંથી પોતાના ગુરુના 'સાત બોલ' ઉપર વિવરણ કરી એની સંખ્યા બારની કરી હતી અને ધર્મસાગરસૂરિએ એમાં પોતાની સંમતિ કરી હતી. ઈ. સ. ૧૬૦૧માં હેમવિજયનો જાણીતો ગ્રંથ 'કથારત્નાકર' અહીં રચાયો હતો, તો મુનિસુંદરની રચેલી 'ગુર્વાવલી' હીરવિજયસૂરિની આજ્ઞાથી ઈ. સ. ૧૬૦૨માં અહીં પ્રમાણિત કરવામાં આવી હતી.

આ સમયમાં એક રાજમાન્ય ઝવેરી અને પ્રતિષ્ઠિત આગેવાન, શ્રીમંત સાહસિક વેપારી અને શરાફ અમદાવાદમાં ભારે પ્રકાશમાં આવ્યા તે ઓસવાળ જૈન વણિક શાંતિદાસ વખતચંદ શેઠ. એમણે અસારવા અને સરસપુર વચ્ચે ઈ. સ. ૧૬૨૨માં બીબીપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય બંધાવવું શરૂ કર્યું હતું. ઔરંગઝેબ જ્યારે અમદાવાદનો સૂબો બન્યો હતો ત્યારે ઈ. સ. ૧૬૪૪માં આ જિનાલયને મસ્જિદના રૂપમાં ફેરવી નાખ્યું હતું. શાંતિદાસ શેઠની મીરજથી શાહજહાંએ આ સ્થાન શાંતિદાસ શેઠને હવાલે કરવાનું ફરમાન કર્યું હતું. શાંતિદાસ શેઠ અમદાવાદના નગરશેઠ હતા. એમનો ઈ. સ. ૧૬૫૯માં સ્વર્ગવાસ થયો ત્યારથી છેલ્લા યુગ સુધી અમદાવાદની નગરશેઠાઈ એમના કુળમાં ઊતરી આવી છે. ગુજરાતના ઇતિહાસમાં શાંતિદાસ શેઠનું અને એના વંશજોનું સ્થાન અમદાવાદ માટે હંમેશાં માનવંત રહ્યું છે.

અમદાવાદમાં ખરતરગચ્છના જિનચંદ્રસૂરિના ઉપદેશથી પ્રાગ્વાટ સંઘપતિ સોમજીએ જ્ઞાનભંડાર માટે ઈ. સ. ૧૫૯૬માં સંખ્યાબંધ હસ્તપ્રતો તૈયાર કરાવી હતી. ઈ. સ. ૧૬૦૯માં 'રાજનગર'માં હીરવિજયસૂરિના શિષ્ય શુભવિજયે વિજયદેવસૂરિની આજ્ઞાથી 'કાવ્યકલ્પલતા વૃત્તિ-મકરંદ' અને ઈ. સ. ૧૬૧૧માં 'સ્યાદ્‌ભાષા' અને એની વૃત્તિ, અને ૧૬૧૫માં 'કલ્પસૂત્ર' ઉપર ટીકાની રચના કરી હતી, જ્યારે સમર્થ જૈનાચાર્ય સમયસુંદરે ઈ. સ. ૧૬૪૨માં અમદાવાદ હાજા પટેલની પોળમાં 'જીવવિચાર' 'નવતત્ત્વ' અને 'દંડક' ઉપર ટીકાગ્રંથો રચ્યા હતા. ઈ. સ. ૧૬૪૩માં રાજનગરના ઉષ્માનપુર('ઉસમાનપુરા'—નદીને પશ્ચિમ કાંઠે)માં કલ્યાણ-વિજય ઉપાધ્યાયના શિષ્ય ધનવિજયે 'ધર્મોપદેશ-લેશ' એ શીર્ષકથી ૧૦૮ શ્લોકનું 'આભાણ-શતક રચ્યું હતું.

જૈન સંપ્રદાયના એક સમર્થ વિદ્વાન યશોવિજયજીએ ઈ. સ. ૧૬૪૩માં જ અહીં 'અષ્ટાવધાન' કર્યું હતું અને પછી વધુ અભ્યાસ કરવા અહીંના ધનજી સૂરાની વિનંતિથી કાશી ગયા હતા. ત્યાંથી 'ન્યાયવિશારદ' થઈ એ અહીંની નાગોરી સરાહમાં આવ્યા હતા અને સૂબા મહોબતખાનને 'અષ્ટાદશ અવધાન' કરી બતાવ્યું હતું. ઈ. સ. ૧૭૧૮માં તપગચ્છના ઉત્તમસાગર-સૂરિના શિષ્ય ન્યાયસાગરે સ્વકૃત 'સમ્યકત્વ-વિચારગર્ભિત મહાવીર જિનસ્તવ' ઉપર ટીકા લખી હતી.

સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વનો નિર્દેશ અમદાવાદના શેઠ હઠીસિંહ કેસરીસિંહે ઈ. સ. ૧૮૪૫-૪૭માં દિલ્હી દરવાજા બહાર બંધાવેલાં જિનાલયોનો કરવો જોઈએ. નવા યુગના આરંભનો એ છેલ્લો જૂનો સ્થાપત્યાવશેષ કહી શકાય.

ઉપર સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય રચનારા જૈન સાહિત્યકારોએ અમદાવાદની ભૂમિમાં સાહિત્યરચનાઓ કરી હતી તેમ તત્તત્કાલીન ગુજરાતી ભાષાભૂમિકામાં પણ સંખ્યાબંધ જૈન વિરક્ત સાધુઓએ મહત્ત્વની સેવા આપી છે. લાવણ્યસમય એઓમાંના એક હતા, તો સમયસુંદર એવા જ બીજા જૈનાચાર્ય હતા. અહીં સંખ્યાબંધ હસ્તપ્રતોની નકલો થયેલી પણ જાણવામાં આવી છે. ડેલાનો ભંડાર, દેવશાના પાડાનો ભંડાર, તેમ જ જૈન ગૃહસ્થોને ત્યાંના ખાનગી ભંડારોમાં આવી સેંકડો હસ્તપ્રતો સચવાઈ રહેલી છે. અહીં તેમ જ બહારથી મેળવેલી હજારો હસ્તપ્રતો એકત્રિત કર્યે જવાનું ભગીરથ કાર્ય લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં ઈ. સ. ૧૯૫૭માં સ્થાપના થઈ ત્યારથી ચાલુ છે. સોમસુંદરસૂરિના 'ઉપદેશમાલા-બાલાવબોધ'ની એક નકલ ઇ. સ. ૧૪૯૦ જેટલા જૂના સમયમાં 'અહમ્મદાબાદ-નગરે' થયેલી જાણવામાં આવી છે. સાહિત્યકારોમાં વીરવિજયસૂરિ એક નામાંકિત આચાર્ય થઈ ગયા છે. એમનો ઉપાશ્રય પતાસાની પોળમાં આવેલો છે. આ સ્થળે એમણે જૈન ધાર્મિક વિશાળ સાહિત્યકૃતિઓની ઈ. સ. ૧૮૦૦ આસપાસનાં વર્ષોમાં કરી છે.

જૈનેતર સાહિત્યકારોમાં સૌથી જૂનો જાણવામાં આવ્યો હોય તો એ રૂપાલનો ગોપાલદાસ વણિક. શ્રી વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથ ગુસાંઈજી ધર્મપ્રચારાર્થ ગુજરાતમાં છ વાર આવ્યા હતા. અમદાવાદમાં આવતા ત્યારે અસારવામાં એમના એક શિષ્ય ભાઈલા કોઠારીને ત્યાં ઊતરતા જે સ્થાન અત્યારે "આચાર્યજીની બેઠક" તરીકે જાણીતું છે. ગોપાલદાસ આ ભાઈલા કોઠારીનો જમાઈ થાય. એણે શ્રીવલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીની પ્રશસ્તિમાં 'વલ્લભાખ્યાન' નામનું ૯ કડવાંનું ઐતિહ્યમૂલક સુંદર ગેય આખ્યાન-કાવ્ય ઈ. સ. ૧૫૮૬ આસપાસ રચ્યું છે. વલ્લભસંપ્રદાયમાં આ કાવ્યની એટલી મહત્તા છે કે ૧૯મી સદીના આરંભમાં અમદાવાદની દોસીવાડાની પોળના નિ. લી. ગો. શ્રી. વ્રજરાયજી મહારાજે સંસ્કૃત ભાષામાં અને બીજા બે ગોસ્વામી મહારાજોએ વ્રજ ભાષામાં વિસ્તૃત ટીકાઓ લખી જે છપાઈ ચૂકેલી છે. આ પછી અમદાવાદના જ વતની એક કોઈ રામભક્ત (ઈ. સ. ૧૬૦૦–૧૬૫૦ વચ્ચે હયાત) જાણવામાં આવી છે, જેની રચનાઓમા 'ગીતા' ખૂબ જાણીતી છે. બીજી બે આખ્યાન કૃતિઓ અને ભાગવતનો ૧૧મો સ્કંધ તેમ જ રાસપંચાધ્યાયી અપ્રસિદ્ધ છે. ઈ. સ. ૧૬૪૧માં ગંગ નામનો રૈકવ બ્રાહ્મણ અમદાવાદનો હતો તેણે 'શુકદેવાખ્યાન'ની રચના કરી જાણવામાં આવી છે. આ

ગંગના જ સમકાલીન બે જ્ઞાની કવિઓ અમદાવાદે આપ્યા છે તે અખો ભગત અને ગોપાળ. અખો જાતે વણિક સોની, નજીકના જેતલપુરનો વતની હતો. એના પિતા અખાની નાની વયમાં અમદાવાદમાં આવી રહ્યા હતા. અહીં માતાપિતાના મૃત્યુ પછી સરકારી ટંકશાળાના અધિકાર-સ્થાન સુધી પહોંચેલા અખાને સંસારનાં થયેલા કપરા અનુભવોને લઈ હૃદયમાં વિરક્તિ આવી અને એ જ્ઞાન તરફ વળ્યો. આ અખાએ અદ્વૈત વેદાંતને લખતા 'અખેગીતા' જેવા સમૃદ્ધ પદ્ય-ગ્રંથો અને સામાજિક અનુભવોને લગતા છપ્પાઓ સાખીઓ અને અનેક ગેય પદોની રચના આપી છે. ગોપાળ નાંદોલનો અડાલજો મોઢ વણિક હતો. એ અમદાવાદમાં આવી રહ્યો હતો અને 'ગોપાળ ગીતા' તેમ જ બીજા ગ્રંથો અને અનેક ગેય પદોની રચના આપી ગયો છે.

અમદાવાદે ઈ. સ. ૧૭૦૦–૧૮૦૦ના ગાળામાં ચાર નામાંકિત સાહિત્યકાર આપ્યા છે તે શાહઆલમ માર્ગની પશ્ચિમે બહેચરાજીના મંદિરમાં રહેલો મેવાડો બ્રાહ્મણ વલ્લભ ભટ્ટ ધોળા, ગોમતીપુર નજીકના જૂના વેંગણપુરનો શ્રી ગૌડ બ્રાહ્મણ શામળ ભટ્ટ, ગોમતીપુરમાં જ રહેલો વૈષ્ણવ રઘુનાથ અને વડોદરાથી અમદાવાદમાં આવીને વસેલો તુલજારામ. 'શક્તિ-માતા'ને લગતાં ગરબાઓ મોટી સંખ્યામાં વલ્લભ ભટ્ટ (ઈ. સ. ૧૭૧૦–૧૭૩૬માં હયાત) તરફથી રચી આપવામાં આવેલા, જ્યારે (ઇ. સ. ૧૭૦૦–૧૭૬૫માં હયાત) શામળ ભટ્ટે ઈ. સ. ૧૭૨૯ સુધીમાં ત્રણચાર નાની કૃતિઓ ઉપરાંત એની સુપ્રસિદ્ધ "સિંહાસનબત્રીશી"ની ૧૫ વાર્તાઓ વતનમાં જ રચી લોકોને ગાઈ સંભળાવી હતી; ૧૭૨૯માં એને મહેમદાવાદ નજક સીંહુજ ગામના જમીનદાર રખીદાસ પટેલે બોલાવી પોતાને ત્યાં વસાવ્યો, જ્યાં બેસી એણે 'સિંહાસન-બત્રીશી' પૂરી કરી અને 'સૂડાબહોત્તરી' અને બીજી વાર્તાઓ લખી. રઘુનાથ વલ્લભ સંપ્રદાયનો વણિક વૈષ્ણવ હતો (ઈ. સ. ૧૭૨૯–૧૮૧૪માં હયાત) અને એણે પણ વિપુલ ગેય પદોની રચનાથી તેમ જ 'પ્રહ્લાદાખ્યાન' (ઈ. સ. ૧૮૦૨) રચી ગુજરાતી સાહિત્યને પ્રદાન કર્યું છે. તુલજારામ (ઈ. સ. ૧૮મીનો પૂર્વાર્ધ) આખ્યાનકાર હતો અને એનાં સામાન્ય કોટિનાં ત્રણેક આખ્યાન જાણવામાં આવ્યાં છે. શામળનો હરીફ કહી શકાય તેવો એક નાગર સુંદરજી ઈ. સ. ૧૭૪૦માં 'સિંહાસનબત્રીશી' રચી આપે છે. અમદાવાદનો આ સાહિત્યકાર પોતાને કાશીવાસી કહે છે. બીજા જૂના સાહિત્યકારોમાં અમદાવાદ નજીક રાણીપનો ઔદિચ્ય બ્રાહ્મણ હીરા-સુત કહાન, મૂળજી, ભટ્ટ નાગર બ્રાહ્મણ વલ્લભ, સારંગદાસ, શક્તિ-માતાની ગરબીઓનો કર્તા હરગોવિંદ ભટ્ટ મેવાડો બ્રાહ્મણ, કેશવદાસ કંસારો ('અમદાવાદ શહેરની લાવણી' ઈ. સ. ૧૮૧૨માં લખી છે), સુખરામસુત ઔદિચ્ય બ્રાહ્મણ તુળજારામ, માતાના ગરબાઓનો લેખક દલપત નાગર, મૂળ પીજનો પણ અમદાવાદના ગોપાલપરામાં આવી વસેલો મોઢ બ્રાહ્મણ નરભો, માધવરામ વ્યાસ, રાયપુરનો ભટ્ટ મેવાડો સેવકરામ રૂપરામ, ઈ. સ. ૧૭૮૨ની 'સાબરમતીની રેલ'નું વર્ણન આપી ગયેલો ઇસ્માઇલ, 'અંબાજીના પરચા'નો લેખક યદુરામ, નાગર બ્રાહ્મણ ગોવિંદનો પુત્ર જ્ઞાનીભક્ત મંગલશંકર પંડિત, પદો-ધોળ વગેરેનો લેખક ખડાયતો બ્રાહ્મણ વેપારી પ્રભાશંકર, 'ટોપીવાળાનાં કવિત્તો'નો લેખક રામચંદ્ર બારોટ, સાઠોદરો નાગર અલખ અને બુલાખી, અને ડુંગરપુર (હાલ રાજસ્થાનમાં ગયેલ પ્રદેશ)ની નાગર જ્ઞાનીભક્ત ગૌરીબાઈ—આ સાહિત્યકારોએ પોતપોતાના ક્ષેત્રની સાહિત્યરચનાઓ આપી ગુજરાતી સાહિત્યને ગૌરવ આપ્યું છે.

વ્રજ-હિંદી કવિતાક્ષેત્રે અમદાવાદના 'કવિશ્વરો'એ જુદાં જુદાં રજવાડાંઓમાં રહી સેવા આપી છે તેવા તો 'બાખીવિલાસ'નો કર્તા (ઈ. સ. ૧૮૧૯–૨૦માં હયાત) વિસનગરો નાગર બ્રાહ્મણ કેવલરામ (રાયપુર—તુલસીનો પોળનો રહીશ) અને એનો પુત્ર નરસીરામ, તથા એક કોઈ ઉત્તમરામ એ જ કુટુંબનો ધ્યાન ખેંચે છે.

ગુજરાતી સલ્તનતથી લઈ ગાયકવાડી સુધીમાં ગુજરાતને એક જુદી દિશામાં પણ સાહિત્ય-સેવા મળી છે અને એ ફારસી સાહિત્યકારો તરફથી. આમાં અમદાવાદમાં આવી વસેલા કે અમદાવાદના જ વતનીઓનો ફાળો ગણ્ય કોટિનો છે. ઈ. સ. ૧૪૧૧માં અમદાવાદનો પાયો નાખનાર સુલતાન અહમદશાહે કુત્બેઆલમની પ્રશંસામાં કશીદો લખીને જાણે કે આ દિશા ગુજરાતને માટે ખુલ્લી કરી આપી. ઈ. સ. ૧૪૫૮માં મૃત્યુ પામેલા હઝરત ઉસ્માન (જેમના નામ ઉપરથી સાબરમતી નદીપારના 'ઉસ્માનપુરા'નું નામ પડ્યું તે) કુત્બેઆલમની ખિદમતમાં હતા. એમણે 'સૂફીવાદ'ના આટલા જૂના સમયમાં ગ્રંથો લખી અમદાવાદનું નામ રોશન કર્યું છે. સુલતાન અહમદશાહનો ઇતિહાસ પદ્યમાં આપનાર હુલ્વી-એ-શિરાઝી એ યુગનો નામી લેખક હતો. એ પછી મૌલાના યુસુફે સુલતાન મહમૂદ આઝમ (મૃત્યુ ઈ. સ. ૧૫૧૧)ના કથનથી 'તારીખે ઇબ્ન ખલ્કાન'નો ફારસી તરજૂમો કર્યો, તો બીજા મુઝફ્ફરશાહ (ઇ. સ. ૧૫૧૧–૧૫૨૩)ના દરબારી કવિ મુલ્લા મલાલીએ 'મુઝફ્ફરશાહ'નો ઇતિહાસગ્રંથ સ્વતંત્ર આપ્યો. મુઝફ્ફરશાહ બીજો ખુદ પણ સારો શાયર હતો. નાનામોટા કસીદા અને રસાલા લખનારા મુસ્લિમ સાહિત્યકારોમાં મહમૂદ બિનસાદ, શેખ અબુલ કાસિમ (સરખેજનો), શેખ અહમદ, મલેક અમીન, શેખ રશીદુદ્દીન ચિશ્તી, શાહ ખૂબમિયાં, અનેક ફારસી ગ્રંથોના લેખક (આજના 'પીરમશા'ના રોજાવાળા) હઝરત પીરમોહમ્મદશાહ, સૈયદ મોહમ્મદ, સૈયદ જાફર, સૈયદ જલાલુદ્દીન, શેખ નુરુદ્દીન, કાઝી મોહમ્મદ નિઝામુદ્દીન, શેખ હામીદ, મોહમ્મદ કાસિમ, સૂફીવાદી શેખ ફયઝ મોહમ્મદ, ઇબ્ન અકુશ, મુલ્લા અયુબ, મલેક અમીર કત્તાલ, ગીઝની બિન સુલેમાન મંજનશાહી, શેખ મુહમ્મદ સાલેહ ઉર્ફે પીરબાબા વગેરે અમદાવાદને પોતાની રચનાઓ આપવા ભાગ્યશાળી થયા હતા.

તવારીખકારોમાં હુલ્વી-એ-શિરાઝી પછી ધ્યાન ખેંચનારા લેખકોમાં મહમૂદ બેગડો–બહાદુરશાહ–મહમૂદશાહ બીજાનો સમકાલીન હિસામખાન અમદાવાદનો જ વતની હતો અને એણે 'તબકાતે બહાદુરશાહી' નામનો ઇતિહાસગ્રંથ આપ્યો હતો, તો ઔરંગઝેબનો સમકાલીન મનસૂર પણ અમદાવાદનો જ વતની હતો અને ૧૭૦૭માં એણે 'તોહફતુલકારી' નામનો ઇતિહાસગ્રંથ આપ્યો; પણ વધુ ધ્યાન ખેંચનારો તો 'મિરાતે અહમદી'નો લેખક મીરઝા મહમદ હસન છે; એ મોગલ રાજ્યની પડતીમાં અમદાવાદનો દીવાન હતો (ઈ. સ. ૧૭૪૭). એણે આ તવારીખ દસ વર્ષમાં પૂરી કરી હતી. એને માહિતી પૂરી પાડનાર વિદ્વાન હતો કાઝી મહમદ રુકનુદ્દીન જે અમદાવાદનો જ હતો.

ગુજરાતે જે એક વિશેષતા આપી તે એના હિંદુ ફારસી લેખકોની. મોટા ભાગના આ લેખકો નાગરો હતા, તો થોડા બ્રહ્મક્ષત્રિય અને બીજા. આમાંના કેટલાક તો માત્ર સંગ્રહકાર જેવા હતા; જેવાકે બ્રિજનાથ, નાથજી (વેગણપુરમાં જન્મેલો, ૧૬૫૩માં હયાત), જસવંતરાય

નાગર (ઈ. સ. ૧૭૪૯ સુધી હયાત) વગેરે. બીજા 'ડાયરી' લખનારા હતા; જેવા કે શિવલાલ સુંદરલાલ (ઈ. સ. ૧૭૪૮ સુધીની) નંદરામ નાગર કે નંદલાલ બાહેરો (ઈ. સ. ૧૭૬૩ સુધીની), કિશનજી વૈદ્ય (ઈ. સ. ૧૭૬૮ સુધીની), મહેતા શોભારામ વગેરે. કોઈ કોઈ પત્રના શોખીન હતા; જેવા કે કલાલચંદ મુન્શી (ઈ. સ. ૧૭૦૭). એક સુંદરલાલ નાગરે તો ફારસી–હિંદુસ્તાની કોશ ઈ. સ. ૧૮૧૯માં પૂર્ણ કર્યો. શાયરીના શોખીન લેખકોમાં નન્હામલ હૈદર કુલીખાન, મહેતા ઉદયરામ ભટ્ટ (ઈ. સ. ૧૭૪૮ સુધી), રેવાશંકર (ઈ. સ. ૧૭૬૧માં હયાત), દીવાને હાફીઝનો અનુવાદક દલપતરાય (૧લો ભાગ, સં. ૧૭૬૭માં પૂરો કર્યો), તુલજારામ જીવણજી નાગરજીનો પુત્ર રાજશંકર (ઈ. સ. ૧૭૬૮—ગાયકવાડીમાં હયાત), નઝમકાર મહેતા તુલજારામ, અમદાવાદના હાકેમ ગોપાલરાવની પ્રશંસાના કાવ્ય લખનારો મુન્શી નંદલાલ, નઝમકાર મહેતા બિજેરામ સુખરામ, મુન્શી સદાશંકર વગેરે જાણવામાં આવ્યા છે.

અમદાવાદમાં વડનગરથી 'દિવેટિયા' અટકવાળું વડનગરા નાગર ગૃહસ્થ કુટુંબ ઈ. સ. ૧૪૬૫માં આવી વસ્યું હતું. સિદ્ધરાજના તેજસ્વી રાજ્યકાળનો સુપ્રસિદ્ધ સોમેશ્વર પંડિત આ કુલના પૂર્વજોમાંનો એક હતો. એના સીધા વંશમાંથી આ 'દિવેટિયા' કુટુંબ અને તળાજા—પછી જૂનાગઢ–માંગરોલમાં વસેલા કૃષ્ણદાસ (નરસિંહ મહેતાનો પિતા) અને એના નાનાભાઈ પર્વત મહેતા (આજના મુખ્યત્વે "વૈષ્ણવ" અટકવાળા નાગર ગૃહસ્થોના પૂર્વજ) સીધાં ઊતરી આવેલાં છે કે નહિ એ કહેવું મુશ્કેલ છે, પરંતુ ગોત્ર એક જ છે. અમદાવાદમાં પાછળથી ઉજ્જડ થઈ ગયેલું ગોપીપરું અને સૂરતનું ગોપીપુરા વસાવનાર 'ગોપી મલેક'—મૂળ નામ 'ગોપીનાથ'—આ કુટુંબના માતૃપક્ષે પૂર્વજ હતા. આ કુટુંબ મહમૂદ બેગડાના સમયથી વેપાર તેમજ સરકારી નોકરી બંને ક્ષેત્રે આગળ વધતું આવતું હતું. એને કારણે ફારસી ભાષાની આ કુટુંબના પુરુષોને સારી જાણકારી કેળવવી પડી હતી. પૂર્વજોમાંના નરસિંહરામ, નથમલ મહેતા, કૃપાશંકર, બાપાભાઈ અને પછી સારાભાઈ, છોટાભાઈ, ભોળાનાથ એ પણ ફારસીના જ્ઞાતા હતા. આમાંના સારાભાઈએ એક સુંદર મોટા ચોપડામાં (અત્યારે એ ગુજરાત વિદ્યા-સભાના સંગ્રહમાં સચવાયેલો છે તેમાં) ઈ. સ. ૧૮૩૦ સુધીની વકીલોની હકીકત લખી છે. એ 'ડાયરી' પણ વ્યવસ્થિત રીતે ફારસી ભાષામાં લખતા હતા.

ગાયકવાડી અને મુગલાઈ પાસેથી અંગ્રેજોએ અમદાવાદનો હવાલો સંભાળી લીધા પછી નવી પરિપાટીએ શાળાઓ નીકળી, યુનિવર્સિટીની તાલીમનો પણ લાભ પ્રજાને મળવા લાગ્યો, અને એમાંથી ગુજરાતમાં નવો પ્રવાહ જે શરૂ થયો તેમાં અમદાવાદે હંમેશાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું.

નોંધપાત્ર એ છે કે ઈ. સ. ૧૮૧૮માં પહેલા કલેક્ટર ડનલોપે અમદાવાદ શહેરનો કબજો લીધો ત્યારે શહેરની વસ્તી ૮૦,૦૦૦ની હતી. બીજે વર્ષે જૂન માસમાં (સં. ૧૮૭૬ના જેઠ માસમાં) ભારે મોટો ધરતીકંપ થયો અને જુમ્મા મસ્જિદ વગેરેના સાદા અને હાલતા મિનારાઓ તૂટી પડ્યા. ઈ. સ. ૧૮૨૪માં શહેરની માપણી થઈ, જે વખતે વસ્તી ૯૦,૦૦૦ની થઈ હતી. પછી ઈ. સ. ૧૮૨૬માં મૅકોલે-પદ્ધતિની પહેલી શાળા ખૂલી. ઈ. સ. ૧૮૩૨માં અમદાવાદ ફરતે આવેલા કોટની સારી મરામત કરી લેવામાં આવી. ઈ. સ. ૧૮૪૬માં મ્યુનિસિપાલિટીનાં

બીજ વવાયાં અને ૨૬-૧૨-૧૮૪૮ને દિવસે અલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સ નામના (ઈ. સ. ૧૮૪૬માં સહાયક ન્યાયાધીશ થઈને આવેલા) અંગ્રેજ ગૃહસ્થને હાથે "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી" (આજની "ગુજરાત વિદ્યાસભા") જેવી સાંસ્કૃતિક સંસ્થાની સ્થાપના થઈ. એનો ઉદ્દેશ "ગુજરાતી ભાષાસાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી" એ હતો. શ્રી ફૉર્બ્સ પહેલા મંત્રી થયા અને શ્રી મગનલાલ વખતચંદ શેઠ પહેલા સહાયક મંત્રી થયા. આ સમયે શ્રી ફૉર્બ્સને ગુજરાતના ઇતિહાસની વાતો, કર્નલ ટૉડે રાજસ્થાનની વાતો એકઠી કરેલી એ રીતે, એકઠી કરવાનો મનસૂબો થયો. એમણે (સ્વ. ચીનુભાઈ બેરોનેટના દાદા) રેંટિયાવાળા શ્રી રણછોડલાલ છોટાલાલને વાત કરતાં એમણે વઢવાણથી શ્રી દલપતરામ ડાહ્યાભાઈ કવીશ્વરને બોલાવી આપ્યા. 'રાસમાળા'ના ઉપયોગમાં આવેલી સંખ્યાબંધ નોંધપોથીઓ દલપતરામના હાથથી લખેલી મુંબઈની ફૉર્બ્સ સભામાં સચવાયેલી પડી છે. શ્રી મગનલાલ વખતચંદ શેઠે ઈ સ. ૧૮૫૧માં 'અમદાવાદનો ઇતિહાસ' પ્રસિદ્ધ કર્યો. ઈ. સ. ૧૮૫૪માં એ નિવૃત્ત થયા અને શ્રી હરિલાલ મોહનલાલ સહાયક મંત્રી થયા. આ પહેલાં શ્રી ભોગીલાલ પ્રાણવલ્લભદાસ અને મિત્રોએ એક શિલાછાપ મુદ્રણાલય ચાલુ કરેલું, જેમાં ઈ. સ. ૧૮૫૦માં 'બુદ્ધિપ્રકાશ' પાક્ષિક (૧૫-૫-૧૮૫૦) એમની જ સ્થાપેલી 'વિદ્યાભ્યાસક મંડળી' તરફથી પ્રસિદ્ધ થવા લાગ્યું. એ નોંધવું જોઈએ કે સ્વતંત્ર સાહસથી ઈ. સ ૧૮૪૯માં 'વરતમાન' નામનું સાપ્તાહિક અમદાવાદમાં શરૂ થઈ ગયું હતું, એ શિલાછાપમાં જ છપાતું હતું. 'બુદ્ધિપ્રકાશ' દોઢ વર્ષ ચાલી બંધ થયું, પરંતુ ઈ. સ. ૧૮૫૪માં શ્રી હરિલાલ મોહનલાલ ગુ. વ. સો.ના સહાયક મંત્રી થતાં એમને તંત્રીપદ સોંપાયું. ઈ. સ. ૧૮૫૫માં કવીશ્વર દલપતરામ સહાયક મંત્રી થતાં 'બુદ્ધિપ્રકાશ'નું તંત્રીપદ એમને મળ્યું. આ સ્થાન ઉપર એઓશ્રી ઈ. સ. ૧૮૭૯ સુધી રહ્યા તે દરમ્યાન ઈ. સ. ૧૮૬૪થી બીબાંમાં 'બુદ્ધિપ્રકાશ' છપાવા લાગ્યું હતું. ગુજરાતી ગદ્યને અને ગુજરાતી ભાષાને એક ચોક્કસ પ્રકારનો આકાર આપવામાં દલપતરામની ૨૫ વર્ષની ગુ. વ. સો.ની સેવા કારણભૂત છે. એ ખરું છે કે અર્વાચીન ગુજરાતી ગદ્યનાં બીજ તો છેક ઈ. સ. ૧૮૨૬માં એ રીતે નખાયાં કે એ વર્ષમાં અમદાવાદમાં કંપની સરકારની બે પ્રાથમિક નિશાળોની સ્થાપના થઈ, અને ઈ. સ. ૧૮૪૬માં પહેલી અંગ્રેજી શાળા સ્થપાઈ. ઈ. સ. ૧૮૪૭-૪૯માં બીજી બે પ્રાથામક શાળાઓ વધી. ઈ. સ. ૧૮૫૧માં તો ઉપરની ચાર પ્રાથમિક સરકારી શાળાઓ ઉપરાંત ૩૨ ખાનગી શાળાઓ પણ ચાલતી હતી. ઈ. સ. ૧૮૪૯માં પહેલું 'વરતમાન' સાપ્તાહિક નીકળ્યું એટલે એમાં ગદ્યલેખન શરૂ થયું. ઈ. સ. ૧૮૫૦માં 'બુદ્ધિપ્રકાશ' પાક્ષિક ભોગીલાલ પ્રાણવલ્લભદાસ જેવા સંસ્કારી વિદ્વાનને હાથે નીકળ્યું તે દોઢ વર્ષમાં બંધ થઈ ગયું. ઈ. સ. ૧૮૫૪માં 'વરતમાન'ના જ એક ખબરપત્રીએ છૂટા થઈ મુંબઈનું 'શમશેર બહાદુર' અહીંથી કાઢ્યું. જે એક જ વર્ષમાં બંધ પડ્યું. આ પછી 'ખબરદર્પણ' અર્ધસાપ્તાહિક અને પછી ઈ. સ. ૧૮૬૦માં 'અમદાવાદ સમાચાર' શરૂ થયું. ઈ. સ. ૧૮૬૩માં 'પ્રજા અભિલાષ' અને પછી નીકળેલું 'હિતેચ્છુ' ૪૦ વર્ષ ચાલ્યું. આમ ગદ્ય-લેખનની જરૂરિયાત સ્વતઃ ઊભી થતી ચાલી.

અને પશ્ચિમની વિદ્યાઓનો વ્યવસ્થિત સંપર્ક થવાનો યોગ ઈ. સ. ૧૮૫૭ના બળવાના અંત સાથે જ ઊભો થયો. એ વર્ષમાં મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં લંડન યુનિવર્સિટીના પ્રકારની

યુનિવર્સિટીઓ સ્થપાઈ એટલે ગુજરાતીઓને તો મુખ્યત્વે મુંબઈમાં જઈ યુનિ.ના શિક્ષણની સગવડ થઈ. ઈ. સ. ૧૮૫૭ના વર્ષમાં જ અમદાવાદમાં પ્રાથમિક શાળાના શિક્ષકો તૈયાર કરવા 'ગુજરાત ટ્રેનિંગ કૉલેજ'ની શરૂઆત થઈ. ઈ. સ. ૧૮૬૬માં 'આઈરિશ પ્રેસ્બિટેરિયન સ્કૂલ' શરૂ થઈ, તો ઈ. સ. ૧૮૭૧માં સ્ત્રીઓની 'ટ્રેનિંગ કૉલેજ' પણ શરૂ થઈ. ઈ. સ. ૧૮૭૯માં યુનિ.ના અભ્યાસક્રમ પ્રમાણે આર્ટ્સ કૉલેજનું ૧લું વર્ષ અમદાવાદમાં શરૂ થયું. ઈ. સ. ૧૮૭૭-૭૮માં ૨૩ સરકારી શાળાઓ થઈ ચૂકી હતી, જેમાં ૧ હાઈસ્કૂલ, ૩ ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલો, ૯ ગુજ. સ્કૂલો—છોકરાની, ૧ છોકરીઓની, ૨ ટ્રેનિંગ કૉલેજો, ઉર્દૂશાળાઓ અને ૪ રાત્રિશાળાઓ હતી.

પુસ્તકાલયોમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીથી સ્વતંત્ર રીતે જ એક 'નેટીવ લાયબ્રેરી' શરૂ થઈ હતી (૫-૧-૧૮૪૯). પછી એનો હવાલો ગુ. વ.સો.એ સંભાળ્યો અને ઈ. સ. ૧૮૫૭ સુધી ચલાવ્યા પછી એ લાયબ્રેરી શેઠ હેમાભાઈ પ્રેમાભાઈના દાનને કારણે 'હેમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ'ના નામથી જાણીતી બની (૧૪-૧૧-૧૮૫૭). આ પછી ગુ. વ. સો.ને પોતાનાં પ્રકાશનો સાથોસાથ પુસ્તકાલયની જરૂર ઊભી થઈ અને ઉત્તરોત્તર એ પુસ્તકાલય સમૃદ્ધ થતું ચાલ્યું. ઈ. સ. ૧૮૭૦માં ભોળાનાથ સારાભાઈએ ખાડિયામાં 'આપારાવ ભોળાનાથ પુસ્તકાલય' શરૂ કર્યું.

ગુજરાતી ગદ્યના વિકાસમાં પાયાનું કામ તો ઈ. સ. ૧૮૫૮માં થયું એ 'હોપ વાચનમાળા'ના રૂપમાં. ભારતવર્ષની અન્યાન્ય ભાષાઓમાં પણ દેશભાષાઓના માધ્યમથી વાચનમાળાઓ અસ્તિત્વમાં આવી હતી, એ બધીમાં "ગુજરાતી હોપ વાચનમાળા" પોતાની વિશિષ્ટતા સ્થાપી શકી હતી. એમાંની ગુજ. કવિતાઓ મોટા ભાગની કવીશ્વર દલપતરામ પાસે બનાવડાવવામાં આવી હતી. જૂની કવિતાનો પરિચય સુલભ બને એ માટે જૂના હસ્તલિખિત સાહિત્યની પોથીઓમાંથી તારવીને સંગ્રહો તૈયાર કરવાનું કામ પણ દલપતરામને સોંપાયું હતું, જે ત્રણ ખંડમાં ઈ. સ. ૧૮૭૬માં એક ગ્રંથરૂપે 'કાવ્યદોહન'ના મથાળે પ્રસિદ્ધ થયું હતું. પછી એની જ નવી આવૃત્તિ બે જુદાં પુસ્તકોમાં શ્રી મહીપત રૂપરામ નીલકંઠને હાથે તૈયાર થઈ પ્રસિદ્ધ થઈ હતી. ગુજરાતી પિંગળની ખામી તો ઈ. સ. ૧૮૫૮માં જ દલપતરામે પૂરી કરી આપી હતી, જ્યારે કોશના વિષયમાં પ્રથમ તો 'હોપ વાચનમાળા'ની જોડણી ચોક્કસ કરવાને માટે સાતેક હજાર શબ્દોની યાદી તૈયાર કરવામાં આવી હતી (જે અસલ સ્વરૂપમાં ગુજરાત વિદ્યાસભા—જૂની ગુ. વ. સો.માં અત્યારસુધી સચવાયેલી છે). પાછળથી ગુ. વ. સો.એ "ગુજરાતી શબ્દકોશ" સ્વતંત્ર તૈયાર કરાવી પ્રસિદ્ધ પણ કર્યો હતો, જેના ઉપરથી જીવણલાલ અમરશીએ 'ગુજરાતી શબ્દાર્થ ચિંતામણિ' આજથી ચાલીસેક વર્ષ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો.

વ્યાકરણના વિષયમાં પ્રાથમિક પ્રયત્નોમાં હોપનું અને પછી મહીપતરામનું એમ નાનાં વ્યાકરણ થયાં હતાં, પણ વિશિષ્ટ પ્રયત્ન તો રેવ. જોસેફ વાન સોમરેન ટેલરનો થયો. ગુ. વ. સો.એ એ કામ એમને સોંપેલું અને ઈ. સ. ૧૮૬૧માં નાનુંમોટું બેઉ વ્યાકરણ વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રીની મદદથી પ્રસિદ્ધ થયાં. ઈ. સ. ૧૮૬૫-૬૯નાં વર્ષમાં શ્રી શાસ્ત્રી કવીશ્વરની ગેરહાજરી દરમ્યાન કામચલાઉ મંત્રી હતા જ. એમણે ઉપરના વ્યાકરણને ઉપયોગી થાય એ

દૃષ્ટિથી 'ગુજરાતી ધાતુસંગ્રહ' તૈયાર કર્યો, પરંતુ એમનાં આનાથી પણ મહત્ત્વનાં બે કાર્ય થયાં તે તો 'ઉત્સર્ગમાળા' અને 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ'. દલપતરામે ૭૦૦ કહેવતોનો સંગ્રહ જૂના સમયમાં તૈયાર કરેલો તેની નવી આવૃત્તિ મગનલાલ વખતચંદ શેઠે 'કથનાવલી'ના મથાળે છપાવી. આમ યુનિ.ના શિક્ષણને લક્ષ્યમાં રાખી ગુજરાતી ભાષાના વ્યવસ્થિત અભ્યાસનાં સાધનોનો પણ વિકાસ થયે જતો હતો.

એ નોંધપાત્ર છે કે ઈ. સ. ૧૮૮૬માં ચોક્કસ ઉદ્દેશવાળી અંગ્રેજી શાળા અસ્તિત્વમાં આવી. અને એનો વહીવટ શ્રી વ્રજરાય સાકરલાલ દેસાઈએ હાથમાં લીધો. ઈ. સ. ૧૮૮૭માં 'ગુજરાત કૉલેજ'નું બંધારણ નક્કી કરવામાં આવ્યું અને ત્યાં સુધી સરકારને હસ્તક ચાલતી હતી તે સાર્વજનિક સંસ્થાને સોંપવામાં આવી. મ્યુનિસિપાલિટી તો અસ્તિત્વમાં આવી ગઈ હતી છેક ઈ. સ. ૧૮૫૮ની આસપાસથી, અને ઈ. સ. ૧૮૮૨માં પ્રાથમિક શાળાઓ બધી એને સોંપી દેવામાં આવી હતી. પેલી મેઈલ ટ્રેનિંગના આચાર્યસ્થાને મહીપતરામ રૂપરામ ઈ. સ. ૧૮૬૧થી હતા અને "ગુજરાત શાળાપત્ર"નું સંચાલન ત્યાંથી થયે જતું હતું. આમ અમદાવાદને શૈક્ષણિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ આગળ વધવાનાં સાધનો સારા પ્રમાણમાં ઊભાં થઈ ચૂક્યાં હતાં. સાહિત્યના વ્યવસ્થિત વિકાસની દૃષ્ટિએ 'સમાજસુધારાના સાહિત્ય'નો યુગ ઈ. સ. ૧૮૫૮–૧૮૮૬નો સ્વીકારવામાં આવ્યો છે—ઈ. સ. ૧૮૮૬માં નર્મદાશંકર ગુજરી ગયા ત્યાં સુધીનો. આ યુગના પ્રાણ તરીકે અમદાવાદમાં કવીશ્વર દલપતરામ મધ્યમણિ જેવા હતા. ઈ. સ. ૧૯૦૦ સુધીમાં ગુજરાતને સમગ્ર રીતે સંસ્કાર આપનારા વિદ્વાનો નવી વિદ્યાના પ્રકાશમાં અમદાવાદે બે રીતે આપ્યા: એક પ્રકાર તે અમદાવાદના વતનીઓ તરીકે તો બીજો પ્રકાર ગુજરાતના ઇતર પ્રાંતોમાંથી અને કોઈ કોઈ તો પરપ્રાંતના અને પરદેશના પણ. આ પ્રકારનું દ્વૈવિધ્ય અમદાવાદની ભૂમિમાં આ જ દિવસ સુધી સતત ચાલુ રહ્યું છે—એ બધાઓએ પોતાની અનેકવિધ સેવાથી અમદાવાદને ભારે ગૌરવ અપાવી એને સંસ્કાર-નગરી તરીકે દીપાવવામાં પોતાનો ફાળો આપ્યો છે. કવિ દલપતરામ (૨૦), ટેલર (૨૦), ફૉર્બ્સ (૨૧), ભોળાનાથ સારાભાઈ (૨૨), ગોપાળરાવ દેશમુખ (૨૩), વ્રજલાલ શાસ્ત્રી (૨૫), મહીપતરામ રૂપરામ (૨૯), મગનલાલ વખતચંદ (૩૦), કૃષ્ણરાવ ભોળાનાથ (૩૬), નવલરામ પંડ્યા (૩૬), ઝવેરીલાલ યાજ્ઞિક (૩૬), રણછોડભાઈ ઉદેરામ (૩૬), અંબાલાલ સાકરલાલ દેસાઈ (૪૪), ભાઈશંકર નાનાભાઈ સોલિસિટર (૪૫), ગણપતરામ અનુપરામ ત્રવાડી (૪૮), ગણપતરામ રાજારામ ભટ્ટ (૪૮), ભીમરાવ ભોળાનાથ (૫૧), બુલાખીરામ ચંદુભાઈ (૫૨), મલ્હાર ભિકાજી બેલસરે (૫૩), કમળાશંકર પ્રા. ત્રિવેદી (૫૭), ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી (૫૭), કેશવ હ. ધ્રુવ (૫૯), ન. ભો. દિવેટિયા (૫૯), જટાશંકર લી. ત્રિવેદી (૫૯), મણિલાલ દલપતરામ (૬૨), ડાહ્યાભાઈ ધોળશાજી (૬૭), કિલાભાઈ ઘનશ્યામ (૬૮), રમણભાઈ મહીપતરામ (૬૮), આનંદશંકર બા. ધ્રુવ (૬૯), મહાત્મા મો. ક. ગાંધી (૬૯), મણિલાલ છબારામ ભટ્ટ (૭૦)—સને ૧૯૦૦માં એંશી વર્ષથી લઈ ૩૦ વર્ષ સુધી પહોંચેલા આ વિદ્વાનો છે. આમાં માત્ર મહાત્માજી જ માત્ર ૨૦મી સદીના બીજા-ત્રીજા દસકામાં છેક આવ્યા અને ગુજરાતને જ નહિ, સમગ્ર ભારતવર્ષને અભૂતપૂર્વ નવચેતન અનેક રીતે આપ્યું. આમાંના મોટા ભાગના ગુ. વ. સો.ની સાથે સંકળાયેલા

હતા, તો મહીપતરામ, નવલરામ પંડ્યા અને કમળાશંકર ત્રિવેદી ટ્રેનિંગ કૉલેજની સાથે એક પછી એક છેક સુરતથી આવી અમદાવાદ સાથે ઓતપ્રોત થઈ ગયા હતા. ટેલર અને ફૉર્બ્સ તો ઇંગ્લૅન્ડથી, તો ગોપાળરાવ દેશમુખ અને મલ્હાર ભિખાજી મહારાષ્ટ્રમાંથી આવ્યા હતા. મલ્હાર ભિખાજી ટ્રેનિંગ કૉલેજને ફાળે હતા. 'બુદ્ધિપ્રકાશ' અને 'ગુજરાત શાળાપત્ર'માં એક ચોક્કસ પ્રકારનું ગુજરાતી ભાષાનું સાહિત્યિક સ્વરૂપ ઘડાયું અને વ્યાપકતા ધારણ કર્યે જતું હતું. હોપ વાચનમાળાએ એ પરિપાટીને જ અપનાવી લીધી. એ જ કારણ છે કે સૂરતમાં નર્મદાશંકરના ગદ્યે જે હવા જમાવી હતી, જે હવા મહીપતરામ, પછી નવલરામ, અને પછી કમળાશંકર લઈને તો આવ્યા, પરંતુ એ હવા અમદાવાદને સ્પર્શી ન શકી, જેવી ખુદ અમદાવાદની સ્થાનિક બોલી પણ સ્પર્શી ન શકી; ઝાલાવાડી બોલી ચાવીરૂપ બની અને એની આસપાસ પ્રાંત પ્રાંતમાંથી શબ્દોની અને પર્યાયોની આયાત થઈ. ગુ.વ.સો.ના 'ગુજરાતી ભાષાના શબ્દકોશ'માં આ વૈવિધ્ય અનુભવવામાં આવ્યું. આમાં જેમ દલપતરામ, ભોળાનાથ સારાભાઈ, ભીમરાવ ભોળાનાથ, બુલાખીરામ ચંદુભાઈ, ન. ભો. દિવેટિયા વગેરે શિષ્ટ કવિતાના પુરસ્કારકો હતા, તો કિલાભાઈ ઘનશ્યામ, રણછોડભાઈ ઉદેરામ, મણિલાલ છ. ભટ્ટ જેવા શિષ્ટ સં. સાહિત્યના અનુવાદકો હતા; ભાઈશંકર સોલિસિટર સં. પ્રણાલીના ગદ્યપદ્યાત્મક સાહિત્યના પુરસ્કારક હતા; તો એ બધાને સાથે લઈ બાકીના શિષ્ટ ગદ્યના ખેડુ હતા. ગુ. વ. સો.એ શરૂથી જ 'બુદ્ધિપ્રકાશ' સાથેસાથ ગ્રંથપ્રકાશનની પ્રવૃત્તિ પણ શરૂ કરી દીધી જ હતી અને ઈ. સ. ૧૯૦૦ સુધીમાં સંખ્યાબંધ પુસ્તકો એણે પ્રસિદ્ધ કર્યાં હતાં, તો સ્વતંત્ર રીતે પણ લેખકોનાં પુસ્તકો વિપુલ પ્રમાણમાં પ્રકાશિત થતાં જતાં હતાં.

ભાષાની પ્રૌઢિની દૃષ્ટિએ ઈ. સ. ૧૮૮૭-૧૯૦૭નો સમય સાક્ષરયુગ તરીકે દીપી ઊઠે છે અને એનો યશ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીને ફાળે જાય છે, પણ અમદાવાદે એ ગાળામાં, ઉપરના પહેલી હેડીના સાહિત્યસ્વામીઓની સાથેસાથ નવલોહિયાઓએ બતાવેલા ખમીરનો લાભ મેળવ્યો છે. 'પ્રજાબંધુ' સાપ્તાહિકના પુરસ્કારક ભગુભાઈ ફ. કારભારી (૭૧), સમર્થ વેદાંત-શાસ્ત્રવિદ નર્મદાશંકર દે. મહેતા (૭૧), ઉત્તમલાલ કે. ત્રિવેદી (૭૨), મહેબૂબમિયાં કાદરી (૭૩), રામમોહનરાય જસવંતરાય દેસાઈ (૭૩), વૈદ્યશાસ્ત્રી નારાયણ દેવશંકર (૭૪), ભિક્ષુ અખંડાનંદ (૭૪), કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા (૭૪), ભોગીંદ્રરાવ રતનલાલ દિવેટિયા (૭૫), સત્યેંદ્ર ભીમરાવ દિવેટિયા (૭૫), મોહનલાલ દલપતરામ કવિ, મગનભાઇ ચતુરભાઈ પટેલ (૭૬), વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ (૭૬), કવિ નાનાલાલ દલપતરામ (૭૭), અમૃત કેશવ નાયક (૭૭), પુરુષોત્તમ જોગીભાઈ ભટ્ટ (૭૭), જનુભાઈ અચરતલાલ સૈયદ (૭૮), માધવરાવ બાબાલાલ દિવેટિયા (૭૮), રામશંકર મોનજી ભટ્ટ (૭૯), હરિપ્રસાદ વ્ર. દેસાઈ (૭૯),– આ નવલોહિયા સાહિત્યસ્વામીઓમાંના વૈદ્યશાસ્ત્રી નારાયણ, કૌશિકરામ મહેતા, પુરુષોત્તમ જો. ભટ્ટ, રામશંકર મો. ભટ્ટ જેવાઓએ મોડેથી આવી વીસમી સદીમાં પોતાની સેવા અમદાવાદને આપી હતી; બાકીનાઓએ મોટે ભાગે અમદાવાદને સમૃદ્ધિ આપી હતી. ભિક્ષુ અખંડાનંદે તો મુંબઈમાં 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય' સ્થાપી પુસ્તકપ્રકાશનની સુવ્યવસ્થિત યોજના અમલમાં મૂકી. થોડાં વર્ષ મુંબઈમાં ગાળી પછી અમદાવાદનો નિવાસ સ્વીકારી એ સંસ્થાનં અનેક પ્રકાશનો અનેક સ્થાનિક તેમ જ બહારના લેખકો દ્વારા મેળવી જાહેરમાં મૂક્યાં. અમદાવાદે

જેમની સેવા મેળવી તેવા ઉપરના લેખકોમાં ઊડીને આંખે ચોટે તેવા સંસ્કારસ્વામીઓ તે રણછોડભાઈ ઉદેરામ, ભાઈશંકર સોલિસિટર, ભીમરાવ ભોળાનાથ, ડાહ્યાભાઈ પી. દેરાસરી, કે. હ. ધ્રુવ, ન. ભો. દિવેટિયા, કિલાભાઈ ઘનશ્યામ, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ, મણિલાલ છ. ભટ્ટ, નર્મદાશંકર મહેતા, ભોગીંદ્રરાવ દિવેટિયા, સત્યેંદ્ર ભી. દિવેટિયા, મગનભાઈ ચતુરભાઈ પટેલ, વિદ્યાબહેન નીલકંઠ, કવિ નાનાલાલ, અમૃત કેશવ નાયક—આ છે. કવિ નાનાલાલની અસામાન્ય કોટિની નવસર્જનાત્મક પ્રતિભાએ 'ગુજરાતના કવિસમ્રાટ'નું બિરુદ ચરિતાર્થ કરી આપ્યું છે. ભીમરાવે એક મહાકાવ્ય આપ્યું; તો ડાહ્યાભાઈ દેરાસરી 'બુલબુલે' ફારસી ધાટીની ગઝલ-કવિતાને ભારે વેગ આપ્યો. અમૃત કેશવ નાયકે એમાં પ્રબળ બળ પૂર્યું-ઉપરાંત નવલકથા-ક્ષેત્રે પણ પ્રદાન કર્યું. ભોગીંદ્રરાવ, માધવરાવ જેવાઓએ નવલકથાક્ષેત્ર ખેડ્યું. નરસિંહરાવ ભો. દિવેટિયા, કે. હ. ધ્રુવ, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ વગેરે પ્રથમ કોટિના વિવેચકો તો હતા જ, પરંતુ નરસિંહરાવે યુરોપીય કવિતાપ્રકારને આત્મસાત્ કર્યો અને વહેતો મૂક્યો. કે. હ. ધ્રુવે સંસ્કૃતસાહિત્યની નામાંકિત નાટ્યકૃતિઓને ગુજરાતીમાં ઉતારી, જેનો આરંભ તો રણછોડભાઈ ઉદેરામે કરી જ આપ્યો હતો. રમણભાઈ અને આનંદશંકર તો પ્રબળ ચિંતકો હતા, રમણભાઈમાં તો વધારામાં સર્જકતત્ત્વ પણ હતું. પિતા મહીપતરામના ભવાઈના શોખમાંથી રમણભાઈને હાસ્યતત્ત્વ વારસે મળ્યું તેમાંથી 'ભદ્રંભદ્ર' જેવી હાસ્યરસની નવલકથા પણ આવી, તો 'રાઈનો પર્વત' જેવું નાટક મળ્યું. નડિયાદના મણિભાઈ નભુભાઈ દ્વારા પુરસ્કાર પામેલા 'સુદર્શન' માસિકમાં આનંદશંકરની તેજસ્વિની પ્રૌઢ કલમે પગરણ માંડ્યાં. 'સુદર્શન' બંધ થયા પછી એમણે 'વસંત' માસિકને જન્મ આપ્યો. 'વસંત'માં એમની ઉત્તરોત્તર વધતી આવતી વિદ્વત્તાએ માત્ર સંસ્કૃત ભાષાનાં શાસ્ત્રોમાંની વિદ્વત્તા નહિ, પરંતુ જગત્સાહિત્યના પ્રગાઢ સંપર્ક અને અભ્યાસનું, સમાજ-રાજકારણ-અર્થકારણ જેવા વિષયો ઉપરનું પ્રભુત્વ પણ રમતું ભમતું જોવાનો યોગ કરી આપ્યો. એમની લગભગ બરોબરી કરી શકે તેવા નડિયાદના મણિભાઈ નભુભાઈ અને અમદાવાદના રમણભાઈ નીલકંઠ. વીસમી સદીના માત્ર અમદાવાદને જ નહિ, ગુજરાતને પણ 'ગુજરાત કૉલેજ'ની એમની સેવાને કારણે એક પ્રકારનું જ્ઞાનનેતૃત્વ એમનું વ્યાપક બન્યું.

ઈ. સ. ૧૯૦૦ પૂર્વે જન્મેલા, પરંતુ અમદાવાદને સંસ્કારવારસો આપવાનું કાર્ય ઈ. સ. ૧૯૦૦ પછી જ થયું તેવા છેલ્લી વીશીમાં જન્મેલા આ સાહિત્યકારોની સેવા પણ ગણ્ય કોટિની કહી શકાય; બેશક, સમયની દૃષ્ટિએ એવું બન્યું પણ છે કે અમદાવાદને એમાંના કેટલાકની સેવાનો લાભ વધુ મોડા સમયમાં પણ મળ્યો હોય. ગટુભાઈ ગો. ધ્રુવ (૮૧), ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ (૮૧), જયેંદ્રરાવ ભ. દુરકાળ (૮૧), રમણિક અ. મહેતા (૮૧), વલી મોહમ્મદ મોમીન (૮૨), શારદાબહેન સુમંત મહેતા (૮૨), પ્રાણલાલ કિરપારામ દેસાઈ (૮૨), મણિલાલ નથુભાઈ દોશી (૮૨), રણજિતરામ વાવાભાઈ મહેતા (૮૨), હીરાલાલ ત્રિ. પારેખ (૮૨), જગન્નાથ દા. ત્રિપાઠી 'સાગર' (૮૩), જીવણલાલ અમરશી (૮૩), જેઠાલાલ ચિમનલાલ સ્વામિનારાયણ (૮૪), વિજયરાય કનૈયાલાલ ધ્રુવ (૮૪), શિવપ્રસાદ દ. પંડિત (૮૫), સાકરલાલ અ. દવે (૮૬), દત્તાત્રેય બા. કાલેલકર 'કાકાસાહેબ' (૮૬), ભોગીલાલ કેશવલાલ પટવા (૮૬), ચિમનલાલ દા. ત્રિપાઠી 'કુંજ' (૮૭), ચુનીલાલ વર્ધમાન

શાહ (૮૭), રામનારાયણ વિશ્વનાથ પાઠક (૮૭), કેશવપ્રસાદ છો. દેસાઈ (૯૮), મુનિ જિનવિજયજી (૮૮), નારાયણ મોરેશ્વર ખરે (૮૮), પોપટલાલ ગો. શાહ (૮૮), ધનશંકર હીરાશંકર ત્રિપાઠી (૮૯), લીલાવતી ક. મુનશી (૮૯), વસંતરામ હ. શાસ્ત્રી (૮૯), મૌલાના અબુઝફર નદવી (૮૯), કિશોરીલાલ ઘનશ્યામ મશરૂવાલા (૯૦), બહેચરદાસ જી. દોશી (૯૦), માધવજી ભીમજી મચ્છર (૯૦), નરહરિ દ્વા. પરીખ (૯૧), સત્યેંદ્રપ્રસાદ સાં. મહેતા (૯૧), પ્રીતમરાય વ. દેસાઈ (૯૧), ઈંદુલાલ ક. યાજ્ઞિક (૯૨), ગૌરીશંકર ગો. જોશી 'ધૂમકેતુ' (૯૨), ચાંપશી વિ. ઉદ્દેશી (૯૨), નાનાલાલ ચિમનલાલ મહેતા (૯૨), ફિરોજ કા. દાવર (૯૨), મહાદેવ દેસાઈ (૯૨), રવિશંકર મ. રાવળ (૯૨), શંભુપ્રસાદ છે. જોશીપુરા 'કુસુમાકર' (૯૨), હામિદમિયાં સૈયદ (૯૨), જેઠાલાલ ગો. શાહ (૯૩), રતિલાલ મો. ત્રિવેદી (૯૪), હરિહર પ્રાણશંકર ભટ્ટ (૯૫), રત્નમણિરાવ ભીમરાવ જોટે (૯૫) ધનજી ફકીરભાઈ (૯૫), નવલરામ જ. ત્રિવેદી (૯૫), મહાશંકર ઈંદ્રજી દવે (૯૫), મુનિ પુણ્ય-વિજયજી (૯૬), રસિકલાલ છો. પરીખ (૯૭), હરિનારાયણ આચાર્ય (૯૭), બચુભાઈ પો. રાવત (૯૮), વિશ્વનાથ મ. ભટ્ટ (૯૮), પ્રાણજીવન વિ. પાઠક (૯૮), નલિનકાંત નરસિંહરાવ દિવેટિયા (૯૮), નરસિંહ મૂ. શાહ (૯૯), મગનભાઈ પ્ર. દેસાઈ (૯૯), ગગનવિહારી મહેતા (૧૯૦૦), સ્વામી અદ્વૈતાનંદ, જયંતીલાલ મ. ઓઝા, નગીનદાસ પુ. સંઘવી, મંજુલાલ સા. દેસાઈ, કકલભાઈ કોઠારી, વિઠ્ઠલદાસ કોઠારી.

વીસમી સદીનો આરંભ રણજિતરામ વાવાભાઈ મહેતાને હાથે નખાતા એક સૂચક પાયામાંથી થાય છે. ઈ. સ. ૧૮૯૮માં થોડા સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓને એકત્રિત કરી "સોશિયલ ઍન્ડ લિટરરી ઍસોસિયેશન"ની એમને હાથે સ્થાપના થઈ હતી તેને ઈ. સ. ૧૯૦૪માં "ગુજરાત સાહિત્યસભા"નું રૂપ આપવામાં આવ્યું. 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની એક બાજુ સાંસ્કૃતિક પ્રગતિ છેક ઈ. સ. ૧૮૪૮ના અંત ભાગથી ચાલુ હતી અને આ સંસ્થાએ પ્રકાશમાં આવીને ચર્ચાસભાઓને વેગ આપ્યો, જે અમદાવાદના સાહિત્યજગતને સબળ વેગ આપવામાં કારણભૂત બન્યો.

ગુજરાત સાહિત્યસભાએ જ ગુજરાતી સાહિત્ય પરિષદને જન્મ આપ્યો અને ઈ સ. ૧૯૦૫માં ગો. મા. ત્રિપાઠીને પ્રમુખપદે અમદાવાદમાં અને ઈ. સ. ૧૯૦૭માં કે. હ. ધ્રુવને પ્રમુખ-પદે સૂરતમાં પરિષદની બેઠકો થઈ. પછી પરિષદનું બંધારણ સ્વતંત્ર થતાં એ છૂટી પડી. સાહિત્યસભાએ અને સાહિત્ય પરિષદે સર્વાંગીણ વિવેચનના માર્ગને મોકળો કરી આપ્યો. ઈ. સ. ૧૯૦૦ સુધીમાં અમદાવાદના જ સાહિત્યકારોએ કવિતા, નવલકથા, નવલિકા, નાટ્ય, નિબંધ, વિવેચન, પ્રાચીન સાહિત્યસંપાદન, ઇતિહાસ-પુરાતત્ત્વ, સંશોધન વગેરે વિવિધ ક્ષેત્રે ગણ્યકોટિના કાર્યનો આરંભ કરી દીધો જ હતો. રંગભૂમિના ક્ષેત્રે પણ ડાહ્યાભાઈ ધોળશાજીના નેતૃત્વે સબળ વેગ લાવી આપ્યો હતો. ચુનીલાલ વ. શાહ, ધનશંકર હી. ત્રિપાઠી, 'ધૂમકેતુ' વગેરેએ નવલકથાક્ષેત્રે નવી સદીમાં પ્રતિષ્ઠા મેળવી તો ભોગીંદ્રરાવ દિવેટિયા, રામમોહનરાય જસવંતરાય દેસાઈ, સત્યેંદ્રપ્રસાદ સાં. મહેતા વગેરેની સંધિકાળમાં પ્રતિષ્ઠા સિદ્ધ થઈ ચૂકી હતી. નિબંધ અને વિવેચનનું સાહિત્ય ઈ. સ. ૧૯૦૦ પૂર્વે અને પછી પણ વેગપૂર્ણ વહ્યે ગયું હતું અને વહેતું ચાલ્યું. પ્રાચીન સાહિત્યસંપાદનક્ષેત્રે વધુ ચોકસાઈ અને શાસ્ત્રીયતા કે. હ. ધ્રુવ જેવાને હાથે

સ્થાપિત થઈ, તો પુરાતત્ત્વ-સંશોધન અને પ્રાચીનતમ સાહિત્યસંશોધનને ક્ષેત્રે ચિમનલાલ દલાલ, મુનિ જિનવિજયજી, બહેચરદાસ દોશી, સુખલાલજી સંઘવી, મુનિ પુણ્યવિજયજી, રણજિતરામ વાવાભાઈ વગેરેને હાથે આ સદીની પહેલી પચીશીમાં પ્રબળ પ્રારંભ થઈ ચૂક્યો હતો.

અત્યારે જેમણે પોતાની ઓછી ઝાઝી પ્રતિષ્ઠા સ્થાપિત કરી લીધી છે અને મોટા ભાગના વિદ્યમાન છે તેઓ ઈ. સ. ૧૯૦૧ થી લઈ ૧૯૩૪ સુધીમાં જન્મેલા જાણવામાં આવ્યા છે. ઈ. સ. ૧૯૦૦ પૂર્વે જન્મેલા અને વીસમી સદીમાં પણ દીર્ઘ જીવન પામેલા સાહિત્યસ્વામીઓની હૂંફમાં જ આ નવા સાહિત્યસ્વામીઓ પાંગર્યા છે એ સત્યને કોઈ રીતે ઉવેખી શકાય એમ નથી. આનંદશંકર બા. ધ્રુવ એમાં એમના જીવન દરમ્યાન હંમેશાં પ્રેરક અને પોષક બની રહ્યા હતા. એ જ રીતે કે. હ. ધ્રુવ અને રમણભાઈ પણ. અમદાવાદમાં જન્મેલા અને વતનીઓ, ઉપરાંત ગુજરાતના વિવિધ ભાગોમાંથી આવીને વસી ગયેલા અને અમદાવાદને જ પોતાનું વતન બનાવી ચૂકેલાઓએ છેલ્લાં ૬૬ વર્ષમાં સમગ્ર ગુજરાતને રોશન કરવાની પણ ભારે સેવા આપી છે. અહીં જોઈએ તો આ તેજસ્વી યુગમાં મળતા તારાઓ તેઃ ગોપાલદાસ પટેલ, જગુભાઈ રાવળ, મોહિનીચંદ્ર (૧), રમણિકલાલ જ. દલાલ (૧), મનુભાઈ લ. જોધાણી (૨), ઝીણાભાઈ ર. દેસાઈ 'સ્નેહરશ્મિ' (૩), દામુભાઈ શુક્લ (૩), ભાસ્કરરાવ વિદ્વાંસ (૩), મધુસૂદન ચિ. મોદી (૪), કેશવરામ કા. શાસ્ત્રી (૫), જયંતીલાલ મ. આચાર્ય (૬), રામપ્રસાદ શુક્લ (૭), વિનોદિની નીલકંઠ (૭), સારાભાઈ મ. નવાબ (૭), જમિયત પંડ્યા (૮), ત્રિભુવનદાસ પુ. લુહાર 'સુંદરમ્' (૮), બાલાભાઈ વી. દેસાઈ 'જયભિખ્ખુ' (૮), શિવશંકર પ્રા. શુક્લ (૮), જયંતી દલાલ (૯), યશોધર ન. મહેતા (૯), મૂળજીભાઈ પી. શાહ (૧૦), ચંદ્રભાઈ ભટ્ટ, ઉમાશંકર જોષી (૧૧), ચીનુભાઈ ભો. પટવા (૧૧), દુર્ગેશ શુક્લ (૧૧), પન્નાલાલ પટેલ (૧૨), ધીરજલાલ ધ. શાહ (૧૨), ધનવંત ઓઝા (૧૨), છોટુભાઈ ર. નાયક (૧૩), નંદકુમાર પાઠક (૧૫), યશવંત પ્રા. શુક્લ (૧૫), ઈશ્વર પેટલીકર (૧૬), શાંતિકુમાર પંડ્યા, ભૂપત વડોદરિયા, પિનાકિન્ ઠાકોર (૧૬), બાલમુકુંદ દવે (૧૬), શિવકુમાર ગિ. જોશી (૧૬), ભોગીલાલ જ. સાંડેસરા (૧૭), હરિવલ્લભ ચુ. ભાયાણી (૧૭) પીતાંબર પટેલ (૧૮), ધીરુભાઈ ઠાકર (૧૮), રણજીત પટેલ 'અનામી' (૧૮), વેણીભાઈ પુરોહિત (૧૮), સુસ્મિતા મેઢ (૧૯), હરિપ્રસાદ ગં. શાસ્ત્રી (૧૯), પુષ્કર ચંદરવાકર (૨૦), જિતેંદ્ર અ. દવે (૨૨), રતિલાલ સાં. નાયક (૨૨), મધુસૂદન હી. પારેખ (૨૩), મુકુલભાઈ કલાર્થી (૨૪), વસુબહેન ભટ્ટ (૨૪), નિરંજન ભગત (૨૬), જયાબહેન ઠાકોર (૨૬), રમણલાલ જે. જોશી (૨૬), વિનોદ અધ્વર્યુ (૨૬), પ્રિયકાંત મણિયાર (૨૭), બકુલ ત્રિપાઠી (૨૮), ચિમનલાલ ત્રિવેદી (૨૯), હસમુખ હ. પાઠક (૩૦), નલિન રાવળ (૩૩), દિગીશ ના. દેસાઈ (૩૪), હેમંત દેસાઈ (૩૪) વગેરે. આ પછીના પણ નવલોહિયા લેખકો સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરી રહ્યા છે.

એ એક નોંધપાત્ર વસ્તુ છે કે ગુ. વ. સો.એ સૌથી પહેલી 'કન્યાશાળા' ટંકશાળ વિસ્તારમાં શેઠાણી હરકુંવરબાઈની સખાવતથી ઈ. સ. ૧૮૫૮માં ખોલી હતી. એ પછી મગનભાઈ કન્યાશાળા અસ્તિત્વમાં આવી. ઈ. સ. ૧૯૦૦ પછી તો ગુજરાત સ્ત્રી કેળવણી મંડળની પણ

સ્થાપના થઈ હતી અને ત્રીજા દસકામાં મહિલા કૉલેજની પણ સ્થાપના થઈ. લાલશંકર ઉમિયાશંકર મહિલા પાઠશાળાની અમદાવાદની સેવા નાનીસૂની નથી. એ શ્રી નાથીબાઈ ધરમશી મહિલા વિશ્વવિદ્યાલય સાથે જોડાયેલી છે. પછી ગુજ. યુનિ. સાથે જોડાઈને સાંકડીશેરીને નાકે બાલાભાઈ દામોદરદાસ વિનયન-વિજ્ઞાન મહિલા કૉલેજ તો પાંચમા દાયકામાં નીકળી. આજે ગયે વર્ષે લૉ સોસાયટીની મહિલા કૉલેજ પણ લાલ દરવાજે ખૂલી છે. આણે સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણનો અમદાવાદ ખાતે પ્રબળ પ્રસાર કર્યો છે.

અમદાવાદમાં ગુજરાત કૉલેજ એક જ હતી; પછીથી લા. ઉ. મહિલા પાઠશાળા થઈ. પણ ઈ. સ. ૧૯૩૫ આસપાસ 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી' અસ્તિત્વમાં આવી અને કૉમર્સ, આર્ટ્સ, સાયન્સ, ફાર્મસી, પછીથી ટ્રેનિંગ કૉલેજો પણ ખોલવામાં આવી. લૉ સોસાયટીની વર્ષોજૂની સાંઝની લૉ કૉલેજની સાથોસાથ ચોથા દાયકામાં આર્ટ્સ અને કૉમર્સ કૉલેજો નીકળી, અને છઠ્ઠા દાયકામાં એ બધીને એ સોસાયટીએ શહેરમાં પણ વિસ્તારી. આ પછી તો સંખ્યાબંધ કેળવણીમંડળો નીકળ્યાં અને આજે ગુજરાત યુનિવર્સિટીની માન્ય કૉલેજો અસ્તિત્વમાં આવી.

ગુજરાત વિદ્યાસભાએ ઈ. સ. ૧૯૩૯માં અનુસ્નાતક વર્ગો ખોલી સંસ્કૃત, ગુજરાતી, ભારતીય પ્રાચીન સંસ્કૃતિ, ફારસી વગેરેમાં શરૂમાં એમ.એ., અને પછી સાથોસાથ પીએચ.ડી.ની તે તે વિષયમાં સરળતા કરી આપી. ભો. જે. વિદ્યાભવન એનો આદર્શ પૂરો પાડે છે. એના જ ફલસ્વરૂપે 'રામાનંદ મહાવિદ્યાલય'નો આરંભ થયો, જે આજે એચ. કે. આર્ટ્સ કૉલેજના રૂપમાં અસ્તિત્વમાં છે.

ગુજરાતી રંગભૂમિનો વિકાસ મુખ્યત્વે મુંબઈને આભારી છતાં અમદાવાદને ફાળે પણ રહ્યો જ છે. સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજીએ અમદાવાદમાં ધંધાદારી રંગભૂમિ વિકસાવી હતી અને જુદી જુદી નાટક કંપનીઓ કામ કરતી હતી. પરંતુ અવૈતનિક રંગભૂમિનો ખરો આરંભ તો અમદાવાદે જ કર્યો. ગુજરાત વિદ્યાસભાની હૂંફે 'નટમંડળ'ની સ્થાપના વીસેક વર્ષ ઉપર થઈ. એણે અનેક યુવક-યુવતીઓને તાલીમ આપવાની વ્યવસ્થા શ્રી જયશંકર સુંદરી જેવા નિષ્ણાત નટ દ્વારા સિદ્ધ કરી આપી અને આજે માત્ર અમદાવાદમાં જ એચ કે. કૉલેજમાં એના વ્યવસ્થિત વર્ગો પણ લેવાય છે, જેને માટે ગુજ. યુનિ.ના ડિપ્લોમાની વ્યવસ્થા છે.

રાષ્ટ્રિય ચળવળના ફળસ્વરૂપે વીસમી સદીના બીજા-ત્રીજા દાયકાની સંધિમાં ગુજરાત રાષ્ટ્રિય વિદ્યાપીઠની સ્થાપના થઈ, એણે ગુજરાતના તત્ત્વરૂપ વિદ્વાનોને એકઠા કરી આપ્યા. મુનિ જિનવિજયજી, પં. સુખલાલજી, પં. બહેચરદાસ દોશી, પ્રો. રામનારાયણ પાઠક, પ્રો. રસિકલાલ પરીખ, કાકાસાહેબ કાલેલકર, કિશોરીલાલ મશરૂવાળા, વાલજી દેસાઈ, નરહરિ પરીખ, મહાદેવભાઈ દેસાઈ જેવા વિદ્વાનોએ માત્ર અમદાવાદને જ નહિ, સમગ્ર ગુજરાતને પોતાનાં જ્ઞાન અને શક્તિનો લાભ આપી રાષ્ટ્રભાવનાને વ્યાપક બનાવવામાં ફાળો આપ્યો. પ્રો. રસિકલાલ પરીખ ગુજરાત વિદ્યાસભામાં આવ્યા તે પૂર્વે જ ગુજરાત યુનિવર્સિટીની દિશામાં સ્વ. હીરાલાલ પારેખ તરફથી બીજારોપણ થઈ ચૂક્યું હતું. એના ફલસ્વરૂપે ગુજ. વિદ્યાસભાના અનુસ્નાતક વર્ગનો આરંભ થયો, અને ત્યાં જ સ્વ. આ. બા. ધ્રુવ પછી સ્વ.

ગણેશ વાસુદેવ માવળંકરને હાથે આજની ગુજરાત યુનિવર્સિટીની જડ રોપાઈ, જેના ફલસ્વરૂપે ૬ઠ્ઠા દાયકાના આરંભમાં ગુજરાત યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી. ગૌરવની વાત છે કે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ ગુજ. યુનિ.માંથી વિકસેલાં બાળકો છે. આજે ગુજ. યુનિ. અનેક વિષયોમાં પોતાના જ સ્વતંત્ર રીતે ચલાવાતા વિભાગોમાં અનુસ્નાતક કક્ષાએ શિક્ષણનું વિતરણ કરી રહી છે. ગુજરાત સંશોધન મંડળ—મુંબઈના અહીંની શાખા ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છ સરહદના પ્રદેશોની બોલીઓની મોજણી કરી રહેલ છે.

પ્રાચીન શિક્ષણ-પરિપાટીની દૃષ્ટિએ પણ અમદાવાદ પછાત નથી રહ્યું. જૂના સમયની પાઠશાળાઓ અને જૈન જ્ઞાનશાળાઓ વિશે માહિતી મળવી લગભગ અસંભવિત જેવી છે; પરંતુ ૧૯મી સદીના આરંભમાં તો ચાર પાઠશાળાઓ જાણવામાં આવી છેઃ એક નગરશેઠની જૈન જ્ઞાનશાળા પ્રકારની સં.પાઠશાળા હતી, જે પછીથી બંધ થઈ ગઈ. સ્વામીનારાયણ સંપ્રદાયની પાઠશાળા સ્વામીનારાયણ મંદિરમાં હતી તે અદ્યાપિપર્યંત ચાલુ છે. પં. રામકૃષ્ણ હરખજીની બે પાઠશાળાઓમાં એક રાયપુરમાં અને બીજી ખાડિયામાં હતી. આમાંની રાયપુરની પાઠશાળાનો વહીવટ ભાઈશંકર નાનાભાઈ સોલિસિટરે સંભાળેલો. એ પાઠશાળા રાયપુરમાં અદ્યાપિપર્યંત ચાલુ છે. વલ્લભીય વૈષ્ણવ સંપ્રદાયની પ્રવૃત્તિ છેક ૧૬મી સદીથી અહીં હતી, પરંતુ એની પાઠશાળા સોએક વર્ષ ઉપર દોસીવાડાની પોળમાં શ્રી નટવરલાલ શ્યામલાલ મંદિરના આચાર્ય ગો. શ્રી વ્રજરાયજી મહારાજ અને પછી શ્રી વ્રજભૂષણજી ઉર્ફે છોટાજી મહારાજના વખતમાં પણ નાના પાયા ઉપર હતી. ગો. શ્રી મધુસૂદન લાલજી અને એમના પછી ગો. શ્રી રણછોડલાલજીના સમયમાં પણ હતી, જેનું પુનર્જીવન નાના પાયા ઉપર હમણાં ગો. શ્રી વ્રજરાયજીએ કર્યું છે. આજે ધ્યાન ખેંચે તેવી ત્રણ પાઠશાળાઓ છે. એક ગુજરાત વિદ્યાસભા હસ્તકના બ્રહ્મચારી વાડી ટ્રસ્ટની બ્રહ્મચારી વાડી સં. પાઠશાળા, બીજી એલિસબ્રિજ સંન્યાસાશ્રમની સં. પાઠશાળા, અને ત્રીજી સરખેજ રોડ ઉપર પંકજ સોસાયટી નજીકની કોશલેંદ્ર મઠની પાઠશાળા. અસ્તિત્વ ધરાવતી આ પાઠશાળાઓમાં ભિન્ન ભિન્ન શાસ્ત્રોની 'આચાર્ય' પદવી સુધીના વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે.

અમદાવાદની સંત-પરિપાટી પણ ધ્યાન ખેંચે તેવી છે. આશાપલ્લી-કર્ણાવતીમાં અનેક જૈનાચાર્યોએ જૈનધર્મના અને સાહિત્યના વિકાસમાં ગણ્યકોટિનો ફાળો આપેલો જ છે. અમદાવાદની સ્થાપનાથી પણ એ પરિપાટી ચાલુ રહી. અમદાવાદની સ્થાપના સાથે મુસ્લિમ સંતોએ અમદાવાદને શોભાવ્યું. અમદાવાદની સ્થાપના વખતના ચાર અહમદોમાંના અહમદખટ્ટુ, કુતુબે આલમ, એમના બીજા પુત્ર શાહેઆલમ, સૈયદ ઉસમાન શમે બુરહાની, શેખ અલીખતીબ, સૈયદ પીર મોહમ્મદ શાહ વગેરે મુસ્લિમ સંતો ધ્યાન ખેંચનારાં થયા છે. ગુજરાત અને રાજસ્થાનમાં પ્રસરેલા દાદુ પંથના સંસ્થાપક સંત દાદુ દયાલ ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં અમદાવાદમાં થઈ ગયા છે. ઈ. સ. ૧૫૮૬માં અકબરે એમની અહીં મુલાકાત લીધી હતી. એ પૂર્વે ૧૬મી સદીમાં શ્રી વલ્લભાચાર્યજીના બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ ઈ. સ. ૧૬૦૦–૧૬૩૬ વચ્ચે ગુજરાતની છ વાર મુલાકાત લીધી હતી, જે દરેક વખતે અમદાવાદના પરા અસારવામાં આજના 'શ્રી આચારજીની બેઠક' નામના સ્થાનમાં રહેતા ભાઈલા કોઠારીના મકાનમાં નિવાસ કર્યો હતો અને વલ્લભી વૈષ્ણવ સંપ્રદાયનો સારો વિકાસ આપ્યો હતો. એમના પછી પણ અનેક

ગોસ્વામી આચાર્યો અવારનવાર આવતા હતા. જૂની વસ્તીમાંની અમદાવાદની મોટા ભાગની વસ્તી વૈષ્ણવ સંપ્રદાયની હતી. આજે પણ ઘણી સંખ્યા છે. એ પ્રમાણે સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક શ્રી સહજાનંદ સ્વામીએ પણ અમદાવાદ 'શ્રીનગર'ને પોતાનું એક સ્થાન બનાવી વૈષ્ણવધર્મનો વ્યાપક પ્રચાર કર્યો હતો.

મુસ્લિમ સલ્તનતથી ઇસ્લામ ધર્મના શિક્ષણને માટે પણ મદ્રેસાઓ અને પુસ્તકાલયો અમદાવાદમાં સ્થપાયાં હતાં. ઉસમાનપુરાની મસ્જિદ આસપાસ મોટી વસાહત નદીકાંઠે હતી, જેના અવશેષો નદીમાં પડ્યા છે. અહીં મોટું પુસ્તકાલય હતું. પાનકોરનાકે પીર મોહમદશાહની મસ્જિદમાં પણ પુસ્તકાલય ઘણા જૂના સમયથી ચાલ્યું આવે છે અને કીમતી પુસ્તકોનો સંગ્રહ છે. અંજુમને-ઇસ્લામ જેવી સંસ્થા, મદ્રેસાઓ તેમ જ ઉર્દૂ શાળાઓ પણ ચલાવી રહી છે.

આ રીતે અમદાવાદની ભૂમિના લગભગ દસ સૈકાના અભ્યુત્થાનમાં ધર્મપોષિત સાહિત્યનો અને સંસ્કારનો અને અંગ્રેજી શાસનકાળથી એ ઉપરાંત ધર્મનિરપેક્ષ સાહિત્ય અને સંસ્કારનો ભારે મોટો ફાળો રહ્યો છે. આજનું અમદાવાદ આ વિવિધ પ્રકારના સંસ્કારોને ઝીલીને ઊભું થયું છે. મહાત્મા ગાંધીજીએ હરિજન આશ્રમની સ્થાપના કરીને છેક નીચલા થરની પ્રજાના અભ્યુત્થાનનો આરંભ કરી આપીને જગતમાં અમદાવાદના નામને રોશન કર્યું છે. ભારતને મળેલા સ્વરાજ્યમાં અમદાવાદ સમગ્ર ભારતનાં શહેરોમાં મહાત્માજીને કારણે અગ્રસ્થાને બિરાજવા ભાગ્યશાળી થયું છે; એ રીતે એ અમર બન્યું છે.

---

# શકોનું ભારતમાં આગમન અને તેમની પ્રારંભિક કારકિર્દી

રસેશ જમીનદાર

## પ્રાસ્તાવિક

ઘણા લાંબા સમયથી શકો ભારતીય ઇતિહાસમાં જાણીતા છે. ભારતના પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં વારંવાર યવનો(ગ્રીકો)ની સાથે શક-પહ્લવોનો[1] ઉલ્લેખ જોવા મળે છે, પરન્તુ સાહિત્યમાંના પ્રાસંગિક ઉલ્લેખો પરથી પૂરો ઇતિહાસ તારવી શકાતો નથી; એટલે ભારતીય પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં શકોનો ઉલ્લેખ[2] જોવા મળતો હોવા છતાંય તેમના મૂળ વતનની અને ભારતમાં થયેલા તેમના આગમનની તવારીખ માટે શિલાલેખો, સિક્કાઓ, ગ્રીક તથા ચીની અહેવાલો ઉપર આધાર રાખવો પડે છે.

ઈ. પૂ. ૧૮૫ના અરસામાં મૌર્ય સામ્રાજ્યનો અંત આવતાં અને તેના અનુગામી તરીકે કોઈ શક્તિશાળી સામ્રાજ્ય ન હોવાને પરિણામે પરદેશી આક્રમણકારો માટે ભારતમાં પ્રવેશનાં દ્વાર પુનઃ ખૂલ્યાં. આ આક્રમણકારોમાં શકોનો પણ સમાવેશ થાય છે. શકોએ ભારતના ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાંના યવનોને હરાવી, ત્યાં સત્તા સ્થાપી.[3] આ શકોએ યવનોને ભારતમાં હરાવ્યા એટલું જ નહીં પણ એમને એમના મૂળ પ્રદેશ બાહ્લિકમાં પણ હરાવી, ત્યાંથી એમને સ્થળાંતર કરવાની ફરજ પાડેલી. શકોએ પહ્લવ દેશ (Parthia) પર ધસારો કરી પહ્લવ રાજાઓને પણ હરાવેલા. આમ જગતના ઇતિહાસમાં આ શક લોકો ઘણા પ્રાચીન સમયથી જાણીતા છે. અહીં આ શક લોકોનું મૂળ વતન ક્યાં હતું, કયા કારણોસર તેમણે મૂળ વતન છોડી ભટકતા ભટકતા ભારત સુધી આવી, ભારતમાં પ્રવેશી રાજ્ય સ્થાપ્યું વગેરે પ્રશ્નો ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે. અહીં આ પ્રશ્નોની છણાવટ કરી છે.

---

૧ ભારતમાં સત્તારૂઢ થયેલા શકો અને પહ્લવો સામાન્ય રીતે શક-પહ્લવ એવા સંયુક્ત નામે જાણીતા છે; કેમ કે તેમાંના શક અને પહ્લવ રાજાઓને ચોક્કસ રીતે તે તે જાતિના નામથી ઓળખવા-ઓળખાવવા મુશ્કેલ છે. એટલે લગભગ બધા ઇતિહાસકારો તેમને સંયુક્ત નામે જ ઓળખાવે છે; પરન્તુ સ્ટેન કોનૌ આ પ્રચલિત પરંપરાનો વિરોધ કરતાં નોંધે છે. શરૂઆતના સમયમાં બંને એકબીજાના કટ્ટર દુશ્મનો હતા (જરોએસો, ૧૯૩૨, પૃ. ૯૫૫). આ સાચું છે પરન્તુ મિથ્રદાત બીજાના સમયથી આ બન્ને જાતિઓ એકબીજામાં ભળી ગયેલી છે તેની નોંધ કોનૌએ લીધી નથી.

૨ રામાયણ: બાલકાંડ, ૫૪, ૨૧, ૨૨; કિષ્કિન્ધાકાંડ, ૪૩, ૧૨; મહાભારત: સભાપર્વ, ૩૫, ૧૭; અનુશાસન પર્વ, ૬૮, ૨૧; અને મનસ્મૃતિ ૧૦, ૪૩-૪૪ વગેરે.

૩ એની વીગતવાર ચર્ચા આ લેખમાં છલ્લે કરી છે.

## શકોનો પ્રાચીન ઉલ્લેખ :

ઇતિહાસની તવારીખમાં શકોનો સૌ પ્રથમ ઉલ્લેખ માદ અથવા મિદી (Medes) લોકોના[૪] સંદર્ભમાં જોવા મળે છે.

માદ લોકોએ ઈ. પૂ. ૬૧૨માં સીથિયનોના સહકારથી નિનેવેહ જીતી એસીરિયાના સામ્રાજ્યનો ઉત્તર અને પૂર્વ ભાગ કબજે કર્યો. આ લોકોએ પાછળથી સીથિયનો ઉપર પણ આણ વર્તાવી.[૫] હખામની (Achaemenids)[૬] વંશના ઇરાની સામ્રાજ્યના પહેલા રાજા કુરુ–(સાયરસ)એ (ઈ. પૂ. ૫૫૮–૫૩૦) શકો ઉપર વર્ચસ્ જમાવ્યાનો ઉલ્લેખ છે.[૭] હેરોદોતનું[૮] વિધાન કંઈક આવી જ હકીકત દર્શાવે છે. તે નોંધે છે કે દારયના[૯] સમય (ઈ. પૂ. ૫૫૨થી ૪૮૬) પહેલાં માદ દેશ(Media)ના લોકોને જીતી શકોએ એશિયા ઉપર આણ વર્તાવી.[૧૦]

પુરાવશેષીય સાધનોમાં શકોનો પહેલવહેલો ઉલ્લેખ દારયના લેખોમાં જોવા મળે છે.[૧૧] દારયના અને એના અનુગામી ક્ષયાર્ષાના[૧૨] એક એક લેખમાં[૧૩] શકોના ત્રણ જૂથોનો સ્પષ્ટ

---

૪ માદ લોકો ભારત–યુરોપીય હતા...ઐતિહાસિક રીતે તેઓ શકો અને ઇરાનીઓના મિશ્રણવાળા હતા. ઈ. પૂ. ૧૦૦૦ના અરસામાં એસીરિયામાં તેઓ રહેતા હતા. ઈ. સ. પૂ. ૮મી સદીમાં તેમણે મીડિયામાં સામ્રાજ્ય સ્થાપ્યું. અકબતાના (Ecbatana, હાલનું હમદાન, ઇરાન) તેની રાજધાની હતી (ટ્રેવર, હિએસિ., પુ. ૧, પૃ. ૧૦૪).

૫ સદર પૃ. ૧૦૪

૬ આ લેખમાં આવતાં વિદેશી વિશેષનામો અંગ્રેજીમાં કંઈક જુદી જુદી રીતે લખાય છે; પરન્તુ અહીં એ નામોની મૂળના ઉચ્ચાર અનુસાર જણાતી જોડણી આપવાનો યત્ન કર્યો છે. મુખ્યત્વે દિનેશચંદ્ર સરકારના સીઈ અને જયચંદ્ર વિદ્યાલંકારના ભાઈરૂ, ભા. ૧–૨નો આધાર લીધો છે.

૭ રોલિનસન, બેકટ્રીઆ, પૃ. ૯ અને એન્સા. બ્રિટા., પુ. ૭, પૃ. ૭૦૭-૭૦૮.

૮ પ્રચલિત ઉચ્ચાર હેરોડોટસ (Herodotus)

૯ મૂળમાં "દારયવહુષ" અંગ્રેજીમાં (Darius)

૧૦ રોલિનસન (અનુ.). પુ. ૧, પ્રકરણ ૧૦૪. આમ બનવાનું કારણ એ છે કે શકો ભટકતી જાતિના લોકો હતા અને યુએચીઓના દબાણને કારણે તેમને વારંવાર સ્થળાંતર કરવાની ફરજ પડેલી. એટલે શકય છે કે શકો જે પ્રદેશમાં જતા તે પ્રદેશના લોકો સાથે અથડામણમાં આવતા. ક્યારેક તેઓ જીતતા, તો ક્યારેક તેઓનો પરાજય થતો. પહ્લવ રાજાઓ (મિથ્રદાત ૧લો, ફ્રાવત બીજો, આર્તબાન વગેરે)ને શકોએ હરાવેલા પણ આ જ જાતિના મિથ્રદાત બીજાએ શકો ઉપર પ્રભુત્વ મેળવેલું તે જાણીતું છે.

૧૧ સરકાર, સીઈ., પૃ. ૪-૧૧. દારયના બેહિસ્તૂન. પરસીપોલિસ, હમદન અને નક્ષી–ઈ–રુસ્તમના લેખોમાં શકોનો સામાન્ય ઉલ્લેખ છે. આ બધાં સ્થળો ઇરાનમાં આવેલાં છે.

૧૨ મૂળમાં ખ્ષયાર્ષા; અંગ્રેજીમાં Xerxes.

૧૩ દારયના નક્ષ–ઈ–રુસ્તમના અને ક્ષયાર્ષાના પર્સિપોલિસના લેખમાં (જુઓ સરકાર, સીઈ, પૃ. ૯ થી ૧૩).

નિર્દેશ છે. આ પુરાવશેષીય ઉલ્લેખ ધ્યાનમાં લેતાં કહી શકાય કે શકો ઈ. પૂર્વેની છઠ્ઠી–પાંચમી સદી પહેલાં વિદ્યમાન હતા. કુરુ અને માદ લોકોની સાથેના સંદર્ભમાં જોતાં તેમને ઈ. પૂ. સાતમી–છઠ્ઠી સદીમાં પણ મૂકી શકીએ. પ્રો. રેપ્સન દારયના લેખમાં ઉલ્લિખિત શકોનાં ત્રણ જૂથો ઈ. પૂ. આઠમી સદીમાં અસ્તિત્વમાં હતાં એમ નોંધે છે.[૧૪] આ રીતે જોતાં શકોને ઈ. પૂ. આઠમી–સાતમી સદી સુધીમાં મૂકવામાં આવે તો તે અસ્થાને નથી.[૧૫]

## શકોની ત્રણ વસાહતો :

દારયના નક્ષ-ઈ-રુસ્તમના લેખમાં શકોનાં ત્રણ જૂથોનો ઉલ્લેખ જોવા મળે છે: (૧) સકા તિગ્રખૌદા, (૨) સકા હૌમવર્કા અને (૩) સકા તરદરયા.[૧૬]

## સકા તિગ્રખૌદા : Pointed capped skythian :

અણીદાર ટોપી પહેરતા આ લોકો સિરદરયા નદીને કાંઠે રહેતા હતા અને પડોશના બાહ્લિક દેશના સૈનિકો સાથે લશ્કરમાં કામ કરતા હતા.

## સકા હૌમવર્કા : Amyrgian skythian :

આ લોકો ઇરાન દેશના દ્રંગિયાના પ્રદેશમાં રહેતા હતા. આ પ્રદેશ હેલમંદ નદીના કાંઠા ઉપર હતો. પાછળથી આ પ્રદેશ "સકસ્થાન" તરીકે ઓળખાયો. ઇરાનીઓ તેને "સિજિસ્તાન" કહેતા. હાલ તે "સીસ્તાન"[૧૭] નામે પ્રસિદ્ધ છે.

## સકા તરદરયા :

આ યુરોપીય શકો હતા. તેઓ કાળા સમુદ્રની ઉત્તરે રહેતા હતા. તેઓ સકા તિગ્રખૌદાની જેમ અણીદાર ટોપી પહેરતા હતા.[૧૭અ]

---

૧૪ રેપ્સન, કેહિઇ, પૃ. ૫૬૫ અને વિદ્યાલંકાર, ભાઇરુ, પૃ. ૪૦૬.

૧૫ સાહિત્યિક ઉલ્લેખો અને હેરોદોત(Herodotus)ની નોંધોને આધારે સત્યશ્રાવ શકોને ઈ. પૂ. ૨૪૦૦ના અરસામાં મૂકે છે (જુઓ, સત્યશ્રાવ, પૃ. ૩). જોકે આ વિધાન અતિશયોક્તિભર્યું લાગે છે.

૧૬ રેપ્સન, કેહિઇ, પુ. ૧ પૃ. ૫૬૪-૬૫; સ્ટેન કોનૌ, કોઈઈ., પુ. ૨, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૧૭-૧૮; હર્ઝફેલ્ડ, આસઈ., મેમોયર્સ, પૃ. ૪-૫; સરકાર, એઇ્‌ઇ., પૃ. ૧૨૦; વિદ્યાલંકાર, ભાઈરુ, પૃ. ૪૦૬; વિજયેન્દ્રસૂરિ, રુદ્રદામા, પૃ. ૩.

૧૭ હાલના ઇરાન-અફઘાનિસ્તાનની સરહદ પર આવેલો પ્રદેશ. જુઓ આગળ પાદટીપ નં. ૬૦

૧૭અ હર્ઝફેલ્ડ, આસઈ., મેમોયર્સ, પૃ. ૪-૫.

આ ઉપરથી કહી શકીએ કે શકોનું મૂળ નિવાસસ્થાન મધ્ય એશિયાના લાંબા વિસ્તૃત પટમાં હતું.[૧૮]

## શકજાતિ :

"શક" એ પ્રચલિત શબ્દના મૂળ માટે કોઈ ચોક્કસ સાધન ઉપલબ્ધ નથી. અસલમાં આ જાતિ આ નામે ઓળખાતી કે કેમ તે વિષે કોઈ ખુલાસો મળતો નથી. પરન્તુ ભારત ઉપર મધ્ય એશિયામાંથી તેમનાં જે આક્રમણો, ખાસ કરીને ઈ. પૂ. ૧૪૦ થી ૧૩૦ની વચ્ચે થયાં તેમના માટે ભારતીય પ્રાચીન લેખકોએ "શક" શબ્દ પ્રયોજેલો.

ગ્રીક અને રોમન લેખકો તેમને "સીથિયન" નામે ઓળખતા.[૧૯] ઇરાનીઓ તેમને "સક" નામથી ઓળખતા.[૨૦] જ્યારે ચીની તવારીખકારોએ "સે" (Se), "સઈ" (Sai), "સેક" (Sek) અથવા "સોક" (Sok), "સુ" (Su) એમ વિવિધ નામ પ્રયોજેલાં.[૨૧] શકોને મનુસ્મૃતિએ "દસ્યુ" તરીકે ઓળખાવ્યા છે.[૨૨]

શકોને ભારતમાં કયા કારણથી આવવું પડયું તેની ભૂમિકારૂપે મધ્ય એશિયામાં થયેલી ઊથલપાથલની સમીક્ષા અહીં કરવી જરૂરી છે.

## મધ્ય એશિયામાં ઊથલપાથલ[૨૩] :

પ્રાચીન ચીનની ઉત્તરે તાતાર નામની જાતિ રહેતી હતી, જેણે ઘણી વાર ચીન ઉપર

---

૧૮ શકોની આ ત્રણેય ટોળીઓનો પહેરવેશ એક હતો. તેઓ રુવાંટીવાળો લાંબો કોટ, લાંબો અને પહોળો રુવાંટીવાળો પાયજામો અને કાન તેમ જ ગાલને ઢાંકતી ટોપી પહેરતા હતા. સકા તિગ્રખૌદા અને સકા તરદરયા ખૂબ જ અણીદાર ટોપી પહેરતા, જ્યારે સકા હૌમવર્ગા ઓછી અણીદાર ટોપી પહેરતા. તેમનો આ પહેરવેશ ઠંડા પ્રદેશને માટે અનુકૂળ હતો (હર્ઝફેલ્ડ, આસઈ, મેમોઈર્સ, પૃ. ૪-૫).

૧૯ ટાર્ન, ગ્રીબેઈ, પૃ. ૭૯. "શક" શબ્દ "સીથિયનોની અનેક ટોળીઓમાંની એક ટોળીનું નામ હતું. પરન્તુ ગ્રીક અને રોમન લેખકોએ બધી સીથિયન ટોળીઓ માટે શિથિલ અર્થમાં "શક" શબ્દ વાપર્યો (રોલિનસન, બેક્ટ્રિયા, પૃ. ૧૪, પાટી. ૨). સ્ટ્રેબો (ઈ. પૂ. ૬૩), સકરૌલી (Sacarauli)ને અને ટ્રોગસ (ઈ. પૂ. ૫૯ થી ઈ. સ. ૧૭ની વચ્ચે), સકરાવુચ (Sacarauace)ને સીથિયન માને છે અને બન્ને અનુક્રમે અસી (Asii) ને અસિયાની (Asiani)ને સીથિયનોની ટોળીમાંની એક ટોળી ગણે છે (જુઓ નારાયણ, ધી ઈન્ડોગ્રીક્સ, ઑક્સફર્ડ, ૧૯૫૭, પૃ. ૧૩૧-૧૩૨).

૨૦ હોડીવાલા, પાએઈ., પૃ. ૧૨૪. શકોને ઇરાનીઓ "દાહ" (દાસ—દસ્યુ) એ નામથી પણ બોલાવતા. આ "દાહ" લોકોનું નિવાસસ્થાન તુરાન હતું (વિદ્યાલંકાર, ભાઈરુ, પૃ. ૪૦૬).

૨૧ એન્સા. બ્રિટા., પુ. ૨૪, પૃ. ૫૩. રોલિનસન, બેક્ટ્રિયા, પૃ. ૯૪.

૨૨ મનુસ્મૃતિ, ૧૦, ૪૪-૪૫. શકોનો ઉલ્લેખ યવનો અને પહ્‌લવોની સાથે છે. તેમને પણ દસ્યુ કહ્યા છે. ઇરાનીઓ તેમને "દાહ" કહેતા. "દાસ"—"દસ્યુ" લગભગ સમાનાર્થ હતા એ અહીં નોંધવું જોઈએ.

૨૩ ઈ. પૂ. ત્રીજી-બીજી સદીમાં મધ્ય એશિયામાં જે અથડામણો થઈ, તેનો આધાર મુખ્યત્વે ચીની ઇતિહાસકારોની નોંધ છે : શિ-કિ (Shiki) ઈ. પૂ. ૯૯; એનાલ્સ ઑફ ધી ફર્સ્ટ હન ડાયનેસ્ટી (Tsien-Han-Shu) ઈ. સ. ૨૪; વગેરે. તેમની આ નોંધ, ઈ. પૂ. ૧૩૫માં

આક્રમણો કરેલાં. આ તાતાર જાતિને ચીનના તવારીખનવેશો "હિયંગનુ"[૨૪] નામથી ઓળખાવે છે. આપણે તેમને "હૂણ" નામથી ઓળખીએ છીએ.[૨૫] આ હૂણ[૨૬] જાતિના વારંવાર હુમલાઓથી પરેશાન થયેલા ચીનાઓએ ઈ. પૂ. ૨૪૬ થી ૨૧૦ના અરસામાં ચીનના ઉત્તર ભાગમાં—સમુદ્રકિનારાથી કાનસૂ પ્રાંત[૨૭] સુધી-એક મોટી દીવાલ બાંધી.[૨૮] છતાં હુમલાઓ ચાલુ રહ્યા, પણ હન રાજ્યના[૨૯] રાજા હૂવેઈ-તિ( Hwei-Ti )ના સમયમાં

---

ચીનના રાજા વુ-તિ( Wu-Ti )એ હિયંગનુના આક્રમણ સામે યુએચીઓનો સહકાર મેળવવા મોકલેલા રાજદૂત ચાંગ-કીન ( Chang-kien )ના અહેવાલોને આધારે તૈયાર થયેલી છે. ઈ. પૂ ૧૩૫માં યુએચીઓના પ્રદેશની મુલાકાતે જવા નીકળેલા આ રાજદૂતને હિયંગનુઓએ લગભગ દશ વર્ષ સુધી રોકી રાખ્યો. આથી ઈ. પૂ. ૧૨૫માં એ પોતાનો અહેવાલ આપી શકેલો ( સ્મિથ, જરોએસો, ૧૯૦૩ પૃ. ૧૮-૧૯ ). ચીની અહેવાલના અવતરણોના અભ્યાસ માટે જુઓ નારાયણ, ધી ઈન્ડોગ્રીકસ, પૃ. ૧૨૯-૧૩૧.

૨૪ "હિયંગનુ" ( Hiungnu )નું મૂળ નામ હિયૂન-યુ ( Hiün-Yu ) હતું; પાછળથી હિયેન-યૂન ( Hien-Yü ) થયું અને છેલ્લે "હિયંગનુ" બન્યું. આ બધાં "હૂણ" શબ્દનાં વિવિધ નામ છે ( ઈએ, પુ. ૪૮, પૃ. ૭૦ ). ઈ. પૂ. ત્રીજી સદીના અંતમાં હિયંગનુઓનું સામ્રાજ્ય ચીનની દીવાલથી કાસ્પિયન સમુદ્ર સુધી વિસ્તૃત હતું, અને ઈશુની પહેલી સદીના અંતમાં તૂટી પડયું. તેઓ તુર્કી હતા ( એન્સા. બ્રિટા. પુ. ૧૩, પૃ. ૫૪૦ ).

૨૫ સંસ્કૃતમાં "હૂણ", અંગ્રેજીમાં "હન", ઇરાનીમાં "હુનુ" અને ચીનીમાં "હિયંગનુ" —આ બધા એક જાતિ માટે પ્રયોજાયેલાં ભિન્ન નામાંતરો છે. ( ટાર્ન, ગ્રીબઈ, પૃ. ૨૭૯ વિદ્યાલંકાર, ભાઈરૂ., પૃ. ૭૪૬ ).

૨૬ હૂણ પ્રજાનો ઇતિહાસ ત્રણ વિભાગમાં વહેંચાયેલો છે: ચીનાઈ હૂણ, ઇરાની હૂણ અને હિંદી હૂણ. તેઓ હિંદમાં આવ્યા તે પહેલાં કેટલાક તેમને મોગલો કહેતા; કેટલાક તાર્તાર કહેતા, તો કેટલાક બીજી જાતિના માનતા ( ધ્રુવ, કે. હ., એશિયાઈ હૂણો, ૧૯૨૧, પૃ. ૩ ). હૂણોના ચાર પ્રકાર માટે જુઓ એન્સા. બ્રિટા., પુ. ૧૩, પૃ. ૯૩૨.

૨૭ કાનસૂ પ્રાંતને ચીની ઇતિહાસકારો "તા હિયા" તરીકે ઓળખાવે છે. સાતમી સદીમાં યુઅન શુઆંગે તેને "તુહુલો" તરીકે ઓળખાવ્યો છે. આરબ લેખકોએ તેને "તુખારિસ્તાન" એવું નામ આપ્યું. હાલ તે "ચીની તુર્કસ્તાન" નામે ઓળખાય છે.

( વિજયેન્દ્રસૂરિ, રુદ્રદામા, પૃ. ૧૩ ઉપરની પાદટીપ )

૨૮ રેપ્સન, કેહિઈ, પુ. ૧, પૃ. ૫૬૫. ૯૮° પૂર્વ રેખાંશથી ૧૨૦° પૂર્વ રેખાંશ સુધી આ દીવાલ લાંબી હતી.

( એન્સા. બ્રિટા., પુ. ૬, પૃ. ૧૬૯, ૧૬૪ ).

૨૯ ઈ. પૂ. ૭મી સદીમાં ચીનનું સામ્રાજ્ય ૭ રાજ્યોમાં વિભાજિત હતું: ત્શુ ( Tshu ), ચાઉ ( Chao ), વેઇ ( Wei ), હન ( Han ), યેન-ચાઉ ( Yen-Chao ), ત્સી ( Tsi ) અને ત્સીન (Tsin). આમાંથી યેન-ચાઉ અને ત્સીનનાં રાજ્યો હિયંગુનનાં પડોશી હતાં. ઈ. સ. પૂ. ૩૨૧ અને ઈ. સ. પૂ. ૩૧૮માં આ રાજ્યોમાંનાં પહેલાં છ રાજ્યોએ હિયંગનુની નેતાગીરી નીચે ત્સીન રાજ્ય ઉપર હુમલો કર્યો, પણ ત્સીન રાજ્યની જીત થઈ અને શિ-હુઅંગ-તી તેનો પહેલો રાજા થયો, ઈ. સ. પૂ. ૨૪૬. ( ઇએ. પુ. ૪૮, ૧૯૧૯, પૃ. ૭૦ )

(ઈ. પૂ. ૧૯૪-૧૭૯) તેમના હુમલા નિષ્ફળ જતાં,[૩૦] હૂણોને અહીંથી સ્થળાંતર કરવાની ફરજ પડી.[૩૧] અને તેઓ કાનસૂ પ્રાંતના વાયવ્ય પ્રદેશ તરફ પહોંચ્યા, જ્યાં તે સમયે "તાહિયા"[૩૨] અને "યુએચી"[૩૩] જાતિઓ રહેતી હતી. તાહિયા જાતિ શાંતિચાહક હતી[૩૪] જ્યારે યુએચી લડાયક જાતિ હતી.[૩૫]

શિ-કિ અને ત્સીએન-હન-સુનના આધારે જાણવા મળે છે કે હૂણ રાજા ચિ-યુએ યુએચીઓને હરાવ્યા,[૩૬] તેથી તેઓ સ્વપ્રદેશ[૩૭] છોડી, થી-આન-શાન પર્વતમાળાની દક્ષિણે આવેલા પ્રદેશમાં પશ્ચિમ તરફ વળ્યા ઈ. પૂ. ૧૭૬.[૩૮] ઈ. પૂ. ૧૬૫માં હૂણ સરદાર લાઓ-ચાંગૂએ ફરીથી યુએચીઓ સાથે લડાઈ કરી, તેમને હરાવી નસાડી મૂક્યા.[૩૯] તેથી યુએચીઓ ઇલિ નદીના પ્રદેશમાં (જે હવે કુલજા ટેકરીઓ પરથી કુલજા પ્રદેશના નામથી

---

૩૦ ઇએ. પુ. ૪૮, ૧૯૧૯, પૃ. ૭૦ અને એન્સા. બ્રિટા. પુ. ૬, પૃ. ૧૯૪.

૩૧ હૂણોના સ્થળાંતરના જે પ્રવાહ શરૂ થયો, તેના આઘાત-પ્રત્યાઘાત બહુ મોટા પડયા; અને તેનાં મોજાં છેક ભારતના ઉત્તર કિનારે અથડાતાં ભારત આક્રમણોનું ભોગ બન્યું.

૩૨ આ જાતિના બે પ્રકાર જાણવામાં છે : એક કાનસૂ પ્રાંતના અને બીજા બાહ્લિકના. ચીની અનુશ્રુતિઓ આ બન્નેને ભિન્ન માને છે, પરંતુ માર્કવાર્ટ અને ફ્રેંકે જેવા વિદ્વાનો આ બન્નેને એક જ ગણે છે. સ્ટેન કોનૌ આ મત સ્વીકારે છે. બન્ને જાતિઓ શાંતિચાહક હતી. (મોરી, ૧૯૨૧, પૃ. ૪૬૪)

૩૩ Yuch-chi આ હાલનું અંગ્રેજી પ્રચલિત રૂપ છે; જયચંદ્ર વિદ્યાલંકારે એનું "ચુઇ શિ" એવું રૂપ પ્રયોજેલું છે (ભાઇરુ, પ્રકરણ ૧૯). "ઉષિ", "ચુશિ", "યૂચિ" વગેરે શબ્દો ગુજરાતીમાં પ્રયોજાય છે (વિજયેન્દ્રસૂરિ, રુદ્રદામા, પૃ. ૭). આ જાતિ ભારતના પ્રાચીન ગ્રંથોમાં "ઋષિક જાતિ" તરીકે જાણીતી હતી (જયચંદ્ર વિદ્યાલંકાર, ભારતભૂમિ ઔર ઉસકે નિવાસી પૃ. ૩૧૩ થી ૩૧૫).

૩૪ રેપ્સન, કેહિઇ, પુ. ૧, પૃ. ૫૬૬; સ્ટેન કોનૌ, મોરી, ૧૯૨૧, પૃ. ૪૬૪.)

૩૫ વિજયેન્દ્રસૂરિ, રુદ્રદામા, પૃ. ૭-૮; મોરી, પૃ. ૪૬૪.

૩૬ સુધાકર, પૃ. ૧૧.

૩૭ સ્મિથ યુએચીના મૂળ પ્રદેશ વિશે નોંધતાં લખે છે કે તેઓ ઈ. પૂ. ૧૬૫માં ત્સેન-લોંગ (Tsenn-Loang) પ્રદેશ અને કિલિએન (Ki-Lien) પર્વતની વચ્ચે અથવા ચીની તુર્કસ્તાનની તિએન-ચાન (Tien-Chan અથવા Richthofen) ટેકરીઓમાં રહેતા હતા (જરોએસો, ૧૯૦૩, પૃ. ૧૯).

૩૮ સ્ટેન કોનૌ, કોઈઈ. પુ. ૨, ભા. ૧, પૃ. ૧૯-૨૦; ટાર્ન આ બનાવને ઈ. પૂ. ૧૭૬-૧૭૪ની વચ્ચે મૂકે છે (ગ્રીબેઇ, પૃ. ૨૭૬). સ્મિથ તેને ઈ. પૂ. ૧૬૫માં મૂકે છે (જુઓ પાટી. ૩૭ અને અહિઈ, પૃ. ૨૬૩). ફ્રેન્કે આ બનાવને ઈ. પૂ. ૧૭૪થી ૧૬૦ની વચ્ચે મૂકે છે (સ્મિથ, એજન પૃ. ૨૬૩). પ્રો. નારાયણ વળી આ બનાવને બે તબક્કામાં વહેંચી પહેલા બનાવને ઈ. પૂ. ૧૬૦માં અને બીજાને ઈ. પૂ. ૧૨૯-૨૮માં મૂકે છે (ધી ઈન્ડોગ્રીકસ, પૃ. ૧૩૩ અને પાટી. ૫). ચીની દસ્તાવેજો આ બનાવના સમય વિશે કશું નોંધતા નથી, માત્ર એટલું જ નોંધે છે કે આ બનાવ ચિ-યુ રાજાના રાજ્યકાળ (ઈ. પૂ. ૧૭૬-૧૬૧) દરમ્યાન બન્યો (મેકગવર્ન, અએસેએ, પૃ. ૪૭૫).

૩૯ રેપ્સન, કેહિઇ, પુ. ૧, પૃ. ૪૫૯ અને ૫૬૫; રોલિનસન, બેક્ટ્રિયા, પૃ. ૯૪.

ઓળખાય છે) આવી વસ્યા.[૪૦] આ પ્રદેશમાં "વુ–સુન" નામની જાતિ રહેતી હતી. યુએચીઓએ આ લોકોને હરાવ્યા.[૪૧] આ અથડામણમાં "વુ–સુન" જાતિનો સરદાર મરાયો; પણ આ પ્રદેશ નાનો હોવાથી યુએચીમાંથી થોડા અહીં રહ્યા અને બાકીના પશ્ચિમ બાજુએ ઇસ્સિકકુલ સરોવર તરફ આગળ વધ્યા. અહીંથી યુએચીની બે શાખા પડી : (૧) નાના યુએચી અને (૨) મોટા યુએચી.[૪૨] નાના યુએચી લોકો[૪૩] દક્ષિણ તરફ ગયા અને તિબેટની સરહદે વસ્યા. મોટા યુએચીઓ પશ્ચિમ તરફ આગળ વધી સિરદરયા[૪૪] નદીને કાંઠે પહોંચ્યા. આ પ્રદેશમાં સઈ (શક) લોકો રહેતા હતા. જે દારયના લેખ મુજબ સકા તિગ્રખૌદા નામથી જાણીતા હતા (જુઓ અગાઉ પૃ. ૩૩). આ સઈ લોકોનો નાયક "સઈ–વાંગ નામે ઓળખાતો. આ "સઈ–વાંગ"[૪૫] ઉપર મોટા યુએચીઓએ હુમલો કર્યો. આથી સ્વરક્ષણાર્થે સઈ–વાંગ

---

૪૦ એજન, પૃ. ૫૬૫.

૪૧ ટાર્ન, 'ગ્રીબઈ, પૃ. ૨૭૬; રૅપ્સન, કેહિઇ, પુ. ૧, પૃ. ૫૬૫. શિ-કિના પ્રકરણ ૧૨૩માં ચાંગ-કીનની નોંધ યુએચી-વુસુન અથડામણોનો ઉલ્લેખ કરતી નથી. તેની નોંધ મુજબ હૂણોના હુમલાથી યુએચીઓ સીધા જ (ઇલિના પ્રદેશમાં ગયા વિના જ) સિરદરયાના પ્રદેશમાં પહોંચ્યા (સુધાકર, પૃ. ૧૧-૧૨). જ્યારે ત્સીઅન-હન-શુ આ બનાવનો ઉલ્લેખ કરે છે, પણ અથડામણ ઇલિના પ્રદેશમાં નહિ પરંતુ માંગોલિયામાં થઈ એમ નોંધે છે (મેકગવર્ન, અએસેએ, પૃ. ૪૭૬). આથી ટાર્ન અને બીજા વિદ્વાનો એવી દલીલ કરે છે કે સાધનસામગ્રી ત્સીઅન-હન-શુના લેખક (ઈ. સ. ૨૪) પાસે હતી તે શિ-કિના લેખક (ઈ. પૂ. ૯૯) પાસે ન હતી; ગ્રીબઇ., પૃ. ૫૧૩).

૪૨ રૅપ્સન, કેહિઈ, પુ. ૧, પૃ. ૫૬૫. પણ ચાંગ-કિનની નોંધ સ્પષ્ટ લખે છે કે યુએચીના ભાગલા, હૂણોએ તેમને હરાવ્યા પછી અને પશ્ચિમ તરફ સ્થળાંતર કરતા પહેલાં, પડયા હતા (સુધાકર, પૃ. ૧૧).

૪૩ નાના યુએચી લોકોને કેટલાક 'તોચારી" સાથે સરખાવે છે (ટાર્ન, ગ્રીબઈ, પૃ. ૧૧૦). તો કેટલાક સમગ્ર યુએચી જાતિને "તોચારી" સાથે સરખાવે છે (નારાયણ, ધી ઈન્ડોગ્રીકસ, પૃ. ૧૩૨). તોચારી એ જ સીથિયન છે એમ ફોન લોહુઇ ઝેનદ નોંધે છે (સીપી., પૃ. ૪૪–૪૭); જોકે પ્રો. નારાયણ આ વિશે શંકા ધરાવે છે (સદર, પૃ. ૧૩૨–૧૩૩); કારણ કે તોચારી અથવા યુએચી એ તો શક લોકોના કટ્ટર દુશ્મનો હતા જે શકોને સીથિયન તરીકે ઓળખવામાં આવે છે. તોચારી શક ભાષા બોલતા તેથી શક હતા એમ ન કહી શકાય, કારણ બર્બર આક્રમણકારો વારંવાર જે પ્રદેશમાં જતા અને વસતા તે પ્રદેશની ભાષા શીખી લેતા (એજન).

૪૪ ગ્રીક અને લૅટીનમાં એને જકસાર્ટ્સ (Jaxartes) કહે છે. "સૈહૂન" નામ અરબીમાં છે, એનું સંસ્કૃત નામ "રસા" અથવા "રંહા" હતું.

૪૫ સઈ એટલે સક અને વાંગ (એ ચીની ભાષાનો શબ્દ છે) એટલે સ્વામી, સરદાર, રાજા (રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૩૧–૩૨). "સઈ–વાંગ" એટલે સકરાજા, સકસરદાર, સકમુરુણ્ડ કે સકસ્વામી—એ બધાં એક જ અર્થવાચક શબ્દાંતરો છે (વિજયેન્દ્રસૂરિ, રુદ્રદામા, પૃ. ૧૨). ભારતીય પ્રણાલિકા મુજબ સઈ–વાંગ શક-મુરુણ્ડ તરીકે જાણીતા હતા (મોરી, ૧૯૨૧, પૃ. ૪૬૪). સ્ટેન કોનૌ પણ આ મત સ્વીકારે છે (કોઈઈ, પુ. ૨, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૨૦). ફ્રેન્કે (સુધાકર, પૃ. ૧૨) અને ટાર્ન (ગ્રીબઈ, પુ. ૨૭૬, પાટી ૪) પણ કોનૌનો મત સ્વીકારે છે.

બધાને વિખેરી પોતે કિપિનકાપિશ[૪૬] નામના દેશમાં ચાલ્યો ગયો.[૪૭] જ્યારે સઈ લોકોમાંથી કેટલાક બાહ્લિક[૪૮] તરફ ગયા અને કેટલાક યુએચીઓ સાથે ભળી ગયા.[૪૯]

યુએચીઓ અહીં સ્થિર થયા પણ એમના કમનસીબે એમને સ્થળાંતર કરવાની પરિસ્થિતિ સર્જાઈ. યુએચીઓને વુ-સુન સાથે અથડામણમાં આવવું પડેલું, જેમાં વુ-સુન રાજા માર્યો ગયેલો (જુઓ અગાઉ પૃ. ૩૭). આ રાજાના અનાથ પુત્રને યુએચીના કટ્ટર દુશ્મન હૂણોએ દત્તક લઈ ઉછેર્યો.[૫૦] ઉમ્મરલાયક થતાં દત્તક પુત્રે હૂણોના સહકારથી ગત પિતાના દુશ્મનો (મોટા યુએચીઓ) ઉપર ઈ. પૂ. ૧૬૦માં[૫૧] હુમલો કર્યો.[૫૨] મોટી લડાઈ થઈ. હૂણોએ યુએચીઓને હરાવી નસાડી મુકયા એટલે અગાઉ સઈ લોકોને હરાવી પચાવી પાડેલો પ્રદેશ આ

---

૪૬ લિવિ શરૂમાં કિપિનને કાશ્મીર સાથે સરખાવે છે, પણ સ્ટેન કોનૌ તેનો વિરોધ કરે છે (એઈ, પુ. ૧૪, પૃ. ૨૯૧) અને કિપિનને કાપિશ સાથે સરખાવે છે (સદર પૃ. ૨૯૦; જરોએસો, ૧૯૧૨, પૃ. ૬૮૪ અને ૧૯૧૩, પૃ. ૧૦૫૮). લિવિ પાછળથી કિપિનને કાપિશ તરીકે ઓળખાવે છે, જેની સાથે સ્મિથ સંમત થાય છે (જરોએસો, ૧૯૦૩, પૃ. ૨૮ પાટી. ૨). પ્રો. રેપ્સન પણ કિપિનને કાપિશ (કાફિરિસ્તાન) માને છે (કેહિઈ, પુ. ૧, પૃ. ૫૬૭). ચીની લેખકો કિપિનને કાબૂલથી ભિન્ન માને છે (જરોએસો, ૧૯૦૩, પૃ. ૨૮, પાટી. ૨). કનિંગહામ કાફિરિસ્તાનને કાપિશનો ભાગ માને છે (પૃ. ૧૮). ગાંધાર એ કિપિનનો પૂર્વ તરફનો પ્રદેશ હતો એમ રાયચૌધરી નોંધે છે (પોહિએઈ, પૃ. ૪૩૨). કનિષ્કના દરબારમાં એક ચીની રાજાને બાનમાં પકડી રાખવામાં આવ્યો હતો. તેણે વસંત અને શરદ ગાંધારમાં, ઉનાળો કાપિશમાં અને શિયાળો ભારતમાં ગાળ્યો હતો (કેહિઈ, પૃ. ૫૫૫ અને એઈયુ, પૃ. ૧૪૨, પાટી. ૧). વધુ વીગતો માટે જુઓ ટાર્ન, ગ્રીબેઈ, એપેન્ડિક્સ-૯, પૃ. ૪૬૯-૭૦.

૪૭ નારાયણ, ધી ઇન્ડોગ્રીક્સ, પૃ. ૧૩૪; ટાર્ન, ગ્રીબેઈ, પૃ. ૨૭૭; વુલી (Wylie), નોટ્સ ઑન ધી વેસ્ટર્ન રિજિયન્સ, ભા. ૧, પૃ. ૩૪.

૪૮ આમૂદરયા નદીની દક્ષિણે આવેલો આ દેશ હાલ અફઘાનિસ્તાનમાં છે. શકોએ પોતાના દેશાંતરગમનમાં બાહ્લિક દેશ જીતેલો કે કેમ તે પ્રશ્ન છે (સુધાકર, પૃ. ૧૬). ટાર્ન શકોની બાહ્લિક ઉપરની ચડાઈને કલ્પિત કથા લેખે છે (ગ્રીબેઈ, પૃ. ૨૮૩). કણહેરી લેખના આધારે ભારતીય વિદ્વાનો શકોને બાહ્લિક સાથે સાંકળે છે, આ લેખમાં આવતો કાર્દમક શબ્દ ઇરાનમાં, આવેલી કાર્દમ નદી ઉપરથી આવ્યાનું માનીને, રામાયણના ઉત્તરકાંડમાં કાર્દમક રાજાઓને બાહ્લિક સાથે સરખાવ્યા છે, (રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૩૭, પાટી. ૨). રોલિન્સન (બેક્ટ્રિયા, પૃ. ૧૩) જસ્ટીનના આધારે બાહ્લિકનું સામ્રાજ્ય સીથિયનોએ સ્થાપ્યું એમ નોંધે છે. શકો બાહ્લિક આવી વસ્યા જેથી બાહ્લિકના યવન રાજ્યનો અંત આવ્યો) ચટ્ટોપાધ્યાય, આહિનોઈ, પૃ. ૫૦).

૪૯ ફોન લોહુઈઝેનદ, સીપી, પૃ. ૩૦.

૫૦ સુધાકર, પૃ. ૧૧, ૧૯.

૫૧ ટાર્ન, ગ્રીબેઈ, પૃ. ૨૭૬, પાટી. ૫. પણ સ્મિથ અને લિવિ આ બનાવને ઈ. પૂ. ૧૪૦માં મૂકે છે (જરોએસો, ૧૯૦૩, પૃ. ૨૭ અને પાટી. ૧).

૫૨ નારાયણ, ધી ઈન્ડોગ્રીક્સ, પૃ. ૧૩૪

હારથી ગુમાવવો પડ્યો.[૫૩] અહીંથી યુએચીઓ દક્ષિણ તરફ આગળ વધ્યા અને આમદરયાની[૫૪] ખીણમાં, જે પ્રદેશ સુગ્દ[૫૫] નામે ઓળખાતો, ત્યાં આવી વસ્યા અને સ્થિર થયા.[૫૬] પણ આ પ્રદેશ બાહ્લિક પ્રદેશ કરતાં ઓછો ફળદ્રુપ હતો.[૫૭] આથી યુએચીઓ આ પ્રદેશ છોડી બાહ્લિક દેશમાં આવ્યા.[૫૮] આ સમયે અહીં શકો રહેતા હતા. યુએચીઓના આક્રમણને કારણે શકોને બાહ્લિક દેશમાંથી સ્થળાંતર કરવાની ફરજ પડી.[૫૯] શકો પશ્ચિમ તરફ ખસ્યા અને પહ્લવ દેશ પહોંચ્યા. તે વખતે ત્યાં ફ્રાવત બીજો (ઈ. પૂ. ૧૩૮–૧૨૮) અને આર્તબન ૧લો (ઈ. પૂ. ૧૨૮–૧૨૩) રાજ્ય કરતા હતા. તેમણે શકોનો સામનો કર્યો પણ માર્યા ગયા; પરંતુ મિથ્રદાત રાજાએ (ઈ. પૂ. ૧૨૩–૮૮) શકોને પરાજિત કર્યા એટલે શકો એ પ્રદેશ છોડી મર્વ ગયા અને ત્યાંથી દક્ષિણે ખસી હેરાત થઈ, હેલમંદ નદીને કાંઠે આવેલા સીસ્તાન[૬૦] પહોંચ્યા. અહીં તે વખતે શકોની બીજી ટોળી રહેતી હતી, જે "સકા હૌમવર્કા" તરીકે જાણીતી હતી. નવા આવેલા શક આ શક સાથે ભળી ગયા.[૬૧]

---

૫૩ ટાર્ન ગ્રીબેઈ, પૃ. ૨૭૬–૭૭

૫૪ આમૂદરયા નદીના નામનું ગ્રીક અને લૅટિન રૂપ ઑક્સસ (oxus) છે. અરબીમાં તેને જૈહૂન કહે છે. સંસ્કૃતમાં તે વંક્ષુ–વક્ષુ નામે ઓળખાય છે.

૫૫ પ્રાચીન સુગ્દ (Sogdiana)નો પ્રદેશ હાલના સમરકંદ અને બુખારા જિલ્લાની જગ્યાએ આવેલો હતો. આ પ્રદેશ સિરદરયા અને આમૂદરયા નદીની વચ્ચે આવેલો છે. યવનોના સમય દરમ્યાન સુગ્દ બાહ્લિક દેશની સત્તામાં આવેલો હતો (એન્સા. બ્રિટા., પુ. ૨૫, પૃ. ૩૪૫).

૫૬ આ પ્રદેશમાં તાહિયા (બાહ્લિકના) લોકો રહેતા હતા. તે વેપારી અને બિનલડાયક પ્રજા હતી. આથી લડાયક યુએચીઓએ તેમને સહેલાઈથી જીતી લીધા (સ્મિથ, જરોએસો, ૧૯૦૩, પૃ. ૧૯ અને રેપ્સન, કેહિઇ, પુ. ૧, પૃ. ૫૬૬). ચાંગ-કિનની નોંધમાં ઈ. પૂ. ૧૧૪ સુધીમાં યુએચીઓ આમૂદરયાની દક્ષિણે ગયા હતા કે કેમ તેનો ઉલ્લેખ નથી. માત્ર તાહિયાનો પ્રદેશ મેળવ્યો એટલો ઉલ્લેખ જોવા મળે છે (સ્મિથ, જરોએસો, ૧૯૦૩, પૃ. ૨૦).

૫૭ રોલિન્સન, બૅક્ટ્રિયા, પૃ. ૫.

૫૮ યુએચીઓનું લગભગ આ છેલ્લું સ્થળાંતર હતું. યુએચીઓ બાહ્લિકમાં સ્થિર થયા અને શાંતિમય જીવન ગાળવા લાગ્યા. યુએચીઓએ બાહ્લિકને પાંચ રાજ્યોમાં વહેંચ્યું. યુએચીઓના પાંચ વિભાગો અને તેમની પાંચ રાજધાનીઓ માટે જુઓ : સ્મિથ, જરોએસો, ૧૯૦૩, પૃ. ૨૧ અને પાટી. ૧૩).

૫૯ શકોના અહીંથી થયેલા સ્થળાંતરના પ્રવાહને કેટલાક વિદ્વાનો બે વિભાગમાં મૂકે છે : એક પ્રવાહ મર્વ, હેકટોમ્પીલોસ અને અકબતાના થઈ મેસોપોટેમિયા પહોંચ્યો અને બીજો પ્રવાહ મર્વથી હેરાત અને સીસ્તાન થઈ ભારત પહોંચ્યો (ચટ્ટોપાધ્યાય, અહિનોઈ, પૃ. ૫૦; ટાર્ન, પ્રોસિડિંગ્ઝ ઑફ બ્રિટિશ અકાદમી, ૧૯૩૦, પૃ. ૧૧૭–૧૧૮; ધી શર્મન, ઇરાન, ૧૯૫૪, પૃ. ૨૪૯).

૬૦ એટલે પ્રાચીન શકસ્થાન, આ પ્રદેશ ઇરાન અને અફઘાનિસ્તાન બન્ને દેશમાં વહેંચાયલો છે. શકસ્થાનનું બીજું નામ દ્રંગિયાના પણ છે (એન્સા. બ્રિટા. પુ. ૨૪, પૃ. ૫૯૨).

૬૧ ચટ્ટોપાધ્યાય, અહિનોઈ. પૃ. ૫૦; નારાયણ, ધી ઈન્ડોગ્રીક્સ, પૃ. ૧૪૧.

અગાઉ જોઈ ગયા (પૃ. ૩૮) કે યુએચીના દબાણને કારણે સઇ-વાંગ કિપિન-કાપિશ ગયો[૬૨] અને સઈ લોકો વેરવિખેર થઈ ગયેલા. આ સઈ (શક) લોકો યવનોને અનુસરતા સ્વાત ખીણ અને પંજાબમાં થઈ ભારત આવ્યા હોવાનું વિદ્વાનો માને છે. તો સીસ્તાનવાળા શકો કંદહાર થઈ, બોલનઘાટના માર્ગેથી બ્રાહુઈ પર્વતને વીંધી સિંધુ નદીના પ્રદેશમાં આવી વસ્યા જે સ્થળ હિંદી-શકસ્થાન તરીકે ઓળખાયું.[૬૩]

## શકોનો ભારતપ્રવેશ :

શકો ભારતમાં ક્યારે આવ્યા અને કયા માર્ગે આવ્યા એ વિષે ઘણા મતભેદો છે. ઉપલબ્ધ સાધનોના આધારે ત્રણ મતો પ્રચલિત હોવાનું જણાય છે: (૧) સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં પ્રવેશ, (૨) સિંધુ નદી ઓળંગીને સિંધમાં વસવાટ, (૩) કાશ્મીરને માર્ગે પંજાબ-કાશ્મીરમાં વસવાટ.

## સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં પ્રવેશ :

જૈન અનુશ્રુતિમાં પારસકૂલથી[૬૪] સિંધુ ઓળંગીને કાલકાચાર્ય સાથે શક સેના સુરાષ્ટ્રમાં આવી હોવાનું જણાવ્યું છે. સિંધુનો અર્થ સમુદ્ર પણ થાય છે. આથી શકો સમુદ્રમાર્ગે સીધા સૌરાષ્ટ્રમાં આવ્યા એવું કેટલાક માને છે.[૬૫]

પરંતુ કેટલેક સ્થળે સિંધુદેશ તજીને સિંધુ નદી ઓળંગીને શકો સૌરાષ્ટ્રમાં આવ્યા એવો

---

૬૨ કિપિનના આ સઈ રાજા વિશે ખાસ કંઈ જાણવા મળતું નથી (ચટ્ટોપાધ્યાય, અહિનોઈ, ૫૧). કેટલાક વિદ્વાનોનું (જરોએસો, ૧૯૧૩, પૃ. ૬૩૫, પાટી. ૧-૨; ટાર્ન, ગ્રીબઈ, પૃ. ૨૭૭-૭૮; નારાયણ, ધી ઈન્ડોગ્રીકસ, પૃ. ૧૩૬ અને રેપ્સન, કેહિઈ, પુ. ૧, પૃ. ૫૬૩-૬૪) માનવું છે કે આવા વિકટ નિર્જન પ્રદેશમાંથી પશુઓનાં ટોળાં સાથે પસાર થવું કોઈ પણ ભટકતી ટોળી માટે શક્ય નથી; પણ સ્ટેઈને (જરોએસો, ૧૯૪૪) બતાવી આપ્યું છે કે આ પ્રદેશ ઘણા પ્રાચીન કાળથી ઈસુની છઠ્ઠી સદી સુધી વસવાટ લાયક હતો. આ માર્ગે તેઓ આગળ વધી ભારતમાં આવ્યા હોવાનો સંભવ લાગે છે (સુધાકર, પૃ. ૧૩); પણ ટાર્ન નોંધે છે કે ઈ. પૂ.ની બીજી સદીના મધ્યમાં આ કિપિન નામે પ્રદેશનું અસ્તિત્વ ન હતું. ગ્રીફેઈ, પૃ. ૨૭૭. વીગતવાર ચર્ચા માટે જુઓ સદર, એપેન્ડિકસ, ૯).

૬૩ ચટ્ટોપાધ્યાય, આહિનોઈ, પૃ. ૫૦. જૈન સાહિત્યમાં જાણીતી જૈન મુનિ આચાર્ય કાલકની કથા પરથી સૂચિત થાય છે કે ઈ. પૂ. ૧લી સદીના પૂર્વાર્ધમાં સિંધુ દેશમાં શકોની વસતી તથા સત્તા રહેલી હતી.

૬૪ પારસકૂલને વિશે ઇતિહાસમાં ખાસ કરીને જૈન અનુશ્રુતિઓમાં મતભેદ છે. સંસ્કૃત-પ્રાકૃતમાં લખાયેલી જુદી જુદી જૈન પ્રતોમાં આ સ્થળનાં ભિન્ન ભિન્ન નામો જોવા મળે છે, જેમ કે શુકકુલ, શાખી દેશ, પશ્ચિમ પાર્શ્વકૂલ, પારસકૂલ, સગકુલ વગેરે.........સાથે સાથે "કુલ" શબ્દ માટેય મતભેદ છે. "કૂલ"નો અર્થ કિનારો થાય છે. એટલે દેશવાચક શબ્દ સાથે "કૂલ" વધારે બંધ બેસે છે. (દા. ત. પારસકૂલ), જ્યારે વ્યક્તિવાચક શબ્દ સાથે "કુળ" વાપરવો વધારે યોગ્ય છે. (દા. ત. સાહીકુલ, શકકુલ વગેરે). (જુઓ વિજયેન્દ્રસૂરિ, રુદ્રદામા, પૃ, ૨૧-૨૨).

૬૫ કલ્યાણવિજયજી, દ્વિવેદી અભિનંદન ગ્રંથ, ૧૯૩૪, પૃ. ૯૮.

સ્પષ્ટ ઉલ્લેખ આવે છે.[૬૬] આથી અહીં સિંધુ એટલે એ નામની નદી એવો અર્થ જ બંધ બેસે. વળી જૈન સાધુઓ સમુદ્ર ઓળંગે નહિ એ નિષેધ હતો ને શક સેના સાથે કાલકાચાર્ય હતા[૬૭] એ પરથી પણ સમુદ્રને બદલે સિંધુ નદીનો જ સંભવ લાગે છે.[૬૮] આથી શકો સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં આવ્યા હોવાનો તર્ક સ્વીકાર્ય બનતો નથી.

## સિંધુ નદી પાર કરી સિંધમાં વસવાટ :

અગાઉ જોયું કે સિંધુ એટલે એ નામની નદી એવો અર્થ જ વધારે બંધ બેસે છે[૬૯] અને તેથી તેઓએ સિંધુ નદી ઓળંગીને સિંધમાં વસવાટ કર્યો[૭૦] હોવાનો સંભવ સ્વીકારી શકાય: પરંતુ ભારતમાં કયા માર્ગેથી પ્રવેશ્યા એ સંદિગ્ધ જ રહે છે. આ અંગે એક મત એવો છે કે શકો પહ્‌લવોની જેમ એશિયાના જાણીતા માર્ગે થઈ કંદહાર અને બોલનઘાટ[૭૧] દ્વારા બ્રાહૂઈ પર્વત ઓળંગી સિંધમાં આવ્યા હોય.[૭૨]

---

૬૬ (૧) उत्तीर्य सिंधुकटकं सुराष्ट्रदेशे समागत्य सुखेन तस्थौ ।

(२) ......सम्भूय सा स्वयः सद्यः सिंधुतीरे समागमन् । ३७ ।
आचार्यदर्शितपथः साखीशः सोऽपि सत्वरम् ।
प्रमाणैरनवच्छितने" रुपसिंधु समासदत । ३८ ।
तेऽथ सिंधु समुत्तीर्य, साधयन्तोऽखिलान्नृपान् ।
सुराष्टविषयं प्रापुस्तत्र प्रावृकुपेमुषी । ३९ ।

(३) वश्वा हिन्दुगदेसे......
जाव उत्तरित्तु सिंधु पत्ता सोरठमन्डलं ताव ।
(બ્રાઉન, સ્ટોરી ઑફ્ કાલક, પૃ. ૯૪)

(૪) उत्तरिउं सिन्धुनइ कमेण सोरठमन्डले पता ! (એજન, પૃ. ૭૪)

૬૭ પ્રત્યેક કાલકકથા, કથાવલી અને નિશીથચૂર્ણિમાં એવું નોંધ્યું છે કે સાહીઓ સાથે કાલક સૌરાષ્ટ્રમાં આવ્યા (જુઓ કલ્યાણવિજયજી, દ્વિવેદી અભિનંદનગ્રંથ, પૃ. ૧૧૦, પાટી. નં. ૬).

૬૮ જુઓ અગાઉ પાટી. ૬૬ નં. ૩ અને ૪

૬૯ જુઓ અગાઉની પાટી. ૬૬, નં. ૩ અને ૪.

૭૦ વિજયેન્દ્રસૂરિ, રુદ્રદામા, પૃ. ૨૩-૨૪.

૭૧ ભારતના ઇતિહાસનું અધ્યયન કરતાં જણાશે કે ભારત ઉપર યુગે યુગે થયેલાં આક્રમણો મુખ્યત: આ દિશામાંથી જ થયાં છે. ભારતની ભૌગોલિક લાક્ષણિકતાને લીધે તેની ઉત્તર સરહદેથી કે દક્ષિણ બાજુએથી આક્રમણકારોને માટે ભારતમાં પ્રવેશવું બહુ સરળ ન હતું.

૭૨ રેપ્સન, કેહિઈ, પુ. ૧, પૃ. ૫૬૩ થી; સ્ટેન કોનૌ, કોઈઈ, પુ. ૨, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૩૧; સુધાકર, પૃ. ૧૪. મથુરાના સિંહ-સ્તંભમાંનું "સર્વસ શકસ્તાનસપુયએ" વાક્ય; પેરિપ્લસ ઉલ્લિખિત મીનનગર (= શકનગર); ઇરાનમાં આવેલી કર્દમા નદી; 'દામન્'એ ઈરાની ભાષાનો શબ્દ વગેરે મુદ્દાઓ ધ્યાનમાં રાખી ડૉ. સુધાકર સૂચવે છે કે શકો પૂર્વ ઇરાનથી આ રસ્તેથી ભારતમાં પ્રવેશ્યા( જુઓ એજન, પૃ. ૧૩-૧૪).

## કાશ્મીર માર્ગે ભારતમાં :

અગાઉ જોઈ ગયા કે યુએચીઓના દબાણને કારણે શકોની એક શાખા દક્ષિણમાં ખસી અને કિપિનમાં આવી વસી.[૭૩] ચીની વૃત્તાંતોને આધારે કિપિન એ કાશ્મીર છે એમ ડૉ. સુધાકર માને છે. આથી એમના મતે શકોની એક શાખા કાશ્મીર માર્ગે ભારતમાં પ્રવેશી અને કાશ્મીર–પંજાબમાં વસી;[૭૪] પરંતુ કેટલાક વિદ્વાનોનું માનવું છે કે કાશ્મીરના આ નિર્જન માર્ગે ભારતમાં પ્રવેશવું શક્ય નથી.[૭૫] હવે સર ઓરેલ સ્ટેઈનની શોધોએ સાબિત કર્યું છે કે આ પ્રદેશ છેક પ્રાચીન કાળથી ઈસુની છઠ્ઠી સદી સુધી વસેલો હતો.[૭૬] આથી શકો જેવી રખડતી-ભટકતી જાતિ માટે ભારતમાં કાશ્મીર માર્ગેથી પ્રવેશવું એ અશક્ય નથી.

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી એવું ફલિત થાય છે કે શકો ભારતની વાયવ્ય કે પશ્ચિમોત્તર સરહદેથી ભારતમાં દાખલ થયા હશે; પરંતુ ભારતની એ લાંબી સરહદના કયા ભાગમાં થઈને પ્રવેશ્યા હશે એ વિશે નિર્ણયાત્મક અનુમાન તારવવું મુશ્કેલ છે. આ પરિસ્થિતિમાં એવું સૂચવી શકાય કે શકો ભારતમાં જુદે જુદે માર્ગેથી પ્રવેશ્યા હોય.[૭૭]

## શક આક્રમણનો સમય :

શકોના ભારતપ્રવેશના માર્ગ વિશે જેમ વિવિધ મતો પ્રવર્તે છે, તેમ તેમના ભારતમાં આગમનના સમય વિશે છે. અગાઉ જોઈ ગયા કે શકોને તેમના દેશાંતરગમન દરમ્યાન યુએચીઓના દબાણને કારણે બાહ્લિક દેશ છોડી, તેની પશ્ચિમે આવેલા પહ્લવ (પાર્થિયા) દેશમાં જવું પડયું. અહીં તેમને પહ્લવ સામ્રાજ્યની સત્તામાં સામનો કરવો પડચો. શકો અને પહ્લવો વચ્ચેની આ અથડામણમાં ફ્રાવત રજો (ઈ. પૂ. ૧૩૮–૨૮) અને આર્તબન ૧લો (ઈ. પૂ ૧૨૮–૨૩) એમ બે પહ્લવ રાજાઓ મૃત્યુ પામ્યા. એટલે ઈ. પૂ. ૧૨૩માં પહ્લવ રાજા મિથ્રદાત રજો ગાદીએ આવ્યો. આ શક્તિશાળી રાજાએ શકોને હરાવ્યા અને તેથી શકો ત્યાંથી ખસી હેરાત થઈ હાલના સીસ્તાનમાં આવ્યા, પરંતુ મિથ્રદાત રાજાની સત્તા છેક સીસ્તાન સુધી ફેલાયેલી હોઈ અને આ પ્રદેશ તેના આધિપત્ય નીચે હોઈ શકોને આ પ્રદેશ પણ છોડવો પડચો. અહીંથી તેઓ પૂર્વ તરફ ખસતા ખસતા છેવટે ભારતમાં પ્રવેશ્યા.[૭૮]

---

૭૩ જુઓ અગાઉ પૃ. ૧૫.

૭૪ સુધાકર, પૃ. ૧૩.

૭૫ ટોમસ, જરોએસો, ૧૯૧૩, પૃ. ૬૩૫, પાદી. નં. ૧–૨; રેપ્સન, કેહિઈ, પૃ. ૫૬૩–૬૪; ટાર્ન, ગ્રીબેઈ, પૃ. ૨૭૭-૭૮, પરંતુ ફ્લીટ નોંધે છે કે કુષાણો આ માર્ગેથી જ ભારતમાં આવ્યા હતા જરોએસો, ૧૯૦૩, પૃ. ૩૩૪). એટલે આ વિદ્વાનોનું મંતવ્ય સ્વીકાર્ય બનતું નથી.

૭૬ જરોએસો, ૧૯૪૪.

૭૭ કેમ કે એમના આગમનનો સમય પણ ભિન્ન ભિન્ન હોવાનું મનાય છે (જુઓ આગળ પૃ. ૩૧) અને તો પછી પ્રવેશમાર્ગ પણ જુદો જુદો હોય એ વધારે સંભવિત લાગે છે.

૭૮ જુઓ પૃ. ૧૯-૨૦.

આથી કેટલાક વિદ્વાનો એવું અનુમાન કરે છે કે શકો કાં તો મિથ્રદાત રજાના રાજ્યકાલ (ઈ. પૂ. ૧૨૩–ઈ. પૂ. ૮૮) દરમ્યાન[૭૯] કે તેના રાજ્ય-અમલ બાદ[૮૦] ભારતમાં પ્રવેશ્યા હોવા જોઈએ.[૮૧]

ભારતીય સાહિત્યમાં શકોનો સૌ પ્રથમ ઉલ્લેખ મહાભારતનાં વિવિધ પત્રોમાં[૮૨] જોવા મળે છે. અહીં શકોને અંધ્રો, યવનો, કંબોજો, પુલિન્દો, તુષારો, પહ્લવો, દારદો, ઋષિકો વગેરેની જેમ મ્લેચ્છ તરીકે ઓળખાવ્યા છે.[૮૩] આ પાત્રોમાં સભાપર્વ પહેલું આવે અને એનો સમય ઈ. પૂ. ૧૮૪ અને ઈ. પૂ. ૧૪૮ની વચ્ચે નિશ્ચિત થયો છે.[૮૪] એટલે શકો ઈ. પૂ બીજી સદી સુધીમાં ભારત આવ્યા હોવાનું આ ઉપરથી ફલિત થાય છે.

જૈનાચાર્ય કાલકની કથાના સંદર્ભમાં શકો ભારતમાં આવ્યા ત્યારે ઉજ્જનની ગાદી ઉપર ગર્દભિલ્લ વંશનો દર્પણ નામે રાજા રાજ્ય કરતો હતો[૮૫] અને મુનિ કાલકના ભાણેજ બલમિત્ર અને ભાનુમિત્ર આ સમયે ભરૂચની ગાદી ઉપર રાજ્ય કરતા હતા.[૮૬] વળી ગર્દભિલ્લ રાજા દર્પણને હરાવ્યાનો બનાવ જૈનોની રાજત્વ કાલગણના અનુસાર બલમિત્રના ૪૮મા વર્ષના અંતમાં બન્યો એમ કલ્યાણવિજયજી નોંધે છે. બલમિત્રનું ૪૮મું વર્ષ એટલે વીરનિર્વાણ સંવતનું ૪૫૩મું અર્થાત્ ઈસુ પૂર્વેનું ૭૪મું વર્ષ આવે.[૮૭] આથી એમ સૂચવી શકાય કે શકોનું ભારતમાં આગમન ઈસુ પૂર્વેની પહેલી સદીના ત્રીજા ચરણમાં થયું હોય.

---

૭૯ કોન, સીપી, પૃ. ૩૨૫; સ્ટેન કોનૌ, જરોએસો, ૧૯૩૨, પૃ. ૯૫૯.

૮૦ રેપ્સન, કેહિઈ, પૃ. ૫૬૭–૬૮; સ્ટેન કોનૌ, કોઈઈ, પુ. ૨, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૩૨ અને ૩૬.

૮૧ સુધાકર, પૃ. ૧૪.

૮૨ સભાપર્વ, ૪૩, ૧૨; ૪૭, ૧૯, ૨૬ અને ૪૮, ૧૫.
આરણ્યકપર્વ, ૪૮, ૨૦; ૧૮૬, ૨૯-૩૦.
ભીષ્મપર્વ, ૭૫, ૨૧.
કર્ણપર્વ, ૯૪, ૧૬.
ઉદ્યોગપર્વ, ૧૫૮, ૨૦.
અનુશાસનપર્વ ૬૮, ૨૧ ઇત્યાદિ.

૮૩ પુરાણોમાં પણ શકોનો ઉલ્લેખ છે. દા.ત. વાયુ, મત્સ્ય, વિષ્ણુ અને ભાગવત (પાર્જિટર, કલિ–એજ, પ્રસ્તાવના પૃ. ૨૪-૨૫ અને ૩૫, ૭૨, ૪૨; જાયસ્વાલ, જબિઓરીસો, પુ. ૧૬, ભા. ૩-૪, પૃ. ૩૧૩; સત્યશ્રાવ, પૃ. ૧૩-૧૪; શાસ્ત્રી, હ. કે. પુરાણ વિવેચન, પૃ. ૬) પણ પુરાણોનો સમય મહાભારત પછીનો હોવાથી અહીં તેનો ઉલ્લેખ સમયનિર્ણય માટે જરૂરી નથી.

૮૪. મોતીચંદ્ર, ઉપાયનપર્વ પૃ. ૩૦.

૮૫ બ્રાઉન, સ્ટોરી ઑફ કાલક, પૃ. ૯; કલ્યાણવિજયજી, જૈન કાલગણના, પૃ. ૫૩; પાર્જિટર, કલિ–એજ, પૃ. ૪૫-૪૬, ૭૨.

૮૬ કલ્યાણવિજયજી, જૈન કાલગણના, પૃ. ૫૩-૫૪, ૧૫૯.

૮૭ એજન, પૃ. ૫૫.

અભિલિખિત દસ્તાવેજોમાં શકોનો સૌ પ્રથમ સંભવિત ઉલ્લેખ ઉત્તર ભારતના ખરોષ્ઠી લેખોમાં જોવા મળે છે: વર્ષ ૫૮ના મૈર લેખમાં "મોઅસ"(મોગ)નો ઉલ્લેખ હોવાનું સ્ટેન કોનૌ નોંધે છે.[૮૮] મોઅસ એ પંજાબના શક રાજ્યનો રાજા હતો.[૮૯] વર્ષ ૬૦ના શાહદૂરના દામિજદના લેખમાં તેને શક તરીકે ઓળખાવ્યો છે.[૯૦]

આ બન્ને તેમ જ બીજા એકવીસ ખરોષ્ઠી લેખોમાં કોઈ એક અનિદિષ્ટ સંવતનાં વર્ષોનો સળંગ ક્રમ જોવા મળે છે.[૯૧] વિદ્વાનો આ લેખોમાંનાં વર્ષો માટે ભિન્ન ભિન્ન સંવતોની દલીલો કરે છે[૯૨] પરન્તુ એ સર્વનો પ્રધાન સૂર એ છે કે એ અનિર્દિષ્ટ સંવતનો આરંભકાલ શકોની જીતનો છે. આ ગણતરીએ વિચારતાં ફ્રેન, રેપ્સન અને ટાર્ને સૂચવેલા સંવતોના સંદર્ભમાં શકોના ભારતમાં આગમનના સમયને ઈસુ પૂર્વેની પહેલી સદીના ઉત્તરાર્ધમાં મૂકી શકાય.[૯૩]

આ બધી ચર્ચાઓને અંતે એવા નિષ્કર્ષ ઉપર આવી શકાય કે ભારતમાં શકોનું આગમન કોઈ એક જ ચોક્કસ સમયે થયું હોય એમ લાગતું નથી;[૯૪] પરન્તુ તેમની ભિન્ન ભિન્ન ટોળીઓ ભિન્ન ભિન્ન સમયે ભારતમાં પ્રવેશી હોવાની શકયતા લાગે છે: અને એ રીતે જોતાં ઈસુ પૂર્વેની બીજી સદીથી માંડી પહેલી સદી સુધીનો સમય એમના આગમનના વિવિધ તબક્કાઓ માટે સૂચવી શકાય.

## તેમની પ્રારંભિક કારકિર્દી:

શકો ભારતમાં કયા માર્ગેથી આવ્યા અને કયા સમયે આવ્યા એ પ્રશ્નો વિષે કોઈ ચોક્કસ નિર્ણય તારવી શકાયો નથી તેમ તેઓ ભારતમાં સૌ પ્રથમ કયાં સ્થિર થયા એ પણ કહેવું સરળ નથી. કેટલાક ઇતિહાસવિદોનું માનવું છે કે તેઓ સૌ પ્રથમ સિંધુના પ્રદેશમાં સ્થિર થયા અને ત્યાં "હિંદી શકસ્થાન" સ્થાપ્યું, જેની રાજધાની સિંધુના કાંઠા ઉપર આવેલ "મીનનગર"

---

૮૮ સ્ટેન કોનૌ, કોઈઈ; પુ. ૨, ભા. ૧, પૃ. ૧૨ તેમ જ જુઓ આગળ પાટી. ૧૦૪, ૧૦૫.

૮૯ જુઓ આગળ પૃ. ૩૪.

૯૦ સ્ટેન કોનૌ, કોઈઈ; પુ. ૨, ભા. ૧, પૃ. ૧૬ અને પ્લેટ.

૯૧ એજન, પ્રસ્તાવના પૃ. ૯૧-૯૪.

૯૨ ડોવસન (જરોએસો, ૧૮૭૫, પૃ. ૩૭૬થી અને ૧૮૭૭, પૃ. ૧૪૪થી); ફલીટ (જરોએસો, ૧૯૦૩, ૧૯૦૫થી ૧૯૦૮, ૧૯૦૮, ૧૯૧૩થી ૧૯૧૫); દીનેશચંદ્ર સરકાર (એઇયુ. પૃ. ૧૨૮); કેબ, એચ. કે. (જરોએસો, ૧૯૨૨, પૃ. ૪૨) વગેરે વિક્રમ સંવતનું સૂચન કરે છે. બેનરજી અને રેપ્સન (ઇ. એ. પુ. ૩૭, ૧૯૦૮, પુ. ૬૭ અને કેહિઇ, પુ. ૧, પૃ. ૫૭૦) સીસ્તાનમાં પહ્‌લવ સંવતનું સૂચન કરે છે. માર્શલ (આસઇ, ૧૯૧૨-૧૩ અને જરોએસો, ૧૯૧૪) અને રામપ્રસાદ ચંદા (જરોએસો, ૧૯૨૦, પૃ. ૩૧૯) મોઅ સંવત સૂચવે છે.

૯૩ જુઓ આગળ પૃ. ૪૪, પાટી. નં. ૧૪૬ થી ૧૪૮.

૯૪ પણ જેમ તેમના આગમનનો માર્ગ એક અને સુનિશ્ચિત નથી (જુઓ અગાઉનું પૃ. ૨૬) તેમ તેમના આગમનના સમયાંકન વિશે છે.

હતી.[૯૫] આ હકીકત મુજબ ભારતમાં શકોની આ સૌ પ્રથમ રાજધાની હતી. આ સમયે ત્યાં કોઈ મોટી રાજસત્તા ન હતી, પણ નાનાં નાનાં યવન રાજ્યોની સત્તા પ્રવર્તતી હતી. આ સત્તાઓને દબાવી શકોએ તેમના ઉપર પોતાનું આધિપત્ય જમાવ્યું.

અગાઉ જોઈ ગયા કે ભિન્ન ભિન્ન સમયે શકોની ભિન્ન ભિન્ન ટોળીઓ ભારતમાં આવી હોવાનું જણાય છે. આ શકોએ ભારતમાં અનેક સ્વતંત્ર સત્તાઓ સ્થાપેલી, જેમાં (૧) સિંધુ પ્રદેશનું શકરાજ્ય (જે "હિન્દી શકસ્થાન" નામે ઓળખાતું હતું), (૨) પંજાબનું શક રાજ્ય, (૩) મથુરાનું શક રાજ્ય અને (૪) પશ્ચિમ ભારતનું શક રાજ્ય (જેમાં ઉજ્જનનો સમાવેશ થાય છે).

## સિંધુ પ્રદેશનું શક રાજ્ય (?)

કેટલાકના મત મુજબ શકોએ સૌ પ્રથમ સિંધુના કાંઠા ઉપર વસવાટ કર્યો[૯૬] અને મીનનગરને રાજધાની બનાવી. વસ્તુતઃ મીનનગરના આ શક રાજાઓ વિશે કોઈ વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. આ રાજ્યના એક રાજાનું નામ મોઅ[૯૭] હતું એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. પશ્ચિમ પંજાબમાં આવેલા જેલમ જિલ્લાના મૈર (મૈરા) ગામના કૂવામાંથી જે લેખ મળ્યો છે તેમાં[૯૮] અને તક્ષશિલાના પતિકના લેખમાં[૯૯] મોઅનો ઉલ્લેખ છે; પણ તેથી તે મીનનગરનો રાજા હતો એમ માની શકાય નહીં. વળી તેના સિક્કાઓ પણ મુખ્યત્વે પંજાબમાંથી મળ્યા છે. પેરિપ્લસમાં પણ બે જગ્યાએ[૧૦૦] મીનનગરનો ઉલ્લેખ આવે છે. પરન્તુ ત્યાંય શક સત્તાનો સ્પષ્ટતઃ નિર્દેશ નથી.

## પંજાબનું શક રાજ્ય :

ભારતના શકોની પ્રારંભિક કારકિર્દીનું એક મુખ્ય મથક પંજાબમાં હતું. પંજાબમાંથી મળેલા શક રાજાઓના સિક્કા તેમના ત્યાં પ્રવર્તેલા શાસનનું સૂચન કરે છે. માર્શલે તક્ષશિલામાં

---

૯૫ વિદ્યાલંકાર, ભાઇરુ, પૃ. ૭૫૭. "હિંદી શકસ્થાન"નો પહેલો ઉલ્લેખ પેરિપ્લસ અને તોલમાયની નોંધોમાં જોવા મળે છે.

૯૬ જુઓ અગાઉ પાદટીપ નં. ૬૬. કાલકકથાઓમાં શકોએ સિંધુ નદી પાર કર્યાનો ઉલ્લેખ આવે છે.

૯૭ ગ્રીક નામ ઉપરથી અંગ્રેજી રૂપાંતર પ્રમાણે Manes લખાય છે. મૂળમાં મોગ અને મોઅ એમ બે નામ મળે છે. રેપ્સન મોઅ અને મોગને એક જ વ્યક્તિનાં બે નામ હોવાનું સૂચવે છે (એઈ, પૃ. ૧૪૧). કનિંગહામ પણ આ મત ધરાવે છે. (એન્શ્યંટ, પૃ. ૧૭૮) ડૉ. દીનેશચંદ્ર સરકાર બે મોઅ (મોઅ ૧લો અને મોઅ ૨જો) હોવાનું નોંધે છે. (સીઈ,. પૃ. ૧૦૯, પાટી. ૩)

૯૮ સ્ટેન કોનો, કોઈઈ, પુ. ૨, પૃ. ૧૧ થી ૧૩.

૯૯ એઈ, પુ. ૪, પૃ. ૫૫ થી.

૧૦૦ પેરિપ્લસ (ગૂ. અનુ.) ફકરો ૩૮ અને ૪૧.

કરેલા ખોદકામથી જાણવા મળ્યું છે કે મોઅ અહીં રાજ્ય કરનાર પહેલો શક રાજા હતો.[૧૦૧] પંજાબમાં આવેલા જેલમ જિલ્લાના મૈર ગામેથી પ્રાપ્ય લેખમાં મોઅનો સંભવિત ઉલ્લેખ હોવાનો મત છે.[૧૦૨] આ લેખમાંનું સંભવિત વર્ષ ૫૮ હોવાનું જણાય છે.[૧૦૩] પતિકના તક્ષશિલાના વર્ષ ૭૮ના તામ્રપત્રમાં મોગનો ઉલ્લેખ છે.[૧૦૪] મોઅ અને મોગ એક હોવાનું રેપ્સન માને છે.[૧૦૫] વળી તેના સિક્કાઓ પંજાબ અને ખાસ કરીને તક્ષશિલા જેની રાજધાની હતી તે પ્રદેશના પશ્ચિમ વિભાગમાંથી મળી આવ્યા છે. આથી રાયચૌધરી માને છે કે ગંધાર ઉપર મોઅનું આધિપત્ય હતું. અર્થાત્ મોઅ ગંધારનો રાજા હતો.[૧૦૬] સિક્કાઓના પ્રાપ્તિસ્થાન પરથી રેપ્સન માને છે કે મોઅની સત્તા કાપિશી, પુષ્કલાવતી અને તક્ષશિલા પર પ્રવર્તતી હતી.[૧૦૭] ત્યારે કાપિશી અને પુષ્કલાવતીમાંથી મોઅનો એક પણ સિક્કો મળ્યો નથી એવું ડૉ. સુધાકર નોંધે છે;[૧૦૮] અને પછી તરત વિરોધાભાસી વિધાન કરે છે કે સિરકપ( તક્ષશિલા )-માંથી મોઅના ૧૦૭ જેટલા સિક્કાઓ મળ્યા છે.[૧૦૯] આથી તેમનું મંતવ્ય સંદિગ્ધ રહે છે. તક્ષશિલા અને એની આસપાસના પ્રદેશમાંના પ્રચલિત સિક્કાઓની વિવિધ આકૃતિઓનું અનુકરણ મોઅના સિક્કા પર જોવા મળે છે.[૧૧૦] આ હકીકતોથી પુરવાર થાય છે કે મોઅએ પંજાબમાં રાજ્ય કર્યું હશે અને તક્ષશિલા તેની રાજધાની હશે.

---

૧૦૧ ચટ્ટોપાધ્યાય, આહિનોઈ; પૃ. ૫૨. ફોન નોંધે છે કે મોઅ પહ્લવ હતો, કેમ કે મોઅના સિક્કા અયના સિક્કા સાથે ઘણું સામ્ય ધરાવે છે, જે અય પહ્લવ હતો (સીપી, પૃ. ૩૩૮થી). પણ ડૉ. સુધાકર ચટ્ટોપાધ્યાયના મત મુજબ અય શક હતો (અહિનોઈ, પૃ. ૨૧), તેથી મોઅ પણ શક હતો (એજન પૃ. ૧૪). શક પહ્લવ જાતિના ભેદ વિશે ટોમસના વિચારો નોંધવા જેવા છે. ભારત ઉપર આક્રમણ કરનાર પૂર્વ ઇરાની ટોળીઓમાં વિવિધ તત્ત્વો એકરૂપ થયેલાં હતાં. તેથી માત્ર નામ ઉપરથી અમુક ટોળી ચોક્કસરૂપે શક હતી કે પહ્લવ તે કહેવું મુશ્કેલ છે. તેથી એટલું જ કહેવું સલામત છે કે મોઅ પરદેશી હતો (જરોએસો, ૧૯૦૬, પૃ. ૨૧૫).

૧૦૨ સ્ટેન કોનૌ, કોઈઈ, પુ. ૨, પ્રસ્તાવના પૃ. ૨; રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૩૭.

૧૦૩ લેખની હાલત બહુ સારી ન હોવાથી નિશ્ચિત વર્ષ કહેવું મુશ્કેલ છે.

૧૦૪ સરકાર, સીઈ, પૃ. ૧૨૦.

૧૦૫ જુઓ પાટી. નં. ૯૯ અને રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૩૭.

૧૦૬ પોહિએઈ, પૃ. ૪૩૮.

૧૦૭ કેહિઈ, પૃ. ૫૯૦, ૭૦૧.

૧૦૮ સુધાકર, પૃ. ૩૦. કાબૂલની ખીણમાંથી તેનો એક સિક્કો મળી આવ્યો છે તેથી તે પ્રદેશ તેના રાજ્યવિસ્તારમાં હોવાનું અનુમાન થઈ શકે નહીં (એજન પૃ. ૪૦, પાટી. નં. ૧૧)

૧૦૯ એજન પૃ. ૩૦, પાટી. નં. ૧૪અ.

૧૧૦ તેણે દિમિત્રના (જેણે ઈ. પૂ. બીજી સદીના પૂર્વાર્ધમાં રાજ્ય કર્યું હતું) સિક્કાઓનું અનુકરણ કરેલું (સુધાકર, પૃ. ૩૦). ટાર્નના મત મુજબ દિમિત્ર, મીનેન્ડર અને અપલદત્ત સમકાલીન હતા અને ઈ. પૂ.ની બીજી સદીમાં રાજ્ય કરતા હતા (ગ્રીબેઈ, પૃ. ૧૩૩-૩૪). રેપ્સન પણ આ મંતવ્ય ધરાવે છે (કેહિઈ, પૃ. ૫૪૮, ૫૫૧).

### મોઅનો સમય :

મોઅના સિક્કાઓ મિતિ વિનાના હોવાથી, તેના સમયનિર્ણયમાં તે ઉપયોગી થઈ પડતા નથી, અને તેથી એનો સમય નિશ્ચિત કરવા માટે એના નામોલ્લેખવાળા બે ખરોષ્ઠી લેખોનો આધાર લેવો પડે છે. આ બે લેખોમાં એક છે વર્ષ ૫૮નો મૈર લેખ[૧૧૧] અને બીજો પતિકનો વર્ષ ૭૮નો તક્ષશિલાનો તામ્રપત્ર લેખ.[૧૧૨]

સૌ પ્રથમ તો આ બન્ને લેખોમાં ઉલ્લિખિત વર્ષોના અનિર્દિષ્ટ સંવત વિશે વિચારવું રહ્યું. ઉત્તર ભારતના ૩૬ ખરોષ્ઠી લેખોમાંથી પ્રથમ ૨૩ લેખોમાં કોઈ એક અનિર્દિષ્ટ સંવતનાં વર્ષોનો સળંગ ક્રમ જોવા મળે છે.[૧૧૩] મોઅના નામોલ્લેખવાળા બન્ને લેખો પ્રથમ ૨૩ લેખોના વિભાગમાં આવે છે. તેથી હવે તેમાં ઉલ્લિખિત વર્ષનો કયો સંવત છે તે વિચારીએ.

ડોવસન, ફ્લીટ, ડેબ અને સરકાર જેવા વિદ્વાનો આ ૨૩ ખરોષ્ઠી લેખોમાં નિર્દિષ્ટ વર્ષોનો વિક્રમ (ઈ. પૂ. ૫૭) સંવતનાં ગણે છે.[૧૧૪] આ વિક્રમ સંવતનો આરંભ શકો ઉપરના વિજયના પ્રતીકરૂપ હતો એ તો જાણીતી હકીકત છે. તેથી પરાજિત શકો વિક્રમ સંવતનો ઉપયોગ ન કરે એમ કદાચ માનીએ, તોપણ આ સિવાય બીજી એક મોટી મુશ્કેલી ઊભી થાય છે. જો આ લેખોમાંના વર્ષોને વિક્રમ સંવતના ગણીએ તો વર્ષ ૭૮ના તક્ષશિલાના તામ્રપત્ર લેખમાંના મોઅ–મોગને ઈ. સ. ૨૦માં મૂકવો પડે. પહ્લવ રાજા ગુદુહ્વરનો રાજ્ય-અમલ વર્ષ ૧૩૦ના તખ્ત–ઈ–બાહીના લેખ અનુસાર તો પછી ઈ. સ. ૧૯માં આવે છે.[૧૧૫] વળી ગુદુહ્વર અને અઝીઝ રજો સમકાલીન હતા.[૧૧૬] તેવી જ રીતે અઝીઝ ૧લો અને સ્પાલિરિસ (જે સીસ્તાનનો રાજા હતો) બન્ને પણ સમકાલીન હતા, એટલું જ નહિ બંનેએ સંયુક્ત રીતે સિક્કાઓ પણ તૈયાર કરાવ્યા હતા.[૧૧૭] અઝીઝ રજો એ 'અઝીઝ ૧લાનો અનુગામી હતો એ સિક્કાઓથી સાબિત થયું છે[૧૧૮] તેમ જ વોનોનીસ જ્યારે સીસ્તાનમાં રાજ્ય કરતો હતો ત્યારે મોઅ

---

૧૧૧ જુઓ અગાઉની પાટી નં. ૧૦૪–૧૦૫.

૧૧૨ જુઓ અગાઉની પાટી નં. ૧૦૬.

૧૧૩ સ્ટેન કોનૌ, કોઈઈ, પુ. ૨, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૯૧–૯૪.

૧૧૪ ડોવસન, જરોએસો, ૧૮૭૫, પૃ. ૩૭૬થી અને ૧૮૭૭, પૃ. ૧૪૪થી; ફ્લીટ, જરોએસો ૧૯૦૩, ૧૯૦૫, ૧૯૦૬, ૧૯૦૭, ૧૯૦૮, ૧૯૧૩, ૧૯૧૪, ૧૯૧૫; ડેબ, એચ. કે. જરોએસો, ૧૯૨૨; પૃ. ૪૨; સરકાર, એઈયુ, પૃ. ૧૨૮.

૧૧૫ ટાર્ન, ગ્રીબેઈ, પૃ. ૪૯૪; રેપ્સન, કેહિઈ, પૃ. ૫૭૬.

૧૧૬ રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૨૯૯. આ બન્ને રાજાઓના હાથ નીચે અસ્પવર્મા નોકરી કરતો હતો (પંજાબ મ્યૂઝિયમ કેટલોગ, પૃ. ૧૫૦). એ હકીકતથી બંને સમકાલીન હોવાનું જણાય છે. જુઓ આગળનું લખાણ પૃ. ૪૫ અને ૪૬, પાટી. ૧૭૨.

૧૧૭ રેપ્સન, કેહિઈ, પૃ. ૫૭૩-૫૭૪; રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૨૯૯.

૧૧૮ રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૨૯૯-૩૦૦ તેમ જ આગળ પૃ. ૪૫-૪૬.

પંજાબમાં રાજ્ય કરતો હોવો જોઈએ એમ રાયચૌધરી નોંધે છે.[૧૧૯] વોનોનીસનો અનુગામી સ્પાલિરિસ હતો તેમ જ સ્પાલિરિસ અને અઝીઝ ૧લો સમકાલીન હતા.[૧૨૦] એ જોતાં મોઅને ગુદુહ્વરથી બે પેઢી જેટલો એટલે કે ૩૦ વર્ષ વહેલો મૂકવો જોઈએ અને તો ઉપર્યુક્ત વિદ્વાનોની વિક્રમ સંવત અંગેની દલીલો સ્વીકાર્ય બનતી નથી.

કેટલાક વિદ્વાનો આ વર્ષોને મોઅ સંવતનાં ગણે છે અને એનો આરંભ ઈ. પૂ. ૯૫થી થયેલો માને છે. આ રીતે જોતાં મોઅને ઈ. પૂ. ૧૭માં મૂકી શકાય;[૧૨૧] પરન્તુ મોઅ સંવતની દલીલ વિરોધાભાસી જણાય છે, કેમ કે ઈ. પૂ. ૯૫માં શરૂ થયેલા આ સંવતનો પ્રવર્તક જો મોઅ પોતે હોય તો પછી એના રાજ્યનો આરંભ પણ તે જ વર્ષથી મૂકવો જોઈએ, જે શકય લાગતું નથી.

કાર્પેન્ટિયર ઈ. પૂ. ૧૮૦ના આરંભકાળવાળા દિમિત્ર સંવતની વાત કરે છે.[૧૨૨] આ ગણતરીએ વર્ષ ૭૮નો તક્ષશિલાનો લેખ ઈ. પૂ. ૧૦૨માં મૂકવો પડે; અને તેથી મોઅનો રાજ્ય-અમલ પણ એટલામાં આવે, જે શકય નથી. વળી દિમિત્રે સેલ્યુસીડ સંવત વાપરેલો એટલે પરાજિત યવનોનો પ્રચલિત સંવત વિજેતા મોઅ ન વાપરે.[૧૨૩]

મિથ્રદાત રજા (ઈ. પૂ. ૧૨૩-૮૮)ની સામે શકોએ બળવો કર્યો એ બનાવ ધ્યાનમાં રાખીને જાયસ્વાલ ઈ. પૂ. ૧૨૦નો સંવત આ વર્ષોના સંદર્ભમાં મૂકે છે;[૧૨૪] પણ શકોનું પહ્લવ દેશ ઉપરનું આક્રમણ તો ઈ. પૂ. ૧૨૯માં થયાનું ટાર્નનું મંતવ્ય છે.[૧૨૫] એટલે જાયસ્વાલની ગણતરી મુજબ તો એ સંવતનો આરંભકાળ ઈ. પૂ. ૧૨૯(કે ઈ. પૂ. ૧૨૮)નો ગણવો જોઈએ. વળી મિથ્રદાત રજો બળવાન શાસક હતો એટલે એના સામ્રાજ્યમાં શકો માટે બીજો સળંગ સંવત પ્રવર્તાવવાની કોઈ શકયતા ન હતી.[૧૨૬]

---

૧૧૯ એજન, પૃ. ૨૯૯.

૧૨૦ અને તો આ રાજાઓની સમકાલીનતા—અનુકાલીનતા નીચે મુજબ મૂકી શકાય.

વોનોનિસ = મોઅ
|
સ્પાલિરિસ = અઝીઝ ૧લો.
|
અઝીઝ રજો = ગુદુહ્વર.

૧૨૧ માર્શલ આસઈ, ૧૯૧૨-૧૩ તેમ જ જરોએસો, ૧૯૧૪, પૃ. ૯૮૬; રામપ્રસાદ ચંદા, જરોએસો, ૧૯૨૦, પૃ. ૩૧૯.

૧૨૨ ઈએ, ૧૯૩૧, પૃ. ૭૮.

૧૨૩ ટાર્ન, ગ્રીબઈ, પૃ. ૪૯૫

૧૨૪ જબિઓરીઓ, પુ. ૧૬, ૧૯૩૦, પૃ. ૨૩૧, ૨૪૦.

૧૨૫ ગ્રીબઈ, પૃ. ૪૯૫.

૧૨૬ એજન.

બેનરજી આ વર્ષોને સીસ્તાનના પહ્લવ સંવતનાં ગણે છે.[૧૨૭] રેપ્સન પણ શરૂઆતમાં તેને પહ્લવ સંવતનાં વર્ષો ગણતા હતા.[૧૨૮] સીસ્તાનનો આ સંવત હકીકતમાં મિથ્રદાત ૧લાએ પોતાના સામ્રાજ્યમાં સીસ્તાનને સમાવી નવું રાજ્ય સ્થાપ્યું તેની યાદમાં શરૂ કર્યો હતો અને તો શકો પહ્લવોનો સંવત સામાન્ય રીતે વાપરે નહીં.[૧૨૯] વળી કલવાન લેખમાં સ્ટેન કોનો અને ટોમસને સ્પષ્ટતઃ "શક" શબ્દ વંચાયો છે.[૧૩૦] તેથી હવે રેપ્સન પણ આના અનુસંધાનમાં આ વર્ષો જૂના શક સંવતનાં હોવાનું મંતવ્ય ધરાવે છે.[૧૩૧]

મિથ્રદાત ૧લાએ ઈ. સ. ૧૫૦માં સીસ્તાનમાં નવું પહ્લવ રાજ્ય સ્થાપ્યું અને તેની યાદમાં તેણે આ સંવત પ્રવર્તાવ્યો એમ રેપ્સનનું મંતવ્ય છે.[૧૩૨] ટાર્ન આ જ બનાવના સંદર્ભમાં ઈ. પૂ. ૧૫૫ના સંવતની ચર્ચા કરે છે.[૧૩૩] માર્શલ આ બન્ને સંવતની શકયતા જુએ છે, પણ તે ટાર્નના મંતવ્ય ઉપર વિશેષ ભાર મૂકે છે.[૧૩૪] ફ્રેંચ લેખિકા ફ્રેન[૧૩૫] ઈ. પૂ. ૧૨૯ના સંવતની દલીલ કરે છે. એમની દલીલનો આધાર એ છે કે આ વર્ષે યુએચીઓએ આમૂદરયા નદી ઓળંગી તેમણે બાહ્લિકમાંથી યવન સત્તાને નિર્મૂળ કરી તેની યાદમાં તેમણે આ સંવત શરૂ કર્યો. આ સંવત મુજબ તક્ષશિલાનો વર્ષ ૭૮નો લેખ ઈ. પૂ. ૫૧માં આવે.

તક્ષશિલાના તામ્રપત્રમાં નોંધાયું છે કે લિયક કુસુલક મોઅનો સત્રપ હતો. આ લિયક કુસુલક એ વર્ષ ૬૮ના માનસેરાના લેખમાં[૧૩૬] ઉલ્લિખિત લાયક છે એમ રાયચૌધરી સૂચવે છે.[૧૩૭] આ તામ્રપત્ર પતિકનું છે અને જેનો ઉલ્લેખ મથુરાના સિંહસ્તંભ-લેખમાં પણ છે.[૧૩૮] આ સ્તંભલેખમાં મહાક્ષત્રપ રાજૂલ અને એના પુત્ર શોડાશનો ઉલ્લેખ છે. આ સ્તંભ-લેખના શોડાશને આમોહિનીના માનતાના પત્ર( Votive Tablets )માંના[૧૩૯] મહાક્ષત્રપ

---

૧૨૭ ઈએ, પુ. ૩૮, પૃ. ૬૭ (૧૯૦૮).

૧૨૮ કેહિઈ, પૃ. ૫૭૦.

૧૨૯ શકો અને પહ્લવો આમ એકબીજામાં એટલા બધા ભળી ગયેલા છે કે બન્નેને ભિન્ન રીતે ઓળખાવવા ઘણી વાર મુશ્કેલ બને છે. છતાં તેઓ એકબીજાના દુશ્મનો હતા એ પણ ન ભૂલવું જોઈએ. તેથી શક રાજા પહ્લવ સંવત વાપરે નહીં એ સ્વાભાવિક છે ( ટાર્ન, ગ્રીબઈ, પૃ. ૪૯૪ ).

૧૩૦ જર્ઈહિ; પુ. ૧, પૃ. ૫૭૦.

૧૩૧ જરોએસો, ૧૯૩૦, પૃ. ૧૮૬, ૧૯૩.

૧૩૨ કેહિઈ, પૃ. ૫૭૦.

૧૩૩ ગ્રીબઈ, પૃ. ૪૯૪, ૫૦૨, ટાર્નની દલીલો માટે જુઓ. એજન, પરિશિષ્ટ, નં. ૧૬.

૧૩૪ તક્ષશિલા, પુ. ૧, પૃ. ૪૫.

૧૩૫ સીપી, પ્રકરણ ૨જું.

૧૩૬ કોઈઈ, પુ. ૨, પૃ. ૧૮થી.

૧૩૭ પોહિએઈ, પૃ. ૪૪૪, પાટી ૩; એઈ., પુ. ૨૧, પૃ. ૨૫૭.

૧૩૮ કોઈઈ, પુ. ૨, પૃ. ૩૦થી.

૧૩૯ એજન.

શોડાશ સાથે સરખાવે છે. આ માનતાના પત્રલેખનો સમય તેની કોતરણીના આધારે માર્શલ ઈસ્વી સનની શરૂઆતમાં મૂકે છે.[૧૪૦] પતિક શોડાસનો સમકાલીન હતો.[૧૪૧] આ શોડાશે ગંગા–જમનાના પ્રદેશમાં રહેતા કુણિન્દોને હરાવેલા.[૧૪૨] સિક્કાઓની લિપિના આધારે કુણિન્દ ગણરાજ્ય ઈસ્વી સન પૂર્વે બીજી–પહેલી સદીમાં અસ્તિત્વમાં હતું.[૧૪૫] આથી એવું ફલિત થાય કે શોડાશ ઈ. પૂ.ની પહેલી સદીના કોઈ ભાગમાં ખાસ કરીને ઉત્તરાર્ધમાં થઈ ગયો હોય, અને તો શોડાશના સમકાલીન પતિકને પણ ઈસ્વી સન પૂર્વેની પહેલી સદીના ઉત્તરાર્ધમાં મૂકી શકાય. આ ગણતરી મુજબ પતિકના પિતા લિયક કુસુલકને ઈસુ પૂર્વેની પહેલી સદીના મધ્ય ભાગમાં મૂકી શકાય; તો પછી તે જેનો સત્રપ હતો તે મોઅ પણ આ સમયમાં થયો હોવાની સંભાવના થઈ શકે.

ઉપર્યુક્ત ચર્ચાનું સંકલન કરતાં ફ્રેન, રેપ્સન અને ટાર્નનાં મંતવ્યો વધારે સંભવિત જણાય છે. વર્ષ ૫૮ના મૈર લેખ અને વર્ષ ૭૮ના તક્ષશિલાના તામ્રપત્ર લેખ ને ફ્રેને સૂચવેલા ઈ. પૂ. ૧૨૯ના સંવત અનુસાર[૧૪૪] તે વર્ષો અનુક્રમે ઈ. પૂ. ૭૧ અને ઈ. સ. પૂ. ૫૧માં આવે; રેપ્સનના મત મુજબ[૧૪૫] તે વર્ષો અનુક્રમે ઈ. પૂ. ૯૨ અને ઈ. પૂ. ૭૨માં આવે, જ્યારે ટાર્નના મત મુજબ[૧૪૬] તે વર્ષો અનુક્રમે ઈ. પૂ. ૯૭ અને ઈ. પૂ. ૭૭માં આવે.

આમ આ ત્રણેય વિદ્વાનોએ સૂચવેલા સંવત અનુસાર તેમ જ મોઅ, પતિક, લિયક કુસુલકના સંદર્ભમાં ઉપર સૂચવેલા સમય અનુસાર[૧૪૭] ભારતના પ્રથમ શક રાજા મોઅને આથી **ઈસુ પૂર્વેની પહેલી સદીના ઉત્તરાર્ધમાં મૂકી શકીએ.**

## અય (અઝીઝ) ૧લો :

મોઅ પછી પંજાબની ગાદી ઉપર તેના ઉત્તરાધિકારી તરીકે અય[૧૪૮] આવ્યો એમ

---

૧૪૦ રેપ્સન, કેહિઈ, પૃ. ૬૩૩.

૧૪૧ સુધાકર, પૃ. ૩૧.

૧૪૨ ગાર્ગ્ય સંહિતાના યુગ પુરાણમાં આ ઉલ્લેખ છે (જબિઓરીસો, ૧૯૨૮, પૃ. ૪૧૪).

૧૪૩ ઉપાધ્યાય, વાસુદેવ, ભાસિ, પૃ. ૯, ૨૩ અને ૮૨.

૧૪૪ સીપી, પ્રકરણ બીજું.

૧૪૫ ઈ. પૂ. ૧૫૦થી આરંભાયેલા સંવત (કેહિઇ, પૃ. ૫૭૦).

૧૪૬ ઈ. પૂ. ૧૫૫નો સંવત (ગ્રીબઈ, પૃ. ૪૯૪–૫૦૨)

૧૪૭ જુઓ અગાઉનું પૃ. ૪૯.

૧૪૮ અય શક હતો કે પહ્લવ એ એક ચર્ચાસ્પદ પ્રશ્ન છે. સ્ટેન કોનૌના મતે અય પહ્લવ હતો, કેમ કે તે વોનોનિસનો સંબંધી હતો અને વોનોનિસ પહ્લવ હતો માટે (જઈહિ, પુ. ૧૨, પૃ. ૨૪). રેપ્સન ગાર્ડનર વગેરે અયને શક જાતિનો માને છે (સુધાકર, પૃ. ૩૨). ટાર્ન વોનોનિસને પહ્લવ અને અયને શક તરીકે ઓળખાવે છે (ગ્રીબઈ, પૃ. ૩૪૫). માર્શલ ટાર્નના મતને અનુસરે છે (તક્ષશિલા, પુ. ૧, વોનોનિસ શક હતો.........અને તેથી અય પણ શક હતો (શકસ ઇન ઇન્ડિયા, પૃ. ૩૨)

સિક્કાઓ પરથી જણાય છે. વિદ્વાનો બે અય હોવાનું અનુમાન કરે છે,[૧૪૯] પરંતુ એના સાપેક્ષ કાલક્રમ વિશે મતભેદ રહેલો છે. અય ૧લા અને અય ૨જાના સિક્કાઓ સ્પષ્ટતઃ જુદા જુદા પ્રકારના મળે છે. પહેલા પ્રકારના સિક્કાના અગ્રભાગમાં ગ્રીક લિપિમાં અયનું અને પૃષ્ઠ ભાગમાં ખરોષ્ઠી લિપિમાં અયિલિષ (કે એઝિલિષ[૧૫૦])નું નામ કોતરેલું છે. બીજા પ્રકારના સિક્કાના અગ્રભાગમાં ગ્રીક લિપિમાં અયિલિષનું અને પૃષ્ઠ ભાગમાં ખરોષ્ઠી લિપિમાં અયનું નામ જોવા મળે છે. આ ઉપરથી ફલિત થાય છે કે અય ૧લા પછી અયિલિષ ગાદીએ આવ્યો અને અયિલિષના ઉત્તરાધિકારી તરીકે અય ૨જો આવ્યો.[૧૫૧] એક સુવર્ણ સિક્કાના આધારે આ વંશમાં અઠમ નામનો એક રાજા થઈ ગયો એમ વ્હાઈટહેડ સૂચવે છે.[૧૫૨] પરંતુ તક્ષશિલાના રાજાઓનાં નામનાં ગ્રીક રૂપોનાં અંગ્રેજી રૂપાંતરો મુજબનો અન્ત્યાક્ષર[૧૫૩] આ નામમાં નથી, એટલે અઠમ આ વંશમાં થયો હોવાની સંભાવના નિશ્ચિત થઈ શકી નથી.[૧૫૪]

## પંજાબનું ક્ષત્રપ રાજ્ય :

પંજાબના ક્ષત્રપોનાં ત્રણ કુટુંબ હતાં : (૧) કુસુલુઅ કે કુસુલુકનું કુટુંબ, (૨) મણિગુલ કે મનુગુલનું કુટુંબ અને (૩) ઇન્દ્રવર્માનું કુટુંબ.[૧૫૫]

## કુસુલુક કુટુંબ :

વર્ષ ૭૮ના તક્ષશિલાના તામ્રપત્ર લેખથી જણાય છે કે શક રાજા મોઅના સત્રપ તરીકે લિયક કુસુલુક હતો અને એનો પુત્ર પતિક મહાદાનપતિ હતો.[૧૫૬] આ લેખમાં લિયક કુસુલુકને[૧૫૭]

---

૧૪૯ અને એમાં અય ૧લો એ મોઅનો નહીં પણ સ્પાલિરિસનો ઉત્તરાધિકારી હતો તેમ જ મોઅ અય ૨જા પછી ગાદીએ આવ્યો એમ કહે છે ( રાયચૌધરી, પોહિએઇ, પૃ. ૪૪૦ ); પરંતુ અય ૨જા અને ગુદુહ્વરની સમકાલીનતા જોતાં આ વિધાન સ્વીકારી શકાય નહિ; કેમ કે બન્ને મોઅ પછી આવે (એજન). કેટલાક મોઅને અય ૧લા અને અય ૨જાની વચ્ચે મૂકવાનું સૂચવે છે, પરંતુ સિક્કાઓથી અય ૧લાના અનુગામી તરીકે અય ૨જાનું સ્થાન નિશ્ચિત થયું છે. એટલે મોઅ કાં તો અય ૧લા પહેલાં કે અય ૨જા પછી આવી શકે; પરન્તુ અગાઉ જોયું કે મોઅ અય ૨જા પછી ક્યારેય સંભવી શકે નહિ અને તેથી તે અય ૧લાની પૂર્વે જ હોઈ શકે. (એજન).

૧૫૦ મૂળમાં અયિલિષ છે અને અંગ્રેજીમાં Azilises લખાય છે.

૧૫૧ રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૪૧-૪૪૨ અને ચટ્ટોપાધ્યાય, અહિનોઈ, પૃ. ૫૩.

૧૫૨ જુઓ રાયચૌધરી, એજન, પૃ. ૪૪૨ અને ચટ્ટોપાધ્યાય, એજન, પૃ. ૫૩ ઉપર.

૧૫૩ દા. ત. Mautes; Aztes; Azilises વગેરે.

૧૫૪ ચટ્ટોપાધ્યાય, એજન, પૃ. ૫૩.

૧૫૫ રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૪૪-૪૪૫.

૧૫૬ એઈ. પુ. ૨૧, પૃ. ૨૫૭; જરોએસો, ૧૯૩૨, પૃ. ૯૫૩ ઉપરની પાદટીપ.

૧૫૭ તક્ષશિલાના તામ્રપત્રથી અને ઝેડના લેખથી બે લાયક હોવાનું સૂચવાયું છે ( કોઈઈ, પુ. ૨, ભા. ૧, પૃ. ૧૪૫). માનશેરાના વર્ષ ૬૮ના લેખમાં લિય(ક)નો ઉલ્લેખ છે અને તેને પતિકના પિતા સાથે સરખાવી શકાય (એઈ, પુ. ૨૧, પૃ. ૨૫૭).

ક્ષહરાત તરીકે અને ચુખ્સ(આધુનિક ચચ, જે તક્ષશિલાની પશ્ચિમે આવેલું છે[૧૫૮])ના ક્ષત્રપ તરીકે ઓળખાવ્યો છે.[૧૫૯] મથુરાના સિંહસ્તંભલેખમાં પતિકને[૧૬૦] મહાક્ષત્રપ તરીકે ઓળખાવ્યો છે. કુસુલુક કુટુંબના સભ્યો મથુરાના ક્ષત્રપો સાથે સંબંધ ધરાવતા હતા.[૧૬૧]

## મણિગુલ કુટુંબ :

અય રાજાના રાજ્યકાલ દરમ્યાન પુષ્કલાવતીમાં મણિગુલ કુટુંબના સત્રપો હતા એમ સિક્કાઓને આધારે માનવામાં આવે છે.[૧૬૨] તક્ષશિલાના વર્ષ ૧૯૧ના ચાંદીના વાસણ ઉપરના લેખથી જણાય છે કે મણિગુલનો પુત્ર જિહોણિક(તક્ષશિલા નજીક આવેલ ચુખ્સ)નો ક્ષત્રપ હતો.[૧૬૩] ટાર્ન માને છે કે જિહોણિક પહ્લવ રાજા ગુદુહ્વરનો ભત્રીજો અને સત્રપ હતો, જે ગુદુહ્વર અય રાજાનો સમકાલીન હતો.[૧૬૪] સિક્કાઓ ઉપર લેખ આ પ્રમાણે છે : "मणिगुलस सत्रपस जिहाणियस".[૧૬૫] આથી જિહોણિસ એ મણિગુલનો સત્રપ હોવાનું સૂચવાય છે. વર્ષ ૧૯૧નો જિહોણિકનો જે લેખ તક્ષશિલામાંથી માર્શલને ૧૯૨૭માં મળ્યો છે તેમાં "महरज...

---

૧૫૮ સ્ટેઈન આમ માને છે (જુઓ રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૪૪, પાટી. ૨). ઉપરાંત જુઓ કનિંગહામ, એજયોઈ પૃ. ૬૩, ૧૨૬.

૧૫૯ સ્ટેન કોનો, કોઈઈ, પુ. ૨, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૩૨.

૧૬૦ ફ્લીટ બે પતિક હોવાનું માને છે (જરોએસો, ૧૯૦૭) પૃ. ૧૦૩૫ અને ૧૯૧૩, પૃ. ૧૦૦૧); જ્યારે માર્શલ (જરોએસો, ૧૯૧૪, પૃ. ૯૭૯થી) એક જ પતિક હોવાનું કહે છે. સ્ટેન કોનો પણ તક્ષશિલાના લેખવાળા મહાદાનપતિ પતિક અને મથુરાના સિંહસ્તંભવાળા લેખના મહાક્ષત્રપ પતિક બંનેને એક જ માને છે (કોઈઈ, પુ. ૨, ભાગ ૧, પ્રસ્તાવના પૃ. ૩૩). બન્નેના નામની સામ્યતા, બંને બૌદ્ધધર્મી અને બંનેના હોદ્દાના સંદર્ભમાં ડૉ. સુધાકર પણ બંને પતિકને એક જ હોવાનું સૂચવે છે (પૃ. ૩૧, પાટી. ૨૪).

૧૬૧ મથુરાનો સિંહસ્તંભ લેખ નં. ૭ (સરકાર, સીઈ, પૃ. ૧૧૫) અને રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૪૪.

૧૬૨ રેપ્સન, ઇન્ડિયન કોઇન્સ, પૃ. ૯; રાયચૌધરી, એજન, પૃ. ૪૪૪. જિહોણિકના સિક્કા શુદ્ધ ચાંદીના હતા, જ્યારે અય રાજાના રાજ્યકાલ દરમ્યાનથી ચાંદીના સિક્કાની શુદ્ધતા ઘટતી જતી હતી. ગુદુહ્વરનો એક પણ ચાંદીનો સિક્કો મળ્યો નથી. તેથી સાબિત થાય છે કે મણિગુલ કુટુંબના સભ્યો અય ૧લાના સત્રપો હતા (સુધાકર, પૃ. ૩૫, પાટી ૪૭).

૧૬૩ માર્શલે આ લેખ ૧૯૨૭માં શોધી કાઢેલો (જરોએસો, ૧૯૨૮, પૃ. ૧૩૭થી) તેમ જ સ્ટેન કોનો, કોઈઈ, પુ. ૨, ભા. ૧, પૃ. ૮૧થી.

૧૬૪ ગ્રીબઈ, પૃ. ૩૫૩થી.

૧૬૫ ચટ્ટોપાધ્યાય, અહિનોઈ, પૃ. ૬૭.

स[૧૬૬] पुत्रस जिहोणिकस चुक्षस सत्रपस" આવું લખાણ છે.[૧૬૭] આથી જિહોણિકસ અને જિહોણિયસ બન્ને ભિન્ન વ્યક્તિઓ લાગે છે.[૧૬૮]

### ઇન્દ્રવર્માનું કુટુંબ :

ઇન્દ્રવર્માના કુટુંબમાં ઇન્દ્રવર્મા[૧૬૯] પોતે, તેનો પુત્ર અસ્પવર્મા અને એના ભત્રીજા સસનો સમાવેશ થાય છે. અસ્પવર્મા શરૂઆતમાં અય રજાના અને પછી ગુદુહ્વરના રાજપાલ તરીકે કાર્ય કરતો હતો; જ્યારે સસ ગુદુહ્વર અને પકોર( Pakores )ના રાજપાલ તરીકે હતો.[૧૭૦]

### મથુરાના ક્ષત્રપો :

મથુરા ઉપર શકોએ ક્યારે અને કેવી રીતે આધિપત્ય જમાવ્યું તે નક્કી કરવું મુશ્કેલ છે. એક મત મુજબ શકો સિંધુના પ્રદેશમાંથી આગળ વધતાં કદાચ માળવાથી અજમેર થઈ સીધા મથુરા ગયા હોય.[૧૭૧] બીજા મત મુજબ જ્યારે વિક્રમાદિત્ય( ઈ. પૂ. ૫૮ )ની સરદારી નીચે માળવા સ્વતંત્ર થયું, ત્યારે માળવાના શક અધિકારીઓએ મથુરા જઈ ત્યાં રાજ્ય સ્થાપ્યું હોય.[૧૭૨] શકોના જે સિક્કાઓ મથુરામાંથી મળ્યા છે, તેમાં તેની બનાવટમાં શુંગોના પાંચાલ ( અહિચ્છત્ર ) અને મથુરાની પદ્ધતિના સિક્કાનું અનુકરણ જણાય છે.[૧૭૩] આથી એમ સૂચિત થાય છે કે શુંગો પાસેથી શકોએ મથુરાની સત્તા મેળવી હોય.[૧૭૪] "રાજતિરાજ" મોઅ પછી

---

૧૬૬ સ્ટેન કોનૌ "महरज....स"ને "महरजभ्रात मणिगुलस" એમ વાંચે છે (જુઓ સરકાર, સીઈ, પૃ. ૧૩૧, પાટી ૩ ) જે શકય લાગતું નથી.

૧૬૭ જુઓ પાટી. ૧૬૫.

૧૬૮ આથી આમ ગોઠવી શકાય :

મણિગલ
|
જિહોણિય( ક ) ૧લો
|
મહારાજ
|
જિહોણિક રજો

૧૬૯ ઇન્દ્રવર્માને ઇન્દ્રવર્મા તરીકે ઓળખાવવામાં આવે છે. ઇન્દ્રવર્મા એ વિજયમિત્રનો પુત્ર હતો. વળી વિજયમિત્રને વિયકમિત્ર (જે મિનેન્ડરનો સામંત હતો) સાથે શિંકોહના લેખને આધારે સરખાવવામાં આવે છે ( ન્યૂમિસ્મેટીક ક્રોનિકલ, ૧૯૪૪, પૃ. ૯૯–૧૦૪; ઇન્ડિયન કલ્ચર, પુ. ૧૪, પૃ. ૨૦૫થી; સુધાકર, પ્ર. ૩૫ અને રાયચૌધરી, પોહિએઈ ( પૃ. ૪૪૫, પાટી. ૪ ).

૧૭૦ રાયચૌધરી, પોહિએઇ, પૃ. ૪૪૫.

૧૭૧ ટાર્ન, ગ્રીબેઈ; પૃ. ૩૨૫.

૧૭૨ કોનૌ, જઇહિ, પુ. ૧૨, પૃ. ૨૩.

૧૭૩ રેપ્સન, ઇન્ડિયન કોઇન્સ, પૃ. ૩૩, ૫૨, ૫૩.

૧૭૪ વિદ્યાલંકાર, ભાઇરુ, પૃ. ૭૬૪. શકોનું આક્રમણ શુંગોના સમયમાં થયાનો ઉલ્લેખ યુગપુરાણમાં છે, ( જુઓ પૃ. ૪૩, પાટી નં. ૧૪૪ ).

"શાહાનુશાહી" ખરોષ્ઠ થયો હોય એમ સ્વીકારીએ તો એમ કહી શકાય કે મોઅના રાજ્ય-અમલ દરમ્યાન કે પછી નજીકના ગાળામાં શકોએ મથુરામાં સત્તા સ્થાપી હોય;[૧૭૫] મથુરાના ક્ષત્રપો અને તક્ષશિલાના શકો વચ્ચેના સંબંધ વિશે કાંઈ માહિતી નથી.[૧૭૬]

ઈ. સ. ૧૮૯૬માં ભગવાનલાલ ઇન્દ્રજીએ મથુરામાંના સીતલા માતાના મંદિરના દાદર નીચેથી એક સિંહસ્તંભ શોધી કાઢેલો, જેમાં સિંહની આકૃતિની આસપાસ કેટલીક પંક્તિઓ ખરોષ્ઠી લિપિમાં કોતરેલી હતી. મથુરાના શકોના ઇતિહાસ માટે આ લેખ[૧૭૭] મહત્ત્વની વીગતો રજૂ કરતો હોવાનો સંભવ છે; પણ કમનસીબે લેખ સંપૂર્ણ ઉકેલી શકાયો નથી. છતાં સ્ટેન કોનૌએ થોડોઘણો ઉકેલ્યો છે. [૧૭૮] આ લેખમાં મથુરામાં રાજ્ય કરતા રાજાઓનાં અને અન્ય પ્રદેશના રાજાઓનાં નામ ઉલ્લિખિત છે. લેખ આ મુજબ છે.[૧૭૯] "महक्ष(त्र)पस रजुलुस अग्रमहेषि अयसिअकमु(स) अ वित्र रंओस्तस ए युवरल मत्र नदिदि (सि)अकस।"

આ લેખમાંના લખાણના અર્થતારણ વિષે મતભેદ રહેલો છે. કોનૌના અર્થઘટન પ્રમાણે રાજુલ એ ખરોષ્ટનો જમાઈ થાય અને શોડાશ એ રાજુલનો પુત્ર થાય;[૧૮૦] પણ ટોમસ આનાથી ભિન્ન અર્થઘટન કરે છે: નંદીસીઅકસ એ મહાક્ષત્રપ રાજુલની પત્ની, અયસી કમુસની પુત્રી અને યુવરાજ ખરોષ્ટની માતા.[૧૮૧] ટોમસનું આ અર્થઘટન લગભગ બધા વિદ્વાનો સ્વીકારે છે.

આ ચર્ચાથી જણાય છે ખરોષ્ટ એ રાજુલનો પુત્ર હતો અને સંભવતઃ તે પિતાના રાજ્ય-

---

૧૭૫ સુધાકર, પૃ. ૪૩.

૧૭૬ જુઓ અગાઉનું પૃ. ૫૨, પાદટીપ નં. ૧૬૩.

૧૭૭ અત્યારે આ લેખ લંડન મ્યૂઝિયમમાં બૌદ્ધ વિભાગમાં સુરક્ષિત છે.

૧૭૮ કોઈઈ, પુ. ૨, ભા. ૧, પૃ. ૪૮–૪૯.

૧૭૯ સરકાર, સીઈ, પૃ. ૧૨૨.

૧૮૦ કોઈઈ, પુ. ૩, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૩૬થી અને ૪૭.

ખરોષ્ટ
|
નંદસીઅકસ = રાજુલ
|
શોડાશ

જોકે કોનૌનો આ મત સ્વીકાર્ય નથી.

૧૮૧ એઈ. પુ. ૯, પૃ. ૧૪૧થી.

અયસિ કમુસ.
|
મક્ષ રાજુલ = નંદસીઅકસ. (પુત્રી)
|
યુવરાજ—ખરોષ્ટ

અમલ દરમ્યાન ગુજરી ગયેલો હોવો જોઈએ, જેથી રાજુલના ઉત્તરાધિકારી તરીકે તેનો ભાઈ ક્ષત્રપ શોડાશ આવ્યો.[૧૮૨]

સિક્કાઓ અને શિલાલેખોને આધારે રાજુલ[૧૮૩] વિશેની હકીકત જાણવા મળે છે. મથુરાના સિંહસ્તંભ પરના ખરોષ્ઠી લેખોમાં તેમ જ મથુરા નજીકના મોર ગામના એક લેખમાં (જે હાલ મથુરા મ્યૂઝિયમમાં છે) તેને મહાક્ષત્રપ તરીકે ઓળખાવ્યો છે, જ્યારે ગ્રીક લેખવાળા તેના કેટલાક સિક્કાઓમાં તે "શાહાનુશાહી" તરીકે જોવા મળે છે.[૧૮૪]

રાજુલના સિક્કાઓ સ્ટ્રેટો ૧લા અને ૨જાના જેવા જ છે, તેથી રાજુલે તેના રાજ્ય-કાળનો આરંભ પૂર્વ પંજાબમાં કરેલો હોવાનો સંભવ છે;[૧૮૫] જ્યારે મથુરા ઉપરનો તેનો અધિકાર તેના રાજ્યકાળના ઉત્તરાર્ધમાં[૧૮૬] જોવા મળે છે.[૧૮૭]

મથુરામાંથી રાજુલના ઘણા સિક્કાઓ મળી આવ્યા છે, જ્યારે કેટલાક તાંબાના સિક્કાઓ પૂર્વ પંજાબમાંથી પણ મળ્યા છે.[૧૮૮] આથી કહી શકાય કે તેના રાજ્યવિસ્તારમાં પૂર્વ પંજાબ અને મથુરાનો સમાવેશ થાય છે.[૧૮૯]

રાજુલ પછી તેનો પુત્ર શોડાશ[૧૯૦] ગાદીપતિ બન્યો. મથુરામાંથી શોડાશના સિક્કા અને

---

૧૮૨ "क्षत्रपस खरोष्टस अर्तस पुत्रस" ખરોષ્ઠીમાં લખેલા આવા લેખવાળા કેટલાક સિક્કાઓ મળ્યા છે. આથી ફલિત થાય છે કે ખરોષ્ઠને અર્ત નામનો પુત્ર હતો, જે કાકા શોડાશના સમયમાં ક્ષત્રપ બન્યો હતો; અને ઉપર્યુક્ત સિક્કાઓ પડાવ્યા હતા (સુધાકર, પૃ. ૪૩). સ્ટેન કોનૌ આ લેખનું અર્થ-ઘટન જુદું જ કરે છે. તેમના મતે ખરોષ્ઠ રાજુલનો પુત્ર નહીં પણ અર્તનો પુત્ર હતો (કોઈઈ, પુ. ૨, ભા. ૧. પ્રસ્તાવના ૩૫).

૧૮૩ રાજુવુલ, રંજુબુલ, રજુલ એમ એનાં વિવિધ નામ સિક્કાઓ અને શિલાલેખોમાં જોવા મળે છે.

૧૮૪ રાયચૌધરી, પોહિએઈ, પૃ. ૪૪૫-૪૪૬.

૧૮૫ રાયચૌધરી, એજન, પૃ. ૪૪૫; સુધાકર, પૃ. ૪૪.

૧૮૬ એટલે જ્યારે રાજુલ પૂર્વ પંજાબમાં હતો ત્યારે મથુરા હગામશ અને હગાનના સંયુક્ત અધિકાર નીચે હતું એમ માની શકાય. રાયચૌધરી નોંધે છે કે હગામશ અને હગાનના ઉત્તરાધિકારી તરીકે રાજુલ મથુરાની ગાદી ઉપર આવ્યો (પોહિએઈ, પૃ. ૪૪૫) એટલે મથુરાના શરૂઆતના શક રાજાઓ આ હતા એમ સૂચવાય.

૧૮૭ એલન, કેટેલોગ ઑફ ઇન્ડિયન કોઈન્સ, એશિયન્ટ ઇન્ડિયા, પૃ. ૧૫૫; સુધાકર પૃ. ૪૪.

૧૮૮ સુધાકર, પૃ. ૪૪.

૧૮૯ કનિંગહામ, કોઈન્સ ઑફ ધી શકસ, પૃ. ૨૬.

૧૯૦ શોડશ પહેલાં તેનો ભાઈ યુવરાજ ખરોષ્ટ આવેલો, પણ તે રાજુલની હયાતીમાં જ ગુજરી ગયેલો હોવાથી રાજુલના ક્ષત્રપ તરીકે ચોક્કસ નીમાયો. રાજુલના પછી મહાક્ષત્રપ બન્યો. અને તેના ક્ષત્રપ તરીકે ખરોષ્ટનો પુત્ર અર્ત્ર આવ્યો.

શિલાલેખો બન્ને મળ્યા છે. સિક્કાઓ તેને માત્ર "ક્ષત્રપ" તરીકે ઓળખાવે છે[૧૯૧] જ્યારે વર્ષ ૭૨નો આમોહિનીનો માનતાનો લેખ તેને "મહાક્ષત્રપ" તરીકે વર્ણવે છે.[૧૯૨] પૂર્વ પંજાબમાંથી તેનો એક પણ સિક્કો મળ્યો નથી. તેથી કહી શકાય કે તેનો રાજ્યવિસ્તાર મથુરા અને તેની આસપાસ પૂરતો સિમિત હતો.[૧૯૩] આમોહિનીના લેખને માર્શલ ઈસ્વી સનની શરૂઆતમાં મૂકે છે.[૧૯૪] કોનૌ તેને વિક્રમ સંવતનો હોવાનું માને છે અને તેથી વર્ષ ૭૨ = ઈ. સ. ૧૫ આવે.[૧૯૫]

મથુરાના શકોએ પૂર્વ પંજાબને જીતી તે ઉપર વર્ચસ્વ જમાવેલું અને કુણિન્દ ગણ-રાજ્યને[૧૯૬] પણ હરાવેલું એમ ગાર્ગ્યસંહિતાના યુગપુરાણમાં નોંધ્યું છે.[૧૯૭] શોડાશે જે મહા-ક્ષત્રપપદ ધારણ કર્યું હતું તે આ વિજયના પરિણામરૂપ હોવાનો સંભવ છે.[૧૯૮]

## પશ્ચિમ ભારતનું શક રાજ્ય :

શકોએ પશ્ચિમ ભારતમાં પણ સ્વતંત્ર સત્તા સ્થાપી હતી. આ શકો ઇતિહાસમાં 'પશ્ચિમી ક્ષત્રપો' તરીકે ખ્યાત છે. પ્રાપ્ત થયેલા ચાંદીના અસંખ્ય સિક્કાઓ આ રાજાઓની વંશાવળીઓ અને સાલવારી તૈયાર કરવામાં અત્યંત ઉપયોગી સાધન ગણાય છે. આ રાજાઓના થોડાએક શિલાલેખો પણ મળી આવ્યા છે. સિક્કાઓ અને શિલાલેખો પરથી ક્ષહરાત વંશ અને કાર્દમક (કે ચાષ્ટન) વંશની માહિતી મળે છે. ક્ષહરાત વંશમાં ભૂમક અને નહપાન એમ બે રાજાઓ વિશે માહિતી પ્રાપ્ત થાય છે. ચાષ્ટનથી શરૂ થતા બીજા વંશમાં વીસ રાજાઓ થઈ ગયા. રાજા મહાક્ષત્રપ રુદ્રદામા ૧લો અતિ શક્તિશાળી અને પ્રતાપી રાજા હતો. એના રાજ્યઅમલ દરમિયાન એના રાજ્યનો વિસ્તાર અર્વાચીન સ્થળનામોની ભાષામાં ઉત્તરે મુલતાન સુધી, દક્ષિણમાં અનૂપ (માહિષ્મતી) સુધી, તો પૂર્વમાં માલવા સુધી અને પશ્ચિમમાં દરિયા-કિનારા (એટલે સિન્ધ, કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનો દરિયા કાંઠો) સુધી હતો. વિશ્વસેન આ વંશનો છેલ્લો રાજા હતો. ચાષ્ટન વંશની સળંગ વંશાવળી પછી કુલ ચાર

---

૧૯૧ "महाक्षत्रपस पुत्रस क्षत्रपस संदसस" મથુરાના સિંહસ્તંભ પરના "આ" લેખમાં તેને "ક્ષત્રપ" તરીકે ઓળખાવ્યો છે.

૧૯૨ એઈ, પુ. ૨, પૃ. ૧૯૯; પુ. ૯, પૃ. ૨૪૩-૪૪ અને પુ. ૨૧, પૃ. ૨૫૭થી.

૧૯૩ સુધાકર, પૃ. ૪૪.

૧૯૪ કેહિઈ, પૃ. ૬૩૩.

૧૯૫ કોઈઈ, પુ. ૨, ભા. ૧, પ્રસ્તાવના પૃ. ૩૪, સુધાકર, પૃ. ૨૯.

૧૯૬ કુણિન્દોનું ગણરાજ્ય ગંગા-જમનાના પ્રદેશમાં (હાલના સહરાનપુર અને અંબાલા જિલ્લામાં) હતું.

૧૯૭ જુઓ અગાઉ પૃ. ૪૩, પાટી. ૧૪૪.

૧૯૮ વિદ્યાલંકાર, ભાઈરુ, પૃ. ૭૬૭. અત્રે નોંધવું જરૂરી છે કે કુણિન્દ ગણરાજ્યના સિક્કાઓ ઈ. પૂ. ૧૦૦ પછી એકાએક બંધ થયેલા અને ફરી પાછાં થોડા સમય બાદ પુનઃ શરૂ થયેલા (એજન.)

જણ્યાએ[૧૯૯] સંબંધ તૂટેલો જણાય છે; જેમાંના એકનું કુલ જુદુ હોવાનું જણાય છે. શેષ ત્રણ કુલોના સંબંધો એકેય બાજુથી કશું જ ચોક્કસપણે કહી શકાય એવી સામગ્રી કે પુરાવાઓ પ્રાપ્ત થતા નથી. પશ્ચિમી ક્ષત્રપોમાં કુલ ત્રીસ રાજાઓ થઈ ગયા અને તેમણે ઈસ્વી સન ૮૪ થી ૩૯૮ સુધી પશ્ચિમ ભારતના કેટલાક પ્રદેશો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું.[૨૦૦]

## સંક્ષેપસૂચિ

| | | |
|---|---|---|
| અએસેએ | : | ધી અર્લી એમ્પાયર્સ ઑફ સેન્ટ્રલ એશિયા. |
| અહિઈ | : | ધી અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા, ઑક્સફર્ડ, ૧૯૫૭. |
| અહિનોઈ | : | અર્લી હિસ્ટરી ઑફ નૉર્થ ઇન્ડિયા, કલકત્તા, ૧૯૫૮. |
| આસઈ, મેમોયર્સ | : | આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, મેમોયર્સ, નં. ૩૪, ૧૯૨૮. |
| ઈએ | : | ઇન્ડિયન એન્ટીકવેરી |
| ઉપાયન-પર્વ | : | જ્યૉગ્રોફિકલ ઍન્ડ ઇકોનોમિક સ્ટડીઝ ઇન ધી ઉપાયન પર્વ, લખનૌ, ૧૯૪૫. |
| એઈ | : | એપિગ્રાફિકા ઇન્ડિકા |
| એઈયુ | : | ધી એઈજ ઑફ ઇમ્પીરિયલ યુનિટી, મુંબઈ, ૧૯૬૦. |
| એજ્યૉઈ | : | એન્શિયન્ટ જ્યૉગ્રોફી ઑફ ઇન્ડિયા, કલકત્તા, ૧૯૨૪. |
| એન્સા. બ્રિટા. | : | એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકા, આવૃત્તિ અગિયારમી. |
| કેહિઈ | : | કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ઇન્ડિયા, પુ. ૧, લંડન, ૧૯૨૨. |
| કોઈઈ | : | કૉર્પસ ઇન્સ્ક્રિપ્શનમ્ ઇન્ડિકેરમ્ |
| ગ્રીબેઈ | : | ધી ગ્રીક્સ ઇન બેક્ટ્રિયા ઍન્ડ ઇન્ડિયા, કેમ્બ્રિજ, ૧૯૩૮. |
| જઈહિ | : | જર્નલ ઑફ ઇન્ડિયન હિસ્ટરી. |
| જબિઓરીસો | : | જર્નલ ઑફ બિહાર-ઓરિસા રીસર્ચ સોસાયટી. |
| જરોએસો | : | જર્નલ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ બૅંગાલ. |
| પાએઈ | : | પારસિસ ઑફ એન્શિયન્ટ ઇન્ડિયા, મુંબઈ, ૧૯૨૦ |

---

૧૯૯ ચાષ્ટન વંશના છેલ્લા રાજા વિશ્વસેન પછી સિક્કા પરથી સ્વામી જીવદામાનું નામ જાણવા મળે છે. એનો પુત્ર રુદ્રસિંહ ૨જો અને પૌત્ર યશોદામા ૨જો રાજાઓ હતા. પછી સિક્કાઓ પરથી રુદ્રદામા ૨જો અને રુદ્રસેન ૩જાની માહિતી પ્રાપ્ત થાય છે. તે પછી સિક્કાઓ ત્રીજા વંશની માહિતી આપે છે, જેમાં સિંહસેન અને રુદ્રસેન ૪થો રાજાઓ હતા અને છેલ્લે સત્યસિંહ અને રુદ્રસિંહ—૩જાની માહિતી મળે છે (જુઓ 'સ્વાધ્યાય,' પુ. ૫, અંક ૩, પૃ. ૨૬૧ થી મારો લેખ)

૨૦૦ અગાઉ 'સ્વાધ્યાય'માં મેં 'પશ્ચિમી સત્રપો : રાજવંશો સમયનિર્ણય' એ નામનો લેખ લખ્યો છે, તેથી આ ક્ષત્રપો વિષે વધારે માહિતી માટે મારો આ લેખ જોવો (જુઓ સ્વાધ્યાય, પુ. ૫, અંક ૩, પૃ. ૨૬૧ થી).

| | | |
|---|---|---|
| પોહિએઈ | : | પોલિટિકલ હિસ્ટરી ઑફ એન્શિયન્ટ ઇન્ડિયા, કલકત્તા, ૧૯૫૩. |
| ભાઈરુ | : | ભારતીય ઇતિહાસકી રૂપરેખા. |
| ભાસિ | : | ભારતીય સિક્કે, પ્રયાગ, સં. ૨૦૦૫. |
| મોરી | : | મૉર્ડન રીવ્યૂ (જર્નલ). |
| રુદ્રદામા | : | મહાક્ષત્રપ રાજા રુદ્રદામા, ભાવનગર, ૧૯૩૭. |
| સત્યશ્રાવ | : | ધી શકસ ઇન ઇન્ડિયા, લાહોર, ૧૯૪૭. |
| સીઈ | : | સીલેકટ ઇન્સ્ક્રિપ્શન્સ, કલકત્તા, ૧૯૪૨. |
| સીપી | : | ધી સીથિયન પીરિયડ, લીડેન, ૧૯૪૯. |
| સુધાકર | : | ધી શકસ ઇન ઇન્ડિયા, શાન્તિનિકેતન, ૧૯૬૭ (બીજી આવૃત્તિ). |
| હિએસિ | : | હિસ્ટરી ઑફ એન્શિયન્ટ સિવિલિઝેશન. |

# આધુનિક ભાષાવિજ્ઞાનમાં ફ્રર્થવાદી વિચારધારા

પ્ર. કે. ઠાકર

## ૧. પ્રાસ્તાવિક મુશ્કેલીઓ અને મર્યાદાઓ :

લેખના પ્રારંભમાં જ મારી સામે રહેલી કેટલીક મુશ્કેલીઓ અને મર્યાદાઓનો ઉલ્લેખ કરી દેવો જરૂરી છે. આમાંની કેટલીક વિષયગત છે, જ્યારે કેટલીક પરિસ્થિતિગત અથવા વ્યક્તિગત છે.

પ્રથમ તો આજે પશ્ચિમના વિકસિત દેશોમાં ભાષાવિજ્ઞાનના વિષયમાં વિવિધ ક્ષેત્રે અને અનેક પ્રવિધિઓ તથા પદ્ધતિઓ દ્વારા પુષ્કળ પ્રમાણમાં ચિંતન, સંશોધન અને વિચારવિનિમય થઈ રહ્યો છે. પરિણામે પ્રાપ્ત માહિતી અને જ્ઞાનમાં પ્રતિદિન સુધારો-વધારો થતો જ રહે છે. તેથી આ વિષય પર લખવામાં જૂની, અધૂરી કે અધકચરી વિગતો આવી જવાનું જોખમ મોટું છે.

બીજું આપણી ભાષામાં, અને જરાક સાહસ કરીને કહીએ તો આપણા અભ્યાસુ સમાજમાં ભાષાવિજ્ઞાન વિષેના ચિંતન અને લેખનનું પ્રમાણ મર્યાદિત છે. વળી પ્રાપ્ય સાહિત્યમાં ય આધુનિક પ્રવિધિઓ, પદ્ધતિઓ અને સ્થાપનાઓનો ઉપયોગ તો તેથી પણ ઓછો થતો હશે. પરિણામે, વ્યાવહારિક દૃષ્ટિથી વાત કરું તો, પારિભાષિક સંજ્ઞાઓની પસંદગી ને તેમના ઉપયોગ અંગે ઠીક ઠીક મુશ્કેલી રહી છે. આ મુશ્કેલીના નિવારણમાં આ લેખ લખવાની મૂળ પ્રેરણા આપનાર તથા તેના લેખનમાં માર્ગદર્શન આપનાર મારા મુરબ્બી પ્રા. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ ઘણી મદદ કરી છે, અને તે બદલ હું તેમનો આભારી છું.[૧]

વ્યક્તિગત મર્યાદાઓની વાત કરું તો, ગુજરાતી ભાષાનો મેં ખાસ વિષય તરીકે અભ્યાસ કરેલો નથી, અને મેં જે થોડુંઘણું ચિંતન-લેખન કરેલું છે તેનું માધ્યમ પણ તે રહી નથી. વળી ભાષાવિજ્ઞાનમાં મારો પ્રવેશ પણ નવોસવો છે.

આ તબક્કે કોઈને સહેજે પ્રશ્ન થાય કે મુશ્કેલીઓ અને મર્યાદાઓનો આટલો ખ્યાલ હોવા છતાં મેં લેખ કેમ લખ્યો, તો મને લાગે છે કે લેખની વસ્તુ અને તેની માવજતમાંથી તેનો જવાબ મળી રહેશે. એટલે એ વિષે કંઈ નહીં કહેતાં મૂળ વિષય પર આવું.

## ૨. આધુનિક ભાષાવિજ્ઞાન :

વર્તમાન સમયમાં ભાષાવિજ્ઞાનના અભ્યાસમાં પ્રમુખ કહી શકાય તેવી ત્રણથી ચાર

---

૧ અત્રે એ જણાવીશ કે આ લેખમાંની પારિભાષિક સંજ્ઞાઓ મેં શક્ય તેટલી ચીવટ અને ચોકસાઈથી વાપરવાનો પ્રયત્ન કર્યો છે, કમનસીબે આમ ચોક્કસ રીતે વપરાયેલી સંજ્ઞામાંની અમુક આપણા રોજિંદા વ્યવહારમાં અથવા તો ઇતર સંદર્ભોમાં જુદા "અર્થ"માં વપરાય છે. તેથી ખાસ કરીને એવી સંજ્ઞાઓ આ લેખમાં જે અર્થમાં યોજાઈ છે તે અર્થની સમજણ વિશેષ સાવધાની માગી લે છે. એટલા માટે જ વાચકનું ધ્યાન લેખાન્તે પરિશિષ્ટમાં આપેલી પારિભાષિક સંજ્ઞાની ગુજરાતી-અંગ્રેજી સારણી તરફ દોરું છું.

વિચારધારાઓ ચાલે છે.[૨] તેઓની વચ્ચે સ્થાપના અને ક્રિયાવિધિની બાબતોમાં તફાવતો રહેલા છે. છતાં એ બધામાં નીચેના ત્રણ મુદ્દા પર આપણને મોટે ભાગે સામ્ય જોવા મળે છે :

(ક) ચિંતન-સંશોધનની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને પદ્ધતિ,

(ખ) "અર્થ"નો અનાદર તથા

(ગ) વર્ણનાત્મક અભિગમ.

(ક) ચિંતન-સંશોધનની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને પદ્ધતિ :

આપણા સૈકામાં મુખ્યત્વે પશ્ચિમના દેશોમાં વિજ્ઞાને અસાધારણ પ્રગતિ કરેલી છે. સત્યની શોધમાં—સ્થાપના, સિદ્ધાન્તો તથા મૂળતત્ત્વોના સંશોધનમાં વિજ્ઞાન વધારે ને વધારે ઊંડું ઊતરતું ગયું છે, અને ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મ બનતું ગયું છે. સ્વાભાવિક રીતે જ પાશ્ચાત્ય સમાજ-જીવન, સભ્યતા અને સંસ્કૃતિ પર આ પ્રગતિની વિશાળ અસર પડી છે; જેમ કે વિજ્ઞાનની નવીનતમ શોધો અને સર્જનોના દૈનિક જીવનના ઉપયોગે સમાજમાં વ્યક્તિના જીવનનો મોડ ને ઢાંચો બદલાવી નાખેલો છે; પરંતુ વિજ્ઞાનની ખરી અસર તો પડી છે વ્યક્તિના બૌદ્ધિક જીવન પર, વ્યક્તિની વિચારપ્રક્રિયાઓ પર પરિણામે જેને આપણે સમાજલક્ષી વિજ્ઞાનો અથવા માનવ-વિદ્યાઓ ગણતા આવ્યા છીએ તે વિષયોના અભ્યાસ અને સંશોધનમાં પણ આ, મુખ્યતયા પ્રાકૃતિક વિજ્ઞાનોની પ્રવિધિઓ અને ક્રિયાવિધિઓની સારી એવી અસર પડેલી જણાય છે.

એટલે કે આપણી રીતે જોઈએ તો અત્યાર સુધી આપણે મોટે ભાગે પરંપરાગત માન્યતાઓ, શાસ્ત્રાધાર કે ગુરુવાક્યને પ્રમાણ ગણીને કરાયેલાં વિધાનો સ્વીકારતા આવ્યા છીએ; આપણે માત્ર એટલું તપાસ્યું છે કે તે વિધાનો આપેલાં પ્રમાણોના ચોકઠામાં રહીને તર્કસંગત રહ્યાં છે કે નહીં. જ્યારે હવેનો વૈજ્ઞાનિક અભિગમ માગે છે કે આપણાં વિધાનો, વ્યાખ્યાઓ અને સ્થાપનાઓ માત્ર આ રીતે તર્કસંગત જ નહીં, પરંતુ જો વ્યક્તિ જ્ઞાન અને અનુભવની યોગ્ય કક્ષાએ પહોંચેલી હોય તો તેને માટે તે અનુભવગમ્ય અને અનુભવસિદ્ધ બનવાં જોઈએ. એટલે કે આ વૈજ્ઞાનિક પરંપરામાં કરવામાં આવતા અભ્યાસમાં અવલોકન, પ્રયોગ, અનુભવ, નક્કર પુરાવા તથા પ્રત્યક્ષ પ્રમાણને પાયાનું સ્થાન આપવામાં આવ્યું છે. ટૂંકમાં કહીએ તો કોઈ પણ વિષયનો અભ્યાસ વસ્તુલક્ષી બની ગયો છે.

ભાષાવિજ્ઞાન પણ આ અભિગમની અસરથી મુક્ત નથી રહ્યું. ભાષાવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં સાધારણ રીતે નીચેની ત્રણ બાબતોનો સમાવેશ થાય છે :

(૧) કોઈ એક ચોક્કસ ભાષાનો અભ્યાસ,

(૨) બે કે તેથી વધુ ભાષાઓની તુલના. અને

(૩) ભાષા માત્રની પ્રકૃતિ કે કાર્ય વિષે વિચાર.

---

૨ જિજ્ઞાસુને આના અનુસંધાનમાં Maurice Leroy (Trans : Glanville Price)નું 'The Main Trends in Modern Linguistics (Oxford, Basil Blackwell, 1967) વાંચવામાં રસ પડશે. જોકે તે નવાઈ પમાડે તેવું છે કે J. R. Firthનો તો તેમાં ઉલ્લેખ પણ નથી, જ્યારે Hallidayનો નામનિર્દેશ માત્ર એક footnoteમાં થયેલો છે.

આધુનિક ભાષાવિજ્ઞાન તેના અભ્યાસના આમાંના દરેક વિભાગમાં વૈજ્ઞાનિક પ્રવિધિઓનો ઉપયોગ વધુ ને વધુ કરતું જાય છે.[૩]

પ્રાકૃતિક વિજ્ઞાનની પ્રગતિની એક પ્રકારની અસર આપણને ભાષાના અભ્યાસમાં વાપરવામાં આવતાં સાધનો અને ઓજારોમાં દેખાય છે. વિજ્ઞાન આપણને જુદી જુદી જાતનાં ટેઈપ-રીકોર્ડરો, મુવી કેમેરો, એક્સ-રે ફોટોગ્રાફી અને સાઉન્ડ સ્પેક્ટ્રોમીટર જેવાં સાધનો આપ્યાં છે. આ બધાનો ઉપયોગ ભાષાવિજ્ઞાનના સંશોધનમાં આજે વિશાળ પ્રમાણમાં થઈ રહ્યો છે. વાસ્તવિક જીવનના દૈનિક વ્યવહારમાં વપરાતી ભાષાના વિવિધ નમૂનાઓ એકઠા કરવા તથા અવલોકન અને અભ્યાસ માટે તેમને સંઘરી રાખવા માટે ટેઈપ-રીકોર્ડર વપરાય છે. તેવી જ રીતે ભાષા બોલાય છે કઈ રીતે—તેના ઉચ્ચારણ દરમિયાન બોલનારના જીભ, તાળવું, દાંત વગેરે અવયવોના પારસ્પરિક સંપર્કો કયા પ્રકારના ને પ્રમાણના છે તે નક્કી કરવા માટે ફીલ્મ–સ્ટ્રીપ અને એક્સ-રે ફોટોગ્રાફીનો ઉપયોગ થાય છે. વળી આધુનિક આંકડાવિજ્ઞાન તથા ગણિતવિજ્ઞાને વિકસાવેલી ક્રિયાવિધિઓનો ઉપયોગ પણ ઘણી વાર કરવામાં આવે છે, અને આ માટે ઇતર વિજ્ઞાનોની જેમ ભાષાવિજ્ઞાનમાં પણ કોમ્પ્યુટર્સનો ઉપયોગ વધતો જાય છે.

આ પ્રકારના વૈજ્ઞાનિક આવિષ્કરણોના ઉપયોગમાં નજરે ચડતી અસર તો એક રીતે સ્થૂળ ગણી શકાય. ભાષાવિજ્ઞાન પર આજના વૈજ્ઞાનિક અભિગમની ખરી અસર તો પડી છે સિદ્ધાન્ત અને પ્રવિધિઓના ક્ષેત્રમાં સૈદ્ધાન્તિક રીતે જોતાં આધુનિક ભાષાવિજ્ઞાનમાં એ આગ્રહ રાખવામાં આવે છે કે તેમાં કરવામાં આવતાં ભાષાને લગતાં વિધાનો :

૧ પ્રાપ્ય અને પ્રસ્તુત બધી જ ભાષાઘટનાઓને આવરી લેતાં હોવા જોઈએ, એટલે કે જે જાતની ભાષાઘટનાઓ વિષે અમુક વિધાન કરવામાં આવ્યું હોય તેમાંની દરેક ઘટનાને તે સંપૂર્ણપણે લાગુ પડતું હોવું જોઈએ.

૨ અન્યોન્ય સુસંગત હોવાં જોઈએ. એક જ સ્થાપના કે અભિગમના ચોકઠામાં રહીને કરવામાં આવતાં વિધાનો એકબીજાને બંધબેસતાં હોવાં જોઈએ, વિરોધાભાસી નહીં.

તથા ૩ શક્ય તેટલાં મિતાક્ષરી છતાં "શક્તિશાળી" હોવાં જોઈએ.[૪] મિતાક્ષરીપણું એ વૈજ્ઞાનિક વિધાનોની નોંધપાત્ર ખાસિયત છે. તેથી જ ભાષાવિજ્ઞાનનાં વિધાનોમાં પણ શબ્દોનો દુર્વ્યય ન હોવો જોઈએ. શબ્દો બને તેટલી ઓછી સંખ્યામાં વપરાવા જોઈએ, અને તેથી જ શબ્દો—સંજ્ઞાઓના ઉપયોગમાં ધ્યાન અને ચોકસાઈ જરૂરી ગણવામાં આવે છે.

---

૩ જૂઓ R. H. Robins (2) pp. 7-9 તથા Halliday and others (3) pp. 12-14. (લેખકના નામની બાજુમાં કૌંસમાં આપેલો આંકડો લેખાન્તે આપેલ સૂચિમાંનો તે પુસ્તકનો ક્રમાંક છે.)

૪ સરખાવો Halliday and Others : (3), p. 31 : 'The purpose of a grammatical theory is to enable us to make useful aud powerful statements about how each language works. "Powerful" here means "having a high degree of generality".

> "શક્તિશાળી" વિધાનો એને કહેલાં છે કે જે પ્રસ્તુત અવલોકનની બહારની પરંતુ તાત્ત્વિક રીતે એ જ જાતની વધુ ને વધુ ભાષાઘટનાઓને લાગુ પડી શકે.[૫] આ ત્યારે જ શક્ય બને કે જ્યારે ભાષાઘટનાઓમાંથી ક્રમે ક્રમે વધુ ને વધુ ઊંચી કક્ષાનું અમૂર્ત તારણ કરવામાં આવ્યું હોય.

તે જ પ્રમાણે ક્રિયાવિધિની દૃષ્ટિએ જોતાં આ વસ્તુલક્ષી અભિગમ માગી લે છે કે ભાષાવિજ્ઞાનમાં કરવામાં આવતાં કોઈ પણ ભાષાની પ્રકૃતિ કે તેના સ્વરૂપ વિષેનાં કથનો કે વિધાનો તે ભાષાના જ અભ્યાસમાંથી તારવવામાં આવે.[૬] ઉદાહરણાર્થ ગુજરાતી ભાષાના અભ્યાસની અત્યારની પરિસ્થિતિ તપાસીએ તો જોવા મળશે કે તેના વ્યાકરણ વિષેનાં લખાણોમાં મોટે ભાગે સંસ્કૃત કે અંગ્રેજી જેવી ઇતર ભાષાના અભ્યાસની પ્રવિધિઓ, વ્યાખ્યાઓ, વર્ગીકરણો, પારિભાષિક સંજ્ઞાઓ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. વળી આ પ્રકારનાં પુસ્તકોમાં સ્થાપનાની, અભિગમની, વિષયવસ્તુના ચોક્કસ પાસાંની કે વિશ્લેષણના સ્તરની પણ એકસૂત્રતા જોવા મળતી નથી.[૭] આનો અર્થ તો એ થયો કે ગુજરાતીના વ્યાકરણને બીજી ભાષાઓના અભ્યાસમાંથી કે તેને માટે ઊભા કરેલા ચોકઠામાં બેસાડવામાં આવે છે; પરંતુ આ જાતના અભ્યાસમાં આપણે ગુજરાતીના આગવા સ્વરૂપને પૂરું કે યથાર્થપણે જાણી ન શકીએ.[૮]

---

૫ સરખાવો R. H. Robins (2), у. 46 : 'The description and its elements are justified by their explanatory power and validated by their application to further material.'

૬ સરખાવો J. R. Firth (1), p. 144 : 'Science should not impose systems on languages, it should look for systems in speech activity, and, having found them, state the facts in a suitable language.'

૭ ઉદાહરણાર્થ જુઓ (૧) (તૈયાર કરનાર) અ. ક. ત્રિવેદી: 'પાઠ્ય બૃહદ્-વ્યાકરણ' (સુરત, ધી પોપ્યુલર બુક સ્ટોર, ૧૯૬૧), (૨) કે. કા. શાસ્ત્રી: 'ગુજરાતી ભાષાશાસ્ત્ર, ભા. ૨, ખં. ૩: ગુજરાતી ભાષાનું પારંપરિક વ્યાકરણ' (વડોદરા, પ્રાચ્યવિદ્યા મંદિર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, ૧૯૬૦). તથા અમુક ઓછા પ્રમાણમાં પણ (૩) કા. બ. વ્યાસ: 'ગુજરાતી ભાષા : ઉદ્‌ગમ, વિકાસ અને સ્વરૂપ' (મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ, ૧૯૬૫).

૮ સરખાવો હરિવલ્લભ ચૂનીલાલ ભાયાણી ('"બૃહદ્ વ્યાકરણ" પછીની કાર્યદિશા,' 'સંસ્કૃતિ,' માર્ચ '૬૧, પા. ૮૯-૯૨): 'અમુક એક ભાષાની દૃષ્ટિએ બીજી ભાષાઓની સામગ્રીને તપાસી વર્ગીકૃત કરનાર તે તે ભાષાનું વાસ્તવિક સ્વરૂપ અને આંતરિક સંઘટના સમજવા–સમજાવવામાં નિષ્ફળ જ જાય.' શ્રી ભાયાણીના આ લેખના પ્રારંભિક કથનો 'બૃહદ્ વ્યાકરણ'ને વિષે લખાયાં છે; પરંતુ સાથોસાથ તે અંગે રજૂ થયેલા મતનું સમર્થન પણ કરે છે. એમ તો તે જ 'બૃહદ્ વ્યાકરણ'ની પ્રસ્તાવના (પા. ૩-૪) પર શ્રી અ. ક. ત્રિવેદીએ કરેલાં વિધાનો પણ નોંધવા જેવાં છે: 'ગુજરાતી જીવંત ભાષા હોવાને લીધે વખતના વહેણ સાથે તેના વ્યાકરણમાં વિદેશી સંપર્કો સધાતા ગયા છે. તે તમામનો સમાવેશ આવરી લઈને પરિભાષામાં અવશેષ માત્ર રહેલી સંસ્કૃત પ્રાકૃતની અસર નીચેની ગુજરાતી વ્યાકરણની સંજ્ઞાઓ, પ્રણાલિકાઓ વગેરે તજી દઈને તદ્દન સમકાલીન પ્રયોગો વગેરેથી સમાલોચના કરતું ને વિકાસ લેતી પ્રણાલિકાઓને આવરી લેતું, ને સ્વીકારતું સર્વમાન્ય વ્યાકરણ હજુ લખવાનું

આને બદલે જો આપણે આધુનિક તર્કપ્રધાન વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવીએ તો નીચે મુજબ તબક્કાવાર કાર્ય કરવું જોઈએ :

૧ અભ્યાસની ભાષાના અમુક ખાસ પ્રકારની સ્થળ અને સમયની નિશ્ચિત મર્યાદાઓમાં રહીને પસંદગી : જેમ કે સૌ પ્રથમ કોઈ એમ નક્કી કરે કે તે ભાષાના બોલચાલના સ્વરૂપનો અભ્યાસ કરશે. પછી આ પ્રકારમાં પણ 'આજના શહેરી, શિક્ષિત, સંસ્કારી ગુજરાતી સમાજ'માં બોલાતી ગુજરાતી ભાષાને તે પસંદ કરે. ત્યાર પછી તેને માટેનાં ભૌગોલિક દૃષ્ટિએ પ્રતિનિધિત્વ ધરાવતાં શહેરો કે મોટાં ગામો નક્કી કરે, અને આમ ક્રમે ક્રમે અભ્યાસના વિષયની ગુજરાતી ભાષાના પ્રકાર બાબત એકદમ ચોક્કસ ને ચુસ્તપણે નિર્ણય કરે.

૨ આ પ્રકારની વાસ્તવિક ભાષાઘટનાઓનો સંચય : એટલે કે બને તેટલી વિવિધ વ્યાવહારિક પરિસ્થિતિઓમાં વપરાતી ઉપરના પ્રકારની ભાષાના વાસ્તવિક ઉપયોગના નમૂનાઓનું ટેઈપ રેકોર્ડર પર આલેખન.

૩ આ સંચયના બધા જ ભાષાપ્રયોગોનું વિગતવાર અવલોકન, વિશ્લેષણ અને ક્રમિક અમૂર્ત તારણ.

૪ ઉપરની પ્રક્રિયાઓના આધારે તારવેલાં અનુમાનો અને નિર્ણયોનું સ્થાપના કે વર્ણનાત્મક સ્વરૂપમાં નિરૂપણ[૯] અને

૫ એ જ ભાષાપ્રકારની વધુ ને વધુ ઘટનાઓ—ઉપરની મદદથી ઉપરની તારવણીઓની ઉત્તરોત્તર ચકાસણી, તથા એને અનુસરીને જરૂર પડે તો, ત્યારે ને તેટલા પ્રમાણમાં સુધારાવધારા.

આ સમગ્ર ક્રિયાવિધિના પ્રત્યેક તબક્કે ને એકે એક વિધાનમાં કે સંજ્ઞાપ્રયોગમાં શકય તેટલાં તટસ્થ, ચોક્કસ અને તર્કસંગત રહેવાનો પ્રયત્ન તે આ અભિગમની મુખ્ય લાક્ષણિકતા છે. સંભવ છે કે આપણી હાલની વિચારપ્રણાલિકાઓ જોતાં ઉપર આલેખેલી ક્રિયાવિધિ અશકય નહીં તો મુશ્કેલ તો જરૂર લાગે. જો એમ લાગે તો બની શકે છે કે કોઈ વ્યક્તિ હાલ પૂરતું બોલચાલની ભાષાને બદલે ગુજરાતીના લેખિત રૂપના અમુક પ્રકારનો અભ્યાસ હાથ ધરે તેમાં ને શરૂઆતમાં પોતાનું કાર્યફલક ઘણું સીમિત રાખે. આ બધામાં કોઈ જાતનો વાંધો ન હોઈ શકે.

---

છે : ગુજરાતને તેની અપેક્ષા છે...આજનાં આપણાં ગુજરાતી વ્યાકરણો રૂઢિબદ્ધ છે, જીવંત બોલીની તે આરસી નથી, પણ કેટલીક વાર નબળા પડતા જતા નિયમોની તે શૃંખલાઓ છે. તેથી ગુજરાતી વ્યાકરણને સમર્થ રીતે પૃથક્કૃત થયેલા નવા સ્વાંગની આકાંક્ષા જરૂર છે.' અને આમ છતાં એ એક પરિસ્થિતિની વિષમતા જ કહી શકાય કે આજ દિવસ સુધી માત્ર શાળાઓમાં જ નહીં, પરંતુ આપણાં વિશ્વવિદ્યાલયોમાં પણ (જોકે અંગત રીતે આ જાતના ભેદનો પણ હું સ્વીકાર ન કરું) આ પ્રકારનાં "રૂઢિગત" વ્યાકરણો જ પાઠ્યપુસ્તક તરીકે પસંદ થાય છે.

૯ સરખાવો M. A. K. Halliday and Others (34), p. 13 : 'The chain is thus "observation-generalization-hypothesis-theory-descriptive statement."'

જરૂર તો છે માત્ર ચીવટ, ચોકસાઈ અને વસ્તુલક્ષી દૃષ્ટિબિંદુની. આપણે કયો ભાષાપ્રકાર પસંદ કરીએ, અથવા તો કેટલા પ્રમાણમાં તેનો અભ્યાસ કરી શકીએ છીએ તેના કરતાં આપણે કેવા અભિગમથી અને કેટલી કાળજીપૂર્વક આ અભ્યાસ કરીએ છીએ તે વધારે મહત્ત્વનું છે.[૧૦]

અલબત્ત, ઉપર એક જ ભાષાના પોતાના અભ્યાસ વિષે કરેલાં વિધાનોનો અર્થ એવો નથી કે એક ભાષાના અભ્યાસમાં ઇતર ભાષાના અભ્યાસનું કે તેના વિષેના જ્ઞાનનું મહત્ત્વ નથી. ઊલટાનું આપણે જેટલી વધુ ભાષાઓ વિષે જાણીએ તેટલું વધુ લાભકારક છે. કહેવાનો ભાવાર્થ માત્ર એટલો જ છે કે એક ભાષાનો અભ્યાસ કરતી વખતે આ ઇતર ભાષા કે ભાષાઓની જાણકારીમાંથી જન્મેલી કોઈ પૂર્વધારણા કે અપેક્ષાઓથી આપણે સંપૂર્ણપણે મુક્ત રહેવું જોઈએ, જેમ કે આપણે જાણીએ છીએ કે અંગ્રેજીમાં પુરુષવાચક સર્વનામના ત્રીજા પુરુષ એકવચનમાં નર-નારી ને નાન્યતરના ભેદ પડે છે, અથવા સંસ્કૃતમાં નામની સાત વિભક્તિનાં રૂપો જોવા મળે છે. એટલે ગુજરાતીમાં પણ (કદાચ તે પણ પ્રાચીન ઇન્ડો-યુરોપિયન ભાષામાંથી ઊતરી આવેલ છે તેથી કે એવી કોઈ તાર્કિક દલિલને આધારે) આ જાતના જ ભેદ કે વિભક્તિનાં રૂપો હશે જ એવી પૂર્વધારણા સાથે આપણે તેમની શોધ ન કરવી જોઈએ.

તે જ પ્રમાણે અભ્યાસની ભાષા જો આપણી માતૃભાષા હોય તો તેના વિષે આપણને અમુક ધારણા, સ્ફુરણા કે સહજજ્ઞાન હોવાનો ઘણો સંભવ છે, પરંતુ ભાષાના વૈજ્ઞાનિક અભ્યાસમાં આ સહજ સૂઝનું સ્થાન અથવા તો બીજી વ્યક્તિઓના (જો તેમની સ્થાપના કે પદ્ધતિઓ આપણાથી જુદી હોય તો) તેના વિષેના અભિપ્રાયો કે પ્રમાણોનું સ્થાન આપણા માટે માત્ર પ્રારંભિક જ હોઈ શકે.[૧૧] દા. ત. મને પોતાને એમ લાગે છે કે ગુજરાતીની વ્યાકરણીય સંઘટનામાં "શબ્દ" અને "વાક્ય" ઉપરાંત "જૂથ" નામના એકમનો સ્વીકાર પણ કરવો જોઈએ, પરંતુ આ મારી પોતાની એક ગુજરાતીભાષી તરીકેની ધારણા માત્ર છે. અલબત્ત, મારા ઇતર ગુજરાતી મિત્રો આ ધારણાને કદાચ સમર્થન આપે. વળી M.A.K. Hallidayનો 'Categories of the Theory of Grammar' ('Word' Vol. 17, No. 3, Dec. 1961) જેવો લેખ વાંચતાં મારી ધારણાને પુસ્તકપ્રમાણ પણ મળે. તેમ છતાં ય જ્યાં સુધી ઉપર દર્શાવેલી ક્રિયાવિધિના આધારે ગુજરાતીમાં આ "જૂથ" નામના એકમની હસ્તી આપણે પ્રતિપાદિત ન કરી શકીએ ત્યાં સુધી (આ લેખ પૂરતો લગભગ પૂર્વસ્થાપનાના રૂપમાં આ વિચાર વપરાયેલો હોવા છતાં પણ) તે વિચાર એક ધારણાના રૂપમાં જ રહે છે.

(ખ) "અર્થ"નો અનાદર :

---

૧૦ સરખાવો M. A. K. Halliday and Others (3). p. XIV : "What is important in all this is the development of an open, critical and vigilant frame of mind."'

૧૧ કારણ કે R. H. Robins (2) p. 9 પર કહે છે તેમ 'Intuition is part of the equipment of the scientist, not a criterion of appeal or a means of justification.

Intuition is personal; science requires that its methods be public, and that its results be subject to multi-personal check'.

આધુનિક ભાષાવિજ્ઞાનનું બીજું નોંધપાત્ર લક્ષણ તે "અર્થ"નો અનાદર. ઉપર દર્શાવેલ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને વસ્તુલક્ષી અભિગમનું એક પરિણામ એ આવ્યું છે કે ભાષાવિજ્ઞાનમાં વર્ણનો, વિધાનો કે વ્યાખ્યાઓ આપવામાંથી **પ્ર**ણાલિકાગત અર્થમાં "અર્થ"નો ઉપયોગ દૂર થઈ ગયો છે. એટલે કે, વ્યાકરણનો દાખલો લઈએ તો, "નામ," 'ક્રિયાપદ" વગેરે સંજ્ઞાઓની સમજણ કે વ્યાખ્યા આપતી વખતે આપણે લગભગ હંમેશાં નિર્દેશાત્મક કે વિભાવાત્મક "અર્થ"નો ઉપયોગ કરતા આવ્યા છીએ. દા. ત. 'જે શબ્દો વડે પ્રાણી પદાર્થ વગેરે **ઓળખાય** છે તેવા શબ્દો નામ કહેવાય છે,' અથવા 'વાક્ય એ આપણા **વિચાર**ને વ્યક્ત કરવા માટેનું એકમ છે,' અથવા 'જે વિશેષણ ક્રિયાપદના **અર્થ**માં વધારો કરતું હોય તે ક્રિયાવિશેષણ કહેવાય છે.' (મનસુખલાલ ઝવેરી: 'ભાષાપરિચય,' મુંબઈ, વોરા એન્ડ કમ્પની પબ્લિશર્સ પ્રા. લિ૦, ૧૯૭૦: પાન અનુ. ૫ ને ૧૧, વજન મારું આપેલું છે.)

પરંતુ આધુનિક ભાષાવિજ્ઞાન આ રીત સ્વીકારી શકતું નથી; કારણ કે આ રીતના "અર્થ"ના ઉપયોગને પરિણામે વર્ણન કે સ્થાપનામાં અસ્પષ્ટતા તથા વ્યક્તિલક્ષી તત્ત્વો અને તફાવતો આવી જવાનો પૂરો સંભવ રહે છે. વળી આ જાતનાં વિધાનોને કોઈ એક સળંગ અને સુસંગત સ્થાપના કે અભિગમના ચોકઠામાં રાખવાં મુશ્કેલ બની જાય છે; તેમ જ તેમને કોઈ પણ વ્યક્તિ ધારે ત્યારે ઉપર બતાવેલી ક્રિયાવિધિની એરણ પર આસાનીથી ચકાસી શકતી નથી.

આ બધાં કારણોસર જ આધુનિક ભાષાવિજ્ઞાન કોઈ પણ ભાષાના અભ્યાસમાં **"અર્થ"નો આધાર નહીં લેતાં તે ભાષાના પોતાના અન્તર્ગત સ્વરૂપ તથા સકળ સંઘટનાને જ તપાસે છે. એટલે કે તેનાં મૂળ તત્ત્વો તથા વિભાગોનાં સ્થાન, તેમના પારસ્પરિક સંબંધો અને તેમનામાં જોવા મળતી ભાતોના આધાર પર જ વિધાનો કરે છે.**

ઉદાહરણાર્થ આપણે એક ભાષાપ્રયોગ લઈએ—

રામ ફળ ખાય છે.[૧૨]

આ ભાષાપ્રયોગમાં "રામ" એ કોઈ વિશેષ વ્યક્તિનો **નિર્દેશ** કરે છે એટલા માટે આપણે તેને **"નામ"** નહીં કહીએ પરંતુ

૧ આપેલ ભાષાપ્રયોગમાં તે અમુક સ્થાને આવે છે, અને

૨ આ પ્રકારના બીજા પ્રયોગોમાં તે સ્થાન પરના શબ્દ સાથે તેને સરખાવતાં તથા

---

૧૨ આ તબક્કે એક સ્પષ્ટતા જરૂરી લાગે છે: અહીં અને આગળ ઉપર પણ મેં દૃષ્ટાંતો ગુજરાતી ભાષાનાં આપ્યાં છે. આમ તો આ સમજાય તેવું છે; પરંતુ આ લેખના વિચારો મહદંશે અંગ્રેજી ભાષા પરના સંશોધન-ચિંતનના લખાણોમાંથી લીધેલા હોઈ સંભવ છે કે કોઈને એમ લાગે કે આ રીતે ગુજરાતી દૃષ્ટાંતો દઈને હું મારા પોતાનાં ઉપર ૨–કમાં કરેલાં વિધાનોને સુસંગત રહેતો નથી. આના ઉત્તરમાં એટલું જ કહી શકાય કે મારો આ લેખમાંનો પ્રયાસ માત્ર આધુનિક ભાષાવિજ્ઞાન વિના અમુક પાયાના વિચારો રજૂ કરવાનો છે; નહીં કે ગુજરાતી વ્યાકરણ કે તેના કોઈ ભાગનું વર્ણન કરવાનો; એટલે ગુજરાતી 'ભાષાપ્રયોગોનો ઉપયોગ મેં માત્ર વિચારો સ્પષ્ટ કરવા માટેનાં ઉદાહરણો તરીકે એટલે કે ક્રિયાવિધિના સાધન તરીકે જ અને નહીં કે "વર્ણન"ના કોઈ નમૂના તરીકે—કરેલો છે.

૩ આ જ પ્રયોગમાં તેના સ્થાન પર બીજા ચોક્કસ શબ્દોનો ઉપયોગ[૧૩] તપાસતાં આ પ્રયોગનાં અન્ય તત્ત્વો સાથેનો તેનો જે સંબંધ જોવા મળે છે

તે બધાંના આધારે જ આપણે તેને "નામ" સંજ્ઞા આપીશું. તેથી જ તો—

આ મોંઘવારીમાં જીવનનિર્વાહ કરવો ઘણો મુશ્કેલ છે

એ ઘટનામાં ઉપરની જ પ્રક્રિયાથી

જીવનનિર્વાહ કરવો

તેને પણ આપણે "નામ" કહી શકીશું; અને જો આપણને એમ લાગે કે આ બીજા ઉદાહરણમાંનું "નામ" તે એક "શબ્દ" નથી પરંતુ "જૂથ" છે, અને જો આ જાતનાં "જૂથો" ઇતર ભાષાઘટનાઓમાં પણ આ સ્થાન પર આ પ્રકારનું કાર્ય કરતાં આપણને જોવા મળે તો બની શકે છે કે "જૂથ" નામક એક નવા 'એકમ'નો આપણે સ્વીકાર કરવો પડે, અને આગળ ચાલીને "રામ" એ "શબ્દ"ને પણ એક શબ્દના બનેલા "જૂથ" તરીકે વર્ણવવો પડે.[૧૪]

(ગ) વર્ણનાત્મક અભિગમ :

આગલા વાક્યનો છેલ્લો શબ્દ આપણને આધુનિક ભાષાવિજ્ઞાનના ત્રીજા (અને આપણા હેતુ પૂરતાં છેલ્લા) નોંધપાત્ર પાસા પર લઈ જાય છે. આધુનિક ભાષાવિજ્ઞાનનો એક મુખ્ય વિભાગ ઉપર દર્શાવેલી પ્રવિધિઓ અને ક્રિયાવિધિઓની મદદ દ્વારા અલગ અલગ ભાષાઓનાં **વર્ણનો** તૈયાર કરવાનું ધ્યેય રાખે છે.[૧૫] એટલે કે અમુક ભાષાના સ્વરૂપમાં, તેનાં મૂળતત્ત્વોમાં કે તેમનાં કાર્યોમાં શું શું હોવું **જોઈએ** કે હોઈ **શકે** તેનો વિચાર આ ભાષાવિજ્ઞાનમાં કરવામાં આવતો નથી; પરંતુ આપેલી ભાષા વાસ્તવમાં શું **છે**—એટલે કે તેમાંની ભાતો અને તેમની સમગ્ર સંઘટના વગેરે કેવાં **છે** તેના વિષે જ અહીં શોધ કરવામાં આવે છે.

આ વર્ણનાત્મક અભિગમનું એક પરિણામ એ આવ્યું છે કે પ્રણાલિકાગત ભાષા-ચિંતનમાંના ભાષાના "નિયમો," "સાચા" ભાષાપ્રયોગો, ભાષાનું "આદર્શ" અથવા "પ્રમાણભૂત" રૂપ, વગેરે ખ્યાલો વિવાદાસ્પદ બની ગયા છે. પરંતુ આ મુદ્દાની ચર્ચામાં આપણે અહીં નહીં ઊતરીએ.

---

૧૩ સરખાવો J. R. Firth (1) P. 20 : 'These elements can usually be delimited and identified by the method of substitution.'

૧૪ જિજ્ઞાસુને આના અનુસંધાનમાં F. M. P. Liefrink અને A.P. Cowieનું 'A Course in Practical Linguistics' (Leeds, University, M. E. G. L., 1967-68)નું વાચન સૂચવી શકાય. 'સાઈક્લોસ્ટાઈલ્ડ' રૂપમાંના આ પુસ્તકમાં અંગ્રેજી વ્યાકરણના વર્ગો, મૂળતત્ત્વો, સંજ્ઞાઓ વગેરેની અત્રે નિર્દેશેલી રીતે સ્વરૂપાત્મક પુરાવાઓના આધારે વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કરેલો છે.

૧૫ બીજા બે મુખ્ય વિભાગો છે : (૧) ઐતિહાસિક (diachronic-historical) અને (૨) તુલનાત્મક (synchronic *or* diachronic comparative).

## ૩. ઐતિહાસિક : ફર્થ અને તેના અનુગામીઓ :

ઉપર ઉલ્લેખેલી આધુનિક ભાષાવિજ્ઞાનની પ્રધાન વિચારધારાઓમાંની એકના આદ્યગુરુ તરીકે આપણે શ્રી. જે. આર. ફર્થ(ઈ. સ. ૧૮૯૦-૧૯૬૦)ને ગણી શકીએ. લંડન વિશ્વ-વિદ્યાલયમાં ઈ. સ. ૧૯૪૪માં સામાન્ય ભાષાવિજ્ઞાનનો ખાસ વિભાગ શરૂ કરવામાં આવ્યો. ત્યારથી માંડીને ઈ. સ. ૧૯૫૭ સુધી તેઓ ત્યાં પ્રાધ્યાપક તથા વિભાગના વડા રહ્યા. ત્યાર પહેલાં ઈ. સ. ૧૯૩૧ની સાલથી તે જ વિશ્વવિદ્યાલયની 'સ્કૂલ અવ ઓરિયેન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડીઝ' સાથે તેઓ સંકળાયેલા—અને ઈ. સ. ૧૯૩૮થી તો તેના વડા તરીકે રહેલા. આમ લગભગ આજીવન તેઓશ્રી અંગ્રેજી ઉપરાંત તામિલ, હિન્દી, કાશ્મીરી ને ગુજરાતી જેવી ભારતીય ભાષાઓ તથા બર્મી અને ચીની ભાષાઓનાં પણ વિવિધ પાસાંઓનો અભ્યાસ કરતા રહેલા.

આ બધા વખત દરમિયાન મુખ્યત્વે લેખો અને વ્યાખ્યાનો દ્વારા તેમણે વિશિષ્ટ ભાષાઓ વિષે તેમ જ સામાન્ય ભાષાવિજ્ઞાનમાં ય ઘણા મહત્ત્વના અને મૌલિક વિચારો રજૂ કર્યા અને ચર્ચ્યા. તદુપરાંત ત્રીસેક વર્ષના તેમના અધ્યાપનકાર્ય દરમ્યાન તેમણે ઠીકઠીક સંખ્યામાં ભાષા-વિજ્ઞાનના અભ્યાસીઓ તથા વિચારકોને તૈયાર કર્યા, જેમાંના ઘણા આજે ખાસ કરીને ઇંગ્લંડમાં જુદાજુદા વિશ્વવિદ્યાલયોમાં રહીને પોતપોતાના વિષયમાં શ્રી ફર્થે કરેલા દિશાસૂચનથી આગળ વધીને ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યા છે. લેખાન્તે નિર્દેશેલાં પુસ્તકો જોવા પરથી આનો કંઈક આછો ખ્યાલ આવી શકશે.

## ૪. ફર્થવાદી વિચારધારાનાં વિશિષ્ટ પાસાંઓ :

અન્ય વિચારધારાઓની માફક આ વિચારધારા પણ આપણે ઉપર ૨માં વીગતથી દર્શાવેલાં આધુનિક ભાષાવિજ્ઞાનનાં લક્ષણો તો ધરાવે જ છે. તે ઉપરાંત આ વિચારધારામાં નીચેના ત્રણ મુદ્દાઓ ધ્યાન ખેંચે તેવા છે :

(ક) ભાષાવિજ્ઞાન આખરે તો એક સમાજલક્ષી વિજ્ઞાન છે. એટલે જ વૈજ્ઞાનિક નીતિરીતિઓના ઉપયોગના ચુસ્ત આગ્રહની સાથોસાથ આ વિચારધારામાં માનવીને કેન્દ્રસ્થાન મળ્યું છે.[૧૬] એટલે કે આ અભ્યાસમાં ભાષાને જ કોઈ સંપૂર્ણ સ્વતંત્ર, સ્વતઃ સમ્પન્ન સ્થાન નથી આપવામાં આવ્યું. સઘળા વૈજ્ઞાનિક અને ચીવટભર્યા અભ્યાસને અંતે માનવીને સંભારવામાં આવે છે અને તેથી જ કદાચ સમાજલક્ષી ભાષાવિજ્ઞાનનાં વિવિધ પાસાંઓના અભ્યાસે અને સંશોધને ઇંગ્લૅન્ડમાં આગવો વળાંક અને આકાર લીધેલો છે.

(ખ) આ પરંપરા પ્રમાણે ભાષા એ માત્ર બે કે ત્રણ પરિમાણમાં કાર્ય કરતું અથવા આપણી બોલવાની કે લખવાની રીતની રૈખિક મર્યાદાને કારણે કદાચ આપણે માનવા દોરાઈએ

---

૧૬ સરખાવો J. R. Firth (1) P. 141 : 'Though we are prepared for the development of linguistics as a group of sciences, we are anxious not to lose sight of man. We wish to avoid that kind of linguistics which appears to leave out as much of man and personality as possible.

તેવું—નિર્દિષ્ટ સમય સ્થળનાં બે બિંદુઓ વચ્ચે ગતિ કરતું માધ્યમ નથી;[૧૭] પરંતુ સમાજમાં વ્યવહાર અને આદાનપ્રદાન માટે માનવીએ વિકસાવેલી એક અતિ સૂક્ષ્મ, સંકીર્ણ અને ભાતમય પ્રવૃત્તિ છે. તેના અભ્યાસને એકથી વધુ પરિમાણો તેમ જ સ્તરો છે, અને એમાંના દરેક ઉપર ક્રમવર્તી અને સહવર્તી સંબંધોમાં વિશિષ્ટ પ્રકારની ભાતો અને તંત્રો ક્રિયાશીલ છે.

ભાષાના સ્વરૂપ, પ્રકૃતિ ને કાર્યનું ઉપર આપેલું વર્ણન ઘણું ઘટ્ટ અને જટિલ બની ગયું. વળી તેમાં એકી સાથે અનેક પારિભાષિક સંજ્ઞાઓ પણ વાપરવી પડી. આ એક રીતે અનિવાર્ય છે, પરંતુ હવે આ જટિલ વર્ણનને અને ખાસ તો તેમાં વપરાયેલી સંજ્ઞાઓના અર્થોને સહેજ સ્પષ્ટ કરવા માટે એક તદ્દન નાનું ઉદાહરણ લઈએ :

હું કેરી ખાઉં છું.

આ ભાષાપ્રયોગની ભાત

આ કેરી ખાટી છે;

બજારમાં કેરી મળતી નથી,

તમને કેરી ભાવે છે? અથવા તો તે ક્યાં જાય છે? વગેરે અનેક ભાતોથી સ્વનાત્મક દૃષ્ટિએ કે સ્વરૂપાત્મક દૃષ્ટિએ જુદી પડે છે. એટલે કે આ **ભાષાપ્રયોગ કરનાર** વ્યક્તિએ ઉપર બતાવ્યા જેવી જુદી જુદી અનેક—કદાચ અગણિત ભાતોમાંથી સંદર્ભને ઉપયુક્ત એક જ ભાત **પસંદ** કરી છે.

પછી તે પ્રયોગની અંદરનાં મૂળ તત્ત્વો તપાસતાં દરેક સ્થાન પર આમ જ અનેકમાંથી એકની એવી ચોક્કસ પસંદગીઓ આપણને દૃષ્ટિગોચર થાય છે. જેમ કે સૌ પ્રથમ "હું"ના સ્થાન પર એક તરફ "તું" કે "તે" અને બીજી બાજુ "અમે" આવી શકે. એનો અર્થ એ થયો કે આ "હું", "તું", "તે" વગેરે બધાં પદો વચ્ચે એક પ્રકારનો સહવર્તી એક જ સ્થાન પરની પસંદગીનો સંબંધ પ્રવર્તે છે.

હવે "હું"ના સ્થાનના બીજી રીતે—બીજા ક્રમવર્તી પરિમાણમાં વિચાર કરીએ: જો "હું"ના સ્થાન પર "તું" આવે—એટલે કે ઉપરના વિકલ્પોમાંથી બીજું પદ પસંદ

---

૧૭ સરખાવો J. R. Firth (1), p. 147 : 'The stream of speech with all its items integrated unrolls itself, so to speak, on the time-track of occurences. But the systematic abstractions which we isolate in language systems are not limited by the time-track dimensions of the utterances from which they are taken.'

તથા Halliday and others (3), p. 19 : 'Language does display the different types of pattern, but it displays them not in clear contradistinction toeach other, but in interaction in one and the same event and with no sharp boundaries between them. Like the patterns associated with many other forms of social activities, the patterns of language are superimposed on one another; they do not follow in time.

થાય તો તેની સાથોસાથ જ ઉદાહરણના પ્રયોગમાં અંતિમ સ્થાન પર "ખાઉં છું"ને બદલે "ખાય છે" વાપરવું પડે : 'હું કેરી ખાઉં છું'; 'તે કેરી ખાય છે.' આમ આ અંતિમ સ્થાન પરનાં તત્ત્વો વચ્ચે વિશિષ્ટ પ્રકારનો ક્રમવર્તી સંબંધ છે. એકના ફેરફાર સાથે બીજાનું રૂપ પણ ફરે છે, અને આ સંબંધ ઊલટી દિશામાં પણ ક્રિયાશીલ છે; જેમ કે છેલ્લા સ્થાન પર જો "ખાધી" હોય તો પ્રથમ સ્થાન પર "હું' ને બદલે 'મેં'" જ હોવાનું એટલે કે આપણા ઉદાહરણનું આ છેલ્લું રૂપ બનશે :

મેં કેરી ખા**ધી**

અહીં વળી સૌથી વધુ સંકીર્ણ સંબંધો નજરે ચડે છે, કારણ કે ઉપર બતાવ્યા મુજબ બે જ નહીં પણ ત્રણે સ્થાનો વચ્ચે અન્યોન્ય ક્રમવર્તી સંબંધ છે. એટલે કે વચ્ચેના તત્ત્વના રૂપને બદલવામાં આવે તોય છેલ્લા તત્ત્વના રૂપમાં અનિવાર્ય રીતે ફેર થાય છે :

મેં ગોળ ખા**ધો**

સ્વરૂપાત્મક વિશ્લેષણનું આ તો અત્યંત પ્રાથમિક ને ખૂબ જ મર્યાદિત પ્રકારનું ઉદાહરણ ગણી શકાય (આગળ ચાલીને આપણે આ ક્રમવર્તી અને સહવર્તી સંબંધો માટેની વિશિષ્ટ સંજ્ઞાઓ, તેમના વર્ગો, તેમનાં જુદી જુદી કક્ષાનાં અમૂર્ત તારવેલાં રૂપો વગેરે શોધવાં જોઈએ.) પરંતુ આમાંથી ય કોઈ પણ ભાષાપ્રયોગની સ્વરૂપસંઘટના કેટલી સંકીર્ણ હોય તેનો ખ્યાલ જરૂર આવી શકશે, અને આ તો માત્ર એક જ ટચૂકડી ઘટનાના અવલોકનની વાત થઈ. આપણા રોજિંદા જીવનમાં તો આપણે આ જાતની કેટલી યે ભાતની અને અગણિત સંખ્યાની ઘટનાઓને સ્વનદેહ અને અક્ષરદેહ આપતા રહીએ છીએ !

(ગ) આટલી જટિલ પ્રવૃત્તિના અભ્યાસમાંથી પ્રણાલિકાગત અર્થમાં "અર્થ"ને રજા આપ્યા પછી પાછું વિશિષ્ટ અર્થમાં "અર્થ"ને આ વિચારધારામાં લક્ષ્યસ્થાને મૂકેલો છે.[૧૮] આ વિશિષ્ટ અર્થનો "અર્થ" તે

"સ્વરૂપાત્મક અર્થ.[૧૯]

---

૧૮ સરખાવો J. R. Firth (1), p. 190. The disciplines and techniques of linguistics are directed to assist us in making statements of meaning. Indeed, the main concern of descriptive linguistics is to make statements of meaning.'

૧૯ સરખાવો R. H. Robins (2), p. 42 : 'Essentially, in this (i.e. Firthian) theory meaning is defined as the function of some linguistic form or element in a context.'

આ સ્વરૂપાત્મક "અર્થ"ના અભ્યાસ માટે શ્રી. ફર્થે સંદર્ભીકરણની પ્રવિધિ સૂચવેલી છે.[૨૦] આ પ્રવિધિમાં સર્વપ્રથમ તો આપેલા ભાષાપ્રયોગને અભ્યાસાર્થે જુદા જુદા સ્તરોમાં વહેંચી નાખવો જોઈએ જેમ કે—

→ સ્વનાત્મક
સ્વરૂપાત્મક અને
સંદર્ભાત્મક.

પછી આમાંના દરેક સ્તરં પર સંદર્ભીકરણ દ્વારાં "અર્થ" શોધવો જોઈએ.[૨૧] એટલે કે આપેલા સ્તર પરના ભાષાના કોઈ "એકમ" કે "સ્વરૂપાત્મક મૂળતત્ત્વ"નો "અર્થ" મેળવવા માટે

(૧) તે જ સ્તર પરના તેનાથી વધુ વિસ્તારના એકમ કે મૂળતત્ત્વમાં તેનું સ્થાન અને (૨) તે સ્તર પરના સંદર્ભમાં પારસ્પરિક સંબંધો દ્વારા નીપજતા તેના અપોહાત્મક કાર્યનો અભ્યાસ કરવો જોઈએ.[૨૨]

---

૨૦ સરખાવો J. R. Firth (1), p. xi : '....the whole technique of contextualization which is basic to my approach,' તથા (1), p. 19 : 'I propose to split up meaning or function into a series of component functions. Each function will be defined as the use of some language form or element in relation to some context. Meaning....is to be regarded as a complex of contextual relations, and phonetics, grammar, lexicography and semantics, each handles its own component of the complex in its appropriate context.'

૨૧ સરખાવો J. R. Firth (1), p. 192 : 'To make statements of meaning in terms of linguistics, we may accept the language event as a whole, and then deal with it at various levels, sometimes in descending order, beginning with social context and proceeding through syntax and vocabulary to phonology and even phonetics and at other times in the opposite order... the main purpose is the exposition of linguistics as a discipline and technique for the statement of meaning without reference to such dualism and dichotomies as word and idea, overt expression and covert concepts, language and thought, subject and object.'

૨૨ J. R. Firth (1), p. 182 :ના મત મુજબ આ 'context of situation'ના અમૂર્ત તારવેલા વિચારમાં નીચેની categoriesનો સમાવેશ થાય છે :

(ક) (વાતચિતમાં) ભાગ લેનારાઓનાં પ્રસ્તુત લક્ષણો :

(૧) ભાગ લેનારાઓની 'ભાષિક' ક્રિયા.

(૨) ભાગ લેનારાઓની 'અભાષિક' ક્રિયા.

(ખ) પ્રસ્તુત પદાર્થો.

(ગ) ભાષિક ક્રિયાનું પરિણામ.

પસંદ કરેલા ભાષાપ્રયોગના અંતર્ગત ભાગોના કાર્યનું આ પ્રમાણે ઉત્તરોત્તર જુદા જુદા સ્તર પર અવલોકન કર્યા બાદ છેલ્લે તે પ્રયોગ જે વ્યાવહારિક પરિસ્થિતિમાં ઘટચો—યોજાયો હોય તેનું પણ વ્યવસ્થિત વિશ્લેષણ કરવું જોઈએ, અને તે પરિસ્થિતિનાં મૂળતત્ત્વો સાથેનો ભાષાઘટનાનો અપોહાત્મક કાર્યસંબંધ તપાસવો જોઈએ. એટલે કે આ અંતિમ સ્તર પર આપણે સાધારણ રીતે ય જેને "સંદર્ભ" કહીએ છીએ તે **પરિસ્થિતિ**ના સંદર્ભમાં જ સમગ્ર ભાષાઘટનાના અપોહાત્મક કાર્યનું વર્ણન કરવાનું છે. વાસ્તવમાં દરેક સ્તર પર આપેલ એકમ કે તત્ત્વના કાર્યનું મિતાક્ષરી વર્ણન જ તેનો "સ્વરૂપાત્મક અર્થ" છે.

આ( ગ )ની ચર્ચા દરમિયાન પણ આપણે સૂક્ષ્મ વિચારોનું નિરૂપણ કરવું પડ્યું, પરંતુ ઉપર( ખ )માં લીધેલા ઉદાહરણ પરથી "સ્વરૂપાત્મક" વિશ્લેષણનો થોડોઘણો ખ્યાલ તો આવ્યો જ હશે. હવે આપણે આ લેખમાં અહીં પહેલી જ વાર પ્રયોજેલ "અપોહાત્મક કાર્ય"ના વિભાવને સમજવા માટે તથા તે દ્વારા "સ્વરૂપાત્મક અર્થ"નો ખ્યાલ વધારે સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીએ.

પહેલાં, સ્વનના સ્તર પર એક અત્યન્ત નાનો દાખલો લઈએ તો :

કરજ
ગરજ

અથવા

બાળા
માળા

જેવાં અમુક લક્ષણોમાં સામ્ય ધરાવતાં દ્વંદ્વોના સંદર્ભમાં અનુક્રમે ક/ગ અને બ/મને તપાસતાં આ સ્વનિમોનું આટલા પૂરતું અપોહાત્મક કાર્ય ને "અર્થ" જાણવા મળે છે. તેમના આ જ અર્થનાં બીજાં બાકીનાં પાસાંઓ તપાસવા માટે બીજા સ્વનસંદર્ભોમાં તેમનું કાર્ય જોવું જોઈએ.

હવે વ્યાકરણના સ્તર પર એક દૃષ્ટાંત તપાસીએ :

મોહનની આંખ દુઃખે છે.

આ પ્રયોગમાં (હાલ પૂરતા ગણીએ તો પરંપરાગત અર્થમાં) કર્તાસ્થાને નીચેનું "જૂથ" છે :

મોહન**ની આંખ**

આ "જૂથ"માં "આંખ"ને "જૂથ"નું "હાર્દ" કહીશું અને "મોહનની" ને "પૂર્વોપાધિ" કહીશું.

હવે જોવાનું એ છે કે "હાર્દ" સ્થાનના તત્ત્વને બદલાવતાં આપણને "પૂર્વોપાધિ"માં પણ નીચે મુજબ સ્વરૂપફેર નજરે ચડે છે :

મોહનનું માથું

મોહનનો પગ

આ જૂથનાં બન્ને તત્ત્વો વચ્ચે જે સંબંધ ઉપરનાં ઉદાહરણોમાં દેખાય છે તેને આપણે "લિંગ" સંજ્ઞા આપીએ, અને તેની વ્યવસ્થાને "તંત્ર" કહીએ. આમાં જોવાનું એ છે કે બેમાંથી દરેક સ્થાન પર આમ જોઈએ તો સ્વતંત્ર રીતે જ—સહવર્તી રીતે આ "લિંગ"નું "તંત્ર" ક્રિયાશીલ છે. એટલે કે દરેક સ્થાન પર ત્રણ ત્રણ વિકલ્પો ઉપલબ્ધ છે.

| | | |
|---|---|---|
| મોહનની | | આંખ |
| મોહનનું | તથા | માથું |
| મોહનનો | | પગ |

પરંતુ આ જ બંને સ્થાનો વચ્ચે ક્રમવર્તી સંબંધ પણ એ સાથે જ ક્રિયાશીલ છે; એટલે કે "હાર્દ" સ્થાન માટે "લિંગ"ના તંત્રમાંથી પસંદગી કરવાની સાથે જ "પૂર્વોપાધિ"ના "લિંગ"ની પસંદગી પણ કરવી પડે છે.

આ અભ્યાસ થોડો આગળ વધારતાં આપણને પ્રશ્ન થાય કે ઉપર જોયા પ્રમાણેનો સંબંધ ઇતર ઉદાહરણોમાં જોવા મળે કે કેમ. જવાબમાં નીચેના પ્રયોગો તપાસીએ :

| | |
|---|---|
| સારો | વિચાર |
| સારી | આબરુ |
| સારું | કાર્ય |

આમ આ પ્રયોગો દ્વારા પણ "લિંગ"ના તંત્ર વિષેનાં આપણાં મર્યાદિત કથનોને પૂર્તિ મળે છે. "હાર્દ"ના બદલાતાં "લિંગ સાથે "પૂર્વોપાધિ"નું "લિંગ" પણ બદલાય છે.

સમજવા જેવું અહીં એ છે કે આ પ્રકારના વધુ ને વધુ પ્રયોગોનું ઉપર પ્રમાણે સ્વરૂપાત્મક વિશ્લેષણ કરતાં કરતાં આપણે જેને "લિંગ" સંજ્ઞા આપી છે તે "તંત્ર"ના "સ્વરૂપાત્મક અર્થ"નો એક ભાગ આપણે જાણી શકીએ.

એથી આગળ ચાલીને આપણે મૂળ વધુ વિસ્તૃત ઉદાહરણ લઈએ :

મોહનની આંખ દુઃખે છે.

આ પ્રયોગમાં ઉપરની રીતે ફેરફાર કરતાં આપણને નીચેના ત્રણ પ્રયોગો જોવા મળે છે :

મોહનની આંખ દુઃખે છે.
મોહનનું માથું દુઃખે છે.
મોહનનો પગ દુઃખે છે.

દેખીતી રીતે જ (ફરી થોડી વાર પ્રણાલિકાગત વર્ગીકરણ સ્વીકારતાં) "કર્તા"ના "લિંગ"ના ફેરફારની કોઈ અસર "ક્રિયાપદ"ના સ્વરૂપ પર પડતી નથી. હવે આ ઉદાહરણનું ક્રિયાપદ વર્તમાન "કાળ"માં છે, એટલે કે ક્રિયાપદના સ્થાન પર ત્રણ વિકલ્પ આપતું "કાળ" નામક "તંત્ર" કાર્ય કરે છે. આમાંનો બીજો વિકલ્પ ભવિષ્ય "કાળ" લઈએ :

મોહનની આંખ **દુઃખશે.**
મોહનનું માથું **દુઃખશે.**
મોહનનો પગ **દુઃખશે.**

જોવા મળે છે કે અહીં પણ ક્રિયાપદનું સ્વરૂપ જેમનું તેમ રહે છે. છેલ્લે ભૂત "કાળ" લઈએ :

મોહનની આંખ દુઃખી.

મોહનનું માથું દુખ્યું.

મોહનનો પગ દુઃખ્યો.

આ એક કિસ્સામાં ક્રિયાપદનું સ્વરૂપ બદલાયું. આમ "ક્રિયાપદ"ના સ્થાન પર ક્રિયાશીલ "કાળ"ના "તંત્ર"નો "કર્તા" સ્થાન પર ક્રિયાશીલ "લિંગ"ના "તંત્ર" સાથે કંઈક વિચિત્ર—સંકીર્ણ ક્રમવર્તી સંબંધ અહીં દેખાય છેઃ "ક્રિયાપદ"ના સ્થાન પરના "કાળ"ના "તંત્ર"ના ત્રણ વિકલ્પો—ભૂત, વર્તમાન અને ભવિષ્ય—માંથી છેલ્લા બેની સાથે "કર્તા" સ્થાન પરનું "લિંગ"નું "તંત્ર" નિષ્ક્રિય રહે છે, જ્યારે પહેલા એક સાથે તે ક્રિયાશીલ બને છે.[૨૩] આ રીતે "લિંગ" નામક "તંત્ર"ના આપણે ઉપર મેળવેલા "સ્વરૂપાત્મક અર્થ"માં આ માહિતીનો ઉમેરો કરીને આપણે તે અર્થનું નવેસરથી વર્ણન કરવું જોઈએ.

"સ્વરૂપાત્મક અર્થ"નો ખ્યાલ સ્પષ્ટ કરવા માટે આપણે "લિંગ" સંજ્ઞિત "**તંત્ર**"ના કાર્ય અને સંબંધોનો સહેજ વિસ્તારથી વિચાર કર્યો છતાં ય વગરપૂછ્યે કહી શકાય કે તે ખૂબ અધૂરો છે; પરંતુ આપણો હેતુ અહીં જેને આપણે "લિંગ" નામક "તંત્ર" કહ્યું છે તે ભાષા—સંઘટનાનો **સંપૂર્ણ** સ્વરૂપાત્મક અર્થ શોધવાનો નહોતો; માત્ર તે દિશામાં દૃષ્ટાંત દાખલ થોડા આગળ જવાનો હતો. સંપૂર્ણ "અર્થ" મેળવવા માટે તો આપણે અનેક

૨૩ ઉપર ૪ (ખ)માં લીધેલાં ઉદાહરણો અને અહીંનાં ઉદાહરણો વચ્ચેનું સ્વરૂપાત્મક સામ્ય આ અભ્યાસ આગળ વધારવા લલચાવે તેવું છે.

આનુષંગિક ભાષાપ્રયોગોનો આ જ પ્રમાણે અભ્યાસ કરવો પડે, અને છેલ્લે આ પ્રક્રિયા દ્વારા મેળવેલા સંપૂર્ણ " અર્થ "નું શક્ય તેટલા મિતાક્ષરી સ્વરૂપમાં વિધાન કરવું જોઈએ.

અત્રે ખાસ તો એ હકીકત નોંધવાયોગ્ય છે કે ઉપરના વિસ્તૃત ઉદાહરણમાં કોઈ પણ તબક્કે આપણે નિર્દેશાત્મક કે વિભાવાત્મક (પ્રણાલિકાગત પ્રકારના) " અર્થ "નો ઉલ્લેખ કે ઉપયોગ નથી કર્યો; પરંતુ બને તેટલા **સાંદર્ભિક** પુરાવાઓના આધારે ગુજરાતી ભાષાના " લિંગ" નામક " તંત્ર "નો " અર્થ " શોધવા પ્રયત્ન કર્યો છે.

આ લેખની સ્થળમર્યાદાના પ્રમાણમાં સહેજ વધુ પડતી ગણી શકાય એટલી લાંબી ચર્ચા આપણે આ છેલ્લા મુદ્દાની કરવી પડી, કારણ કે—

૧ આ " સ્વરૂપાત્મક અર્થ "નો વિભાવ માત્ર ફર્થવાદી વિચારધારામાં જ નહીં, પરંતુ આધુનિક ભાષાવિજ્ઞાનમાં ય અત્યંત મહત્ત્વનો ગણી શકાય તેમ છે; આધુનિકતાના પાયાના વિચારોમાંનો તે એક છે. તેમ જ

૨ "અર્થ " વિષેના આપણા રૂઢિગત ખ્યાલથી તદ્દન જુદી દિશા દેખાડતો હોવાની સાથોસાથ આ વિભાવ પાછો એટલો જ સૂક્ષ્મ છે. હું આશા રાખું છું કે આપેલા વિસ્તૃત ઉદાહરણની મદદથી આ વિભાવ થોડોઘણો સ્પષ્ટ કરી શક્યો હોઉં.

મારી વ્યક્તિગત તેમ જ પરિસ્થિતિની મર્યાદાઓ છતાં વર્તમાન ભાષાવિજ્ઞાનનાં તથા તેમાંની એક પ્રમુખ વિચારધારાનાં થોડાંક વિશિષ્ટ લક્ષણોનો શક્ય તેટલી સરળ રીતે પરિચય આપવાનો એક નમ્ર પ્રયાસ મેં આ લેખમાં કર્યો છે. એમાં ત્રુટિઓ તો રહી જ ગઈ હશે પરંતુ આ લેખના વસ્તુ, મુદ્દાઓ અને માવજત વિશે કંઈક ચર્ચા અને સૂચનો પ્રેરવા જેટલું પરિણામ લાવી શકું તો તેની યથાર્થતા સમજીશ. આગળ ઉપર અનુકૂળતાએ આ લેખની પશ્ચાદ્ભૂમિકા પર આ જ વિચારધારા પ્રમાણેના વ્યાકરણ તથા 'લેક્સિસ' વિશેના મુખ્ય મુખ્ય વિચારોની રજૂઆત કરવા ધાર્યું છે.

* * *

## પુસ્તકસૂચિ

1 J. R. Firth : 'Papers in Linguistics 1934-51' (London, Oxford University Press, 1964).

2 R. H. Robins : 'General Linguistics, an Introductory Survey' (London, Longmans, 1967).

3 Halliday, McIntosh and Strevens : 'Linguistic Sciences and Language Teaching' (London, Longmans, 1966).

4 C. E. Bazell and others (Eds.) : 'In Memory of J. R. Firth' (London, Longmans, 1966).

* * *

# પરિશિષ્ટ

## પારિભાષિક સંજ્ઞાઓ

| ગુજરાતી | અંગ્રેજી |
|---|---|
| અપોહાત્મક | contrastive |
| અમૂર્ત તારણ | abstraction |
| એકમ | unit |
| કક્ષા | order |
| કાર્ય | function |
| ક્રમવર્તી | syntagmatic |
| ક્રિયાવિધિ | procedure |
| ક્રિયાશીલ | operative |
| જૂથ | group |
| તંત્ર | system |
| નિષ્ક્રિય | neutral |
| પદ | term ( in a system ) |
| પૂર્વસ્થાપના | hypothesis |
| પૂર્વોપાધિ | modifier |
| પ્રકૃતિ | nature |
| પ્રવિધિ | technique |
| બંધારણ | structure |
| ભાત | pattern |
| ભાષાઘટના | language event |
| મૂળતત્ત્વ | element |
| રૈખિક | linear |
| વર્ગ | class |
| વર્ણન-નાત્મક | description-ptive |
| વાક્યખંડ | clause |

| ગુજરાતી | અંગ્રેજી |
|---|---|
| વિસ્તાર | stretch |
| શ્રેણી | rank |
| સહવર્તી | paradigmatic |
| સંઘટના | organization |
| સંદર્ભીકરણ | contextualization |
| સંજ્ઞા | term ( technical ) |
| સ્તર | level |
| સ્થાપના | theory |
| સ્વનીમ–નાત્મક | phoneme-netic |
| સ્વરૂપ–પાત્મક | form-mal |
| હાર્દ | head |

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અંબરીષકથા

બહેચરભાઈ ર. પટેલ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અતિ લોકપ્રિય આખ્યાનોનો પ્રમુખ ઉદ્દેશ ભક્તિનો મહિમા ગાવાનો હતો. એથી આખ્યાનકારોએ ભાગવત આદિ પુરાણોમાંના–પૌરાણિક–ભક્તોને વિષય બનાવીને સંખ્યાબંધ આખ્યાનો રચ્યાં છે. સુદામા, ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ, હરિશ્ચંદ્ર, શુકદેવ, રંતિદેવ વગેરે વૈષ્ણવ ભક્તો આખ્યાનોના નાયકો બનીને લોકહૃદયમાં ચિરંજીવ સ્થાન પામી ગયા છે. વિષ્ણુદાસથી આ પૌરાણિક ભક્તો ઉપરાંત નરસિંહ મહેતા, વલ્લભાચાર્ય, બોડાણો, ગોરીષ, કબીર જેવા ઐતિહાસિક ભક્તોને પણ આખ્યાનવિષય બનાવાયા. તો પણ, પૌરાણિક ભક્તોનું આકર્ષણ ઘટયું નહીં. સામાન્ય કથાકારોથી માંડીને પ્રેમાનંદ જેવા આખ્યાનકવિશ્રેષ્ઠની કાવ્યાંજલિ પણ તેમણે મેળવ્યા જ કરી.

ભાગવતભક્ત અંબરીષની જીવનકથા આ પ્રકારનો પણ પ્રમાણમાં ઓછો ખેડાયેલો વિષય છે.

ભક્ત અંબરીષના ભાગવત ચરિતને સૌ પ્રથમ રચવામાં આવે છે સં. ૧૬૪૩માં. એ વર્ષે વિષ્ણુદાસ અને કાશીસુત એ બન્ને કવિઓ એ એક જ વિષય પરનાં આખ્યાનો રચે છે. એમાંથી વિષ્ણુદાસનું અપ્રાપ્ત હોઈ કાશીસુત શેધજીનું જ એ વિષયનું પહેલું સ્વતંત્ર કાવ્ય પ્રાપ્ત થાય છે. કાશીસુત પછી એના જ સમયનો રામદાસસુત સં. ૧૬૪૯માં તેનું એકમાત્ર પણ સુંદર 'અંબરીષ-આખ્યાન' આપી જાય છે. તે પછી અગિયારેક વર્ષે—સં. ૧૬૬૦માં જ્ઞાની કવિ ગણાતો રામભક્ત નાનું પાંચ કડવાનું 'અંબરીષ—આખ્યાન' રચી જાય છે. તે પછી ચાંપાનેરવાસી શિવદાસસુત કૃષ્ણદાસ વિક્રમના ૧૭મા શતકના છેલ્લા ચરણમાં આ વિષયનું એક આખ્યાન આપે છે. એમ વિક્રમના ૧૭મા શતકનાં છેલ્લાં સાઠેક વર્ષોમાં જ આ વિષયની ચાર સ્વતંત્ર આખ્યાનકૃતિઓ મળી જાય છે. ત્યાર બાદ એક માત્ર નરભેરામનાં 'અંબરીષના પદો' વિક્રમની ઓગણીસમી સદીમાં મળે છે.

આ અંબરીષકથા શ્રીમદ્ ભાગવતના નવમ સ્કંધમાં આવે છે એટલે ભીમની 'હરિલીલા ષોડશકલા' (કલા ૧૦મી)માં, સંત અને વલ્લભ ભટ્ટના 'ભાગવત'ના નવમ સ્કંધમાં પણ અંબરીષકથા સ્વાભાવિક ક્રમે આવે. એમાં વલ્લભ ભટ્ટ એના પુરોગામી ભાગવત–નવમ સ્કંધ–રચયિતાઓની સરખામણીમાં કંઈક વિસ્તારથી અને રસિકતાથી આપે છે.

અંબરીષવિષયક સ્વતંત્ર કાવ્યો તો આજે ચાર જ મળે છે. એમાં પહેલાં ત્રણ આખ્યાનો, છેલ્લું પદમાળા.

## કાશીસુતકૃત 'અંબરીષ-આખ્યાન'*

પ્રાપ્ત અંબરીષવિષયક સ્વતંત્ર આખ્યાનોમાં સર્વ પ્રથમ એવું કાશીસુતનું 'અંબરીષ-

* પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા : હ. પ્ર. નં. ૨૬૯૦.

આખ્યાન ' ભાગવતની મૂળ અંબરીષકથાનો વિસ્તૃત ભાવાનુવાદ આપે છે. પોતાના તરફથી કંઈક ઉમેરીને કથાને ખીલવે પણ છે. દુર્વાસાનો, અંબરીષ પાસે વ્રતમાં ભંગ પાડવા આવવાના કારણનો, પ્રસંગ કવિએ પદ્મપુરાણમાંથી લીધો છે (કડવું ૪). એ સિવાય તે અંબરીષવર્ણન બ્રહ્મા–વિષ્ણુ–મહાદેવની ઉક્તિઓ, અંબરીષની સ્તુતિ, અંબરીષપ્રશંસા વગેરેના નિરૂપણમાં ભાગવતના શ્લોકોના મુક્ત અનુવાદ જેવી કડીઓ આપે છે. કેટલેક સ્થળે તે વિગતો કે પ્રસંગોમાં નજીવો ફેર કરે છે. પદ્મપુરાણમાંથી લીધેલો દુર્વાસાનો પ્રસંગ કવિનો પ્રશસ્ય મૌલિક ઉમેરો છે. એથી દુર્વાસાના પાત્રનો બચાવ થયો છે, દુર્વાસા ઈન્દ્રના પ્રેર્યા અંબરીષનો વ્રતભંગ કરવા આવે છે, તેથી ઈન્દ્ર ખરો ખલનાયક બને છે. ભાગવતના મૂળ વસ્તુમાં આ સૌથી મોટો ફેરફાર છે. કવિએ મૂળની બે અધ્યાયને ૮૬ શ્લોકોની લઘુકથા બહેલાવીને ૧૪ કડવાં ને ૨૪૫ કડીઓ રચી છે. આખ્યાનની આકૃતિ સુશ્લિષ્ટ બની છે. મૂળની કથા કરતાં કાશીસુતની કથા વધુ રસિક બની છે. વાતાવરણ ને પાત્રવિધાન વધુ વાસ્તવિક ને સજીવ બન્યાં છે. દુર્વાસાની નાસભાગને આટલી તાદૃશતાથી અન્ય કોઈએ વર્ણવી નથી. એની આ કૃતિ પર કોઈ ગુજરાતી કવિનું ઋણ નથી અને એ એટલી વિશેષતા સાધે છે એ કવિને માટે ગૌરવની વાત છે.

આરંભમાં એ ગણપતિ, સરસ્વતી ને ગુરુનાં સ્તવનો, કથામૂલનિર્દેશ અને આખ્યાનનો નામોલ્લેખ કરીને બીજા કડવાથી કથા પર જાય છે. અંબરીષના ભક્ત જીવનના વર્ણનથી આરંભાયેલું કથાકાવ્ય એના ભક્તિમય જીવનની વાનપ્રસ્થાશ્રમાવસ્થા અને તેનું હરિચરણમાં અવસાન ગાઈ ઉપસંહાર પામે છે. આરંભથી તે અંત સુધી અંબરીષની ભક્તિની સિદ્ધિ અથવા વિજય દર્શાવવા ઈન્દ્ર, દુર્વાસા અને કૃત્યાનાં પાત્રોની લીલા વર્ણવવામાં આવી છે. ઈન્દ્રના દરબારમાં સૌ પ્રથમ દેખાતા દુર્વાસાની પણ છેલ્લે અંબરીષની વિદાય લઈ બ્રહ્મા પાસે જવા સુધીની કથા કહેવામાં આવી છે. ભગવાને આકાશવાણીમાં દશ વાર માનુષ દેહ ધરવાનું કહ્યું હતું એ પ્રમાણે કવિએ અંતે શ્રીહરિના દશ અવતાર વર્ણવ્યા છે. કવિ પ્રસંગોને ખીલવી જાણે છે તેની પ્રતીતિ તેણે બ્રહ્મા, શંકર ને રુદ્રની મુલાકાતો મૂળમાં ન હોવા છતાં યોજી છે તેમાં અને પદ્મપુરાણમાંથી ઈન્દ્ર-દુર્વાસાનો પ્રસંગ લીધો છે તેમાં થાય છે. તે પ્રસંગોને અસ્પષ્ટ કે અવિકસિત નથી રાખતો. જરૂર કરતાં લાંબા વર્ણનો નથી કરતો. મૂળમાં અંબરીષના ભક્તિમય જીવનનું વર્ણન ને શ્રીહરિની ઉક્તિ ઠીક લાંબી છે; પણ કવિએ તો શ્રોતાઓના કથાસ્વાદમાં વિક્ષેપ ન પડે એ માટે માપસરનાં જ રાખ્યાં છે. પ્રારંભનાં ત્રણ કડવામાં અને છેલ્લાં ચારેક કડવામાં મોટે ભાગે સીધાસાદા વર્ણનમાં જ રાચતી એની કલમ કડવા ૪ થી ૧૦ સુધીમાં ચલચિત્રાત્મક રીતે વેગથી કથા દોડાવી શકે છે. કથા મૂળના ક્રમે જ કહેવાઈ છે. દુર્વાસા-ઈન્દ્રના પ્રસંગના ઉમેરામાં તેમ જ દુર્વાસાની નાસભાગ ને આશ્રયશોધ માટેની મુલાકાતોના પ્રસંગો યોજવામાં તેની વસ્તુની માવજત કરવાની કલાદૃષ્ટિ જોવા મળે છે. મૂળની પૌરાણિકતા ને ભક્તિપ્રધાનતા જાળવીને કથાની રસિકતા વધારવામાં કવિની સફળતા રહેલી છે. રસોની દૃષ્ટિએ જોતાં આખ્યાનમાં સાદ્યંત વહેતી ભક્તિ ને શાંત રસની ગંગા-યમુનામાં પ્રસંગાનુસાર અદ્ભુત, કરુણ, રૌદ્ર કે ભયાનક રસની સરસ્વતી ભળતી અને ભગવદ્ ભક્તિનો મહિમા ગજવતી રહી છે. આખ્યાન ભક્ત ને ભક્તિની સર્વોપરિતા અને તેના વિરોધીઓની દુર્દશા દર્શાવવામાં સફળ નીવડયું છે. સત્નો જય ને અસત્નો પરાજય એ સનાતન સત્યનો કથા દ્વારા ઉપદેશ થયો છે. અંબરીષને કેન્દ્રમાં રાખીને કવિ ભક્તજીવનના ' શિવેતરક્ષતયે '

યોજાતા સત્ત્વનું અને ભક્તિમય જીવનની પુનિત મંગલતાનું દર્શન કરાવી જાય છે. ભક્તિભાવથી ભાવકના હૃદયને ભીનું કરવાનું શ્રેય એ જરૂર કમાઈ ગયો છે.

## રામદાસસુત-કૃત ' અંબરીષ-આખ્યાન ' *

કાશીસુત પછી થયેલા પણ નાકરયુગના જ કવિ રામદાસસુતની એક માત્ર પણ ઉલ્લેખપાત્ર કૃતિ તે ' અંબરીષ-આખ્યાન '. એમાં એણે જે કવિત્વ દર્શાવ્યું છે તેને કારણે તે તેના સમકાલીનોમાં વિશિષ્ટ જણાય છે. તેણે કાશીસુત પછી ૭ વર્ષે સં. ૧૬૪૯ના શ્રાવણ સુદ ૧૦ને દિવસે ૧૫ કડવાનું ' અંબરીષ-આખ્યાન ' બાંધ્યું છે. આખ્યાનના સ્વરૂપની દૃષ્ટિએ એમાં બંધનું શૈથિલ્ય જોવા મળે છે; પણ તેમાં ઝડઝમકવાળી આલંકારિક ભાષામાં થયેલી કથાની રજૂઆતને કારણે તે કાશીસુતની સ્પર્ધામાં ઊભો રહે છે. તેણે ભાગવતની મૂળ કથાનું જ અનુસરણ કર્યું છે, મૂળમાં ખાસ કોઈ ફેરફાર કર્યો નથી. કાશીસુતે પદ્મપુરાણમાંથી ઇંદ્ર-દુર્વાસાનો પ્રસંગ લીધો એવું રચનાકૌશલ રામદાસસુતે દાખવ્યું નથી. કથાની દૃષ્ટિએ રામદાસસુતનું કાવ્ય મુખ્યત્વે બે જગાએ જુદું પડે છે : એક, તો તેમાં ઉપર્યુક્ત ઈન્દ્ર-દુર્વાસાનો પ્રસંગ નથી ને બીજું, કાવ્યને અંતે પ્રભુ પ્રકટ થાય છે ને સ્વમુખે પોતાના અવતારોની માહિતી આપે છે. કાશીસુતમાં અંતે ભગવાન પ્રકટતા નથી. રામદાસસુતમાં દુર્વાસાએ કરેલી ચક્રની સ્તુતિ પછી પ્રભુ પ્રગટ થાય છે; દુર્વાસા ને અંબરીષનાં દુઃખ દૂર કરે છે, પોતાના અવતાર ગણાવે છે અને પછી અદૃશ્ય થઈ જાય છે.

કાશીસુતના કાવ્ય કરતાં રામદાસસુતનું કાવ્ય કેટલીક બાબતોમાં ચડિયાતું છે. કાશીસુત કરતાં તેની ભાષા વધુ લલિત અને આલંકારિક છે. તેણે કરેલાં અંબરીષના ભક્તિમય જીવનનું વર્ણન, દુર્વાસાનો ક્રોધ, ચક્રની સ્તુતિ, ભગવાનની શોભા ને દશાવતારનાં વર્ણનો કાશીસુતનાં તે વર્ણનો કરતાં ચડિયાતાં છે. કથાસંકલનમાં કાશીસુત ચડિયાતો છે, તો ભાષાલાલિત્યમાં રામદાસસુત. રસજમાવટમાં કાશીસુત વધુ સફળ છે, તો વર્ણનોમાં રામદાસસુત. અંબરીષના પાત્રનું વર્ણન રામદાસસુતે સારું કર્યું છે, તો દુર્વાસાના પાત્રાલેખનમાં કાશીસુતે અદ્વિતીય મૌલિકતા બતાવી છે. અલંકારરચનામાં રામદાસસુત આગળ નીકળી જાય છે, તો આખ્યાનનો બંધ કાશીસુતનો વધુ સારો છે. મૂળને અનુસરીને પદ્યાનુવાદ આપવામાં રામદાસસુતે વધારે કાળજી રાખી છે, જ્યારે કાશીસુતે ભાવને જ સરળ રસિક ભાષામાં મૂકવાની વૃત્તિ સેવી છે ને કવિની સ્વતંત્રા વધારે ભોગવી છે.

અહીં શ્રી. કે. કા. શાસ્ત્રીના શબ્દો નોંધવાયોગ્ય ગણાશે : બીજા કવિઓમાં અંબરીષ-આખ્યાન મુખ્યત્વે કૃષ્ણદાસ, રામભક્ત અને વિષ્ણુદાસનાં મળે છે. તેના કરતાં આ કાવ્ય તેના કવિત્વયુક્ત ગુણોને લીલે જુદું તરી આવે છે. આ કવિના સમયમાં થયેલો કાશીસુત શેઘજી એક બીજો એવો કવિ છે કે જે તેના સભાપર્વમાં એવા થોડા ગુણોને કારણે અલગ તરી આવે છે. એ સિવાયના વિષ્ણુદાસ-શિવદાસ વગેરે કવિઓ કાવ્યત્વની દૃષ્ટિએ ભાગ્યેજ સારાં કાવ્યો આપે છે. × શ્રી શાસ્ત્રીજીએ અહીં કાશીસુતના ' અંબરીષ-આખ્યાન 'ને ઉલ્લેખ્યું નથી; પણ તેના

---

* ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ : હ. પ્ર. નં. ૬૯.

× કવિચરિત ભાગ-૨, પૃ. ૩૯૬ (પ્ર. આ.)

કરતાં રામદાસસુતનું કંઈક અંશે ચડિયાતું ગણાય એવું છે. શ્રી શાસ્ત્રીજીએ ઉલ્લેખેલાં ત્રણમાંથી તો આપણને એકમાત્ર રામભક્તનું જ 'અંબરીષ-આખ્યાન' મળે છે.

## રામભક્તરચિત 'અંબરીષ-આખ્યાન' *

સં. ૧૬૬૦માં હયાતી ધરાવતા રામભક્ત નારાયણ ભટ્ટે પાંચ કડવાંનું 'અંબરીષ-આખ્યાન' આપ્યું છે. એની કથા જુદે માર્ગે ચાલે છે. એ આખ્યાનમાં પાંચમાંથી પહેલાં બે કડવાંમાં તો એકાદશીની કથા જ કહે છે. આરંભમાં અંબરીષ નારદને પ્રશ્ન પૂછે છે "સ્વાંમી, કોણ વરતે કરીને જુગદીશ શંતોખાએ ?' એના જવાબમાં નારદ મત્સ્યપુરાણમાં શ્રીકૃષ્ણે અર્જુનને કહેલી એકાદશીવ્રતની કથા કહે છે. એમાં એકાદશીની ઉત્પત્તિની કથા આવે છે. એક મહાદૈત્યે દેવોને ત્રાસ પમાડચા એટલે દેવો અંતે વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુ તે દૈત્ય( મોર )નો ગયા તો સંહાર કરવા, પણ પછી તેને હરાવી શાંત પાડી માર્યા વિના પાછા આવ્યા; પણ હજાર વર્ષ પછી જ્યારે દેવો ને ખુદ વિષ્ણુ એનાથી ત્રાસી ગયા ત્યારે એનો નાશ કરવા વિષ્ણુએ એક નારી ઉત્પન્ન કરી. આ નારી તે એકાદશી. એણે દૈત્યોને મુગ્ધ કર્યા અને મરાવ્યા. ત્યારે શ્રીકૃષ્ણ—જે દૈત્યોના ત્રાસથી નાસી ગયા હતા તે—ત્યાં આવ્યા ને તેમણે આ સ્ત્રીને વરદાન માગવા કહ્યું, એકાદશીએ વરદાન માગ્યું :

'જે કો માહારું વરત કરે તેહેને શરવે સુધી હોએ,
અપાવશ જે માહારો કરે તેહેને મોક્ષપ્રાપ્તી હોએ.'

શ્રીકૃષ્ણે 'તથાસ્તુ' કહ્યું.

આ કથા બે કડવાં સુધી ચાલે છે. આવું અન્ય કોઈના 'અંબરીષ-આખ્યાન'માં નથી, આ એકાદશીવ્રત કરવાથી અંબરીષ દુર્વાસાને પણ પોતાને શરણે આવતા કરી દે છે એવું દર્શાવવાની રામભક્તની યોજના છે. પહેલાં એકાદશીની કથા ને પછી તેને આચરનારનું દૃષ્ટાંત એવો ઉપક્રમ રાખ્યો છે, એટલે એના આખ્યાનને 'એકાદશી-આખ્યાન' નામ આપીએ તો વધુ સાર્થક; પણ પાંચમાંથી છેલ્લાં ત્રણ કડવાંમાં અંબરીષકથા આવે છે તેથી જે કવિ એને પ્રધાન ગણતા હશે તેથી તે 'અંબરીષ-આખ્યાન' ભલે કહેવાતું.

ખેર, ત્રીજા કડવાથી તો અંબરીષકથા શરૂ થાય છે જ. આખું ત્રીજું કડવું અંબરીષની જીવનચર્યાના વર્ણનમાં જાય છે, છતાં તે વર્ણન ઉપરના કવિની કક્ષાએ નથી આવતું. ચોથા કડવામાં અંબરીષનું એકાદશીવ્રતપાલન ને દુર્વાસાના શ્રીહરિચરણે જવાના પ્રસંગ સુધીની કથા છે. પાંચમા કડવામાં વાર્તા પૂરી થયા પછી અંતે એકાદશીનો મહિમા ગવાયો છે. કથાનો અંત રામદાસસુતની કથાના અંતને મળતો છે. અંતે ભગવાન પ્રગટ થઈ દુર્વાસાના શાપને સાચો પાડવા અંબરીષને બદલે પોતે દશ અવતાર લેશે એવી ખાતરી આપે છે.

આમ રામભક્તનું 'અંબરીષ-આખ્યાન' (કે 'એકાદશીવ્રતકથા'?) વસ્તુસંયોજન, રસનિરૂપણવર્ણન, કલા, ભાષાસામર્થ્ય આદિમાં સાવ સામાન્ય નીવડે છે. એણે એકાદશીની કથાને અંબરીષની કથા સાથે સાંકળવામાં અને એ માટે મત્સ્યપુરાણમાંથી કથાખંડ લેવામાં

* ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ : હસ્તપ્રત નં. ૩૭૪.

અપૂર્વ નાવીન્ય દાખવ્યું છે પણ એકંદરે કૃતિ કાવ્યગુણથી ઓપતી નથી. શ્રી. કે. કા. શાસ્ત્રી તો કહે છે કે 'એના પાંચ કડવાના અંબરીષ-આખ્યાનમાં પણ કશો દમ નથી.' *

## નરભેરામનાં 'અંબરીષનાં પદો' ×

રામભક્ત પછી 'અંબરીષ–આખ્યાન' શિવદાસસુત કૃષ્ણદાસ (સં. ૧૬૭૩-૧૭૦૧) આપ્યું હોવાનો ઉલ્લેખ મળે છે, + પણ તે પ્રાપ્ત થતું નથી.

એ પછી 'અંબરીષનાં પદો'માં અંબરીષકથા મળે છે છેક વિક્રમના ૧૯મા શતકમાં પીજના નરભેરામ (સં. ૧૮૨૪-૧૯૦૮)ની કલમે, આખ્યાનયુગ વીતી ગયા પછી. અને તેથી જ તે આખ્યાનમાં નહિ પણ પદોમાં છે. નરભેરામ કાફી પ્રકારનાં પદોની માળાનું સ્વરૂપ વાપરે છે. કથાના પ્રસંગોમાં કેટલાંક પરિવર્તન થયાં છે. ચાર જ પદ સુધી કવિ અંબરીષના સ્વાશ્રયી ભક્તિજીવનનું વર્ણન ગાય છે. પાંચમા પદથી નવી રાણી સોમીષ્ટાનો પ્રસંગ આપે છે. સોમીષ્ટાની આ કથા આ પૂર્વેની કોઈ અંબરીષકથામાં નથી. ભાગવતમાં પણ નથી. બીજાં કેટલાંક પુરાણોમાં ને નાભાજીની તથા રઘુવીરસિંહજીની 'ભક્તમાળ'માં છે.

સોમીષ્ટા અંબરીષને જ વરવા પ્રતિજ્ઞા લે છે, તેથી અંબરીષ તેને પરણીને ઘેર લાવે છે. અંબરીષ બધાં કામ જાતે કરે છે. નવી રાણીને આ નથી ગમતું. તે બધાં કામ ઉપાડી લે છે ને અંબરીષની પ્રિયતમા બની રહે છે. બીજી રાણીઓ તેને ચરણ ઝૂકે છે. આ વાત નવમા પદ સુધી ચાલે છે. પછીનાં બે પદ નથી મળતાં, પણ સંદર્ભ પરથી એમાં એકાદશી—દ્વાદશીવ્રતની કથા હોવાનું સમજાય છે. ૧૨મા પદથી દુર્વાસાના આગમનથી કથા આગળ ચાલે છે, તે પ્રાપ્ત છેલ્લા ૧૪મા પદમાં ચક્રથી ભાગતા દુર્વાસા શેષને શરણે જાય છે ત્યાં સુધીની કથા મળે છે. પદો વધારે હોવાં જોઈએ, પણ મળતાં નથી. સ્વતંત્ર કૃતિ તરીકે અંબરીષકથાનો આ છેલ્લો અવતાર છે, જે ખંડિત દશામાં જ મળે છે. એમાં નવી રાણી સોમીષ્ટાનો પ્રસંગ નવીન છે; ને દુર્વાસા ચક્રના ત્રાસથી બચવા સૌ પ્રથમ શેષ પાસે જાય છે તે વિગત પણ જુદી છે. પદોમાં કાવ્યગુણ ઝાઝો નથી પણ જ્ઞાનનાં કાવ્યો માટે ઉપયોગમાં લેવાતાં કાફી પ્રકારનાં પદોમાં આ કથા ગૂંથેલી છે તે નોંધવા જેવું ખરું.

સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અંબરીષની કથાને કાવ્યબદ્ધ કરનારા કવિઓમાં કાશીસુત ને રામદાસસુત નોંધપાત્ર છે. બંનેની આગવી વિશિષ્ટતાઓ છે : કથાગૂંથણીમાં કાશીસુતની, કાવ્યબાનીમાં રામદાસસુતની.

---

* કવિચરિત, ભાગ ૨ : પ્રથમ આવૃત્તિ; પૃ. ૪૨૯.

× ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ : હસ્તપ્રત નં. ૮૪૦.

\+ કવિચરિત, ભાગ ૨ : પ્ર. આ. પૃ. ૪૪૭.

# કોકશિયા મહાદેવ (એક પ્રાચીન મન્દિર)

મણિભાઈ વોરા

બરડા ડુંગરનો અગ્નિખૂણાનો ભાગ તે નળિયાધારના ડુંગર અને જંગલ છે. આ ધારનો પૂર્વ છેડો તે કોકશિયો ટેકરો છે, જે આશરે અઢીસો ફીટ ઊંચો છે. આ ટેકરા પર પ્રાચીન પ્રાક્-સોલંકી શિવમન્દિર છે.

રાણા બોરડી રેલવે સ્ટેશનથી બે માઈલ દક્ષિણે અને દોલતગઢ ગામની પશ્ચિમે નજીકમાં જ કોકશિયો છે. પગથારની પથરાળ ભૂમિ ઉપરથી ધ્રાંગવો વોંકળો પૂર્વ તરફ મીણસાર નદીને મળવા ચોમાસામાં વહે છે. આ ભાગના પથ્થરમાં ચૂનાનું પ્રમાણ ઓછું છે. વિકૃત ખડકનો ભાગ વિશેષ છે. દોલતગઢની નૈઋત્યે એક કુદરતી ભોંયરું છે.

પાકા ખડકના વિશાળ પાષાણ ખંડોથી છવાયેલ હોવાથી આ ટેકરો કોકશિયો કહેવાયો લાગે છે. ભાયાવદરની દક્ષિણે પણ આવો ખડકાળ ટેકરો કોકશિયો છે. આવા ટેકરા ઉપર કોઈ પણ દેવદેવીને સ્થાપવાનો રિવાજ આપણે ત્યાં પરાપૂર્વથી ચાલ્યો આવે છે.

બરડાના આ કોકશિયા પરની શિવદહેરી ૮′ × ૮′ની અને આશરે સોળ ફૂટ ઊંચાઈની છે. પૂર્વ તરફ ૪′–૬″ × ૩′નું દ્વાર છે. (ચિત્રો માટે જુઓ આ અંકના પાછલા પૂઠા અંદરના બે ફોટા) અંદર બિલેશ્વરના જેવું નાનું સ્વયંભૂ શિવલિંગ છે. મન્દિરની ભીંતોને મથાળે એક પટો અને તેની ઉપર ઘંટાકાર પગથી જેવી ભૂમિકા, વળી એક થર પટાનો અને તેના ઉપર ભૂમિકા, એવી રીતે ત્રણ ભૂમિકાઓવાળું આ શિખર નવમા સૈકાનું લાગે છે. ત્રણ ભૂમિકા ઉપરનો ચોરસ થર અને તે પરનાં અમલક કુંભ વગેરે હમણાંના સમયનાં છે. શિખરમાં ચારે બાજુ ત્રીજી ભૂમિકામાં ચૈત્યબારીનું શિલ્પ છે, જે આ દહેરીને પાસ્તર, ભાણવડ, કુછડી, ઓડદર, ઝડેશ્વર, નંદેશ્વરનાં આ પ્રકારનાં શિખર ધરાવતાં મન્દિરોની હરોળમાં મૂકે છે. મૈત્રક સમય પછીના અને સોલંકી યુગ પહેલાંના વખતનું આ પ્રદેશની જેઠવા કે મહેર શૈલીનું આ મન્દિર છે.

---

# પાટણની વિનાયકની એક અપ્રતિમ મૂર્તિ

આર. ટી. પરીખ

ઉત્તર ગુજરાતનો અને ખાસ કરીને તેના પશ્ચિમ છેડે આવેલ બનાસકાંઠા જિલ્લા—(23° 35′ to 24° 43′ N.L.) 71° 0′ to 73° 0′ E. L.)ના પ્રાચીન અને પૂર્વ મધ્ય-કાલીન કાળના ઇતિહાસના પુરાવાઓ આપણને હજુ સુધી પૂરતા પ્રમાણમાં મળ્યા નથી, અને તેથી એ પ્રદેશનો ઇતિહાસ લોકવાયકાઓમાં અને કિંવદંતીઓમાં સમાઈ જાય છે. પુરાવસ્તુ-વિદ્યા સંશોધનના ક્ષેત્રમાં પણ આ પ્રદેશનો ફાળો અત્યાર સુધી છેક નહિવત્ જેવો જ હતો, કારણ કે ભૌગોલિક રીતે તે પ્રદેશ ગુજરાતના અન્ય પ્રદેશો કરતાં કાંઈક અંશે જુદો હોવાની અને બીજી અનેક મુશ્કેલીઓ, જેવી કે, વાહનવ્યવહારની અછત, સૂકો રેતાળ પ્રદેશ અને પાણી વગેરેની તકલીફને લીધે તે પ્રદેશ પુરાવસ્તુવિદ્યાના ક્ષેત્રમાં કામ કરતા નિષ્ણાતોને આકર્ષી શક્યો નહિ, અને તેથી સોલંકી કાળ (૯૫૪–૧૨૯૮) પહેલાંનો ઇતિહાસ આપણને સાંપડતો નથી. જોકે સાંયોગિક પુરાવાઓ એમ બતાવે છે કે ગુપ્ત સામ્રાજ્યના અસ્ત પછી તે પ્રદેશ (બનાસકાંઠા) ઉપર ગુર્જર પ્રતિહારોનું સામ્રાજ્ય હોવું જોઈએ. પ્રખ્યાત પ્રાચીન સ્થાપત્યનિષ્ણાત બર્જેસે આ પ્રદેશના મધ્યકાલીન સ્થાપત્યની કેટલીક મહત્ત્વની માહિતી પૂરી પાડી છે.[૧]

ડૉ. ગૌદાની અને શ્રી. ઢાંકીએ પણ આ પ્રદેશના સ્થાપત્યનો ઊંડો અભ્યાસ કરી તત્કાલીન શૈલી ઉપર તદ્દન નવો જ પ્રકાશ ફેંક્યો છે.[૨] આ લેખના લેખક પણ છેલ્લાં કેટલાંક વર્ષથી આ પ્રદેશમાં પુરાવસ્તુવિદ્યાના પુરાવાઓ ભેગા કરવા માટે ક્ષેત્રતપાસ કરી રહ્યા છે અને તેના પરિણામરૂપે અગત્યના પુરાવાઓ, જેવા કે, બનાસ નદીના કાંઠામાંથી મળેલ મધ્યાશ્મ યુગ અને અન્તાશ્મ યુગનાં પાષાણનાં ઓજારો, માનવવસાહતનાં પ્રાચીન ગભાણો, સુંદર શિલ્પો, મંદિરો, કાંસાની મૂર્તિઓ, સચિત્ર અને ચિત્રો વગરની હસ્તપ્રતો, પાળિયાઓ વગેરેનો સમાવેશ થાય છે. નિઃશંક છે કે આ તમામ નમૂનાઓ તે પ્રદેશના પ્રાચીન અને પૂર્વ મધ્યકાલીન રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસ ઉપર ખૂબ જ મહત્ત્વનો પ્રકાશ ફેંકશે.

ગણેશની કેટલીક જુદી જુદી જાતની પ્રતિમાઓ ગુજરાતમાં[૩] વિવિધ જગ્યાઓએ,[૪] જેવી

---

1 Burgess, Architectural Antiquities of Northern Gujarat (1903).

2 Gaudani H. R. and Dhaky M. A. "Some newly discovered and less known Maru Gurjar temples in Northern Gujarat." Journal of the Oriental Institute, M. S. University of Baroda, 1967, Vol. XVII, No. 2 pp. 152, Fig. 1.

૩ પરીખ આર. ટી., 'કુમાર' કલા અંક નં. ૫૨૮, ડિસેમ્બર ૧૯૬૭.

4 Shah U. P. "Sculptures from Samalaji and Roda." Bulletin of the Baroda Museum and Picture Gallery," Vol. V, Pt. I and II, 1949, pp. 25.

કે, સાબરકાંઠામાં શામળાજી, બનાસકાંઠામાં ડીસા પાસે વડાવલ,[1] મહેસાણા જિલ્લામાં પાટણ અને ભરૂચ જિલ્લામાંથી મળેલ છે. તે તમામ પ્રતિમાઓ કલા અને મૂર્તિવિજ્ઞાનની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વની પુરવાર થઈ છે, પણ આ લેખમાં ( ચિત્ર માટે જુઓ આ અંકનું મુખપૃષ્ઠ ) જે ગણેશ-પ્રતિમાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રતિમા ગુજરાતમાં અત્યાર સુધી મળેલ પ્રતિમાઓ કરતાં તદ્દન નિરાળી છે અને આ કાળની મળેલ સુંદર પ્રતિમાઓમાંની એક ગણી શકાય એમ છે. ભારતમાં ગણેશને દ્વારપાલ તરીકે કોઈ જગ્યાએ બતાવવામાં આવેલ નથી. સિવાય કે ભૂમરા[2] કે જ્યાં ગણેશને છાતી ઉપર અને ડાબા ખભા ઉપર અને પીઠ પાછળ થઈને ઉદર તરફ જતા ઘુઘરીઓવાળા પટ્ટા સાથે બતાવવામાં આવેલ છે અને તેની ઉપર જાણે કે દ્વારની સાચવણીની જવાબદારી આપવામાં આવેલ હોય એવી રીતે પ્રદર્શિત કરવામાં આવેલ છે.

કદાચ ઉપરના જેવા જ હેતુસર બનાવેલી અને ગણેશને દ્વારપાલ તરીકે બતાવતું એક અદ્વિતીય શિલ્પ બનાસકાંઠા જિલ્લામાં વાવ તાલુકાના પાડણ ગામમાંથી તાજેતરમાં કરવામાં આવેલ ક્ષેત્ર-તપાસ દરમ્યાન આ લેખના લેખકને મળી આવેલ છે. પાડણ એ વાવથી તેર કીલો-મીટરના અંતરે આવેલ તે જ ( વાવ ) તાલુકાનું એક નાનું ગામ છે, અને ત્યાં જવા માટે પાલન-પુરથી બસરસ્તે વાવ આવી પગે ચાલીને અગર તો ખાનગી વાહનમાં જઈ શકાય છે.

ઉપર્યુક્ત ગણેશનું શિલ્પ પાડણ ગામથી ખૂબ જ નજીક દક્ષિણ-પશ્ચિમમાં કચ્છના નાના રણની ધાર ઉપર ઊભેલા મૂળેશ્વર મહાદેવના શિવાલયમાંથી પ્રાપ્ત થયેલ છે. લોકોક્તિ પ્રમાણે મૂળેશ્વર મહાદેવનું મંદિર સોલંકી વંશના સ્થાપક મૂળરાજ દેવે ( ૯૪૨ થી ૯૯૫ ) બંધાવ્યું હતું. મૂળરાજ દેવ બીજા કેટલાંક શિવાલયો જેવાં કે ઝિંઝુવાડા પાસે માંડવામાં અને કચ્છમાં કંથકોટ ખાતે બાંધવા માટે જવાબદાર છે. પાડણ ખાતે આવેલ મૂળેશ્વર મહાદેવના મંદિરના સ્થાપત્યનો અભ્યાસ શ્રી. ગૌદાની અને શ્રી. ઢાંકીએ કરેલ છે અને તેમને તે શિવાલયને સ્થાપત્ય શૈલીના અભ્યાસની દૃષ્ટિએ દશમી સદીના ઉત્તરાર્ધમાં બંધાયું હશે એમ માનેલું છે.[3]

વિનાયક દ્વારપાળ ગણેશનું શિલ્પ ( ૩$\frac{1}{2}$" × ૨" ) આરસમાંથી કોતરી કાઢવામાં આવેલ છે અને ગણેશને ત્રિભંગમાં બતાવવામાં આવેલ છે, અને તે ચતુર્ભુજ છે. ઉપલા ડાબા હસ્તમાં પદ્મ છે જ્યારે નીચેના ડાબા હસ્તમાં મોદક ભરેલો વાટકો છે. ખજુરાહોમાંથી મળેલ ગણેશ શિલ્પમાં બતાવેલા વાટકા અને મોદકને આ શિલ્પમાંના વાટકા અને મોદક સાથે ખૂબ જ સામ્ય છે.[4] ઉપલો જમણો હસ્ત કતારી મુદ્રામાં છે અને તેમાં પોતાનો તૂટેલ દંત પકડેલ છે,

---

1 Sounderajan K. V. and Parikh R. T. "A Magnificent Saptamātṛkā Group and Parvati from VADAVAL,—North Gujarat; Prince of Wales Museum Bulletin No. 7, 1959-1962, pp. 47, PL 34.

2 Allice Getty, Geṇeśa: a monograph on the elephant god, 1936, pp. 26, Pl. 36.

3 *Ibid* p. 153.

4 Avasthi Ramsraya, Khajuraho ki Devpratimaye, Pratham Khanda, 1967, pp. 36, 43, Pl. 10 and 13.

જ્યારે નીચેનો જમણો હસ્ત કોણી નીચેથી ખંડિત છે. ગળામાં સુંદર હાર છે અને તેની ઉપર નાના કિંમતી પથ્થરમાંથી બનાવેલ માળા પહેરેલી છે. બે હસ્તમાં કળામય કેયૂર, ખાંચાવાળાં (Corrugated) કંકણ, પગમાં બે દોરીવાળાં ઝાંઝર અને કમર ઉપર સુંદર લટકતી ઉલઝાળ-વાળો કટિબંધ પહેરેલો છે. બારીક વસ્ત્રનું પરિધાન, ઉપવસ્ત્ર વગેરે સુંદર છે. ઉપવસ્ત્રના બંને છેડા ડાબી અને જમણી બાજુના હસ્તો પાસે સ્પષ્ટ દેખાય છે. ગણેશે મસ્તક ઉપર કરંડ મુગુટ અને કપાળ ઉપર તેને ફરતી મસ્તક મણિવાળી સુંદર મોતીની માળા બાંધેલી છે. શરીરના ઉપલા ભાગમાં ડાબા ખભા ઉપર થઈ પીઠે થઈ ઉદરે વીંટળાયેલા સર્પનો જનોઈ તરીકે ઉપયોગ થયેલો છે. એક નોંધપાત્ર અને મૂર્તિવિજ્ઞાનની દૃષ્ટિએ ખૂબ જ ઉલ્લેખનીય હકીકત આ શિલ્પમાં ડાબા ખભા ઉપર થઈને પીઠને વીંટળાઈને એ ફરી પાછો ઉદર તરફ આવતો એક અતિશય આભૂષિત સુંદર પટ્ટો પહેરેલો છે તે છે. એ તદ્દન અસંભવિત નથી કે આ શિલ્પના ગણેશને મૂળેશ્વર મહાદેવના મંદિરના દ્વારપાલની ફરજ બજાવવાની જવાબદારી સોંપાઈ હોય.

આ પ્રતિમામાં ગણેશની આજુબાજુ એક પુરુષ અને એક સ્ત્રી એમ બે સેવકોને બતાવવામાં આવ્યાં છે. બંને સેવકોનાં અંગો ઉપર સુંદર અલંકારો જેવા કે ગળાનો હાર, ઉરસૂત્ર, કેયૂર, કંકણ, વગેરે દેખાવડી સ્ત્રીસેવકનો કેશકલાપ પણ તેના સૌન્દર્યમાં વધારો કરે છે. પુરુષ અને સ્ત્રીસેવકોએ અનુક્રમે જમણા અને ડાબા હસ્તોમાં શું પકડેલું છે તે સ્પષ્ટ નથી. ઘણું કરીને એ પાણી ભરેલો લોટો પણ હોઈ શકે ?

એ સ્પષ્ટ છે કે ઉપર્યુક્ત વિનાયક-દ્વારપાળ ગણેશ પ્રતિમા ગુજરાતમાં અત્યાર સુધી મળેલ ગણેશનાં શિલ્પોમાં શિલ્પશાસ્ત્રની તેમ જ કલાની દૃષ્ટિએ અપ્રતિમ પુરવાર થશે એમાં શંકા નથી. ભારતમાં પ્રાપ્ત થયેલ મહત્ત્વનાં શિલ્પોમાં તે ગૌરવભર્યું સ્થાન લઈ શકે એમ છે. કલાની દૃષ્ટિએ જોતાં તેને દશમા સૈકાના ઉત્તરાર્ધમાં સહેલાઈથી મૂકી શકાય.

●

# ઉદેપુરનો સિસોદિયા વંશ

## એનાં વેદ, ગોત્ર અને પ્રવર પર એક દૃષ્ટિ

સ્વ. પિનાકીપ્રસાદ મહાદેવપ્રસાદ દેસાઈ

ઉદેપુરના સિસોદિયા રાજ્યના સ્થાપક ગુહાદિત્યનું ગોત્ર બીજવપાયન અથવા બૈજવાય હતું એમ ઉદેપુરના શિલાલેખોની પ્રશસ્તિમાંથી જણાયું છે. આ બૈજવાય ગોત્ર સુરતના દેસાઈઓનું છે. ભાંડારકર પોતાના એક લેખમાં જણાવે છે કે આ ગોત્ર તેમ જ શાર્કરાક્ષ ગોત્ર બીજે કોઈ જગાએ જણાતું નથી. ત્યારે પ્રશ્ન એ થાય છે કે આ બે ગોત્રો સુરતના નાગરોમાં કયાંથી ? અત્રે એ નોંધવાની જરૂર છે કે એ ગોત્ર જેમ સુરતના દેસાઈઓનું છે તેમ ચરોતરના નાગરમાં પણ જોવામાં આવે છે અને સુરતના હોરા કુટુંબમાં અને બીજા એક કુટુંબ જેમાં મહીપતરામ તથા રમણભાઈ થઈ ગયા તેનું પણ છે; પણ નાગર સિવાય અન્ય જ્ઞાતિમાં એ મળતું નથી. સુરતનાં બે નાગર કુટુંબનાં અને બે પ્રખ્યાત ક્ષત્રિય કુળનાં ગોત્ર એક છે એ યોગાનુયોગ એવો છે કે જેનું સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન થાય તો તે નિરર્થક થશે નહીં.

ક્ષત્રિયોના ગોત્ર સંબંધમાં वीर मित्रोदय संस्कार प्रकाशમાંથી નીચેનું અવતરણ જોઈએ :

तत्र द्विविधाः क्षत्रियाः। केचिद्विद्यमान मंत्रदृशः। केचिदविद्यमान मंत्रदृशः। तत्र विद्यमान मंत्रदृशः स्वीयानेव प्रवरान् प्रवृणीरन् येत्व विद्यमान मंत्रदृशस्ते पुरोहित प्रवरान् प्रवृणीरन्। स्वीयप्रवरत्वेऽपि स्वस्य पुरोहित गोत्र प्रवर पक्ष एव मिताक्षराकार मेधातिथि प्रभृतिमिराश्रितः ॥

વીરમિત્રોદય, સંસ્કાર પ્રકાશ, પૃષ્ઠ ૬૫૯

"તેમાં ક્ષત્રિયો બે પ્રકારના છે: જેમનાં કુળમાં મંત્રદ્રષ્ટા ઋષિ થયા હોય તેવા અને જેમના કુળમાં મંત્રદ્રષ્ટા ઋષિઓ ના થયા હોય તેવા. તે પૈકી જેમના પૂર્વજોમાં મંત્રદ્રષ્ટા ઋષિ થયા હોય તેઓ પોતાનાં જ ગોત્ર, પ્રવર પસંદ કરે છે; પણ જેમના કુળમાં મંત્રદ્રષ્ટા ઋષિ થયા ન હોય તે પોતાના પુરોહિતનાં ગોત્ર, પ્રવર સ્વીકારે છે. મિતાક્ષરના કર્તા અને મેધાતિથિના મત અને બીજાઓના મત પ્રમાણે જેમના કુળમાં મંત્રદ્રષ્ટા ઋષિ થયા હોય તેમણે પણ પોતાના પુરોહિતનાં ગોત્ર, પ્રવર સ્વીકારવાં જોઈએ."

ગોત્ર, પ્રવરની આ ચર્ચા સમજવા માટે થોડુંક વિષયાંતર કરવાની જરૂર છે. ગોત્ર એ વંશ–સૂચક છે; કુળના ઋષિ–સૂચક છે. જે કુળમાં ઉત્પન્ન થયા હોય એ કુળના કોઈ એક પ્રવર્તક તે ગોત્ર-ઋષિ થઈ શકે છે. એટલે કે જો આપણે આધુનિક વિચારોથી બોલીએ તો આર્ય જાતિના કોઈ એક સમૂહના નેતા—Clan Patriarch—એ જ ગોત્ર-ઋષિ કહી શકાય. આ ગોત્ર-ઋષિ કોઈ પણ હોઈ શકે અને તેને માટે કોઈ મર્યાદા બંધાઈ નથી, પણ પ્રવર માટે તેમ નથી. તે ઋષિઓનાં નામ મર્યાદિત છે. ઋગ્વેદમાં એક વિધાન છે કે "હે અગ્નિ! ઋગ્વેદનાં સૂક્તોથી

જેમણે તારી સ્તુતિ કરી તેનો હું વંશજ છું." આ પ્રમાણે યજમાને અગ્નિની પ્રાર્થના કરવી. આનો અર્થ એ થાય કે ઋગ્વેદના મંત્રદ્રષ્ટા કોઈ પણ એક ઋષિના વંશમાં જે ઊતરી આવ્યો ન હોય તેને વેદના સૂકતોથી અગ્નિનું આરાધન કરવાનો અધિકાર નથી. ઋગ્વેદના મંત્રકૃત્ ઋષિઓ પરિમિત છે. તેની સંખ્યામાં વધઘટ થઈ શકે નહીં અને તેમના વંશમાં થયેલા તમામ લોકો આરાધન કરી શકે. પ્રવરનો અર્થ ગુજરાતીમાં આપણે જે અર્થમાં "પેરીઉ" વાપરીએ છીએ તેને મળતો થાય છે. શેરડીના કે વાંસના સાંઠામાં એક ગાંઠાથી બીજા ગાંઠા સુધીનો ભાગ તે પેરીઉ અથવા પ્રવર છે. મંત્રદ્રષ્ટા ઋષિના વંશમાં જ્યાં ફાંટા પડે, એટલે બે છોકરાની પ્રજા જુદી જુદી થઈ જાય અને જુદી શાખા બંધાય તે; તે સાધારણ રીતે પ્રવર કહેવાય; પણ પ્રવરનો અર્થ તે કરતાં વિશેષ છે. 'જ્યાં સુધી એક ઋષિના વંશમાં આદિ ઋષિએ કરેલાં સૂકતો અને તેણે ગ્રહણ કરેલી યજન, યાજનની પ્રણાલિકા ચાલુ રહે ત્યાં સુધી પ્રવરભેદની જરૂર નહીં પણ એ પ્રણાલિકામાં થોડોક પણ ફેરફાર થાય અને જૂજ ફેરફાર કરવામાં આવે ત્યારે તે ફેરફાર કરનાર ઋષિને પ્રવર ઋષિ તરીકે માની ત્યાંથી નવો ફાંટો શરૂ થયેલો ગણાય છે. આ રીતે જોતાં દેસાઈ કુળના ગોત્રોચ્ચારની સમજ નીચે મુજબ થઈ શકે :

ઋગ્વેદના મંત્રની સંહિતા થઈ ત્યારે શાંખાયન ઋષિએ જે સંહિતા બનાવી અને તે મંત્રોનો પ્રયોગ કેવી રીતે કરવો તે "શાંખાયન બ્રાહ્મણ"માં બતાવ્યા પ્રમાણે કરવાનું જેમણે કબૂલ કર્યું એવા અત્રિ ઋષિના વંશજ (અત્રિ ઋષિ મંત્રદ્રષ્ટા હતા) અને તેના પછી ગવિષ્ઠિરે પ્રવર્તાવેલા મતને માનનારા અત્રિ ઋષિના વંશજ અને ત્યારપછી પૂર્વાતિથિ ઋષિના અનુયાયી અત્રિ ઋષિના વંશમાંનો હું અગ્નિની આરાધના કરું છું" એવો અર્થ વેદ, શાખા, ગોત્ર અને પ્રવરના ઉચ્ચારથી થાય છે. દેસાઈ કુળના ગોત્રકૃત્ બૈજવાપ ઋષિ મંત્રદ્રષ્ટા ન હતા પણ તે પ્રવર ઋષિના વંશમાં હતા તેથી ગોત્રકૃત્ થઈ શકે; પણ કોઈ પ્રસંગે એવું બને કે પોતાના પૂર્વજોમાં કોઈ મંત્રદ્રષ્ટા કે પ્રવર ઋષિ ન હોય તો તેને પ્રસંગે શાસ્ત્રમાં નિર્વાહ એવો કરાયો છે કે ગોત્રકૃત્ ઋષિ કોઈ પ્રવરકૃત્ ઋષિનું પુત્રત્વ, દત્તક વિધાનથી, સ્વીકારીને તેનાં પ્રવરો પોતાનાં કરી શકે. આવાં દ્રષ્ટાંતો ગર્ગ, હારિત વગેરે ઋષિઓમાં જોવાયાં આવે છે. આ નિર્વાહથી એવું બની શકે છે કે ક્ષત્રિય ગોત્રી રાજા બ્રાહ્મણ જાતિના પ્રવર ઋષિઓ પોતાના ગોત્રોચ્ચારમાં ગણાવી શકે. (આ વિષય ચિંતામણ વિનાયક વૈદ્યના "હિન્દુ ભારત કા ઇતિહાસ", ભાગ ૨, "મધ્ય-યુગીન ભારત"માં સારો ચર્ચાયો છે. વિશેષ જાણવા માટે જોવો.)

જોકે ઉપરના ખુલાસાથી ઉદેપુરના મહારાણાની જાતિની સમસ્યાનો ખુલાસો થતો નથી, કારણ કે તેમણે તો બ્રાહ્મણ ગોત્ર જ સ્વીકાર્યું છે, અને પ્રવરનો ઉલ્લેખ છે જ નહીં. છતાં એટલું જણાય છે કે ક્ષત્રિયોને પોતાનું ગોત્ર બદલવાની જરૂર ન હતી પણ માત્ર પ્રવર ઋષિઓની પરંપરા મેળવવા માટે દત્તકવિધાનથી તે મેળવી લેવાતી હતી.

ત્યારે હવે ઉદેપુરના રાણાઓએ પોતાનું ગોત્ર શા માટે બદલ્યું ? જો તેમને યજ્ઞ વગેરે ક્રિયા માટે ઋગ્વેદના અધિકારની પ્રાપ્તિ માટે કાંઈ બદલવા જેવું હતું તો તે પ્રવર હતું અને નહીં કે ગોત્ર. આ ઉપરથી બીજો પ્રશ્ન એ થાય કે ત્યારે વીરમિત્રોદયકારે ગોત્ર, પ્રવર બદલવાની વાત લખી કેમ અને મિતાક્ષરાકાર વગેરેનો ઉલ્લેખ કેમ આપ્યો ? આનો જવાબ ફક્ત એટલો જ આપી

શકાય કે રાજાને પોતાનાં વૈદિક કાર્યો પોતાના પુરોહિત દ્વારા કરાવવાનાં હોય છે એટલે પુરોહિતનાં પોતાનાં જ ગોત્ર, પ્રવરથી કામ ચલાવી લેવાય.' આ ખુલાસો સંતોષકારક નથી, કારણ કે વૈદિક વિધિનાં કાર્યોમાં જે સંકલ્પ મુકાય છે તેમાં "યજમાન તરફથી હું કરું છું." એમ સ્પષ્ટ કહેવાય છે એટલે આ જવાબ લૂલો થઈ જાય છે.

હવે ઉદેપુરના સંબંધનાં પ્રમાણો જોઈએ. ઉદેપુરના રાજ્ય વિષેની કેટલીક દંતકથાઓ લખાઈ છે તે પ્રથમ જોઈએ:

૧ ટૉડ: રાજસ્થાનમાં ટૉડે લખ્યું છે કે ઈ. સ. ૫૨૪માં વલ્લભી રાજ્યના રાજા શીલાદિત્યના રાજ્યનો અંત શક લોકોએ આણ્યો ત્યારે તેની રાણી પુષ્પાવતી જે સગર્ભા હતી તે શ્રી અંબાજીની યાત્રાએ ગઈ હતી તે જ માત્ર બચવા પામી. તેને પુત્ર પ્રસવ્યો. ગુપ્ત આવાસમાં તે પુત્ર જન્મ્યો માટે તેનું નામ 'ગોહ' પાડયું. તે છોકરાને નાગર બ્રાહ્મણીને સોંપીને તે સતી થઈ.

૨ રાજવિલાસ નામના હિંદી કાવ્યમાં લખ્યું છે કે પશ્ચિમમાં સોરઠ દેશમાં બાલિકાનાથ નગરનો નાશ અસુરોએ કરી પરમાર રાજાની પુત્રી સિવાય બધાંને મારી નાખ્યાં. ત્યાંના રાજાનો રઘુવંશી પુત્ર ગુહાદિત્ય મેવાડમાં આવ્યો અને ત્યાં સોલંકી રાજા સંગ્રામસિંહની પુત્રી ધનવતી સાથે લગ્ન કર્યાં. આ પુસ્તક ઈ. સ. ૧૬૭૭માં લખાયું છે.

૩ "મુહણોત નેણસી કી ખ્યાત" જે જોધપુરના દિવાન મુહણોત નેણસીએ ઘણી શોધખોળ પછી તૈયાર કરાવી હતી તેમાં તમામ રજપૂત રાજાઓનો ઇતિહાસ જેટલો મળી શકે તેટલો એકઠો કરવા પ્રયત્ન કર્યો હતો. રજપૂતો હજી આજે પણ તે તરફ બહુ આદરપૂર્વક જુએ છે. તેમાં નીચેની વાત છે:

સિસોદિયા પ્રથમ ગહિલોત કહેવાતા હતા. પહેલાં તેમનું રાજ્ય નાશક-ત્ર્યંબક તરફ હતું. એના પૂર્વજો સૂર્યની ઉપાસના કરતા અને મંત્રારાધન કરવાથી સૂર્ય પ્રત્યક્ષ થતા. આથી કોઈ યોદ્ધા એને જીતી શકતા નહોતા. તેને સંતાન નહીં હોવાથી સૂર્ય પાસે યાચના કરી ત્યારે સૂર્યે કહ્યું કે અંબાજીની યાત્રા કરો અને પુત્રની ઇચ્છા કરો. રાણી યાત્રા કરવા ગઈ એટલે રાજાની સૂર્યની ઉપાસનાનું સામર્થ્ય કમ થયું. તેને લીધે રાજા શત્રુને હાથે માર્યો ગયો. આ તરફ રાણીને ગર્ભ રહ્યો. યાત્રા પૂરી થતાં તેને પોતાના પતિના મરણની વાત જણાઈ. તે સતી થવા જતી હતી પણ તે સગર્ભા હતી તેથી તેને તેમ કરતાં રોકી. છોકરો અવતર્યો પછી પંદર દહાડે તે સ્નાન કરી ચિતા સળગાવી બળવા જતી હતી તે વખતે તેની ગોદમાંનો છોકરો રોયો એટલે તેવો જ, લુગડાંમાં લપેટેલો છોકરો, પાસે કોટેશ્વર મહાદેવમાં છોકરા માટે ઉપાસના કરતા એક વિજયાદિત્ય બ્રાહ્મણને સોંપી, પોતે બળવા જતી હતી. બ્રાહ્મણે પૈસાનું દાન હશે એમ માનીને એ છોકરું લીધું પણ જ્યારે છોકરો રડચો ત્યારે તેણે પાછો આપવા માંડચો કે આવા ક્ષત્રિયના છોકરાને લઈને હું શું કરું? તે વખતે રાણીએ કહ્યું કે હું સતી થઈને બળી મરું છું તે પરથી તને વચન આપું છું કે આ છોકરાની દશ પેઢી સુધીના રાજા તારા કુળનો આચાર પાળશે અને તને બહુ આનંદ આપશે. તે પછી કેટલુંક દાન આપીને તે સતી થઈ. આ છોકરાની દશ પેઢી સુધીના વંશજોએ બ્રાહ્મણ ધર્મ પાળ્યો અને નાગદા બ્રાહ્મણ કહેવાયા. વિજયાદિત્યનો આ સૂર્યવંશી પુત્ર ગુહિલોત સોમદત્તના નામથી ઓળખાયો.

ઉપરની બે દંતકથાઓ અંબાજીની યાત્રા વિષે જણાવે છે. અંબાજી એ વડનગરા નાગરનાં ઇષ્ટ દેવી છે એ સુપ્રસિદ્ધ વાત છે, એટલું જ નહીં પણ સ્કંદ પુરાણના લખવા મુજબ ધારા નામની નાગર કન્યાની તપશ્ચર્યાનું એ સ્થાન હોઈ જ્યારે તેનો દેહોત્સર્ગ થયો ત્યારે તે સ્થળે અંબાજીનું સ્થાનક બનાવવામાં આવ્યું એમ જણાવે છે. હજી પણ તે સ્થાનકમાં વડનગરા નાગરોનો પૂજા, થાળ, યાત્રાવેરો વગેરેમાં વિશેષ અધિકાર છે. શાર્કરાક્ષી ગોત્રના રાજાની કુળવધૂ અંબાજીની યાત્રાએ જાય અને ત્યાં સતી થતી વખતે તેના છોકરાને એક બ્રાહ્મણ અથવા બ્રાહ્મણી પાળવાનું કબૂલ કરે આ ઘટના એ છોકરાનો સંબંધ નાગર કોમ સાથે ગાઢ હોવાનું બતાવી આપે છે. એની સાથે એ પણ જોવાનું છે કે રાજાની કુળવધૂ યાત્રા કરવા એકલી તો નહીં જ ગઈ હોય અને ત્યારે પોતાના વંશના એક જ ચિહ્ન તરીકે રહેલા પુત્રને કોઈ અજાણ્યા માણસને સોંપવાનો વખત આવે એ કેવી રીતે મનાય! ઘટના કંઈ એવી હોવી જોઈએ કે પોતાની સાથે જો કોઈ પોતાનું સગું સાથમાં હશે અને જેના પર તેને વિશ્વાસ હશે તેને સોંપીને બળી મુઈ હશે. એટલે કે બ્રાહ્મણ રાણીએ પોતાના બ્રાહ્મણ સગાંને તેને પાળવા આપ્યો હશે.

આ સંબંધમાં "રાજપૂતાને કા ઇતિહાસ"ના કર્તા રાય બહાદુર ગૌરીશંકર હીરાચંદ ઓઝા, જે મેવાડમાં ઘણાં વર્ષ રહીને શોધખોળ કરતા હતા અને જે સિસોદિયાને શુદ્ધ રજપૂત ઠરાવવાનો પ્રયત્ન કરે છે તેને પણ કહેવું પડયું છે કે :—

"मेवाडमें यह जनश्रुति प्रसिद्ध है कि वहांके राजवंशके मूल पुरुष गुहिलका उसके पिताके मारे जाने पर अेक ब्राह्मणने पालन किया था।"

જુઓ "રાજપૂતાનેકા ઇતિહાસ", પૃ. ૩૭૯.

હવે આ સંબંધમાં કેટલાક શિલાલેખો જે મળી આવ્યા છે તે જોઈએ. દંતકથા પુરાવા ગણી શકાય નહીં કારણ કે તેની સત્યાસત્યની કસોટી થઈ શકે નહીં. એટલે તે તો માત્ર ઉક્તિઓના સમર્થનમાં જ કામ લગાડાય, પણ શિલાલેખો વધારે વિશ્વસનીય હોય કારણ કે તે રાજાજ્ઞાથી લગાડાય અને તેનો લેખ તે વખતના રાજાને સંમત હોવો જોઈએ, એટલું જ નહીં પણ તે ગયેલા રાજાની સ્મૃતિને જાળવી રાખવા માટે હોય. એટલે તેમાંની હકીકત બિનજવાબદારીથી લખાયલી ન હોય તેથી તેને વજન બહુ અપાય છે. જયપુર રાજ્યમાં ચાટસુ ગામમાંથી મળેલો ગુહિલવંશી રાજા બાલાદિત્યનો ઈ. સ.ની દશમી સદીમાં લખાયલો શિલાલેખ મળ્યો છે તેમાં નીચેનો શ્લોક છે :—

अस्त(त्र) ग्रामोपदेशैरवनत नृपतान् भूतलं भूमि भृत्या ।
भूदेवान् भूमिदानै स्त्रिदिवमपि मखैर्न्न( न्दय )न्नन्दितात्मा ॥
ब्रह्मक्षत्रान्वितोऽस्मिन् समभवदसमे रामतुल्यो विशल्यः ।
सौ( शौ )र्याढयो भर्तृभट्टो रिपुभहविटपिच्छेदकेलि र्गहीचान् ॥

આમાં ભર્તૃભટ્ટ રાજા, જે ઉદેપુરની ગાદી પર થઈ ગયો તેને ब्रह्मक्षत्रान्वितो અને रामतुल्यो विशल्यः એ બે ઉપમા અને વિશેષણો લગાડયાં છે. આમાં જે રામ જણાવ્યા છે તે પૃથ્વીને નક્ષત્રી કરનાર પરશુરામને ઉદ્દેશીને છે અને તેણે બ્રાહ્મણ થઈને ક્ષત્રિયનું કર્મ કર્યું હતું તેથી ब्रह्मक्षत्रान्वितो લખ્યું છે અને તે ઉપમાન ભર્તૃભટ્ટને લગાડયું છે તે સાર્થક ત્યારે જ થઈ શકે કે જ્યારે ભર્તૃભટ્ટ બ્રાહ્મણ હોઈને ક્ષત્રિય કર્મ કરતો હોય.

આટપુર (હાલનું આહડ) ગામમાંથી મળેલો વિ. સં. ૧૦૩૪ સને ૯૭૮નો શિલાલેખ ઇન્ડિયન એન્ટીકવરી, વૉ. ૩૯, પૃ. ૧૯૧ પર છપાયો છે તેમાં આ શ્લોક છે:—

आनंदपुर विनिर्गत विप्रकुलानंदनो महीदेवः ।
जयति श्रीगुहदत्तः प्रभवः श्रीगुहिलवंशस्य ॥

આનંદપુરથી આવેલા બ્રાહ્મણકુળનો આનંદદાતા "મહીદેવ" શ્રી ગુહદત્ત જે ગુહિલવંશનો આદિ પુરુષ છે તેનો જય છે.

આમાંના શબ્દોનો અભ્યાસ કરવા જેવો છે. આનંદપુર એ વડનગરનું તે સમયનું પ્રચલિત નામ છે, અને ઘણા લેખો અને સાહિત્યમાં તે વપરાયું છે એટલે તે માટે શંકાને સ્થાન નથી. "विनिर्गत" એ શબ્દ–પ્રયોગ ધ્યાન ખેંચે છે. એમાં બળનો ધ્વનિ છે. એનો અર્થ છૂટું પડેલું એવો થાય છે. બળ કર્યું તેનો નિર્દેશ નથી એટલે આપણે એમ સમજવું જોઈએ કે કોઈ અજાણ્યા બળથી વડનગરથી છૂટું પડેલું. "विप्रकुलानंदनो"નો અર્થ વિપ્ર કુલને આનંદ આપનારો એ થાય. એટલે તે કુળનો છોકરો. કારણ સંસ્કૃતમાં પુત્રને કુલને આનંદ આપનારો માન્યો છે. "દેવકીનંદન" એમાં એ પ્રયોગ બહુ જાણીતો છે. એટલે બ્રાહ્મણ કુળનો છોકરો એમ અર્થ થયો. મહીદેવનો અર્થ રાજા થાય છે. મહીદેવ અથવા ભૂદેવ એ બ્રાહ્મણના અર્થમાં જોકે રૂઢ છે તોપણ તે અર્થ અહીં બેસતો નથી કારણ કે આગલા જ શબ્દસમૂહમાં વિપ્ર શબ્દ વાપરીને તેનું વિપ્રત્વ પ્રતિપાદિત થયું છે. એટલે પુનરુક્તિ થાય છે. તેમ ગુહાદિત્ય રાજા પણ નહોતો. ત્યારે "મહીદેવ"નો અર્થ શું હોવો જોઈએ? આનું નિરાકરણ એ છે કે અસલ સંસ્કૃતમાં ભૂપતિ ને નૃપતિ જે બન્ને શબ્દોને આપણે રાજાના અર્થમાં પર્યાય તરીકે વાપરીએ છીએ તેવા પર્યાય શબ્દો નહોતા પણ તેમાં લાક્ષણિક ભેદ હતો. નીચેના શ્લોકથી તે ભેદ સમજાશે.

तुला को दंड मीनस्थो लग्नस्थोपि शनैश्वरः ।
करोति भूपतिः पुंसाम् वंशे तु नृपतिर्भवेत् ॥

આ જ્યોતિષનો શ્લોક છે. તેનો અર્થ: જો શનિશ્ચર તુલા, ધન કે મીન રાશીમાં આવ્યો હોય કે લગ્નમાં બેઠો હોય તો સામાન્ય માણસને ભૂપતિ બનાવે છે અને તે (ભૂપતિ) વંશનાને નૃપતિ બનાવે છે. આમાં ભૂપતિ અને નૃપતિના અર્થ જુદા છે એ સ્પષ્ટ છે. એટલે અહીં ભૂપતિ એટલે જાગીરદાર કે ગરાસદાર થાય છે અને નૃપતિ જેનો માણસ પર અમલ હોય એનો, રાજા એ અર્થ થાય છે. આ રીતે જોતાં ઉપરની પહેલી લીટીનો અર્થ "વડનગરથી છૂટા પડેલા બ્રાહ્મણ કુળનો છોકરો અને જાગીરદાર ગુહદત્ત" એ થાય છે.

મેવાડના રાણા રાવળ સમરસિંહના વખતનો ઈ. સ. ૧૨૭૪નો લેખ ચિતોડની પ્રશસ્તિમાં છે. તે "ભાવનગર ઈન્સ્ક્રીપશન્સ"ના પૃ. ૭૫ પર છપાયો છે તેમાં નીચેનો શ્લોક છે:

जीयादानंदपूर्वं तदिह पुर मिलाखंड सौंदर्य शोभि
क्षोणी पृष्ठस्थमेव त्रिदशपुरमधः कुर्वदुच्चैः समृद्धया: ।
यस्मादागत्य विप्रश्चतुरुदधि महीवेदि निक्षिप्त यूपो
बप्पाख्यो वीतरागश्चरणयुगमुपासीत ( सीष्ट ) हारीतराशेः ॥

અર્થ : પોતાની અતિશય સમૃદ્ધિથી ત્રિદશપુર( અમરાવતી )ને નીચે નમાવતું એવું ઈલાખંડનાં સૌન્દર્યથી શોભાયમાન એવી પૃથ્વીના પડ પર આવેલું એવું પુર કે જેના નામ આગળ આનંદ શબ્દ જોડાયો છે તે વૃદ્ધિ પામો; કે જ્યાંથી ચાર સમુદ્રની પૃથ્વીરૂપી વેદી ઉપર યજ્ઞ-સ્તંભ નાખનાર વૈરાગ્યવાન બપ્પ આવ્યો અને હારીત રાશિ ઋષિનાં ચરણની ઉપાસના કરી.

ઉપરના શ્લોકમાં બપ્પ તે બાપા રાવળ છે કે જેણે ચિતોડમાં રાજગાદી સ્થાપી. તે ગુહાદિત્યથી આઠમી પેઢીએ છે. આ શ્લોકમાં બાપા રાવળને વડનગરનો વિપ્રજ કહ્યો છે.

આબુના એક શિલાલેખમાં નીચેનો શ્લોક છે. તે "ઇન્ડિયન એન્ટીકવરી"ના વૉ. ૧૬, પૃ. ૩૪૭ પર છપાયો છે :—

हारीतात् किल बप्पकोंऽघ्रिवलय व्याजेन लेभे महः ।
क्षात्रं धातृनिभाद्वितीर्य मुनये ब्राह्मं स्वसेवाच्छलात् ॥

અર્થ : બ્રહ્માના જેવા હારીત ઋષિ પાસેથી પગનાં કડાંના બહાનાં હેઠળ બપ્પે ક્ષાત્ર-તેજ લઈ લીધું અને પોતાની સેવાના છળથી બ્રહ્મતેજ તે ઋષિને સોંપી દીધું.

આ શ્લોકમાં બાપા રાવળ, કે જે હારીત ઋષિની સેવાકાર્ય કરતો હતો તે તેની પ્રેરણાથી પોતાનો બ્રાહ્મણ ધર્મ છોડી દઈને ક્ષાત્રકર્મમાં એટલે મુલકો જીતી, રાજગાદી સ્થાપવાના યત્નમાં જોડાયો એ ચોખ્ખું છે.

ઉપરની બધી પ્રશસ્તિઓ ઉદેપુરના જે તે વખતના રાજાઓની સંમતિથી અથવા કહો કે હુકમથી લખાયેલી છે અને તેમાં ગુહાદિત્યને કે બાપા રાવળને બ્રાહ્મણ નહીં હોવા વિષે કંઈ પણ લખાયું નથી. ઊલટું તેમાં ગૌરવ મનાયું છે. એટલે ઉદેપુરનો રાજવંશ, વડનગરા રાજવંશમાંથી ઊતરી આવેલો છે એમાં સંશયને કાંઈ પણ સ્થાન નથી.

હવે આ ઘટના કેવી રીતે બની તે વિષે ઉપરના શ્લોક અને દંતકથાની મર્યાદામાં રહીને વિચાર કરીએ.

વલભી રાજવંશને શાર્કરાક્ષ ગોત્રી નાગરો માનીને હાલ આપણે આગળ વધીશું. એ રાજવંશી નાગરોને પોતાના દુનિયાદારીના કારવહેવાર માટે સજાતિ નાગરોની જરૂર પડે અને તેથી પોતાના તેમ જ બીજા ગોત્રના નાગરોને તેમણે પોતાના રાજ્યમાં વસાવ્યા હોય અને તેમને જાગીરો પણ આપી હોય—આવા કોઈ બૈજવાપ ગોત્રી નાગર જાગીરદાર જે વલભી રાજવંશ સાથે નિકટનો સંબંધ ધરાવતો હોય એટલે કે, જમાઈ, ભાણેજ કે એવો સગો હોય, તેની સ્ત્રી અંબાજીની યાત્રાએ ગયેલી હોવાથી, વલભીના નાશ વખતની સર્વ-વ્યાપી કતલમાંથી બચી હોય, અને તે સગર્ભા હોવાથી, અંબાજીમાં જ રહી પુત્ર પ્રસવ્યો હોય તથા તેને પોતાના પિયરના સગા વિજયાદિત્યને અથવા કોઈ સ્ત્રીને સોંપીને સતી થઈ હોય એ બનવા જેવું છે. રાજ્યગાદીનો દાવો કરી શકે એવો એક છોકરો જીવતો રહે તેના પર સૌની નજર ચોંટે. કારણ કે મોટો થતાં તે પોતાનું રાજ્ય મેળવવા પ્રયત્ન જરૂર કરે. આથી પ્રજાજનોમાં કેટલાક તેને ઇચ્છે અને નવીન રાજા, તેના કર્મચારીઓ અને તેમનાથી લાભ લેતા પ્રજાજનો તેનાથી સાવચેત રહે. આથી આ બાળકને બહુ સંભાળથી સાચવવાની જરૂર હતી. માટે જ વિજયાદિત્યે તેનું નામ ગુહાદિત્ય એવું

સાર્થક પાડયું અને તેને વડનગરમાં કે અંબાજીમાં ન રહેવા દેતાં આટપુર—આહડ—આહોર એ ગામમાં લઈ ગયા. મુહણોત નેણસીની ખ્યાતમાં એક નીચેનો દુહો જોવામાં આવે છે.

आद मूल उतपत्ति ब्रह्म पण खत्रीजाणां ।
आणंदपुर सिंगार नगर आहोर वखाणां ॥

અર્થ : મૂળ ઉત્પત્તિ બ્રાહ્મણમાં પણ ક્ષત્રિય તરીકે જણાયા. આનંદપુર નગરના શૃંગાર હતા પણ આહોર( આટપુર )માં જાણીતા થયા.

તે ઉપરથી જણાય છે કે આટપુરમાં તે જઈને વસ્યો હતો અને આટપુરના લેખમાં વિનિર્ગત શબ્દનું જોસ એ બતાવે છે કે શત્રુથી બચવા માટે તેને વડનગર જબરજસ્તીએ છોડવું પડયું હતું. ગુહાદિત્ય પછી આઠ પેઢી સુધી આ કુળનું વિપ્રત્વ જળવાઈ રહ્યું હતું એ આપણે ઉપરની પ્રશસ્તિઓથી જાણીએ છીએ. એ પેઢીઓ દરમિયાન પોતાની જાગીરો વ્યવસ્થિત કરવી અને તેને વધારે વિસ્તૃત કરવાનો ઉપક્રમ તેના વંશજોએ ચાલુ રાખી પોતાનું બળ એકઠું કર્યું. આઠમી પેઢીએ થયેલા બપ્પને જ્યારે પોતાનું બળ અને આસપાસના સંજોગો અનુકૂળ લાગ્યા ત્યારે રાજ્ય સ્થાપવાની ઈચ્છા થઈ અને તે માટે હારીતઋષિની અનુમતિ કે પ્રેરણા કે આશીર્વાદ જે કહીએ તે મેળવ્યાં. તેમાં યશ મળ્યો અને ગાદી સ્થાપી. એ રીતે બપ્પે રાજકુલ સ્થાપ્યું માટે તે રાજકુલ રાઉલ-રાવજી કહેવાયો. બ્રાહ્મણ ધર્મ તેણે છોડયો પણ તેને પોતાનું ગોત્ર છોડવાની જરૂર નહોતી. માટે ગોત્ર પોતાનું અસલનું જ રાખ્યું અને ક્ષત્રિવટ કરવા માંડી. ક્ષત્રિયોને ધનુર્વેદનો અભ્યાસ કરવો પડે અને તે યજુર્વેદનો ઉપવેદ છે તેથી પોતાની ક્ષત્રિવટને અનુસાર પોતાનો વેદ યજુર્વેદ રાખ્યો. આથી જ એવી અસંગતિ ઉત્પન્ન થઈ કે બૈજવાપ ગોત્રી નાગરો ઋગ્વેદીઓ જ છે અને પ્રવરાધ્યાયમાં બૈજવાપ ગોત્રીઓને ઋગ્વેદી ગણાવ્યા છે તે છતાં પોતાના શિલાલેખોમાં ઉદેપુરના રાણા પોતાને યજુર્વેદી બૈજવાપ ગોત્રી જણાવે છે. બ્રાહ્મણોમાં બૈજવાપ ગોત્રી યજુર્વેદી બ્રાહ્મણ નહીં મળે અને તેથી જ રાજાઓ પોતાના પુરોહિતના ગોત્ર-પ્રવર સ્વીકારે છે એ વીર મિત્રોદયનું વચન અહીં અસંગત થાય છે, કારણ કે યજુર્વેદી બૈજવાપ ગોત્રી બ્રાહ્મણ છે જ નહીં.

અને આ જ વિચારશ્રેણી અનુસાર વલભી રાજવંશ જેનું ગોત્ર શાર્કરાક્ષ અને શર્મમિત્ર હતું તે તેમના પુરોહિતનાં ગોત્ર વગેરે પરથી નહોતું પણ તેઓ બ્રાહ્મણ જ હતા અને એ સૌ તેમનું પોતાનું હતું એમ કહેવું ભાગ પડે છે, કારણ કે શાર્કરાક્ષ ગોત્ર ફક્ત ઋગ્વેદીનું જ છે અને વલભી રાજા પોતાને યજુર્વેદી જણાવતા હતા.

બ્રાહ્મણો રાજદરબારમાં અધિકાર ભોગવતા હતા અને દૂર પ્રાંતોમાં શાસક તરીકે જતા હતા તથા પ્રસંગ આવે સ્વતંત્ર બનતા હતા એના દૃષ્ટાંતો ઇતિહાસમાંથી બહુ મળી શકે તેમ છે. બહુ પ્રસિદ્ધ દૃષ્ટાંત પૂનાના પેશ્વાઓનું છે અને હાલના જમાનામાં દક્ષિણના કેટલાક બ્રાહ્મણ રાજ્યોનું છે.

( સદ્ગતના હસ્તલિખિત લખાણમાંથી તારવેલું )

# નિઘંટુ સંગ્રહ

**બાપાલાલ ગ. વૈદ્ય**

જૂનાગઢનિવાસી રૂઘનાથજી ઈંદ્રજી ઊર્ફે કતોભટ્ટ વિરચિત **"નિઘણ્ટુ સંગ્રહ"** નામનો એક નિઘંટ ગુજરાતી ભાષામાં સંવત ૧૯૪૯—ઈ. સ. ૧૮૯૩માં બહાર પડયો છે. આજે એને ૭૫ વર્ષ થયાં છે. આ ગ્રન્થ આજ સુધી જેટલા નિઘંટુઓ પ્રકટ થયા છે તે બધામાં નિરાળો છે. ૭૫ વર્ષ પહેલાં આ લેખકે આ નિઘંટુમાં ૧૨ ભાષાઓમાં[1] પ્રત્યેક દ્રવ્યનાં નામો આપેલાં છે. કોઠામાં આ નામો આપવામાં આવ્યાં છે. આ નામોમાં અંગ્રેજી અને લેટિન નામો પણ આપવામાં આવેલાં છે. લેખક પોતે કહે છે કે તેમાં "ઈંગ્રેજી, લાટીન, મરાઠી એ ભાષાઓ વાસ્તે દાક્તર ભાઉદાજી તથા નારણ દાજી તથા મારા ભાઈ પંડિત ભગવાનલાલની સહાયતા લઈ લખ્યાં છે.[2] ફારસી તથા અરબી શબ્દોને વાસ્તે હકીમજી સાલેમહમદ તથા હકીમજી સાહેબ અબ્દલ રજાકખાંની સહાયતા લીધી છે. તેલંગી ભાષામાં તથા કર્ણાટકી ભાષાને વાસ્તે તે તે દેશના હકીમ તથા વૈદ્યો જે મળ્યા તથા તે દેશના ગ્રંથોમાંથી જે નામો મળ્યાં તે સર્વે આ ગ્રન્થમાં દાખલ કર્યાં છે. સંસ્કૃત શબ્દોને વાસ્તે પ્રાચીન આચાર્યોના કરેલા ગ્રંથ સુશ્રુત, ચરક, વાગ્ભટ, ભાવપ્રકાશ, આતંક તિમિર ભાસ્કર, આત્રે સંહિતા, ડલ્હણકૃત સુશ્રુતનું ભાષ્ય, અમરકોશની ટીકા તથા ગંધરત્નાકર, ધન્વન્તરિ નિઘંટ, રાજનિઘંટ, મદનપાલ નિઘંટ, શોઢલ નિઘંટ, તથા નિઘંટ-રત્નાકર, શિવનિઘંટ તથા સિદ્ધમંત્ર નિઘંટ અને બીજા જે જે કોષ મળ્યા તે સર્વેમાંથી સાર લઈ આ ગ્રંથમાં દાખલ કરેલ છે. મેં પણ મનુષ્યોને સર્વે કામમાં ઉપયોગી થઈ પડે એવો ગ્રન્થ રચવા આરંભ કર્યો છે. જેમાં પ્રથમ ઝાડનો આકાર, પછી ફૂલફલનો રંગ તથા તે કયા દેશમાં થાય છે તે તથા કયા વખતમાં થાય છે, તે તથા તેમનાં મૂળ, છાલ, પાન, ફૂલ, ફલ, તેના જુદા જુદા ગુણ એવી રીતે જે મળ્યું તે લખ્યું છે." (પ્રસ્તાવના)

આ નિઘંટુમાં વનસ્પતિઓનો ક્રમ કેવો રાખવો તે એક મોટી ગડભાજ લેખક કહે છે તેમ એમને થઈ. ક્રમ કક્કાવાર રાખવો કે પ્રાચીન ગ્રંથોની રીતથી લખવો—એ રીતે મનમાં વિચારતાં રાજનિંઘટ ગ્રંથમાં પ્રથમ વેલા, પછી છોડ, પછી મોટાં ઝાડ—એ ક્રમ સારો છે. એમ જોતાં તે ગ્રંથમાં જ કેટલીક દવામાં ઝાડ હશે કે છોડ હશે કે વેલા હશે તેની ખરી ખબર ગ્રંથકર્તાને ન પડવાથી, ગોટાવાળી ગાંધીના હાટમાં મળે છે તેવું જાણી એક પણ્ય વર્ગ કર્યો છે, તેથી એ ગ્રંથનો ક્રમ પણ પહેલેથી છેલ્લે સુધી ખરો ન હતો તેથી તે પણ ન લખ્યો. તે પછી ધન્વન્તરિ નિઘંટ જેને ગુડૂચ્યાદિ નિઘંટ પણ કહે છે, તેમાં દવાનાં નામ પછી તેના ગુણ છે; પણ પ્રથમ ગળો, પછી

---

૧ કોઠામાં ૧૨ ખાનાં છે પણ લેખક પોતે કહે છે કે 'આ ગ્રંથમાં દશ ભાષાનાં નામ લખ્યાં છે.'

૨ પાછળથી જયકૃષ્ણઈંદ્રજીનો આભાર માનવામાં આવ્યો છે એ જોતાં લેટિન નામો જયકૃષ્ણભાઈએ આપેલાં અમને લાગે છે.

અતિવિષ એ ક્રમ શું હશે તે કાંઈ જાણ્યામાં ન આવવાથી તે ગ્રંથની પ્રતો ઘણી ભેગી કરી. તેમાં એક પ્રત સંવત ૧૪૫૩ ભાદરવા વદી ૮ની લખેલ હતી. તેનું સાંકળિયું હતું. તેમાં લખ્યું હતું જે આ ગ્રંથના ક્રમમાં પહેલાં ગળો આદિ ૮ દવા છે તેનો કવાથ વાના તાવ ઉપર છે. બીજી ૮ દવાનો કવાથ ગરમીના તાવ ઉપર છે. ત્રીજી ૮ દવાનો કવાથ કફના તાવ ઉપર છે. ચોથો દશમૂલનો કવાથ સન્નિપાત તાવ ઉપર છે. પાંચમી ૮ દવા જીવનીય ગણુ રક્તપિત્ત ઉપર છે. છઠ્ઠી ૧૧ દવા ઋદ્ધિવૃદ્ધિયાદિ વાતરક્ત ઉપર છે. સાતમી ૧૧ દવા કફ ઉપર ઊલટી કરાવવાની છે. આઠમી ૧૬ દવા ગરમી ઉપર રેચ દેવાની છે. નવમી ૩ દવા માથાના રોગ ઉપર નાકના રેચની છે...ઇત્યાદિ એ રીતે ૩૭૩ વનસ્પતિઓના ગુણુ આ ધન્વન્તરિ નિઘંટમાં છે.[1] તે અનુક્રમ પણુ રોગ ઉપર છે. પ્રાચીન ગ્રંથમાં પણુ અનુક્રમ દવાના રોગ ઉપર છે; પણુ તેમાં પુનરુક્તિ છે એટલે એની એ દવા વારંવાર આવ્યા કરે છે, ને આ ગ્રંથમાં ફરી નથી. તેથી સર્વ નિઘંટથી આ નિઘંટ સારો લાગ્યો અને એના અનુક્રમ પ્રમાણે આ ગ્રંથમાં અનુક્રમ છે.

ગ્રંથકર્તા પોતાના વંશનું વર્ણન કરે છેઃ દૈવજ્ઞચૂડામણિ, પૂર્વમીમાંસામાં પારંગત, શ્રી મુરારિ નામના દ્વિજ થઈ ગયા. એમનો વાસ સુદામાપુરીમાં હતો. તેમને ત્રણ પુત્રો થયા. એમાં શ્રેષ્ઠ જ્યેષ્ઠ પુત્ર ઇંદ્રજીત હતા. તે જૂનાગઢમાં રહેતા હતા. ત્યાંના નાગરો એમનું સારું સન્માન કરતા. ત્રણેય પુત્રો વિદ્વાન હતા. ઇંદ્રિજિત પાઠશાલાધિકારી હતા, વેદાંતાર્થે કનિષ્ઠ હતા. શિષ્યવર્ગમાં તેમની સારી ખ્યાતિ હતી. ઇંદ્રજીતને ૩ પુત્રો હતા. ઇંદ્રજીત ઉત્તરાવસ્થામાં કુટુંબની ધુરા પુત્રો ઉપર નાખીને વાનપ્રસ્થી બન્યા. કનિષ્ઠ પુત્ર લબ્ધપ્રતિષ્ઠ **પુરાતત્ત્વપંડિત ભગવાનલાલ ઇંદ્રજી** (સંવત ૧૮૯૯ થી ૧૯૪૪) મધ્યમ પુત્ર તે આ નિઘંટના લેખક **રઘુનાથજી ઇંદ્રજી**. ભગવાનલાલ ઇંદ્રજી અને રઘુનાથજી ઇંદ્રજી બન્ને ભાઈઓ થતા. એકે પુરાતત્ત્વમાં નામના કાઢી. બીજે નિઘંટુ લખીને ઉત્તમ વૈદ્ય તરીકે **નામના કાઢી. એમની જ્ઞાતિ પ્રશ્નોરા નાગર** હતી.

ઘણા 'વનસ્પતિશાસ્ત્ર'( ઈ. સ. ૧૯૧૦ )ના કર્તા, ગુજરાતના પ્રખ્યાત શાસ્ત્રી જયકૃષ્ણુ ઇંદ્રજીને ભગવાનલાલભાઈના ભાઈ માને છે; પરંતુ તે ભૂલ છે. જયકૃષ્ણુ ઇંદ્રજી જ્ઞાતે ગિરનારા બ્રાહ્મણ હતા. જયકૃષ્ણુ ઇંદ્રજીએ આ કોષમાં લેખકને ઘણી સહાયતા કરી હતી એવો ઉલ્લેખ નિઘંટમાં છે અને તેથી તેમનો ઉપકાર પણુ માન્યો છે. લેટિન નામો જયકૃષ્ણુભાઈએ જ આપ્યાં લાગે છે. જોકે તેવો કોઈ ઉલ્લેખ ગ્રંથમાં નથી.

આ નિઘંટુમાં લેટિન નામોની અનુક્રમણિકા પહેલી આપવામાં આવી છે. સંભવ છે વિદ્વાન ગ્રંથકર્તાને લેટિન નામોની અગત્ય તે સમયમાં સમજાઈ હશે.

પછી અકારાદિ ક્રમમાં અનુક્રમણિકા છાપી છે. અહીં ગુજરાતી સાથે મરાઠી નામો પણુ આપેલાં છે.

ભાષા જૂનીપુરાણી છે. 'સુવાનાં ઝાડ થાય છે, ખેતરમાં બાધમાં વવાય છે. તેનાં પાંદડાં શરૂના જેવાં ઝીણાં થાય છે. ફુલ પીળાં છાતલાં થાય છે. તે સુવાના દાંણા થાય છે... "

---

૧ આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિમાં છપાયલા આ ગ્રંથમાં આ ક્રમ જોવા નથી મળતો.

"પાષાણભેદને નામે લાકડાના કટકા પરદેશી આવે છે. તે શું છે તે કાંઈ વિશેષ જણાતું નથી. એને સર્વે પ્રમેહ, મૂત્રકૃચ્છ વિગેરે રોગ ઉપર દેવાય છે અને દેશી પાષાણભેદ, **ગોરખગાંજો** * એવા નામનો છોડ છે. તેના ગુણ સર્વે પાષાણભેદને મળતા છે ને તેને વાપરી ઘણો અનુભવ લીધો છે. ગોરખગાંજો વાટી સાકરની સાથે પીવાથી પ્રમેહ, મૂત્રકૃચ્છ, પથરી વગેરે સર્વે રોગને મટાડે છે. ને આવી સારી દવા તે સંસ્કૃતમાં ક્યાંહાં જણાતી નથી તેથી એજ પાષાણભેદ હશે એવું જણાય છે, પાષાણભેદ ટાઢો, તુરો, મધુરો, કડવાશવાળો, લોહીના અતિસારને ટાળે છે ને ગોરખગાંજો પણ તેવો જ છે." પૃ. ૭૨.

એમના સમયમાં ગુજરાતના રાયકવાડી બ્રાહ્મણ શોઢલનો રચેલો નિઘંટુ "ગુણસંગ્રહ" પ્રચારમાં હશે, કારણ લેખકે એના તથા શોઢલના ગદનિગ્રહનાં ટાંચણ આપેલાં છે. ગદનિગ્રહ તો સ્વ. જાદવજી ત્રિકમજી આચાર્યે બે ભાગમાં છપાવેલો છે. ગુણસંગ્રહ આજ સુધી કોઈએ છપાવ્યો નથી. લેખકે શોઢલના આ ગુણસંગ્રહમાં બીજા નિઘંટુ કરતાં કેટલી નવી વનસ્પતિઓ ઉમેરાઈ છે તેની યાદી આપી છે.

નિઘંટુ સંગ્રહમાં ક્રમ તો ધ. નિ. નો રાખ્યો છે. ધ. નિ. કરતાં ભાવમિશ્રે પોતાના ગ્રંથમાં જે વધુ વનસ્પતિઓ છે તે દર્શાવેલું છે. ધન્વન્તરિ નિઘંટુ કરતાં ભાવપ્રકાશમાં જે નવી વનસ્પતિઓ ઉમેરવામાં આવી છે તેની યાદી આપવામાં આવી છે.

ભાવપ્રકાશ પછી મદનપાલ નિઘંટુમાં જે વધારાની વનસ્પતિઓ છે તેની યાદી આપી છે. ભાવપ્રકાશથી મદનપાલનિઘંટુમાં જે વધુ નામો છે તેની યાદી નીચે મુજબ આપેલી છે:

| | | | |
|---|---|---|---|
| अकलकरो | गांगेरुक | पर्पोटी | विष्णुकान्ता |
| एलान | चुनो | पस्तां | शंखजीरु |
| अंजीर | जयन्ति | पानीयामलक | हलदरवो |
| करपटाते | तमाल | फांग्य | |

ધન્વન્તરિ નિઘંટુ કરતાં ભાવપ્રકાશમાં જે વધુ વનસ્પતિઓ છે તેની યાદી[1] નિઘંટ સંગ્રહમાં આપી છે તે નીચે મુજબ છે:—

| | | | |
|---|---|---|---|
| अगथियो | खडी | बदाम | शोमल |
| अफिण | खसखस | बांदो | सुदर्शना |
| अजमा खुरसाणी | गंधमालती | बीयो | सिंदूरी |
| अभ्रक | चिल्हकी | भांग्य | सेवफळ |

* ગોરખગાંજો આજે પણ ભારતના ઘણા ભાગોમાં પાષાણભેદ તરીકે વપરાય છે.

૧ આ યાદી બાલબોધીમાં છાપવામાં આવી છે. ભાષામાં પણ તેવી જ રાખવામાં આવી છે. યાદી સંસ્કૃતમાં આપવામાં આવી હોત તો ઠીક પડત. કોઈ વખત સંસ્કૃત તો કોઈ વખત ગુજરાતી નામો યાદીમાં લખ્યા છે.

| | | | |
|---|---|---|---|
| अमृतफल नि. ३[१] | चणकाम्ल | भोजपत्र | सोमवली |
| अमरवेल्य | चंद्रशूर | भोपाथरी | सौराष्ट्री |
| अरिठा | चोपचीनी | मत्स्याक्षी | स्वर्णवली कांचनी |
| अलंबुशा | चंचुछुंछ | मखाणा | हरफावेडी |
| अशेळियो | जिंगिनी | माचिका भिंडी | रस |
| इंगोरियो | झेरकोचलां | मुशली | उपरस |
| एखरो | टेकारी | मेथी | विष |
| अम्बुशिरसी | डिंडिश | मोरशिखा | उपविष |
| करमी किह्नी[२] | तिनिश | मंडूकपर्णी | रत्न |
| कमरक | तूणी | माटी | उपरत्न |
| कल्हार | तिंतिडीक | रसकपूर | पुष्पवर्ग |
| कसुंबो | दुधेली | लक्ष्मणा | धान्यवर्ग |
| कर्णिकार पांडरेवो[२] | धावडो | वटपत्री | शाकवर्ग |
| कर्पासी | नाकछींकणी | वछनाग | पाणी |
| काळीमुसळी | नागदमण | वाराहिकंद | दूध |
| काकमारी | नागपुष्पी | वीरतरु | दहीं |
| कांचनी | नागरवेल्य | वेलु | छाश |
| कुबो | पातालगरुडी | शरपंखो | घी |
| कुंभी | पान | साग | तेल |
| कुलिजन | पारसपीपळो | शिलाजित | मध |
| कुंवार | पुत्रजीवक | शेवाळ | मूत्र |
| कोकरुंदा | पोस्त | शींगोडा | |

આ મદનપાલ નિઘંટુ થયા પછી કેટલેક વરસે કાશ્મીરમાં શ્રી મઠ સહ્યગુહાસ્થાનમાં રેવાશી સોમાનંદાચાર્યના વંશના ઇશ્વિરસૂરિના પુત્ર નરહરિ પંડિતે અભિધાનચૂડામણિ અથવા રાજનિઘંટુ નામનો ગ્રંથ કરેલો છે. તેમાં કાંઈ સાલ તો લખી નથી, પણ હાલના વખતનો કરેલ જણાય છે. આ ગ્રંથની દવાના નામનો અનુક્રમ સર્વ નિઘંટુથી જુદો છે. પ્રથમ વેલા, પછી છોડ, વૃક્ષ એવો અનુક્રમ લીધો છે, પણ તેણે તે સર્વે ઔષધિનાં વૃક્ષો નજરે જોયાં હોય એમ લાગતું નથી. તેથી આરંભ પ્રમાણે સંપૂર્ણ બની શકયું નથી. આગળના નિઘંટુઓથી જે નામ આમાં વધારે છે, તે આંહી લખ્યાં છે :

૧ नि. ૩ થી શું સમજવાનું છે તે અમને સમજાયું નથી.

૨ આવાં બે નામોમાં कटमीने મરાઠીમાં ‘किणिही’ કહે છે તે किह्नी લખ્યું છે. कर्णिकारनो અર્થ पांडरवो કર્યો છે. કારણ કંઈ આપ્યું નથી.

अग्निदमनी
अल्यालपर्णी आंबटवेल्य
अधःपुष्पी
अजांत्री वृषगन्धा
अमृतस्रवा
अरिमेद
अग्निजार
अरण्यकुसुंभ
आदित्यपत्रा
आरामशीतला
आरी. खेरवेल्य
उन्दिरमारी
एकलकंटो
एकवीर
कटुकवल्ली
कर्पूरमणी
कामवृद्धि
कालांजनी
कालिजीरी
कारी
कुंभी
कुरुहवृक्ष
कैवर्ती
कोतुंबा

कंटपुंखा
कंथार
खाजवणी
खेना
गरमर
गोरखचिंच
गोरखदुधी
गंगापत्री
गोपालकर्कटी
घोडेकाथर
चणकचीभडी
झरस
झिपटो
झंडूक
तृणकेसर
तक्राव्हा
तरटी
ताम्रवल्ली
तैरिणी
दग्धरुहा
दधिपुष्पी
दुग्धफेनी
नागदन्ती
निकुंजका

नदीउबर
नदीवट
नरवृक्ष
नरवेल्य
निर्विषी
नीलवृक्ष
पाडकुटुंबिनी
पालाशी
पाची. मरकतपत्री
पीठौडी
पखौड
पुत्रदायी
बस्तांत्री
ब्रह्मदंडी
भ्रमरछाल्य
भमरमारी
भीडा
भूतंबी
भूपाटला
महिषवल्ली
माकंदी
मांजुफल
माड
मोरटा

रतनजोत
रुखडो
रुद्रजटा
रुदंती
रुद्राक्ष
वानरपिप्पली
वसुश्वेतरक्त
विषमुष्टी
शिग्रूडी
शिवलिंगी
शिरगोला
शशांडुली
सर्पिणी-नागभणी
सिंहपिप्पली
समुद्रफल
सुरसरणी
सोरंगी
स्वर्णुली
हस्तिमद
हिमाविली अंगारकुष्ठी
हस्तिशुंडी
क्षीरमोरटा
क्षीरिणीमेद

આ રાજનિઘંટુ પછી શોઢલના 'ગુણસંગ્રહ' નિઘંટુમાં જે વધુ નામો જોવા મળ્યાં તેની એક યાદી નીચે મુજબ આપે છે. આ લેખકને જે "નામો જંગલીઓ પાસેથી મળ્યાં તેનાં નામ તથા ગુણ પૂછી નવાં નામ ૧૦૦* લખી તેનો વર્ગ સાતમો શોઢલે કર્યો છે" તે આમાં લખ્યો છે. સાતમો લક્ષ્મણાદિ વર્ગ કર્યો છે તેમાં જે નવીન પોતાની ગોતેલ દવા લખી છે, તેનાં નામ આ નીચે આપેલાં છે:

* આ યાદીમાં ૧૦૦ સંખ્યા પૂરી થતી નથી. મૂળ સંસ્કૃત યાદીમાં પણ ૧૦૦ નથી.

| | | | |
|---|---|---|---|
| अमृतवेल्य नि. २ | गुडदिल्ल | नाराची | मांसद्रावी |
| आभा | गोधामती | नोळवेल्य | मोदयंती |
| उटकंटो | गंगेडी | पर्पोटी | माक्षीक |
| उंधाफुली रा. | घंटावेल्य | पलियो | राहशमी |
| उषदान | घोडला | पाषाणी | लघुकौछी × |
| ओखराज्य | जलजांबु | पीळो भांगरो | लिंबी |
| कटाहबला | जाकक्षीर | फणसी | विषखापरो |
| कच्चक | जीराउली | फुदडी | वउणी |
| कागडोळिया | झरेर | फूर्दन | वल्लीयक |
| कीटगंधा | झिल | फेनिला | व्याघ्रपादी |
| कीडामारी | तवरियां | बाबरपत्री | वृद्धपलियो |
| केकीदंडा | तक्षकी | बोदार | शेदरडी |
| केषक | तौवरवृक्ष | भुजंगारी | श्वाविदुदर |
| कोलकंद | दुदुंभटी | मांमेजवो | श्वेतबहु |
| कोरणा | दुर्मिल | मढीन | समराजी |
| खेडा कंबोई | देवगान्धारी | मरेठी | समरालक |
| खेरवेल्य | धोळो भांगरो | मर्कोश | हियाउली * |
| खाजवणी | नरपुष्प | मखाउली | |
| गरमर | नाकनारी | मिति | |

આ શોઢલ નિઘંટુ પછી શાલિવાહન શકે ૧૬૦૩ની સાલમાં અહમદનગરના રહેવાસી માણિક્ય ભટ્ટના પુત્ર વૈદ્ય મોરેશ્વરે "વૈદ્યામૃત" નામનો ગ્રંથ લખ્યો છે. આમાં યુનાની દ્રવ્ય ઈસબગુલને લઈ લેવામાં આવ્યું છે.

* શોઢલે 'सप्तमो लक्ष्मणादि वर्गः' લખ્યો છે તેમાં અને કતોભટ્ટે આપેલ યાદીમાં કેટલાંક નામ છૂટી ગયાં છે, અને જે લખ્યાં છે તેમાં કોઈ વખત મૂળ નામ રાખ્યું છે, અને કોઈ વખત ગુજરાતી નામ લખ્યું છે. ગુજરાતી ભાષામાં લખેલ નામો અશુદ્ધ છે એટલે મૂળ સંસ્કૃતમાં જ હું નામો ઉતારું છું તેમ જ અકારાદિક્રમમાં મેં નથી આપ્યાં.

---

× મૂળમાં 'लघुकच्छुरा' છે. કતોભટ્ટે આવી રીતે ગુજરાતી અર્થ કરી નામ લખ્યા છે.

* ગુજરાતી નામોમાં 'હિયાઉલી' છે જે આ યાદીમાં જણાતું નથી.

लक्ष्मणा
सहदेवी[१२]
नाकन्नी
लघुकच्छरा[१३]
ताम्रवल्ली
केकिदंडा
जीराली
दुर्मिल
शिखिचूडा[१४]
नाहि[१५]
[१]झिल्ल
गोधामति
कुमारिका[१६]
वामनी
कांचनी
निंबि
गिरिमध्या
टुटुंमरी
मायुकं
* कीटमारी
मढिंढो
विषखर्परा[१७]
उत्तुंड
राहशमी

भृंगी
घंटाली
राजसेलुकं
पर्पोटिका[१८]
अश्मवल्क
नाराची
शृंगरोटिका[२]
क्षुत्करी
काशादाने द्वे
आभा[१९]
अमृतवल्लरी[२०]
अंधःपुष्पी[३]
मोदा
फेनिला[२१]
झुल्लपुष्पकः[२३]
बोदारशृंग[४]
नाकुल्यौ[२२]
कांबोजी[५]
अस्थिशृंखला[६]
श्वाविदुदरजं
शल्ल
द्रंक्षुणं
लामिका
वल्लीयक

तांबूल
अवंती
जयवती
नागार्जुनी[७]
याक्षीक
ईश्वरीमूल[८]
कोरण
स्फुर्दन
जाकदुग्धं
मर्कोश
कटाहक
साबूनं
देवगांधारी
बुबुली
घोटकः
सिद्धेश्वर[९]
पलाशिनी
काष्टोदुंबरि[१०]
कात्त्चक
तक्षकी
कीटगंधा
कदंब[११]
केंबुक

"लक्ष्मणा केकिजूडाख्या कीटगंधाल्पकच्छुरा ।
एतासां स्वरसः पीतः क्षीरेण पुत्रदो भवेत् ।
ઉપર 'शिखिचूडा' છે જ્યારે અહીં 'केकिचूडा' નામ આપ્યું છે.
कीटगंधा શું હશે?
'कच्छुरा'ની જગાએ 'कच्छुंरा' જોઈએ.

---

* કીડામારી. ૧ ઝીલ નામે જ ગુજરાતીમાં પ્રસિદ્ધ છે. ૨ શિંગરોટી. ૩ ઊંધાફૂલી અંધ નહિ પણ અધ:પુષ્પી જોઈએ. ૪ બોદારપથરી (આ ખનીજ દ્રવ્ય છે). ૫ કંબોઈ. ૬ હાડસાંકળ. ૭ નાગલાદૂધેલી. ૮ ઈશ્વરી નામે જ પ્રસિદ્ધ છે. ૯ સંધેસરો. ૧૦ ઢેડ ઉમરડી. ૧૧ કદંબ નામથી જ પ્રસિદ્ધ છે. ૧૨ સેદરડી. ૧૩ કવચની નાની જાત. ૧૪ મયૂરશિખા. ૧૫ કડવીનાહી કે મામેજવો. ૧૬ કુંવાર. ૧૭ સાટોડી. ૧૮ પોપટી. ૧૯ આભા–બાળક. ૨૦ अमृतवल्लरी–ગળો. ૨૧ फेनिला–ચિકાખાઈ. ૨૨ नाकुल्यो–ઈશ્વરી અને સર્પગંધા. ૨૩ ઝેરેર.

શોઢલની ઉપરની યાદીમાં ગુજરાતી ભાષામાં બોલાતાં નામો જ સંઘરાયાં છે, કવચિત્ ગુજરાતી નામનું સંસ્કૃત કરેલું પણ છે. અમારી દૃષ્ટિએ કેટલીકનો પરિચય–પારખ–identification–સ્પષ્ટ છે તે પાદટીપમાં દર્શાવેલું છે. केकिदंडा એ દેણી યા મોરદેણી Leea macrophylla માટે હોય ખરી. मढिंढो, उत्तुंड, राहशमी ઇત્યાદિ નામના અર્થો બેસાડવાનું કંઈ સાધન નથી. શોઢલનું સમકાલીન કોઈક પુસ્તક હોત તો સમજ પડત.

'ગરમર' શેનો અર્થ કર્યો છે તે સમજાતું નથી. ટૂંકમાં બન્ને યાદી સરખાવતાં કેટલીક વનસ્પતિઓ યાદીમાંથી કાં છૂટી ગઈ છે, કાં ગુજરાતી અર્થ કરી તે નામ આપ્યું લાગે છે.

શોઢલે આવી રીતે ગુજરાતી નામોને નિઘંટુમાં ઉપયોગી હોવાથી ગૂંથી લીધાં છે.

હેમચંદ્રાચાર્ય પણ ગુજરાતના હતા. તેમના निघण्टुशेषમાં આ નામો જણાતાં નથી.

આ પછી કાશીમાં વૈદ્ય સોહંજીના પ્રપિતામહે 'આતંક તિમિર ભાસ્કર' નામે ઘણો મોટો ગ્રંથ રચ્યો છે. એમાં ઘણા ગ્રંથોનો આશ્રય લીધો છે. ઔષધિમાં ચહા તથા અમરનાં નામો નવાં લીધાં છે. ચહા માટે આ જ ગ્રંથમાં પહેલવહેલો ઉલ્લેખ મળે છે.

શિવદત્તનો 'શિવનિઘંટુ' છે. આ નિઘંટુકારે વનસ્પતિઓનો પરિચય સારો કરાવ્યો છે. શિવદત્ત જેવો પ્રયાસ આ પહેલો જ છે.

સંવત ૧૯૩૫ શાકે ૧૮૯૦ સને ૧૮૬૮ની સાલમાં મુંબઈના શેઠ હંસરાજ કરમશીની સહાયથી વિષ્ણુ વાસુદેવ તથા દાક્તર ભાઉદાજી વગેરેએ મળીને **"નિઘંટ રત્નાકર"** નામનો ગ્રંથ **પ્રસિદ્ધ** કર્યો છે. આમાં પાછળના નિઘંટુઓ કરતાં જે ઔષધિઓનાં નવાં નામો વધારાનાં જણાય છે તે આ રહ્યાં :

| | | | | | |
|---|---|---|---|---|---|
| अर्गट एरवणी | ११ | गलघोटी | १८८ | भूशिरड | ३७४ |
| अनंनास | ४०८ | गर्दभवृक्ष | १७१ | मर्यादवेल्य | ३०८ |
| आलनुं | २३ | गणेरुका | १७१ | मुद्गरपुष्प | ३३८ |
| एळियो | ३०१ | गंधीलो खेर | १६८ | मेकीचणकचीभडी | ३४२ |
| ऐरावती | ३६ | गोपीचन्दन | १८० | मोयामक्षेखी | ३०७ |
| करंबी | १२१ | गोडंबी | १८० | मंचापत्री सुरवंदी ३४६ | ३८६ |
| कवलाभाजी | १२१ | गंगावती | १८२ | मेंदी | ३४२ |
| कसेरु | १२१ | घोणसवेल्य | १८७ | रामफल | ३५५ |
| कटुकंदरी | १२३ | चोरवली | १९६ | रक्तबोल | ३०० |
| कलगी | १४५ | जामफल | २८६ | लघुवाघाटी | ३७८ |
| काजुकळिया | १४१ | झिंझुडी | २०७ | वटगंघारी बाबरी | १८२ |
| कामजा | १३९ | झुंझुरु | २०७ | वाघाटी | ३६६ |
| कुकुटी देवकुकुटी | १४६ | टंकारी | २५८ | शुषा जगली | ३७७ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| कुरंडिका | १४६ | तमाकु | १७७ | शीणवी पांडरफली | २८० |
| केतकी | १६० | तरटी | २१२ | सरूनां झाड | ३८८ |
| कोर्शिबवृक्ष | १६६ | त्रिपर्णी | २३३ | समुद्रशोष | ७९ |
| कुकुटपादी | १४८ | परेणी | २७० | सिताब | ३८० |
| काकइ | १४१ | पतूरपांचोदरो | २७० | सीताफल | ३८६ |
| कुलइ | १४८ | पोपैयुं | २८७ | सोरंगी | ३८७ |
| कडवी कंकोल | १६७ | फादिनो | २८६ | सरसीकपित्थपत्रा | १२२ |
| वपित्थपत्रा | १२२ | ब्रह्मराक्षस रोहिडो | ३५७ | हासावृक्ष ३९८ विकलो | |
| कवठपत्री | १६२ | भूछत्र ३०८ अंबेली भूतकेशी | ३०४ | हेरंबवृक्ष ३९४ शरेरो | |
| खडगपत्री | १६२ | भृंगमारी | ३०१ | हीरादखण | ३०० |
| गजेकर्णी | १७१ | भूतांकुश | ३०३ | हपुषा | ३७६ |

આમ આ વિદ્વાને સારી મહેનત લઈ, નવાની તારવણી કરી અને પોતાના ગ્રંથમાં ઘણી નવી વનસ્પતિઓ ઉમેરી છે.

" **शालिग्राम निघण्टु** " નામનો એક મોટો નિઘણ્ટુ હિંદી ભાષામાં છે, પરંતુ આના લેખકને વનસ્પતિઓની સારી પહિચાન લાગતી નથી.

આ બધા **પછી** બંગાલી કવિરાજ બિરજાચરણ ગુપ્તનો " **वनौषधिदर्पण** " બંગાબ્દ ૧૩૨૪ શક ૧૮૩૯ નામનો નિઘંટુ **પ્રસિદ્ધ થયો** છે. આ ગ્રંથમાં પ્રત્યેક વનસ્પતિના સ્વતંત્ર ઉપયોગો બધા વિદ્યમાન આયુર્વેદ સંસ્કૃત ગ્રથોમાંથી ચૂંટીને ભેગા કર્યા છે. આ પદ્ધતિ ઉપર પહેલ-વહેલો જ આ નિઘંટુ છે. સાથે બિરજાચરણે દરેક વનસ્પતિના વર્ણનમાં વક્તવ્યનું લખાણ લખી ટીકાકારોનાં વચનો ઉદ્ધૃત કરી સંદિગ્ધ વનસ્પતિ ઉપર ઠીક ઉહાપોહ કર્યો છે. ગ્રંથ છે બંગલા ભાષામાં, પણ કહેવું જોઈએ કે તે એક અદ્યતનીય, નવીન ચીલા ઉપરના પ્રસ્થાન જેવો, બંગાલની વિદ્વત્તાને શોભાવે એવો નિઘંટુ છે. એમાં લેટિન નામો આપવામાં આવ્યાં છે. **પ્રસ્તાવનામાં** નિઘંટુઓનો કાલનિર્ણય તેમ જ ચરકસુશ્રુતાદિ ગ્રંથો ઉપર સરસ ઊહાપોહ કર્યો છે. મહોમહાપાધ્યાય ડુંગણનાથસેને જેમ વિકૃત શારીર તરફ આપણું પ્રથમ વાર ધ્યાન ખેંચ્યું, તેમ નિઘંટુ વિષયમાં બિરજાચરણે સૌને વિચારતા કરી દીધા. બંગાલમાં આયુર્વેદપરંપરાને બરાબર જાળવીને બંગાલનું નામ સારા હિંદમાં રોશન કરનારા ઘણા બંગાલી કવિરાજો થઈ ગયા છે. આ જ કવિરાજ બિરજાચરણના " વનૌષધિ દર્પણે " મને આકર્ષ્યો અને તે વાંચતા વેંત જ ગુજરાતીમાં આ જ શૈલી ઉપર નવો નિઘંટુ લખવો જોઈએ એવો સહજ સંકલ્પ મનમાં સ્ફૂર્યો. આ સંકલ્પનું ફળ એ જ " **નિઘંટુ આદર્શ** ". કેટલાક એને આદર્શ નિઘંટુ કહે છે. મારાથી એ દાવો ન કરી શકાય. વિદ્વાનો જે કહે તે ખરું.

" નિઘંટુસંગ્રહ " એ ગુજરાતનો પહેલો નિઘંટુ. ભારતમાં એ પ્રસિદ્ધ—મશહૂર થઈ શક્યો હોત તો આ ગ્રન્થ ઘણાને નવી પ્રેરણા આપત. શાસ્ત્રીય નિઘંટુનો પાયો કોઈ નાખનાર

હોય તો અમારે મન કતોભટ્ટનો આ નિઘંટુ છે. સંભવ છે બિરજાચરણે પણ આનો ઉપયોગ કર્યો હશે. એ વિદ્વાને વનસ્પતિઓ ઓળખવા જાતે ખૂબ પ્રયાસ કર્યો છે, અને સાથે શાસ્ત્રપરિશીલન ચાલુ રાખીને આ અણમોલ ગ્રંથ રચ્યો છે. આ વિદ્વાનની મહેનતની કદર બૂઝનારા ગુજરાતમાં કોઈ ન પાકયું—સ્વ. દુ. કે. શાસ્ત્રી અને વૈદ્યરાજ અમૃતલાલ પ્રાણશંકર પટ્ટણી બે સિવાય. પટ્ટણીજી તો આ લેખકના વિદ્યાગુરુ છે. જયકૃષ્ણભાઈને સંસ્કૃતનો શોખ નહીં. એમની વૃત્તિ વિશેષ કરી નૂતન વનસ્પતિશાસ્ત્રીની હતી. એટલે એમણે **"વનસ્પતિશાસ્ત્ર"** (ઈ. સ. ૧૯૧૦) નામનો અદ્વિતીય ગ્રન્થ ગુજરાતીમાં રચીને ગુજરાતની કીર્તિ સારાય ભારતમાં પ્રસારી છે. "વનસ્પતિશાસ્ત્ર" અને "નિઘંટુસંગ્રહ", બિજારચરણનો બંગાલી નિઘંટ—આ ત્રણ ગ્રંથોની મદદથી જ હું "નિઘંટુ આદર્શ" ગ્રન્થ રચી શકયો છું.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો "**निघण्टु शेष**", શોઢલનો "**गुणसंग्रह**" આ બે મહાન ગુજરાતી પંડિતોએ નિઘંટુના ગણેશ ગુજરાતમાં માંડ્યા. આ પરંપરામાં બીજો કોઈ ગુજરાતી પાકયો નહિ એ ખેદની વાત છે. કતોભટ્ટે આ ઋણ ભરપાઈ કર્યું અને હેમચંદ્રાચાર્ય અને શોઢલની પરંપરા શોભાવી. આ લેખક પણ પોતાને ધનભાગ્ય માને છે.

નિઘંટુ તો આ દેશમાં ઘણા થયા છે. સુશ્રુત, અષ્ટાંગસંગ્રહ, અષ્ટાંગહૃદય—ઉપર નિઘંટુઓ હતા. આજે તે ઉપલબ્ધ નથી. આજે વૈદ્યો પાસે ધન્વન્તરિ નિઘણ્ટુ, રાજાનિઘણ્ટુ, મદનપાલ નિઘંટુ, ભાવમિશ્ર નિઘંટુ, કૈયદેવ નિઘણ્ટુ આટલા જ નિઘંટુઓ સંસ્કૃતમાં છે. "નિઘંટુ સંગ્રહ" ગુજરાત ગર્વ લઈ શકે એવો મૌલિક ગ્રંથ છે.

# ગ્રન્થાવલોકન

**ગાંધીગૌરવ :** લેખક : યોગેશ્વર; પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪. પૃ. ૧૧ + ૩૪૦, મૂલ્ય દસ રૂપિયા.

ગાંધીશતાબ્દીટાણે એ મહાપુરુષનાં વિવિધ વિષયો પરનાં પ્રવચનો, લેખો વગેરેનાં વર્ગીકૃત પ્રકાશનો થયાં છે એ સ્તુત્ય છે. વિદ્યાર્થીઓ અને નવતરુણોને ધ્યાનનાં રાખીને ગાંધીજીનાં સંક્ષિપ્ત જીવનચારત્રો અથવા છૂટક પ્રસંગપુષ્પો પણ પ્રકટ થયાં છે. કેટલેક સ્થળે ભિન્ન ભિન્ન કવિઓનાં ગાંધીવિષયક કાવ્યનાં સંગ્રહ–સંપાદનો પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે; પરંતુ મહાકાવ્ય જેવા મહાત્માજીના સમગ્ર જીવનને કાવ્યશિલ્પમાં કંડારવાના પ્રયત્નો થયા હોવાનું જાણમાં નથી. હા, ગાંધીજીવનના ચૂંટેલા પ્રસંગો પરથી કેટલાક કવિઓએ ખંડકાવ્યો કે કથાકાવ્યો રચ્યાં છે, તે પણ અલ્પ સંખ્યામાં.

ગાંધીજીની વિરાટ અને ઓજસ્વી પ્રતિભાનો પ્રભાવ માત્ર ભારત પૂરતો મર્યાદિત ન હતો. માનવજીવનનાં મૂળભૂત સનાતન સત્યોનું પુનઃસ્થાપન કરનારા તેમના સરળ છતાં ભવ્ય જીવન અને કાર્યની અસર વિશ્વવ્યાપી અને શકવર્તી છે. એનાં વિવિધ પાસાંઓને સમ્યક્ રીતે સમજીને તેમનાં સમગ્ર વ્યક્તિત્વની કોઈ પણ સાહિત્યસ્વરૂપમાં—ખાસ કરીને કવિતામાં—તાદશ છબી ખડી કરવી, એ કપરું અને ગાંધીજીવન જેવું જ સાધના માગી લે એવું કાર્ય છે. અલબત્ત, તેમની આત્મકથા તેમાં સારા પ્રમાણમાં ઉપયોગી નીવડી શકે, પરંતુ તે તો માત્ર સ્થૂળ વિગતોના પ્રામાણ્ય પૂરતી જ.

ધર્મ-તત્ત્વ-સંસ્કૃતિના સર્વોત્કૃષ્ટ અંશો અને સારભૂત સંસ્કારોને પ્રવચનો તથા પુસ્તકોદ્વારા જનહૃદયમાં રોચક પણ બુદ્ધિગમ્ય રીતે સુદૃઢ કરવાની લોકોપકારક પ્રવૃત્તિઓમાં રત રહેતા વીતરાગી સાહિત્યકાર શ્રીમાન યોગેશ્વરજી અધ્યાત્મદૃષ્ટિએ ઉચ્ચાધિકારસંપન્ન હોવાથી યુગપુરુષ કર્મયોગી ગાંધીજીની જીવનસાધનાને આત્મસાત્ કરી શકે એ સમજી શકાય તેમ છે. આ માટે ચરિત્રનાયક પ્રત્યેના આદરભાવ ઉપરાંત હૃદયની ઉદાત્તતા અને ઉદારતા હોવાં આવશ્યક છે. ગાંધીદર્શન-નિરૂપણ કરવામાં શ્રી યોગેશ્વરની દૃષ્ટિ વિશાળતા અને વિશદતાને વરેલી છે. શ્રી અરવિંદ કે કોઈ ધર્માચાર્યની જેમ ગાંધીજીએ અધ્યાત્મ કે યોગમાર્ગની કોઈ વિશિષ્ટ પરંપરા કે પ્રણાલિકાને પુરસ્કૃત કે પરિમાર્જિત કરી ન હોવા છતાં શ્રી યોગેશ્વર જેવા ધર્મ-યોગક્ષેત્રના અગ્રણી ગાંધીજીના વિભૂતિતત્ત્વનું યથાર્થ રીતે ગૌરવ અને અભિવાદન કરે એ હકીકત જ આજના અસહિષ્ણુ બની રહેલા સંઘર્ષયુગમાં પ્રેરણાદાયક નીવડે તેમ છે.

'ગાંધીગૌરવ'માં લેખકે ગાંધીજીને માત્ર રાષ્ટ્રીય નેતા તરીકે નહીં પરંતુ એક મહાન વિશ્વમાનવ અને જ્યોતિર્ધર તરીકે બિરદાવ્યા છે. સળંગ સવિસ્તર જીવનચરિત્ર રૂપે નહીં પરંતુ એ નરપુંગવના ભવ્ય જીવનમાંથી પ્રેરક અને પ્રબોધક પ્રસંગોની પસંદગી કરીને તેની સળંગ-સુદીર્ઘ કાવ્યબાનીમાં ગૂંથણી કરવાનો લેખકે દુઃસાધ્ય પણ પ્રશસ્ય પુરુષાર્થ કર્યો છે. મહાકાવ્યનાં

કેટલાંક સ્વરૂપલક્ષણોની ઝાંખી કરાવનારી આ સત્કૃતિને આપણે 'મહાકાવ્ય'ના બિરુદથી ન નવાજીએ તો તેથી આ કાવ્યનું અને મહાકાવ્યની ક્ષમતા ધરાવતી ચરિત્રવિભૂતિનું ગૌરવ લેશ પણ અળપાવાનો સંભવ નથી.

ગાંધીજીના શરીરધારણ વિષેના બે ગૃહીત પ્રયોજનો શ્રી. યોગેશ્વરે સુસ્પષ્ટ કર્યાં છે: (૧) ભારતની સ્વતંત્રતાનો, નવજાગૃતિનો તથા સંસારને માનવતાનો સંદેશ આપવાનો, અને (૨) વિશ્વશાંતિ માટે ભારતે ભવિષ્યમાં ભજવવાના ભાગ–ની પૂર્વભૂમિકા રૂપે, ભારતની સ્વતંત્રતા અહિંસક માર્ગે મેળવવાનો.

લગભગ નવહજાર ઉપરાંત પંક્તિઓમાં પથરાયેલા આ ચરિત્રાત્મક કાવ્યને કવિએ ૬૭ અધ્યાયોમાં વહેંચ્યું છે. આરંભમાં કવિ પ્રાચીન પરંપરા પ્રમાણે સરસ્વતી, ઋષિમુનિ, સંતો, કવિઓ, ગુરુ, ભારતમાતા, સમસ્ત સંસાર અને કાળને પ્રણમાઞ્જલિ આપતાં છેવટે 'વિષવરાળ વહેતા ધુવડ જેમ જીવતા અસંત અજ્ઞ' જનોને પણ શતપ્રણામ કરે છે! વિષયપ્રવેશ પૂર્વના આ પ્રારંભક પ્રસ્તારને સ્થાને કવિ સંક્ષેપ સાધી શક્યા હોત.

માતૃભૂમિનો મહિમા ગાયા પછી કવિએ લગભગ ૮ પાનમાં ગાંધીજીની અવતારી પુરુષ હોવાની જે હૃદ્ય નાટચારંભી કલ્પના કરી છે તે આ પ્રકારના કાવ્યમાં રોચકતા લાવવામાં સહાયભૂત નીવડે છે, પરંતુ સત્યના પ્રયોગોના પ્રખર પુરસ્કર્તા ગાંધીજીના સંદર્ભમાં આવી કલ્પનાની રંગોળી કેટલે અંશે નિર્વાહ્ય બની શકે એ કહેવું મુશ્કેલ છે. સિદ્ધલોકમાં ભારતી દેવી કલ્પાંત કરે છે ત્યારે રામ, કૃષ્ણ, અષો, બુદ્ધ, ઈશુ, સુકરાત, નાનક, સુર, તુલસી, શંકર વગેરે એ ભાવના ઉદ્દગાર કાઢે છે કે: સૃષ્ટિને તો આવી ફરિયાદ કરવાની પુરાણી આદત છે; મનુષ્ય તો કૃતઘ્ની છે. પૃથ્વી પર જતાં અમને દરેકને "ગુલાબોની કરી આશા કિન્તુ કંટક સાંપડચા" (૧૬)

તથા "માનવી પંકમાં પેદા થનારા પદ્મના સમો
પંકમુક્ત નથી કો દી થયો તેમ થશે નહીં."

અને "અમને કરુણા થાયે પૃથ્વીની પ્રાર્થના સુણી,
પરંતુ કરવા થોડી થાય વિશ્રાંતિ ચાહના." (૧૭)

ત્યાં એક જ્ઞાની મહાયોગી ભક્ત 'ક્રંદનો ધરતીકેરાં સુણાયે મુજથી નહીં' કહીને 'યજ્ઞભાવે' પૃથ્વી પર પ્રકટ થવાનો સંકલ્પ જાહેર કરે છે ત્યારે આ સિદ્ધો એને સંકલ્પ છોડવા વારંવાર સમજાવે છે. અલબત્ત, સંત અવિચલ રહેતાં આખરે તે બધાં તેને 'તમારો પંથ હો સાફ શિવ સાફલ્યથી ભર્યો' એવી શુભેચ્છાઓ સહ વિદાય આપે છે. તે જ પ્રમાણે મોહનદાસના જન્મ સમયે કરેલા પ્રકૃતિ-વર્ણનમાં અને સિદ્ધેશ્વરો દેવગંધર્વયક્ષકિન્નરગણસહ 'નિજ નેત્રલ્હાવો લેવા કૃતાર્થ' થવા પધારી નવજાત શિશુની પ્રાર્થના કરતા હોવાના વર્ણનમાં કવિએ કરેલા કલ્પનાવિહારમાં વિષ્ણુના અવતારોની પુરાણોક્ત કથાનું અનુસરણ જોવા મળે છે; અને તેમ કરવામાં મનુષ્યમાંથી મહાત્મા બનેલા માનવેન્દ્રમાં 'પરમલોકમુનીંદ્ર'નું આરોપણ કર્યું છે. પ્રાર્થનાને અંતે શિશુ મોહન લોચન ઉઘાડીને 'કરીશ પૂર્ણ આશાને તમારી જગમાં નકી' એવો સંકેત કરીને, માયાવિસ્મૃતિનો પડદો નાખીને 'સામાન્ય કોક શિશુ જેમ રડી રહ્યા એ' ત્યારે જ તેઓ અદશ્ય થાય છે...અને

પછી તો માતા જશોદાની જેમ મોહનદાસની માતા પણ હાલરડું ગાય છે! આ પ્રકારની અદ્‌ભુત રસ સિંચનારી પણ આદરભાવ વધારતી ગ્રન્થમાં કેટલેક સ્થળે આવતી રોચક કલ્પનાઓ અર્વાચીન યુગના મહાપુરુષ ગાંધીજીની મહત્તાને કેટલે અંશે અનુરૂપ છે એ તો પ્રત્યેક ભાવકના માટે રુચિભેદનો પ્રશ્ન બની રહે. વળી, પાત્રગૌરવહાનિની સમસ્યા ઊભી થવાનો પણ સંભવ ખરો. બીજી દૃષ્ટિએ વિચારતાં 'શ્રેયસ્ અને સાધના' તથા બીજા ગ્રન્થોમાં પોતે સ્પષ્ટપણે નિરૂપણ કર્યા પ્રમાણે શ્રી યોગેશ્વરનો આ પણ આધ્યાત્મિક અનુભૂતિનો **વાસ્તવ** વિષય હોઈ શકે. સંવેદનની સચ્ચાઈ અને કલ્પનાની ઉદાત્તતાનો કાવ્યમાં થતો આવિષ્કાર પ્રતીતિકર લાગવો જોઈએ. દિવ્ય દર્શનનું તથ્ય અને કલાનું સત્ય અન્યોન્યની એકરૂપતાથી જ કાવ્યમાં દીપી ઊઠે છે. સિદ્ધયોગી એ જ કક્ષાનો સિદ્ધ કવિ હોય ત્યારે તો સોનામાં સુગંધ ભળે.

બાળપણથી માંડી છેક ગોડસેની ગોળીદ્વારા થતા 'મહાપ્રયાણ' પર્યંતનાં મહત્ત્વનાં પ્રસંગપુષ્પોને કાવ્યસૂત્રમાં પરોવી માળા ગૂંથવામાં કવિની હેયોપાદેય-શક્તિ અને સૂઝનાં દર્શન થાય છે. અલબત્ત, માનવતાને ઉત્કટપણે મહેકાવનારી પાંખડીઓની આ પસંદગીમાં કેવળ કલાકાર કરતાં, ગુણસંકીર્તનદ્વારા વાચકના હૃદયને સમુત્થાનની પ્રેરણા પાવાનું સાધુચરિત સાહિત્યકારનું પવિત્ર પ્રયોજન પ્રધાન સ્થાને રહેલું છે.

ચંપારણનો પ્રસંગ અને રૉલેટ ઍક્ટ પછી કવિ, હિમાલયની ગૌરવગાથા ગાતા ગાંધીજીને ચિંતનમગ્ન કલ્પે છે. અસાર જગતની બધી ઉપાધિઓ ત્યજીને 'શ્રેયસ્સાધન કરી લેવું વિજન વનમાંહે વસી' કહી ઈશ્વરદર્શન માટે તપસ્યાનો નિર્ધાર કરે છે ત્યાં તેમને આત્માનો અવાજ સંભળાય છે કે સમાધિદ્વારા પોતે તો શાંતિમુક્તિ પામશે,

> "પરંતુ એથી લાભ અન્યને સમાજને સૃષ્ટિને શો?" (૯૩)

એમ વિચારતાં

> "દીનહીન કંગાલ કરોડો લોકોના રૂપે ભગવાન
> એ જ રમે છે, પ્રાણ એમનો રમી રહ્યો એ સૌને પ્રાણ." (૯૬)

જનતાજનાર્દનની "સેવાની ભાવના પાછી વજ્ર જેવી દઈ કરી." (૯૭)

આમ આત્મકથામાં નહીં એવી મિથ્યા વિષાદની કલ્પના અને તેના નિરસન દ્વારા કવિએ ગાંધીજીના 'જનસેવા એ જ પ્રભુસેવા'ના સંકલ્પને ચમત્કૃતિપૂર્ણ ઓપ આપ્યો છે. આદર્શ સ્થળે કવિએ જ્યાં આમ કર્યું છે ત્યાં ઊર્મિની ઉત્કટતા અને ગહન ચિંતનના સુભગ સમન્વયદ્વારા નાયકનું સ્વયંસંપૂર્ણ વ્યક્તિત્વ ઊપસી આવે છે. આ દૃષ્ટિએ 'કસ્તુરબાનું મૃત્યુ' અને ગાંધીજીના સ્વર્ગવાસ પછીની 'કવિની અંજલિ'ના અધ્યાયો નોંધપાત્ર છે.

આ કૃતિની વિશિષ્ટતા એ છે કે એમાં કવિનાં ભાષાપ્રભુત્વ અને ભાષાગૌરવ ઉપરાંત ભાવનાની ઉત્કટતા અને વિશદતા સ્પષ્ટ તરી આવે છે. તેમાં ચિંતનનો સંભાર છતાં ય ક્યાંય ક્લિષ્ટતા વરતાતી નથી. કેટલાક કેવળ કથનાત્મક ખંડો બાદ કરતાં સર્વત્ર કાવ્યમાં ફલિત થતા ઊર્મિયુક્ત વિચારોનું નિરૂપણ સુંદર કલાવિધાનથી અને પ્રસંગોચિત ભૂમિકાથી ઔચિત્યપૂર્વક

થયું છે. તેમાં અધ્યાયોના આરંભમાં, કોઈ વિશિષ્ટ પ્રસંગની પૂર્વભૂમિકામાં કે યોગ્ય સંદર્ભોમાં આવતાં પ્રકૃતિવર્ણનો અને તેમાંથી ધ્વનિત થતું ચિંતન જે તે ભાવ કે પ્રસંગને અનેરો ઉઠાવ આપે છે. માત્ર વિસ્તાર અને પુનરુક્તિ ક્ષણભર કઠે છે તો પણ તે રસભંગ કે પ્રવાહભંગ સુધી પ્રલંબાતાં નથી.

કવિ જો કે ગાંધીજીવનના જ પ્રસંગો અને વિચારોને કાવ્યપ્રવાહ જોડે સમાંતર રીતે વહન કરે છે છતાં તેઓ તે દ્વારા પોતાની રીતે સ્વકીય આંતરચેતનાનો આવિષ્કાર કરવાની તક જતી કરતા નથી. પરિણામે વાચકને અર્થાન્તરન્યાસમાં અત્રતત્ર ઝબૂકતાં ચિંતનકોડિયાં પ્રાપ્ત થાય છે. પરંતુ આવી સૂક્તિઓમાં કવિ લાઘવ સાધી શક્યા નથી. ૧૬-૧૬ પંક્તિમાં બીજસામર્થ્યવિચાર (૪૬) અને જિંદગીની મહાયાત્રાનું રૂપક, મૃત્યુચિંતન (૨૦૨), નોઆખલીમાં (૨૧૮), સંન્યાસ (૨૫૩), 'ઉપાસનાની મધુ કામધેનુ'નું સાધનારહસ્યરૂપક (૨૬૭), જગન્નાટક (૨૮૨)...વગેરે અનેક ઉદાહરણો છે. બે કે ચાર પંક્તિનાં મુક્તકો તો વિરલ છે :

"ના કામ કોદી વયવર્ણ માપે,
બ્રહ્માંડમાં એ સહુને ય વ્યાપે."

અહિંસાના આરાધક ગાંધીજીના ચરિત્રમાં 'ના વેરને શાંત કરાય વેરથી, છે વેરનું ઔષધ માત્ર પ્રેમ' જેવા કે શ્રી ઉમાશંકરના 'એક માનવી જ કાં ગુલામ?' જેવા પ્રચલિત વિચારો શબ્દાન્તરે આવે એ સ્વાભાવિક છે.

આવા કાવ્યમાં આવશ્યક વૃત્તવૈવિધ્ય 'ગાંધીગૌરવ'નું અનેરું આકર્ષણ બની રહે છે. મિશ્રોપજાતિ, વંશસ્થ, શિખરિણી, વસંત૦, શાર્દૂલ૦, પૃથ્વી, દ્રુતવિલંબિત, શાલિની, માલિની, મંદાક્રાન્તા, સ્રગ્ધરા, અનુષ્ટુપ, રોળાવૃત્ત વગેરે કેટલાય છંદોના વચ્ચે વચ્ચે કવિએ ગીતો પણ ગૂંથ્યાં છે. કવિતાના નામે ખોટી બિનજરૂરી છૂટ લીધા સિવાય કાવ્યમાં ઉચ્ચારાનુસાર હ્રસ્વ-દીર્ઘ અને અન્ત્યાનુપ્રાસ સારી પેઠે જળવાયા છે. આયાસપૂર્વક વારંવાર વર્ણસગાઈ કે યમકદ્વારા પદલાલિત્ય લાવવાથી દૂર રહીને પણ કવિ વર્ણવિન્યાસ અને લયસંવાદ સાધવામાં સફળ નીવડ્યા છે. કવિનું છંદપ્રભુત્વ પ્રશસ્ય છે. માત્ર એક જ સ્થળે ('કર્યું સહજ પંચભૂતશાસન અનંત બ્રહ્માંડના' પૃ. ૫) મુદ્રાદોષ રહી ગયો હોવાનો સંભવ છે. પરંતુ આ જ વૃત્તવૈવિધ્ય કવિની શક્તિની સાથે મર્યાદા પણ બને છે. કાન્તે તો વિચાર-ભાવને અનુસરીને છંદપલટા યોજ્યા હતા. 'ગાંધીગૌરવ'માં પાને પાને આવતા છંદોમિશ્રણમાં આ પ્રયોજન સંપૂર્ણપણે સિદ્ધ થયેલું જણાતું નથી. કવિ—કદાચ ધૂન કે અખતરા ખાતર—છંદો બદલ્યા કરે છે. એક સ્થળે તો અનુષ્ટુપ, મિશ્રોપજાતિ, દ્રુતવિલંબિત, મિશ્રોપજાતિ પછી આવતી પૃથ્વીની ત્રણ લીટીને અંતે કવિ અનુષ્ટુપમાં (પૃ. ૪૧-૪૨) નિષ્કારણ સરી પડ્યા છે!

તે જ પ્રમાણે આ કૃતિમાં ૩-૪ પદોનાં કે દોઢ લીટી પર્યંતના લગભગ પચાસેક સમાસો (સંસ્કૃત-દેશ્ય શબ્દોના પણ) જોવા મળે છે. દા. ત. ભાવલાગણીઊર્મિફુવારા, આતંકઅનંતયંત્રણાપોકારપીડાઅતિવેદનાભરી, વચનસ્પર્શસંકલ્પદૃષ્ટિથી, સ્વર્ગલાભસિદ્ધિકૈવલ્ય, બંધપરિતાપઅનર્થચિંતા, આભાછબીમધુરતારસચેતનાને, સત્યપુષ્પરસસૌરભને, અર્થગૌરવકવિત્વલાલિત્યની,

શાંતિસુખમાંગલ્યમધુતા, પ્રશાંતિસમભાવસંપસહયોગસૌહાર્દનાં, અર્ઘ્યદાનતર્પણુસ્તોત્રસ્વરે, પ્રકાશપથદર્શનચેતનાને, વાસનાવિકૃતકર્મવિકાર, વિકાસમનસંયમસંપદામાં, મનપ્રાણઇન્દ્રિય-સ્વભાવ...વગેરે. 'લભવું' ક્રિયાપદનાં તમામ રૂપો, 'લગ' (લગીના અર્થમાં), નિરીહ (તાત્ત્વિક નહીં પણ સામાન્ય અર્થમાં), વિષાક્ત, મધુતા, અજ્ઞતા......વગેરે શબ્દપ્રયોગો તથા અલ્પવિરામોની ન્યૂનતા ક્યાંક ક્યાંક ખૂંચે છે. 'સર્પની ઘટના' અને બીજા કેટલાક પ્રસંગોમાંથી કવિએ મૌલિક રીતે તાત્ત્વિક અર્થઘટન પણ કર્યું છે.

'ગાંધીગૌરવ'ની વિલક્ષણતા તેમાં મુકાયેલાં વીસેક સૉનેટોની છે. શેક્સ્પીયરશાઈ, બાયરનશાઈ અને મિશ્ર પ્રકારનાં સૉનેટોની સ્વરૂપરચના પર કવિની હથોટી બેસી ગઈ છે. અલબત્ત, નિયત કરેલી પ્રાસરચનાને, અંતિમ યુગ્મની ચોટભરી અભિવ્યક્તિને કે વિચારભાવ-કથનની એકતાને–૧૪ પંક્તિની ચોક્કસ સંખ્યા સિવાય—ચુસ્તપણે સર્વત્ર વળગી નહીં રહેવાનું કવિનું વલણ સૉનેટના કવિતાતત્ત્વના વિકાસને ઉપકારક નીવડયું છે. ઘણે સ્થળે એમ વરતાઈ આવે છે કે કવિએ જુદે જુદે સમયે રચેલાં સ્વતંત્ર સૉનેટને આ કૃતિમાં યોગ્ય સ્થાને જોડી દીધાં છે, પરંતુ તેથી વસ્તુસંયોજન કે કથા-પ્રવાહને ખાસ બાધ આવતો નથી. ૪૧મા અને ૫૨મા અધ્યાયનાં તો શીર્ષકો જ 'સૉનેટત્રય' અને 'સૉનેટઅષ્ટક' છે. તેમાં સર્જક કવિની પ્રતિભા પૂર્ણપણે પ્રકટેલી જણાય છે. કૃષ્ણ, રામ, બુદ્ધ વગેરે વિષયક આઠ સૉનેટોમાં કવિ—સહેજ સાવધાનીથી—ઐતિહાસિક ક્રમ જાળવી શક્યા હોત. ૮મા સૉનેટમાં કવિ ગાંધીજીના પૂર્વજન્મ સંબંધી સ્પષ્ટપણે પોતાની સુદૃઢ શ્રદ્ધા વ્યક્ત કરે છે :

> "નવા વાતાવરણથી આવૃત્ત કરવા દેશ;
> **ધર્યો નરસૈયે ફરીથી સંત ગાંધીવેશ.**" (૨૪૮)

આવી સૉનેટમાળાઓ વાંચતાં પ્રો. ઠાકોર, શ્રી. ચન્દ્રવદન મહેતા, શ્રી. સુન્દરમ્, શ્રી. ઉમાશંકર અને છેવટે શ્રી. ઉશનસ્‌ના સફળ પ્રયોગોનું સહેજે સ્મરણ થાય છે. જો કે રસલક્ષી વિવેચનની દૃષ્ટિએ અહીં તુલના કરવાનું દુઃસાહસ થઈ શકે જ નહીં.

આ કૃતિને શ્રી. મોરારજીભાઈ દેસાઈના 'આમુખ'નો અને પદ્યપ્રવાહી ગદ્યના સર્જક શ્રી. કાકાસાહેબના 'ગૌરવનું ગૌરવ'નો મિતાક્ષરીમાં લાભ મળ્યો છે.

અનેકવિધ રીતે ઉપયોગી નીવડનારી આ પ્રકારની લગભગ પહેલી જ કહી શકાય એવી આ આસ્વાદ્ય કૃતિ આપણા સાહિત્યમાં યોગ્ય સત્કાર પામશે, એટલું જ નહીં પણ કવિની ભાવના મુજબ તે વાચકોને નિર્ભેળ આનંદ આપવા ઉપરાંત પ્રેરણાપાથેય પણ પૂરું પાડશે, એમાં સંશય નથી.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**સિલોન :** લેખક ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, ૨. છો. માર્ગ, અમદાવાદ-૯; પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; પૃ. ૧-૧૧૬; કિંમત ૩ = ૫૦.

પુસ્તિકાનું અધ્યયન કરતાં તે સંસ્કૃતિઓના ખાસ અભ્યાસીને હાથે નિષ્ઠાપૂર્વક લખાઈ હોવાની છાપ પડે છે. અલબત્ત ૮૨ પાનાનું લખાણ ધરાવતો લઘુ ગ્રંથ સિલોનના ઇતિહાસ તથા તેની સંસ્કૃતિનું પર્યાપ્ત દર્શન કરાવી શકે નહીં; તોપણ વિદ્વાન કર્તાએ સિલોનની વિવિધ પાસાંઓને લગતી મૂળભૂત બાબતોને આવરી લેવાનો પ્રશસ્ય પ્રયાસ કરેલો છે.

પ્રારંભમાં પરિચયરૂપે નિરૂપાયેલી સિલોનની ભૌગોલિક પૃષ્ઠભૂમિ દેશના ઇતિહાસ તથા તેની સાંસ્કૃતિક બાજુઓને સમજવામાં સારી એવી સહાયભૂત બને છે. સિલોનમાં વસતી વિવિધ જાતિઓ તથા તેમની ભાષાઓએ સિલોનની વિશિષ્ટ અને મિશ્રિત સંસ્કૃતિના ઊગમ અને ઘડતરમાં કેવું અનુદાન કરેલું છે તેનું લેખકે સંક્ષિપ્ત છતાંએ સુરેખ વર્ણન કરેલું છે.

પુસ્તકના ૮૨ પાનાંમાંથી રચયિતાએ ૧૩ પાના ઇતિહાસ માટે ફાળવ્યાં છે; જેમાંથી તેણે પ્રાચીન યુગ માટે ૮, મધ્ય યુગ માટે ૧, અર્વાચીન યુગ માટે ૧ તથા દેશના રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રમુદ્રા અને બંધારણની ચર્ચા માટે ૩ પાનાં આપેલાં છે. આમાંથી વાચક સિલોનના મધ્ય તથા અર્વાચીન યુગના ઇતિહાસ વિષે ભાગ્યે જ કંઈ ખ્યાલ મેળવી શકે. માટે આ બન્ને યુગો વિશે થોડા વધારે પાનાં આપ્યાં હોત તો તે આવકારપાત્ર ગણાત.

આ જ રીતે ૨૦ પાનાંમાં આલેખાયેલા ધર્મને લગતા પ્રકરણમાં લગભગ બધાં જ પાનાંઓમાં બૌદ્ધ ધર્મનું વિવરણ કરવામાં આવેલું છે. તે પણ આખ્યાત્મક વિશેષ છે. હિન્દુ ધર્મનો ઉલ્લેખ એક ફકરામાં તથા અન્ય ધર્મનો નિર્દેશ તો ફક્ત એક એક લીટીમાં જ કરવામાં આવેલો છે. અલબત્ત સિલોનમાં બૌદ્ધ ધર્મનું પ્રાધાન્ય હોવાને કારણે તેની ચર્ચાને અગ્રસ્થાન મળે તે સ્વાભાવિક છે, પરંતુ સાથોસાથ અન્ય ધર્મોને વિવરણમાં યથાયોગ્ય સ્થાન હોવું ઘટે; જો કે લેખકે તો એક જિજ્ઞાસુ અભ્યાસીની દૃષ્ટિથી સંપૂર્ણ નિરપેક્ષ ભાવે સિલોનના ધાર્મિક સંપ્રદાયોનું નિરૂપણ કરેલું છે; છતાંએ તેમાં અજાણતાં પ્રમાણ અને સમતુલાનું ઔચિત્ય સચવાયું નથી તેમ લાગે છે.

વિદ્વાન કર્તાએ સિલોનની લિપિ તથા ભાષાને લગતી કરેલી ટૂંકી પણ અર્થવાહી ચર્ચા ખરેખર નોંધપાત્ર છે તથા તે તેના આ ક્ષેત્રને લગતા ખાસ અભ્યાસનું સૂચન કરે છે, પરંતુ સાહિત્યને લગતા વિભાગમાં પણ મોટે ભાગે બૌદ્ધ સાહિત્યનું જ બયાન કરવામાં આવેલું છે. તે વિશદ હોવા છતાંએ વર્ણનાત્મક વિશેષ છે. અન્ય પ્રકારના સાહિત્યનો નિર્દેશ અપેક્ષિત હેવાય.

આ જ પ્રમાણે ૨૧ પાનાંમાં લખાયેલું સિલોનના કલાસ્થાપત્યને લગતું પ્રકરણ પણ બહુધા બૌદ્ધ વિહારો અને સ્તૂપો તથા તેમનાં સ્થાપત્ય, શિલ્પ અને કોતરકામનું વિવેચન કરે છે. હિન્દુ, ખ્રિસ્તી, ઇસ્લામ તથા અન્ય ધર્મનાં ધર્મસ્થાનોનો ઉલ્લેખ છે, પરંતુ તેમના વિશે ખાસ ચર્ચા કરવામાં આવી નથી. તે સ્પષ્ટ છે કે સિલોન એ મુખ્યત્વે કરીને બૌદ્ધ ધર્મ અને સંસ્કૃતિપ્રધાન દેશ હોવાથી તેને લગતા પુસ્તકમાં તેની જ ચર્ચા અગ્રિમ હોય છતાંએ સિલોનનાં અન્ય સાંસ્કૃતિક પાસાંઓનું સારસંક્ષેપ નિર્દેશન કરવું તે પણ ઉચિત ગણાય.

ફક્ત એક પાનાનું બનેલું છઠ્ઠું પ્રકરણ (કે છઠ્ઠો વિભાગ) પાંચે પ્રકરણના સારસ્વરૂપ કહી શકાય. તેને અપાયેલ "ભારત અને સિલોન"નું મથાળું જોતાં તેમાં પ્રાચીન, મધ્ય તથા

અર્વાચીન યુગના બંને દેશો વચ્ચેના રાજકીય, સાંસ્કૃતિક તથા વાણિજ્યિક સંબંધોની રૂપરેખા અપેક્ષિત લેખાય. આમ કરવા જતાં થોડાં પાનાં વધે તે સાચું, પણ લઘુગ્રન્થ ૮૦ ને બદલે ૯૦ થી ૧૦૦ પાનાંનો થાય તો તેમાં હરકત જેવું ખરું ?

પુસ્તકમાં અપાયેલાં ૩૮ ચિત્રોને તેના સૌથી પ્રશંસાપાત્ર અંગ તરીકે ઘટાવી શકાય. તેમની પસંદગીમાં લેખકે સારી એવી દૃષ્ટિ અને કાળજી દાખવી છે. તેમાં સિલોનની રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક બાજુઓનાં લગભગ સમગ્ર પાસાંઓને આવરી લઈને લખાણના એકાત્મક પાસા પરના ભારની શ્રુતિની જાણે કે કર્તાએ પરિપૂર્તિ કરી હોય તેમ લાગે છે; છતાંએ તેમાંનાં કેટલાંક ચિત્રોની ટેકનિકલ શબ્દાવલીની પારિભાષિક શબ્દ-સૂચિમાં સમજણ આપી હોત તો વાચકને ચિત્રોની સમજ વધારે સુલભ થાત.

સમગ્ર રીતે અવલોકન કરતાં એમ લાગે છે કે વિદ્વાન લેખકે સિલોનના પ્રાચીન તથા મધ્ય યુગની સંસ્કૃતિનું સઘન દર્શન કરાવેલું છે. આ રીતે જોતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત લઘુગ્રન્થ પ્રકાશન શ્રેણી સારી રીતે ફળદાયી નીવડી છે તેમ કહી શકાય.

**આર. કે. ધારૈયા**

* * *

**શબ્દસેતુ :** ડૉ. રમણલાલ જોશી; વોરા ઍન્ડ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ–૧, પૃ. ૨૩૫, મૂલ્ય રૂ. ૬–૦૦.

**પ્રત્યય :** ડૉ. રમણલાલ જોશી; અભિનવ પ્રકાશન, રાયખડ, અમદાવાદ–૧, પૃ. ૨૪૦, મૂલ્ય રૂ. ૭–૦૦.

ડૉ. રમણલાલ જોશીનાં પ્રવચનો, ગ્રન્થાવલોકનો, રેડિયો-વાર્તાલાપો વગેરેની સંગ્રહકૃતિ 'પરિમાણ'ના એવા જ બે અનુગામી સંગ્રહો—માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં—આવકાર્ય બની રહે છે. 'શબ્દસેતુ'માં ૨૪ અને 'પ્રત્યય'માં ૩૧ લેખો છે.

'જીવનદ્રષ્ટા ગોવર્ધનરામ', 'ગોવર્ધનરામ વિવેચક', 'કર્તવ્યરત ગોવર્ધનરામ', 'આંતર-જીવનનું હૃદયંગમ ચિત્ર'—ગોવર્ધનરામવિષયક અભ્યાસપૂર્ણ લેખોમાં સમર્થ સાક્ષરની બહુમુખી પ્રતિભાનો, ભિન્ન ભિન્ન સંદર્ભમાં, લેખકે પરિચય કરાવ્યો છે એટલું જ નહીં પણ 'ગો. મા. ત્રિ. વિશે બ. ક. ઠા.' લેખમાં તો પ્રો. ઠાકોરની વિશિષ્ટ વિવેચકશક્તિને બિરદાવવા ઉપરાંત ભિન્ન મત પ્રતિ પણ નિર્દેશ કરવાનું તેઓ ચૂકયા નથી. પોંડિચરીનિવાસી આધ્યત્મયાત્રી 'મૈત્રીના માણસ' સુન્દરમ્ પ્રત્યે લેખકને—અનેક સાહિત્યરસિકોની જેમ—આદર અને અહોભાવ છે. ('પરિમાણ'નું અર્પણ સુન્દરમ્‌ને થયેલું છે.) સુન્દરમ્‌ના જ લેખક પર લખાયેલા વિવિધ પત્રોને આધારે શ્રી જોશીએ દોરેલું-સ્થૂળ નહીં—સુન્દરમ્‌ની સત્ત્વશીલ સૌષ્ઠવપૂર્ણ વ્યક્તિપ્રતિભાનું રેખાચિત્ર આસ્વાદ્ય છે. 'યાત્રા' પરના વિવેચનમાં આ જ ભાવની પુનરુક્તિ ટાળી શકાઈ હોત. 'અહો પૃથ્વીમૈયા !' જેવાં કેટલાંક વિવેચનક્ષમ કાવ્યોનું પરિશીલન કરાવતા લેખો પણ આસ્વાદ્ય કોટિના છે.

'રાસકુંજ', 'વ્યંજના', 'વૃંદાવન', 'નિર્મિતિ' 'વિશેષાંજલિ', 'અલ્પવિરામ', 'ઉપજાતિ', 'આલાપ', 'વિસ્મય' વગેરે કાવ્યસંગ્રહોનાં અવલોકનોમાં શ્રી જોશીએ અત્રતત્ર કવિતાસંબંધી તાત્ત્વિક ચર્ચા કરી છે, તો 'અંતરપટ' 'ઊંજળા પડછાયા કાળી ભોંય', 'માનવીનાં રૂપ', 'ભાવીણ' જેવી નવલકથાઓ, 'અળતાની શીશી' જેવા વાર્તાસંગ્રહ કે 'ઢોલિયા સાગ સીસમના' જેવા ત્રિઅંકી નાટકનાં અવલોકનોમાં કથાવસ્તુનો સંક્ષેપ સાર, તેમાં રહેલી વિશેષતા અને અંતમાં મર્યાદા તરફ અંગુલિનિર્દેશ અને તે નિમિત્તે તત્‌સ્વરૂપવિષયક અછડતી ચર્ચા કરવાનો શ્રી જોશીનો અભિગમ વર્તાય છે. તેમના અવલોકનલેખોમાં કૃતિની ઊજળી બાજુ બતાવવાનું મધુર વલણ વિશેષ દેખાતું હોવા છતાં નબળી અસાહિત્યિક કૃતિ પરત્વે તેઓ વિના સંકોચે સ્પષ્ટવક્તા અને કડક આલોચક પણ બની શકે છે. દા. ત.

(૧) 'રાસકુંજ'માં—' નવી પેઢીના કેટલાક લેખકોની અને કેટલાક સંગીતકારોની શબ્દોના કેવળ ખખડાટ જેવી અતિ સામાન્ય કૃતિઓ સંપાદિકાએ શા માટે લીધી હશે એ પ્રશ્ન છે." (પ્રત્યય, પૃ. ૪૨-૪૩).

(૨) શ્રી પન્નાલાલ પટેલકૃત 'ઢોલિયા સાગ સીસમના' નાટક અંગે—"પોતાને ગમી ગયેલા ગીતને ગોઠવવા માટે લેખકે પોતાની સંકલ્પશક્તિને સક્રિય કરી નાટક નિપજાવવાનો જે પ્રયત્ન કર્યો છે તે કાંઈક અસ્વાભાવિક જણાય છે." (શબ્દસેતુ, પૃ. ૧૮૨).

'નૈવેદ્ય'ની સમતોલ સમીક્ષા કરતા 'તત્ત્વદર્શી વિવેચન'માં ડૉ. જોશીએ પ્રધાનતઃ વિશ્લેષણાત્મક પદ્ધતિએ તટસ્થતાપૂર્વક વિવેચન કરનારા વિદ્વાન વિવેચક શ્રી. ડોલરરાય માંકડની પ્રતિભાનો સુંદર અને સર્વાંગી પરિચય આપ્યો છે. તેમના ષષ્ઠીપૂર્તિ અંકના સંપાદકમંડળની અક્ષમ્ય ક્ષતિ પ્રતિ ધ્યાન ખેંચતાં ડૉ. જોશી જણાવે છે: "લેખોના સંપાદનમાં કેટલીક દેખાતી કચાશો રહી જવા પામી છે. સમયાનુક્રમના ખાસ અભ્યાસી લેખકના લેખોની ગોઠવણીમાં તો ક્રમ હોવો જ જોઈએ ને! લેખોની ગોઠવણીમાં વિષય કે સમયનો કોઈ ક્રમ જળવાયો નથી" (શબ્દસેતુ, પૃ. ૬૬) અને પાદટીપમાં ડૉ. જોષી શ્રી. માંકડ સાહેબના કેટલાક લેખોની સાલ અને પ્રકાશનસ્થાન સંબંધી પૂરક માહિતી આપે છે. પ્રસ્તુત લેખ 'શબ્દસેતુ'નો શ્રેષ્ઠ લેખ ગણી શકાય.

"પ્રાચીન ફાગુ સંગ્રહ'ના સુઘડ અને શાસ્ત્રીય સંપાદનની પ્રશંસા કરતાં લેખકે 'સ્માન્ય ઇતિહાસ-પુરાતત્ત્વ સંશોધક' ડૉ. ભોગીલાલ સાંડેસરાની 'સ્વસ્થ સમતોલ દૃષ્ટિ' અને 'ઝીણી વિગતોના રસિક વિદ્વાન'ની ચિકિત્સાપદ્ધતિની સમ્યક્ આલોચના કરી છે. શ્રી. ઉમાશંકર જોશીની 'શાકુન્તલ'નો સમશ્લોકી અનુવાદકૃતિ પ્રત્યે અહોભાવથી જોતા શ્રી. રમણલાલ ઇટેલિયન ફિલસૂફ ક્રોચેના અનુવાદવિષયક વિચારોને વચ્ચે લાવીને જણાવે છે: "ખખ્ખરનો જડબેસલાક, ઝવેરીલાલ યાજ્ઞિકનો ગદ્યાળુ, બળવંતરાયનો રુક્ષ, મગનભાઈ પટેલનો અસુભગ, ન્હાનાલાલનો ક્વચિત્ નાટકીય અનુવાદ જોઈએ છીએ ત્યારે સ્વ. કેશવલાલ ધ્રુવ જેવા સુપ્રસિદ્ધ અનુવાદકે સંસ્કૃત સાહિત્યની આ અગ્રણી કળાકૃતિઓનો અનુવાદ કેમ ન કર્યો તે પ્રશ્ન એટલો બધો રહેતો નથી............એક પ્રયોગ ખાતર પણ મૂળ શાકુન્તલની સાથે નહિ પણ એની પછી આ સમશ્લોકી વાંચવા જેવું છે." (પ્રત્યય, પૃ. ૮૨).

'ગુજરાતી વિવેચન સાહિત્ય,' 'ગુજરાતપ્રશસ્તિનાં કાવ્યો,' 'પી. ઈ. એન. અને ભારતીય લેખકસંમેલનો,' 'સાંપ્રત સાહિત્યપ્રવાહો (૧૯૫૩-૫૫),' 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' વગેરે માત્ર અહેવાલરૂપ પરિચયાત્મક લેખો છે. હેમચન્દ્રાચાર્યથી માંડીને મનસુખલાલ ઝવેરી સુધીના કવિઓની કૃતિઓમાંથી ઉદાહરણો આપી 'ગુજરાતી કાવ્યસાહિત્યમાં રૌદ્રરસ'ની ઝાંખી કરાવતો રેડિયોવાર્તાલાપ, તથા આજથી ૩૦-૪૦ વર્ષ પહેલાં પણ શુદ્ધ સિદ્ધાન્ત ચર્ચા, સાહિત્યમીમાંસાના કેટલાક પ્રશ્નો અંગે ઊહાપોહ, ઇતર પ્રાંતીય અને વિશ્વસાહિત્યપ્રવાહોનું નિરીક્ષણ અને અધિકૃત અવલોકનપ્રવૃત્તિ દ્વારા 'કૌમુદી'એ કરેલી વિવેચનસેવા અંગેનો રેડિયોવાર્તાલાપ ઉલ્લેખનીય છે. 'નવલરામ: વિવેચક,' 'રમણભાઈ: કવિ,' 'કેટલાંક કાવ્યો ભા. ૨: એક રસદર્શન'–અભ્યાસલેખો, 'વડનગર' નામક સંશોધનલેખ, સુન્દરમ્‌ની નમૂનેદાર નવલિકા 'ઇવનિંગ ઇન પેરિસ'નો રસપ્રદ આસ્વાદ તથા 'સાહિત્યવિચારણા,' 'અવલોકના,' 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા,' 'આત્મવૃત્તાંત,' 'નરસિંહરાવની રોજનીશી,' 'સંસ્મરણો' પરનાં અવલોકનો પણ આપણું ઠીક ઠીક ધ્યાન ખેંચે છે.

ગંભીર લખાણોની વચ્ચે પણ ક્યારેક શ્રી. રમણલાલ માર્મિક વિનોદ કરતા જણાય છે:

(૧) "કવિ કોઈ વાર પ્રાચીન ગીતની એકાદ પંક્તિ ઉપાડી લઈ તેની પાછળ નવું રસબિન્દુ મૂકી દે છે ત્યારે સાસુ પૂંઠે નવોઢા આવતી હોય તેવું લાગે છે. 'ઝીણા ઝરમર વરસે મેહ' આના ઉદાહરણરૂપ છે." (પ્રત્યય, પૃ. ૩૨)

(૨) 'વીરની વિદાય' કાવ્યના સંદર્ભમાં "આજનો કોઈ ઊગતો કવિ તો 'કુંજર ડોલે દ્વાર'ને બદલે 'મોટર ભૂંકે દ્વાર' જ લખત!" (પ્રત્યય, પૃ. ૪૦)

ન્હાનાલાલની 'ઉષા' વાર્તા વિશે વિવેચન કરતાં શ્રી. જોશીનું "પ્રેમાનંદને કહેતા તેમ અર્વાચીન કવિઓમાં ન્હાનાલાલને માટે પણ કહી શકાય કે રસની બાબતમાં કવિના પેંગડામાં પગ ઘાલે તેવો એકે કવિ નથી" (પ્રત્યય, પૃ. ૭૬). આ વિધાન અત્યુક્તિભર્યું નથી લાગતું?

શ્રી સુરેશ જોશીના 'ઉપજાતિ' કાવ્યસંગ્રહ વિશે શ્રી રમણલાલે કહેલું "શ્રી ચંદ્રકાન્ત શુકલે બહુ પ્રેમપૂર્વક 'આવકાર' લખ્યો છે, પરંતુ આપણે ત્યાં સામાન્ય રીતે જે 'પ્રસ્તાવનાઓ—ખાસ કરીને કાવ્યસંગ્રહોની—લખાય છે તે એ લખનારાઓના ગુણકીર્તન રૂપે જ વિશેષે હોય છે" (શબ્દસેતુ, પૃ. ૧૬૬)—આ વિધાન 'સમય સમયના રંગ' તથા 'દિલનાં દાન' નવલકથાઓની ડૉ. રમણલાલ જોશીની પ્રસ્તાવનાઓને પણ લાગુ ન પાડી શકાય?

સમગ્રતયા, લેખકની પ્રસન્નપ્રવાહી શૈલીને લીધે બંને ગ્રંથો સર્વકોટિના વાચકો માટે વાચનક્ષમ બની રહે તેમ છે. પોતાના વિચારોના સમર્થનમાં પાશ્ચાત્ય વિધાનોનાં અભિપ્રાય-અવતરણ આપવાનું આગળ પડતું વલણ સન્નિષ્ઠ અધ્યાપકની જાગરુકતા સૂચવે છે.

જે ઝડપે ડૉ. જોશીનાં પુસ્તકો પ્રકટ થઈ રહ્યાં છે તે જોતાં હવે પછીના વિવેચનસંગ્રહની આપણને બહુ લાંબી પ્રતીક્ષા નહીં કરવી પડે, એમ આશા રાખી શકાય.

**લવકુમાર મ. દેસાઈ**

* * *

## સાભાર સ્વીકાર

૧ **રખડપટ્ટી :** લે. નરોત્તમ પલાણ, પ્રકાશક : નરોત્તમ પલાણ, વાડી પ્લૉટ, પોરબંદર; પૃ. ૧-૩૨; કિંમત રૂા. ૦–૭૫ ન.પૈ.

૨ **સ્વરૂપ :** લે. કૃષ્ણકાન્ત કડકિયા, પ્રકાશક : વાય. પી. શાહ, ૧૦૯૪, ટોકરશાહની પોળ, રાયખડ, અમદાવાદ-૧; પૃ. ૧-૧૫૨, કિંમત રૂા. ૫–૦૦.

૩ **રાજ્યશાસ્ત્ર વિચાર :** લે. પુરુષોત્તમ ગણેશ માવળંકર, પ્રકાશક : સંન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧; પૃ. ૧-૧૫૫; કિંમત રૂા. ૩–૫૦ ન.પૈ.

૪ **કાવ્ય પરિમલ :** પ્રકાશક : ચરોતર બુક સ્ટૉલ, આણંદ, પૃ. ૧-૩૪; કિંમત રૂા. ૨–૦૦.

૫ **આપણી લૂંટાતી ધરતી :** અનુવાદિકા : મૃદુલા મહેતા, પ્રકાશક : ભાષાન્તર નિધિ વતી, ભાવનગર; પૃ. ૧-૧૯૩; કિંમત રૂા. ૩-૫૦ ન.પૈ.

૬ **किम इल सुंग :** પ્રકાશક : પ્રોગ્રેસિવ પબ્લિશર્સ, ન્યુ દિલ્હી; પૃ. ૧-૬૩; કિંમત રૂા. ૦–૫૦ ન.પૈ.

## વોરા એન્ડ કું.નાં પ્રકાશનો

૭ **કદાચ :** લે. અનિલ જોશી, પૃ. ૧-૬૪; કિંમત રૂા. ૨–૦૦.

૮ **અચાનક :** લે. મનોજ ખંડેરિયા, પૃ. ૧–૧૧૨; કિંમત રૂા. ૩-૦૦.

૯ **કોયલ શિષભ :** લે. રાજેન્દ્ર શુકલ, પૃ. ૧-૧૧૨; કિંમત રૂા. ૩–૦૦.

૧૦ **સતત :** લે. આદિલ મન્સૂરી, પૃ. ૧૧૨; કિંમત રૂા. ૩-૦૦.

૧૧ **બારી બહાર :** લે. પ્રહ્લાદ પારેખ, પૃ. ૧-૧૭૬; કિંમત રૂા. ૩–૫૦ ન.પૈ.

૧૨ **कोरिया क्रांति और प्रगति :** લે. હર્ષદેવ માલવીય, પ્રકાશક : સોશિલિસ્ટ કાંગ્રેસમૅન પ્રકાશન, ન્યુ દિલ્હી; પૃ. ૧-૨૦૬; કિંમત રૂા. ૧૦–૦૦.

૧૩ **પ્રેમળ જ્યોતિ :** લે. ઈલા રસિકલાલ શાહ, પ્રકાશક : સેવાસંઘ સાર્વજનિક હૉસ્પિટલ, મોડાસા; પૃ. ૧-૨૩૨, કિંમત અમૂલ્ય.

# સ્વાધ્યાય

પુસ્તક ૮ : અંક ૧ ઑક્ટોબર, ૧૯૭૦

દીપોત્સવી વિ. સં. ૨૦૨૬

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | આધુનિક સાહિત્યમાં માનવ—ધીરુભાઈ ઠાકર ... ... | ૧–૧૩ |
| ૨. | અમદાવાદનો સંસ્કાર-વારસો—કેશવરામ કા. શાસ્ત્રી ... ... | ૧૪–૩૦ |
| ૩. | શકોનું ભારતમાં આગમન અને તેમની પ્રારંભિક કારકિર્દી—રસેશ જમીનદાર | ૩૧–૫૮ |
| ૪. | આધુનિક ભાષાવિજ્ઞાનમાં કર્થવાદી વિચારધારા—પ્ર. કે. ઠાકર ... | ૫૯–૭૬ |
| ૫. | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અંબરીષકથા—બહેચરભાઈ ર. પટેલ ... | ૭૭–૮૧ |
| ૬. | કોકશિયા મહાદેવ (એક પ્રાચીન મન્દિર)—મણિભાઈ વોરા ... | ૮૨ |
| ૭. | પાડણની વિનાયકની એક અપ્રતિમ મૂર્તિ—આર. ટી. પરીખ ... | ૮૩–૮૫ |
| ૮. | ઉદેપુરનો સિસોદિયા વંશ—સ્વ. પિનાકીપ્રસાદ મહાદેવપ્રસાદ દેસાઈ ... | ૮૬–૯૨ |
| ૯. | નિઘંટુ સંગ્રહ—બાપાલાલ ગ. વૈદ્ય ... ... ... | ૯૩–૧૦૨ |
| ૧૦. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. ગાંધી ગૌરવ : ... ... ... | ૧૦૩–૧૦૭ |
| | ૨. સિલોન : ... ... ... | ૧૦૭–૧૦૯ |
| | ૩. શબ્દસેતુ : ... ... ... | ૧૦૯–૧૧૧ |
| | ૪. પ્રત્યય : ... ... ... | ૧૦૯–૧૧૧ |
| | ૫. સાભાર સ્વીકાર : ... ... ... | ૧૧૨ |

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં. : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાલા

| | | |
|---|---|---|
| ૧. | વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧ | ૧=૭૫ |
| ૨. | ,, ,, ,, ૨ | ૧=૭૫ |
| ૩. | ,, ,, ,, ૩ | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મર્મનિકા સહિત) | ૧=૭૫ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૧=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૨=૦૦ |


પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**

# સર અવસર પર
# સાથ કરે જે
# એ સાચા સંગાથી!

આપનો એવો સાથી તે **દેના બેંક**માં બચતખાતું. આપની બચત પર આપને વર્ષે **૩½%** વ્યાજ મળે છે. નિયમિત બચત કરવાની ટેવ, આપની ભવિષ્યની જરૂરતો માટે નાણાં એકઠા કરવામાં સહાય કરે છે, અને આપની બચત આપને સલામતી બક્ષે છે. આજે જ એક **બચતખાતું** ખોલો.

**દેના બેંક**

હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હોર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧.

RATAN BATRA DB/G/178

# ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે




# ગ્લાયકોડીન

## ટર્પ વસાકા

તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત ગ્લાયકોડીનની "ફોર્મ્યુલા" ખાંસીને તેનાં અનેક પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢે છે. આ રહી ગ્લાયકોડીનની વિવિધ અને અસરકારક કાર્યશક્તિ:

- **મગજમાં**—ગ્લાયકોડીન ખાંસીના હુમલાનું યોગ્ય સમયે-હાનિવિના અને અસરકારક રીતે-નિયંત્રણ કરે છે.
- **ગળામાં**—ગ્લાયકોડીન કફનો ભરાવો દૂર કરે છે, બળતરા અને પીડાને શાંત પાડે છે અને ગળાની અંદરના નાજુક ભાગોને કીટાણુઓ સામે રક્ષે છે.
- **છાતીમાં**—ગ્લાયકોડીન બંધ શ્વાસનળીઓ ખોલી નાંખે છે, જકડાયેલા છાતીનાં સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.
- **ફેફસામાં**—ગ્લાયકોડીન ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છુટા પાડીને, ઊંડામાં ઊંડે રહેલી હઠીલી ખાંસીને દૂર કરે છે; અને જામેલા કફના ભરાવાને બહાર કાઢે છે.

**હંમેશા ગ્લાયકોડીનની શીશી આપની પાસે રાખો.**




**ગ્લાયકોડીન—૩૦ ઉપરાંત વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

ચાર સાઈઝમાં મળે છે * એલેમ્બિકનું ઉત્પાદન Alembic

everest/363d /ACW gj

# start the saving habit




# save with Bank of Baroda

The Bank of Baroda has many attractive Savings Schemes—Savings Account, Minors' Savings Scheme, Recurring Deposits, Fixed and Term Deposits. Choose the one that you like best—and earn a handsome interest! See your money grow in the Bank of Baroda.

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

Head Office: Mandvi, Baroda

M. G. Parikh, Custodian

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gl

# જયારે જીવન મૂલ્યો બદલાય છે....

પહેલાં એમ કહેવાતું

"अष्टपुत्रा भव"

હવે—

"આમ બે બાળકો જ બસ છે"

જીવન તો વહેતી સરિતા છે
એને કોઇ ચોક્કસ સ્થળે સ્થગિત
કરી શકાય નહી...
જમાનો બદલાય એમ જૂનાં મૂલ્યો
બદલાય છે...

**નવા મૂલ્યાંકન સ્વીકારી**
**જીવનને વિશેષ અર્થસભર બનાવો...**

# કુટુંબ નિયોજન

વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી. પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન:

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**

કોકશિયા મહાદેવ: પૂર્વદર્શન

કોકશિયા મહાદેવ: પશ્ચાદ્દર્શન

( સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી મણિભાઈ વોરાનો લેખ )



વૈરોટ્યાદેવી—વિમલવસહી, આબૂ

( ફોટો કૉપીરાઈટ : ડૉ. ઉમાકાન્ત શાહ )